


ગુલશન.

GULSHAN







ઑગષ્ટ ૧૯૧૪ . . . . August 191



આજના અંકના લેખકો—

ઉ-મીમ

મિસ કે સી

મિસ માણેક ડોંગીવાલા

મિસ શીરીન

મો મવીતા

રા વ્રુજવિહારી

રા નથુભાઇ ગંભીરચંદ શાહ

મનમોહનરાય હુકુમતરાય દેશાઈ



Editor *BHAGALIA*

P nted and p b hed by D K D alia a ba Gu na P ting W ...

સાચી સલાહ.

સલતંન સલામતી યાને શીલાજીત યાને સલાશીશત.



પ્રખ્યાત નોશેરવાન આદેલના વખતમાં આ દવા જાણીતી હતી અને તે દરેક બીમારી દફે કરતી હતી.



તદ્દન ચોખ્ખી....નકલ્યાતથી નીરાળી....આ શીલાજીત

ના કૌવતી હાંફન, સરદિ, કમ્મરનુ રહી જવુ હાથ પગનું અકડી જવુ વગેરે દરદો પર રામબાણ ઉપાય છે. ભુકી ખાવાનો વખત સહવારના તથા રાતના સુતી વેળા બે ચના ભાર લઇ દુધ પીવું.

ચોખ્ખી શીલાજીત મેળવનાર ફકત એકલીજ એક કલકત્તાની વિખ્યાત પેઢી સાથે થયલી ગાઠવણ મુજબ આ સૌથિ ઉત્તમ દવા હમારે સાંથિ મળશે.

કિમત ૧ તોલાના રૂપ્યા પંદર

લખીને મંગાવો— મેનેજર,

ગુલશન પ્રિંટિંગ વર્કસ—નવસારી,



ગુલશન.

Gulshan.

આધિપતિ—ભાગલ્યા.

Head office —NAVSARI.
Bombay—office c/o Manek Printing Press Grant Road.
London agent—Messrs E. W. Harwood & Co; 21 Warwick Lane, London, E. C.

હેડ ઑફીસ —નવસારી
મુંબઈ " —કેર ઓફ માણેક પ્રિંટિંગ પ્રેસ ગ્રાંટ રોડ
લંડન એજન્ટ —મેસર્સ ઇ. ડબલ્યુ હારવુડ એન્ડ કો૦ ૨૧, વોરવીક લંડન, ઇ. સી.

(પુસ્તક ૫ મું) ✺ ઓગસ્ટ ૧૯૧૪ ✺ અંક ૮.

શાંકળ્યું.

એક ગમખ્વાર નોંધ.

The sad demise of Lady Hardinge at London has been heard with the deepest sorrow in India. Not a town–not a village nay not an Indian, be he male or female, breaths there in who has not heard that dire calamity with the greatest shock. Every one believes as if he or she has lost some dear friend. None knew our brave and worthy Viceroy will have to suffer such a terrible loss at present. In last march she was with us, as our friend, adviser and wellwisher; but now she is no more. When we feel so much what must be the state of Lord Hardinge? They were a happy couple and this terrible disaster is sure to tell heavily upon the brave Viceroy for the extension of whose Viceroyalty India was crying till that Saturday...nay even the printing ink was yet wet when this blow fell like a thunder bolt. Life is not immortal, but premature deaths of such personages as Lady Hardinge are really too much for us. Shedding bitterest tears let us pray the Almighty to be kind to Lord Hardinge to make him bear this heavy loss patiently. Lady Hardinge has done much for India. The Indian women's medical service and such other works will perpetuate her revered name. Peace be unto thee oh, brave and generous Lady! *Shanti!*

× ÷ + ×

" In the midst of the sorrow and heavy burden of grief that it has pleased the Almighty in His infinite wisdom to place upon me and my family in taking my dear wife to her eternal rest, I wish to convey to the people of India my pro-

હિંદના ભલા વાઇસરોય નામદાર લોર્ડ હારડીંજનાં બાહોશ પત્ની લેડી હારડીંજ ગઇ તા૦ બીએસાંજના લંડન ખાતે અચબુચ મરણ પામવાના દુઃખદાયક સમાચાર હિંદમાં ફરી વળતાં આખું હિંદ કકળી ઉઠ્યું છે, અને જાણે દરેકે પોતાનો અંગત મિત્ર ખોહયો હોય તે પ્રમાણે કર્યું છે. ભલાં લેડી હારડીંજ સદ્‌ગુણી મહેરદાર હોઇ પોતાના પ્રાણ પતીને તેમના જોખમ ભર્યા ઓહ્‌દામાં દરેક મદદગાર રૂપ થઇ પડયાં હતાં. નામદાર વાઇસરોય પર ફેંકાયલા બોંબ વખતની આ બાનુની ધીરજ ખંત અને નમ્રતા ખરેજ અજબ રોશનીમાં ઝળકી રહી હતી. હિંદનાં ભલાં માટે આ બાનુએ પોતાના વખતમાં બનતું કર્યું છે ઘણાક ફંડોને પગભર કરવા ઉપરાંત આ બાનુએ પડદેનશીન બાનુઓની સગવડને ખાતર બાનુ ડાકટરોનું ખાતું મોટા પાયાપર સ્થાપ્યું છે. કેળવણીના કામમાં પણ તેઓએ અનેક રીતનો આગેવાની ભર્યો ભાગ લીધો છે. હિંદના હાકેમ પર આવી પડેલો આ કુદરતી ફટકો ઘણો જબુન છે પણ પરમાત્મા પ્રત્યે આપણે બે હાથ જોડી દુવા ગુજારીશું કે તે બારે હક તાલા તેમને આ ફટકો ખમવા પુરતું ધૈર્ય બક્ષો! દરેક હીંદી ઉગર તેમના ગમમાં હમશરીક થઇ પ્રભુ પાસે દુવા ગુજારે છે કે મરહુમના પવિત્ર આત્માને પેલી દુન્યાની ઉદ્દમમાં ઉત્તમ શાન્તિ મળો આમીન!

શીમલાથી નામદાર વાઇસરોયે હિંદી પ્રજાને નીચલો જવાબ મોકલ્યો છે:—

"ઘણીજ ગમગીની અને દલગીરી વચ્ચે ખુદાતાલાએ મારી અને મારા કુટુંબ વચ્ચેથી

found gratitude for the countless expres sions of deep love and true affectron for Lady Hardinke that have reached me from every class and creed throughout India and for the sympathy offered to me and my family in our great sorrow In her I have lo t a truly devo ed wife and a most noble helpmate, and the people of India have lost a very loving friend She loved India and the people of India, the women and child en, the suffering and the poor Few can realise how much though gone to her eternal home, her love for India will, I know, remain and bring its blessing from above, '

Harding of Penshurst.

મારી વ્હાલી મોહરદારને સદાની શાતિમાં લઇ લીધી છે તે માટે હુ હીંદી પ્રજાને લેડી હારડીંગ માટે દરશાવેલી ઉંડી લાગણી સારૂ અને મારી તેમજ મારા કુટુબ તરફ અમારી ગમગીનીમા દરસાવેલા ખેદ માટે અત કરણ પુર્વક આભાર માનુ છુ મરનારના મરણથી મે એક ઘણીજ નેક ધણીઆણી અને એક મે ટો ઉમ"ા મદદગાર ગુમાવ્યો છે. અને વળી હીંદી પ્રજાએ એક ઘણોજ વહાલો મીત ગુમાવ્યો છે મરનાર હીંદને, હીંદી પ્રજા ને હીંદની સ્ત્રીઓ, બાળકો અને દુખીઓને ઘણાજ ચાહતા હતા, તેઓ જો કે સદાની ઉંઘમા સુતા છે તે છતા પણ હીંદના પ્યાર માટે [illegible]ઓના આશીરવાદ હુ જાણુ છુ તેમ [illegible]વશે "

ગુલાબી દિવસ ! શુ વિચાર કરો છો, બના ? ઇંગ્લાંડમા આપણા રાણી માતા એલેકઝ- ડરાના નામથી તા ૨૪ મી જુને દર વર્ષે હાલ- મા લડન ખાતે ગુલાબી દિવસ ઉજવવામા આવેછે. આ દિવસે રાણી માન એ ઇંગ્લાંડમા આગમન કર્યું હતુ અને તેથી તે દિવસ પવિત્ર ગણાતો થયો છે આ દિવસે સખ્યાબધ બાનુઓ અને બચ્ચાઓ ગુલાબના ફુલ વેચવા નીકળી પડે છે તેમની પાસે ગુલાબી રગની પૈસા એકઠા કરવાની નાનકડી પેટી હોય છે કે જે પર રાણી માતાની છબી છાપેલી હોય છે. આ ફુલો વેચનારાઓની સખ્યા આ વખતે વીસ હઝારની હતી અને મહોલ્લે ને ગલી ગલીએ તેઓ ઉભરાઇ ગયા હતા જ્યા જુઓ ત્યા હસતી, રમતી, નાચતી, કુદતી સુંદરીઓ હસી, હસી હસાવીને ગુલાબી બટન પહેરાવા તૈયારજ ! એકના હાથમાથી છુટયો કે બીજાના હાથમા સાણુન સપડાયો ! પણ લોકો બી જબરા પરગજુ ! ઝટ ખીસામાં હાથ નાખ્યો કે લે બાપુ, કેડો છોડ ! આ ફુલોનાં વેચાણ- થી ત્રણ લાખને પદર હઝાર રૂપ્યાની મોટી ર- કમ જમા થઇ છે અને તેમાથી રાણી માતાના માનીના ખાતાઓ અને હોસ્પીટલોને મોટી મ- દદ મળશે હિંદમા આવી પહેલ નીકળશે કે ?

"બાહારે ગુલશન"

લખનાર—" હરમીસ. "

રંગતમાં ભાત ભાત, જાત છે,
" ગુલશન બાહાર "
કાવ્યને શોભાવતી "બેના" છે
" ગુલશન બાહાર "
ડાળીને દિપાવતો બન્યો છે,
" ગુલશન બાહાર "
ભરપુર હ[illegible]માળાની હારો છે,
" ગુલશન બાહાર "
ઝલકતા "મોતી" સમાન, દાણા છે,
" ગુલશન બાહાર "
સહવાર અને સાંજમા પમરતી છે
" ગુલશન બાહાર "
કળી પેચદારબી ઝુલી રહી,
" ગુલશન બાહાર "
માધુર્યતામાં, શી વાણી, ભરી છે
" ગુલશન બાહાર "
નર નારીઓ ભાવથી લહેરે છે
" ગુલશન બાહાર "
શેહર, ગામ, પરદેશમાં જાહેર છે
" ગુલશન બાહાર "
હિયકાને માંડવા પાયા છે,
" ગુલશન બાહાર "
લહેરીના લલકાર સૌ ગોટે છે
" ગુલશન બાહાર "
મિરાસના મેવાંતો ઝુલે છે
" ગુલશન બાહાર "
શુભ જનો મોજ કરે છે
" ગુલશન બાહાર "
રહે શાદમાન! પ્રકાશિત! ગો
" ગુલશન બાહાર "
નવિન મોજ આપતો રહે
" ગુલશન બાહાર "

" ગુલશનનો બ્હાર "

લખનાર—" હુરમીસ. "

નાદર ખુશનુમા ફુલોથી દિપક થયેલો બાગ. તેના માળીની ઉત્તમ પ્રકારની કારીગીરીનો ભાસ, બાગમાં દાખલ થનારને દ્રષ્ટીએ પડે છે. બાગમાં સજાવત કીધેલા તરેહવાર, જાત, જાતના ક્યારા, માંડવા, કુશળતાનીજ એકલી નહી, પણ ઉચ્ચ પ્રકારની ધીરજ, ખંત, અને મહેનતની ભાસ આપે છે.

જ્યારે એક બાજુએથી એવી ઉત્તમ ચાતુર્યથી માળી પોતાની બાગબાની, આનંદ આપવા જેવી પ્રકૃતીમાં ખીલવવાની કોશેસ કરે છે, ત્યારે આટલુ પણ બીજી બાજુએથી ધ્યાનમાં લેવા જોગ છે, કે તે ખીલવવા પાછળ જરતી પણ જરૂરજ છેજ છેજ. ફુલ કાંઇ આપો આપ બનતા નથી. તેવાજ ઉત્તમ પ્રકારના સાધનો પુરા પડવા જોઇએ તડકાનો છાયડાનો નિયમ નુસાર ફાયદો જાણનાર રહેવો જોઇએ. કુશળ માળી સાથે તેની કુશળતાની પિછાણુ થવી જોઇએ.

તેજ પ્રમાણે "જ્ઞાનના ગુલશન." ની ખીલવણુ કાંઇ ઓર તરાહની છે. તેમા પણ જેવી તેવી ધીરજ, જેવી તેવી ખંત ચલે નહી. ધણીજ શાન્તિ સાથ, મક્કમ પણે. પણ ધીમે સુધારા વધારાની રિત સાયવરાપર ચોકોર ચક્ષુની ઘણીજ જરૂર છે.

જેમ. માંડવામા ફુલો અને વૃક્ષોની ગોઠવણ ઉપર રસિકતાનો ક્યાસ રાખવો પડે છે, તેમ " જ્ઞાનના ગુલશન " મા ક્યાસ કરવો, કાંઇ સહેલો સવાલ નથી.

કેટલી વાર એવા " જ્ઞાનના ગુલશનનો " સોહદમ, કોઇને ન ભાવે તેથી તે સોહદમ નઠારો છે એમ માનવામા જેટલી ભુલ છે, તેટલીજ ભુલ " જ્ઞાનના ગુલશનમાં " બનાઠાનો ભમરડો ભમાવી દેવામાં જ્ઞાન જાણનારના ભેજામાં. મોટી " સુળ ' પડેલી સમજવી.

અરે " જ્ઞાન " ની વ્યાખ્યાના ગુણ ગાવાની કોઇને શક્તિ હોય ! તેની ભક્તિ કરવાની તાકાતવાળા કોઇ વિર, વિરલા ભકતો હોય ! કદાપિ હોય, તો તેવાઓની સમાગમમાં આવતાં આપણા અભણ મગજમાં તેઓના ઉચ્ચ ભાન, ઉચ્ચ " જ્ઞાન " ના ગુણીલા ભણકા સમજ ન પડવે, તે માટે ટચાકડી ફોડી દેવી એ કેવળ બીન સમજની નિશાન સમજવી. એક શાળામાં ભણાવતા ઘણાક શિક્ષકો હોય. દરેક જણુ શિક્ષક કહેવાય. પણ શુ તેઓમાં ફરક નથી. ઘણોએછે. તેમ છતાં તેઓ વચ્ચે ફરક નથી એમ [illegible]ની લેવુ શુ ' અજ્ઞાનપણુ " ન કહેવાય.

[illegible]મતો વાડીમાં ફરતા કે.ઈ એક ગુલાબ મેળવવા કેવો જીવ ટવલાવે છે. તે મેળવવા પછી તે કેટલો હરખાય છે ગોયા તેમાં પોતાના મને ભાવની કાંઇ નીશાન પિછાણે છે કોઇ પોતાના વહાલાઓની યાદી સમજી લે છે અને કોકનો જાણે કશાએ કામનુ તે ફુલ હોયજ નહિ તેમ નોઠી તરછોડી ફેંકી દે છે તેથી શું ગુલાબની ઉત્તમતાઇ કમી થઇ ! તેથી શુ માગીની મહેનત વયર્થ ગઇ ! ના

તેજ પ્રમાણે જ્ઞાનના ગુલશનમાં" ફરતાં શું દરેકને ઉત્તમ વાચન વાણી ધ્યાનમા ઉતરવાનું છે ! શુ દરેક વાચનારને જ્ઞાનના ગુણકારમા વજન લેનારને દરેક સમજણુ પડવી જોઇએ !

એ તો સર્વની શક્તી ઉપર આધાર રાખે છે ઠહાપી વાંચન વેળા કઈ ન સમજ પડતુ હોય તો સમજ લેવા શ્રમ લેવો જોઇએ ?

એવો શ્રમ લેવનો ક્રમ ન સપાદન થાયે છતાં પછી તેમા ભુલજ છે એવો વીચાર રાખવા પ્રયત્ન કરવો જોઇએ નહી

માટે દરેક જણુને "જ્ઞાનનો ગુલશન" ખીલવવા હોંસ રાખવી ઘટારત છે જેથી દુન્યામાંથી અંધકાર નીકળી જાયે, જયારે ફુલોના ગુલશનમાં આંખને તાજગી મળે છે નાકને સુગંધ મળે છે ત્યારે "જ્ઞાનના ગુલશનમાં' જે તાજગી મળે છે તે સર્વે સ્નાયુના સુખને માટે છે. ત્યાં પ્રત્યેક સ્નાયુને આરામ મળનો જાય છે. સંસાર સુખી થાયે છે. નઓજીસમ આળસાઇની ઉધ નીકળી જાય છે.

એ જ્ઞાનના ગુલશનને ખીળવવાનિ દરેક જ જણુની દરેક ધર્મની પહેલી ફરજ છે તેમાંજ આ જીંદગીની જેહમતનુ કરજ વળશે. જ્ઞાનથી જે સુખ હાસેલ થશે તેમાથી જે ઉંચ મોજ મલતી જશે તેવી મોજ કશાથી મળશેજ નહિ.

માટે આ 'ગુશલન "માં"જ્ઞાનના ગુલશનમાં" મોજ સાથ ઉચુ વાચન રમુજ સાથ જ્ઞાન ખીલવવા જેવી વાણીઓ હમેશ પીરસાએ એમજ વિચાર રંડુલો દેખાય છે. કેટલી વાર કાવ્યની સાદી ગુંથણુમાં અનેક ઉચો ભાવ ભરતો રૂડો ખ્યાલ સમાવેશ કરતાં તેના બનાવનારની મહેનતનો ખ્યાલ લેવાય છે. ખરેજ આપણુને લાગે છે કે તેમાં ઉચ "જ્ઞાન અને ભાવન"ની રેલા રેલ હોવી જોઇએ.

તે ઝટ વંચાઇ ગઇ એટલી તે સહેલી નથી પણ તેની ગોઠવણુ ઉપર જરા વધુ પ્રવાસ કરવાથી આપણુને પણ તે મહેનતનો ભાર અર્થ ઉપરથી અચુક થાય છે.

જ્યારે વાંચતા વાર લાગતી નથી પણુ તેનો અસલ બંધ બેસતો ખ્યાલ ઉપજાવતાં કેટલો શ્રમ થાય છે ત્યારેજ આપણુનેજ ખ્યાલ થાય છે કે "જ્ઞાનના ગુલશનનુ" ખેતર ખેડવું ખરેજ કઠણુ કામ છે. પણુ જ્યાં જ્ઞાન પ્રબળ હોય છે. ત્યાં આ ઉપર સઘળુ આસાન છે.

માટે સૈ કોઇ અનેક પ્રકારના આકારમાં "જ્ઞાનના ગુલશન"ના માંડવામાં બીમાં રોપી મુજબ તરાહના રંગ રૂપમાં આકારો "ગુણી આકારોના" ચોકડાં તૈયાર કરતા રહેશે તો ભવીશ્યની આવતી ઓલાદના માટે એક અતિ મોહક, અતિ રંગી આમણો ગુલશનના બહારનો પમરતો ભાવ પોતા પાછળ મેલી જવાના આશિષ મેલવશો !

હીંદે ગુમાવેલો ભલો હીરો.




Photo By Vernon & co. Bombay.
Block by the Bombay Chronicle.

મરહુમ ના૦ લેડી હારડીજ સી. આઇ.
હિંદના વાઈસરોયનાં ભલાં પત્ની.

ગુલાબી દિવસ.



નામદાર રાણી માતા
એલેકઝાંડ્રા માતા અને
પ્રિન્સેસ વિક્ટોરીઆ.

તા. ૨૬મી જુને લંડન ખાતે પાળવામાં આવેલો ગુલાબી દિવસ.

Block by the BOMBAY Chronicle

રાખી નહિ. એ ખરૂં છે? તેણે તેનીનો હાથ પકડી પુછ્યું.

હવે તે શુ જવાબ આપે! દેખીતો ગેર ઇન્સાફ તેની બ્હેન તેણીને કરતી હતી બચ્ચાંનો તેણીને અભાવ! આહ! જે પાડ પડોશીનાં વગર ઓળખીતાં બચ્ચાંઓ પર જીવ પટકે તેઓ ને પ્યારથી રીઝાવે, જે બાળકોપર ખુદરતીજ પ્યાર ધરાવે તે સ્ત્રીને બચ્ચાંનાં અભાવ! એવું તો ઘણું જુઠ્ઠુ સાચ્ચું કરી તે બ્હેને તેની નજરમાં તેણીને હલકી પાડવાનું કીધું હતું અને હજી કરતી હતી તેના મા વગરનાં તે ન્હાના ભુલકાંઓ પર શું તેને ઓછું હેત બતાવ્યું હતું કે તે એમ શક રાખતો હતો? દુઃખથી તેણીની આંખો આંસુથી ભિજાઇ ગઇ.

"નવલ તમે શું તે માનો છો? ખુદા સાહેદ છે કે તમારાં બાળકો જ્યારથી પોતાની વ્હાલી માવતરનો આશરો ખોઇ બેઠાં ત્યારથી હું તે લોકોને મ્હારાં બાળકો મિસાલ ગણુતી હતી. તમે કોઇબી વખતે તેવી કશી રીત મ્હારામાં જોઇ હતી?" તેણીએ પુછ્યું.

"નહિ. હું જાણુતો હતો કે તુને બચ્ચાંઓ પર પ્યારછે. મેં એ વાત સાંભળી હતી તેથી તો તું મ્હારાથી ઉમ્મરમાં ન્હાની છતાં હું તુંને અને તુંનેજ માગ્યા કરતો હતો. તેં જો એ બી નઇ નાખી હતે તો હું બચ્ચાંઓને માયજી સાથ રાખવાની ગોઠવણ કરતે. પણ તેં શા કારણથી મને ના પાડયું હતું? હું શું તને ગમતો નહતો?"

"મને ના પુછો, ખુદાને ખાતર એ વાત ના કરો નવલ. મ્હારી પર દયા કરો. જરા જીવ મારી તમો રહેશો તો તમારો સંસાર સુખીજ થશે. એમ તો બધાને તમો દુઃખી કરશો. હું ઘણીજ દિલગીરછું કે એનું કારણ હું તમને આપી શકિત નથી. તમને મળવા પછી કદાચ મને તે બાબે દિલગીરી લાગેછે ખરી તો પણ મ્હારી ફર્જ મેં બજાવી કરી હું ખુશ છું. ચાલો હવે આપણી ટ્રેન આવી" એમ બોલી તે ઉઠી પણ તે તો વેટીંગ રૂમની ખુરસીપર જેમ બેઠો હતો તેમજ બેસી રહ્યો.

"એટલી બધી ઉતાવલ કરી ઘેર જવાની અગત નથી. આજે આપણે મોડી રાતે પણજઇશું તો ચાલશે. તું મને એ ભેદ નથી આપતી તો હવે સાંભળ મેં નકિક વિચાર શું કીધોછે તે. હું તને કહું. મ્હારો વિચાર ચાકરી છોડી મુંબઇને છેલી સલામ કરવાનો છે. હું તુંને સાથે લેઇ જવા માંગુછ તો ખરો પણ લોક લાજને ખાતર ને ત્હારે પોતાને ખાતર હું જરા વિચારમાં છું પણ મ્હારા વાસ્તે મેં નકિક વિચાર એજ રાખ્યો છે."

"ઓ નવલ! તમે એમ ના કરો. અરે ખુદા! પછી તમારા બચ્ચાઓનું શું થશે? માય વગરના જે છે તે પછી બાપ વગર કેમ રહી શકશે. તે ઉપરાંત ન્હાના બચ્ચાંઓ સાથ દીના શું કરશે? નહિ નહિ નવલ એ વિચારજ કહાડી [illegible]" તે ગભરાટમાં તેની આગલ બેસી સમજાવ[illegible] લાગી.

"નાજુ એટલી ગભરાય છે કાં [illegible] આજે કાલેજ જવાનો નથી. મને [illegible] કાજ તપાસી જતાં છ મહિના તો થશેજ. પણ મેં નકિક વિચાર એજ રાખ્યો છે. એ જીંદગીએ જીવવાની મજાહ છેજ શું? હું તો હવે ધરાઇ ગયો છું. મારા સુખને ઉળટ થી નાંખીને દુઃખી કરનારને હું જરા પણ ધકો આપતો નથી. તેણે તો સારૂંજ ચ્હાયુ હશે." તે દુઃખથી બોલ્યો.

"હું મારો ભેદ તો કંઇ કહી શકિત નથી તો પણ જણાવવા દો કે તે વખતે હું મારૂં મન બરાબર સમજી શકી નહતી. ખરૂં કહુંછ કે તે બાબદને મેં મસ્કરી ગણીનેજ કહ્યું હતું. તમને તો એક રૂપાળી અને સુંદર બૈરી જોઇતી હતી. જે શબ્દો વારંવાર સાંભળ્યા કીધા પછી હું જરાબી મન કરૂં તેવી ન હતી. ખુદાએ જેવી મને બનાવી તેવી મને કોઇ મરજીથીજ પસંદ કરે તે વાત જુદી હતી. પણ એ નજીવી બાબદને વધારે લં

બાબુ રૂપ હુ આપતી નથી બીજા બધા કરતાં તમો મને વધારે પસંદ હતા તેથી કદાચને હુ હા કહેતે પણ તે ઉપરાનતુ બી જુ કારણ હુ કહી શકતી નથી"

ત્યારે તુ એમ તો કબુલ કરે છે કે હવે તારી તારી તે લાગણી આગળ કરતા ફેરવાઇ છે. તુ મને ખરે કેહ નાજુ તુ જે બોલ શે તે પર મારી જીંદગીનો આધાર છે ખર નર જાણવા વગર હુ કઇ બી પગના ભ રી તમોને દુખમા નાખવા માગતો નથી મને એ નુજ કેહ કે તુ મને ચ્હાય છે" તે તેણીને પસે એ ચી પ્યારથી ચુમી કરતા છે। હો તેને તેમ કરતો અટકાવવા તેણીએ ઘ ણા ફાંફા માર્યા, પણ તે જોરાવર અને મ જબુત હતો તેથી ફાવ્યો

એમ સાથી ના થા વ્હાલી! એટલુ ક રવાં સબ્યારો મળે છે મારા દુખમા ધીર આવે છે મને જવાબ આપ જાન કેહ હુ તમોને ચાહુ છુ ત્હારે મ્હોડે ને ...થી મને સુખ મનશે " તેણીએ શ રમથી પોતાનુ માથુ નમાવી દીધુ ને તો છાતી પર માથુ મેલી તે ડુસકે ડુસકે રડવા લાગી કેવો ભાગ તેણીએ આપ્યો હતો। સુ ખને ઠોકરે માર્યુ હતુ। ત્યા તેના પાસમા ઉભુ રહેવામા કેવુ ઉત્તમ સુખ હતુ? તે જીંદગી ભરના સાથી તરીકે, તેણી રહેને વ્હા લી નહિ ચ્હાતે! આહ તે બેવકુફ તો બ નીજ હતી।

"એમ બોલતામ દુખદો છુ છે નવલ! તમો તે જાણી ચુકા છો. છતા મ્હારી પાસ ખુ લ્લુ બોલાવો તેમા પાપ છે. એમ મને સવચાવો ના નુવલ તમે તો છુટા પડશો ને દુખી તો હુ થશ દુખને પશ્ચાતાપથી મા રૂ ઉમર બગી જાય છે તો પણ મ્હારા બો ગે તેણીને સુખી રાખી શકી છ તે ફર્જનો બદલો ખુદા મને આપે એજ માગુ છુ હા હવે પ્યાર શુ ચીજ છે ને હુ શીખી પણ તે મારે બહુજ મોડુ થયુ છે એટલે એવા કઇ વિચાર પણ હુ તો કરતી નથી ખુદા તમોને તમારા બચ્ચાને માથે ઘણા વરસ જીવાડે એવુ માગુછુ નવલ હીરર તે હવે જરા ખુલાસાથી બોલી

'એ કમનસીબ બે. હુ જાણીશ નહિ ત્યા સુધી હુ જ પીતે બેશીસ નહિ વારુ હુ એમ પૂછુ કે મે ત્હારી સાથ પરણવા માગ્યુ હતુ તે બીના તે ઘરમા કોઇને કહી ન હતી શુ?' તેણે બીજી રીતે પૂછ્યુ

"ઘરમાં તે કોઇજ જાણતુ નહતુ. મે તે પર ...મ્ત વિચાર કીધો હતો ને પછીજ ...પાડયુ હતુ તો પણ નવન છેલ્લી તમે માગણી કીધા પછી ઘરમા એવા બનાવો બન્યા કે જેથી મને લાગ્યુ જે તમને ।। કહેવામા મે મુર્ખાઇ કીધી હતી ત્યારથીજ હુ તમને મળ વા લાગી હતી, મારા નવન પણ જ્યારે મે જાણ્યું કે તમે મ્હારી બ્હેનને પસંદ કરી ચુકા છો ત્યારે આહ હુ શુ કહુ! ખુદાજ મ્હારા દુખની વાત જાણે છે એ મ્હોડા રાખીને ફરતા મને ઘણુ જ ખમવુ પડયુ છે એક બાજુ ખુશા લી જણાવવાની ફર્જ અને બીજી બાજુ મામનો ફેરવાઇ ગયો તેનુ જબ્બર દુખ તે વખતના દહા ડઓ હજી હુ કમનસીબ સાથે યાદ કરું છુ' આસ્તે આસ્તે મે મહારી લાગણીપર કાબુ મેળવ્યો ને હુ ફતેહ પામી તમાનાથી હુ હમેશા દુર રહે તી કદાચજ હુ તમારે ત્યા આવતી એમ બધા થી દુર રહી મે મારી લાગણી જરા જરા દબા વી પણ આ છેલ્લા ચાર વરસથી મીનોના જન્મ પછી વધારે બોજાવાથી મારી હાલત મા ફેરફાર થઈ ચુકો નવલ વહાલા આ મારા સાચ્ચો ખુલાસો છે તમો હવે દયા કરી તમારો વિચાર ફેરવો મીનો બેહરાને હાની નાજુ આટ લી ન્હાની ઉમ્મરમા પોતાન બાપથી વિખુટ પડે શુ! હવે વળી વીરાને અને કેકીને મુકીને જવા તમારો જીવ માનશે નહિ ...ર બોલોની તમો નહિ જશો કેના"

"હું તુને વચન આપી બંધાતો નથી. તેં એ બધું સાંભળવા ના પાડી હું જાણતો માગું છું તો પણ આ તારા ખુલાસાથી મને ધીરજ આવી છે. તું મને ચ્હાય છે તેજ એક સંતોષ છે. મને લાગેછ કે એ બાબદની બિસ્તરમાં પણ ત્હારી બ્હેનજ છુપાયલી હશે. ચાલ હવે રડના વહાલી, ખુદા આપણુંને સુખમાં રાખવ નો માર્ગ પોતેજ બતાવે છે. તો કાં નહિ તેમ કરૂં ? નાજુ જાન જો મ્હારૂં કહ્યું કરે તો આજને આજ તારી સાથ હું દુન્યિાના કોઇ પણ ભાગમાં જઇ રહેવા ખુશીછું. તું—

"ઓ નવલ એમના બોલો ! એ રીતનો વિચારજ તમે કેમ કરી શકો છો ? આજે તમે જરા વધારે ઉશ્કેરાયા છો. ખુદા તમને સારી બુદ્ધિ આપે ને સુખી રહો એજ ઇચ્છુ છું. તમો એમ કરશો તો હું તમારી સાથે કદી પણ આવશ નહિ. ને આ મારી છેલ્લી વખતનીજ તમારી સાથની મુલાકાત છે એમ માનજો."

"નહિ, નહિ તું એમ જુલમ ના કરતી વ્હાલી. ચાલ તુને એ વાત નહિ ગમતી તો ન હું કરશ પણ તું યાદ રાખજે કે એ બેહ [illegible] કહાડીશ. ચાલ હવે તો ઘણું મોડું થયું. ટ્રેનમાં જતા બી ચાલવું તો પછી ગેટસ [illegible] અવરૂં થશે. પણ આવતી પરમદિને તું અને આદ' કોટમાંજ મળશે" તેણે [illegible] કરી તેણીનું હોઠ ઉચકી તેની આંખમાં જોયું

"નહિ. હવે તેમ નહિ બનશે. તમારે ને મ્હારે હવે છુટાં રહેવાનીજ વાત સારી છે. એમ ન બવાથી દુઃખ ઓછું થતું નથી પણ વધેછ નવલ વ્હાલા. મને માફ કરો"

"ખચિત ત્યારે તો આજેજ હું તુને ઘેર નહિ લઈ જવશ તો પછી શું કરશે મને [એમ ત્હારાથી છુટું પડવાજ ગમતું નથી" તે બોલ્યો.

"તો લેવ આ વચન, હું પરમ દીવસે આ મીરા" એમ કહી તેણીએ હાથ લાંબો કરી તેને વચન આપ્યું. છેલ્લી સલામ તે બે વ્હાલાંઓ વચ્ચે કેમ થઇ તે વર્ણવી શકાય તેવું ન હોવાથી આપણે તેઓને ત્યાંજ છોડી જરા ઓળખ કર્યો.

દીના અને નાજુ પંથકી મહેરનોસજી પંથકીની દીકરીઓ હતી. તેમને બે દીકરાને બે દીકરી હની. તેવણે અસલ સારી જાહોજલાલી ભોગવી હતી. પણ બાળકોનું મ્હોટપણ આવતા સુધી તે હાલત ટકી નહિ. અને તેના ગમમાં બીચારા માર્ગે લાગી ગયા. પોતાના ભાઇઓ અને વિધવા માતા સાથે તે લોક તારદેવ રહેતાં હતાં ત્ય નવલ નાણાવટી આવતો જતો હતો. માતાનું હેત વડી દીકરી પર વધુ હતું તેનાં સુખ દુઃખમાં તેણીની જીંદગાની હતી તે વખતે ગરીબાઇનો ડંખ ઓછો કરવા તેઓને [illegible] કરેલી વેકરી પડી. છોકરીઓ ભરી સીવીને [illegible] તે મદદગાર થતી, નવલની આવ જા હવે વ[illegible] લાગી. માતાની મગરરી વધી. તેમની રૂપાળી [illegible]કરીને પૈસાવાલાનાં દીકરાને હાથ કરે ક[illegible] ઘણાં ફાંફા માર્યાં, તેના આવવા જવાના કારણ[illegible] તાના ન હતી પણ નાજુ હતી એમ આપણી ઉ[illegible]રની વાતમાં બરાબર જણ્યું હતું જોકે તે ખુ[illegible]સુરતીને વખાણનારો હતો છતાં તેને નાજુના સદ્ગુણ ગમતા હતા. નાજુ તે જાણતી હતી તેના જેવી કાળી ખુબસુરતી સાથ તે હમેશનો જોડાઇ ન પરતાય તે બદલે તે તેણીની ખુબસુરત બ્હેન સાથે પરણે તો સારૂં હતું એવો તેણીને ખ્યાલ આવ્યો. તે ઉપરાંત વડી બ્હેને માતાને અને કુટુંબને ગરીબાઇમાંથી છોડવવા ખાતર ચાકરી જવાની એક યોજનાં ઉભી કીધી. બધાની ઉપર વારી થઇ તે વીસ પગારથી એક કુટંબમાં ગવરનેસ થઈ જ તેઓનાં સરમાલ કુટુંબને બારી પડ્યું. તેણીના પાના મેહરનોસજી પાતે તેવી રીતનાં કામકાજ કાઇબી કરે તેની સામા હતા. તેજ બધો કુટુંબી ખ્વાસ ન્હાની નાજુ ધરાવતી હતી. તેણીએ ઘણાં દુઃખ વચ્ચે જોયું કે તે દુ-

રાત તે બ્હેને ઘણી ખાસાનીથી પાર પાડો. તે
દુ:ખને એનીનતામાં તેણીને થાતું રહેતું. પણ
તેથી તેણીએ જે માગે અખત્યાર કીધો તેમાંથી
જો તે ફાવતો કુટુંબને વધુ વખત નામેશીમાં
રહેવું ન પડે પણ જણાય તો દુ:ખ વ્હોરી લઈ
રહેવું પડે જે એજ કે નવરોને સાચ્ચા પ્યારથી
ચ્હાતા છતાં તે છોકરીએ પોતાની બ્હેન માટે
ભોગ આપ્યો હતો. તેણી ચાકરીએ ગઈ તે વાત
નવરથી તદ્દનજ તે લોકે છુપાવી હતી. પાંચ છ
મહિના તે બહાર ગામ ગઈ છે એમ કહી તેને
ઉડાવ્યો હતો. જે રસ્તો પણ હજુનાજ બેગ્ગા
થી નિકળ્યો હતો એથી બધી હદ સુધી તે દુઃ
ખ નીચું પડ્યું હતું તો તેણીએ પણ નહિ એ
એક અંદેશાએ પણ એ ઠરાવ કર્યો હતો. તેજ
કારણથી તેની ઘણું ચાર વાર કીધેલી માગણી
ન [illegible] તેને એવું જ બનતું હતું કે તેની
કર્[illegible] નથી પણ સાચો પ્યાર પોતેજ
રસ્તે [illegible] છે તેમ કરતા નવરના પત્રોના પાંચ
[illegible] માન તે દૂર રહી તો ખરી પણ બચ્ચાઓ
[illegible] થી મીનોને મહેરા ન જુના આવ્યા પછી
તો વધુ નહુ સમાગમમાં આવી તેથી છુપાવેલો
પ્યાર બેવડા જોશમાં વધી પડ્યો.

જે પેર જે જગ્યામાં પોતે રાજકર્તી શેઠા
ણી દાખલ સાહેબી ભોગવતી હતી ત્યાં
બીજી બેઠી હતી પૈસામાં તે રગડતી હતી
તે બીજી ભોગવતી હતી જ્યારે ગરીબાઈના શીત
દુ:ખમાં તો તે સબડતી પડી રહી હતી જેમાં
કોઈ વાર નવલ દયાથી દાઝી તેણીને છુપી રીતે
મદદ કરતો તેજ ચોક્કસ વખત દુ:ખના બોજાથી
કચડાઈને ઝારઝાર રડતી હતી. પણ હવે ફાયદો
જ શું હતો? ખુદા તેણી પર દયા કરીને મોકુફ
પણ અપનો નહોતો જે બાપોને દુ:ખ તે ખમ
તો હતી તેમાં તેની રાત દિવસની બડબડથી
વધારો થતો હતો કાં નહિ તે તેણીને નિરાંતે
બેસવા ન દેતો હતો. તેણીએ શા માટે તેની
માગણી ના પાડી હતી તે જાણી તે શું કરવાનો
હતો. પહેલી વાર તો તે પોતાની જાત પર મરડ:

તી હતી શા સારૂ તેણીએ ની બેકદર બની હશે કે
વડીનું જ હિત તેણીએ હૃદય થયું હતું. વળી વધારે
ચીડતો તેણીને એ લાગતી હતી કે તે દીના જ્યાં
ચાકરી રહી હતી તે બાઈનો એક કુંવારો ભાઈ,
સરૂ કમાનારો અને સત્ર રીતે લાયક જુવાન
તેણીના પ્યારમાં પડ્યો હતો ને જો તેણીએ ન
વરનો વિચાર ન રાખ્યો હતે તો ખચિતજ તે
ની સાથ પરણીને સુખી થઈ શકતે નવલ કરતા
તે નસરવાન ગાંધી એ ઘણું કમાતો હતો તે વાત
ખરી હતી તોપણ તે વૈ હતો ને આગળ ચા
લતા [illegible]મના મેળની શરત તેનું હતું તો તે નવ
[illegible]નેજ માટે કાયેલી હતી દરેક વાતમાં તે-
ણીએ સરસાઈ ભોગવી હતી અને આમાં પણ
ફાવી ગઈ હતી તે દુ:ખથી હવે તે પાતાનો
ભોગ [illegible] રહેતી હતી શું તેણી-
નું ભવિષ્ય તે મા દાકતરે ડુબાડ્યું નહતું
દુન્યામાં બીજી કોઈ રીતે તે શું [illegible] પડવાની
હતી! નહિ ગરીબ ને રીત વગરની તે ટીકલી જેવી
ઓરતને કોણ પસંદ કરનાર હતું. તેણીનો ભવજ
બગડી ગયો હતો. તે દુ:ખથી રડતી બીજી ણી
પડી ડચકાં ખાતાં તે ગુમાવતી હતી. ઉકમેકને
ચ્હાતાં તે બે જીગરો મુલાકાત માટે છુટા પડ્યા
હતા.

તે રાત તેણીએ ઘણી કંગાલ પસાર કીધી
આ રીતના મલાપ કઈ તેઓ હમેશાં કરી ન
શકતા હતા. પણ જ્યારે બી થતો ત્યાર એજ
રાત રાત રડી રડીને તે કાઢતી. નવલના કહ્યા
મુજબ કરવાનો ઘડીમાં તે વિચાર કરતી પણ
નામોશી ને દુ:ખ ખમી શકવાની તે તે હિમ્મત
ધરાવતી નહતી. ખુદા પાસ દુવા માગતી તે રડી
રડીને સુતી તેણીને આ દુ:ખમાંથી છોડવે એજ
તેણી માગતી હતી,

સહવાસનું પરતાં તે સહેજ ઉંઘમાં પડી
પણ જ્યારે ઉઠી ત્યારે અનિયત મારી છે કે તેમ
લાગતું હતું પણ ક્રાસ તેને મળવાનું હતું ખુદા
તેટલા તેણી પર દયા કરે ને બેદ જાચવા માંગતો

હતો પણ હજી તે કહેવા તેણીએ વિચાર ન કીધો હતો.

તે સહવારે તેણીએ ઉઠીને એક કાગલ નીચે મુજબનું લખ્યુ મ્હારા નવલ, ગઇ રાતે બનેલા બનાવ પછી હું એટલું તો જોઇ શકી છું કે તમ્ને પાછા મલવામાં કઇ લાભ નથી તમે વાર જુઓ કરિને આ લખુ છું. હું ઇચ્છુછ કે તમો મુંબઇ છોડી જવા માંગો છ તેને બદલે હુ જાઉં તો બધી વાતે સારુ થાય. મ્હારા મનમાં મેં તેવો વિચાર કીધો છે. હું તમારાથી દુર રહુ તેમાં મને પણ લાભ તો તેમ હું કરીશ, પણ તે વખતે ખાત્રી રાખજો કે તમો વહાલા પતે હું મારી નજર આગળથી ખીશાડી શકીશ નહિ આ જીવતરે જીવેલું કામનું શું છે ? તમને મલવા પછી મને સુખ ઉત્પન્ન રહ્યું નથી અને મ્હારા દીવસો હું ઘણા કંગાલ પાસ કરૂ છું. તેમા વધુ બલાપો થયા કરેને દુઃખ વધ્યા કરે તેવું ઇચ્છતી નથી. વળી તમે જે ઉપાવ સુચવો છો તે પાપનો રસ્તો છે. હુ છતી આંખે તેમ ચાલી શકિત નથી મ્હારા નવલ મને માફ કરો. ખુદાએ તમને પાછૂ સુખ બક્ષ્યુ છે તો પછી એમ બરાબર બની તે ઉધું ના વાલો. હું ધારૂછ કે તમો મ્હારી પર દયાજ કરશોજ. મહારી પર ચીરહાતાના.

તમો પોતે મને કેટલા વ્હાલા છો તે હું લખી શકિત નથી દુરથી રાત દિવસના બદગી તમારા માટે હું રોજ કરીશ. આપણા સાચ્ચા પ્યારને જરા પણ ડાઘ લગાડવા હું માંગતી નથી. મ્હારા વિચાર તમારી હાજરીથી ભાજી પાડતા ના. ગમે એવો મ્હારો ઠરાવ તમારી હાજરીના સુખ થી ભાંગી જાય છે. હું હજી એક ઓરતજ છું. અને લાલચને બરાબર સામે થવાની પૂરતી હમ્મત મ્હારામાં નથી તો તે યાદ રાખી મને મદદ કરજો. હાલ કશાં ઇવટ પર હું આવી નથી. તમો પોતે ને તમારાં બચ્ચાઓ મને ઘણાં વ્હાલાં છે. આ લખીને કાંઇબારીતે તમને દુઃખી કરવાની મ્હારો મતલબ નથી એટલું સમજી તમો મ્હારી પર દયા કરશોજી

હું છુ તમને સુખી થયલા જોવાની આશામાં સદાની તમારી વ્હાલી નાજુ

તે કાગળ મોકલ્યા પછી બી તે આખો દહાડો તેણીએ ઘણો કંગાલ પસાર કીધો. તેએકલીજ ઘરમાં હતી સાંજના માતા પીરોજ બાઇ બ્હાર ગઇ હતી. તેવણે પોતાની સાથ તેણીને તેડી પણ તબ્યત બરાબર ન હોવાનું બ્હાનું કાઢી તે ઘરમાં રહી. કંઇ પણ કામમાં તેણીનું ધક લાગતુંજ નહતું. એમ બેચેન તે બેઠી હતી તેટલાં ઘરનો નોકર કોઇ પારસી મળવા આવ્યા છ કરી ખબર કહી ગયો.

તે ઝટ ઉઠી તે આવનાર કોણ હશે તેના નિચોરમાં તે ઝડપથી બ્હાર જોવા ગઇ. આશરે ત્રીસ વર્ષની વયનો એકશી સ[illegible]પડામાં સજ થયલો અહસ્ય ત્યાં હતો જે[illegible] દાખલ થતી જોઇ ઉભો થયો.

" પંડકીનાં નાજાબાય તમેજ [illegible] તેણે સલામ કરી પૂછ્યુ.

" હાજી પણ માયજી હવડાંજ બહાર ગ[illegible] છે અને તમોને કામ હોય તો સહવારે આવ[illegible] તો મળશેજી " તેણીએ કહ્યું

" હું તમારાં માયજીને મળવાની અગાઉ તમનેજ મલવા માગતો હતો. ને હું ખુશી છુ કે તેવણ બહાર ગયાં છે. દીનબાઇ પંથકી ગવરનેસનાં તમે બેન થાવો ? " તેણે પૂછ્યુ.

" હાજી, " તેણીએ અજાયબીમાં જવાબ દીધો.

" ત્યારે તમે જરા બેસો. મારી વાત લાંબી છે. ગઇ કાલે અજબ સંજોગે તેવણનું ઠેકાણું હું જાણી શકયો કે તેવણ પરણીને મિસિસ નાણાવટી થયાં છે. વળી તેજ વખતે બીજી શોધ હું કરી શકયો. તમો લોક આવીને વેટીગ રૂમમાં બેઠાં ત્યાં પડદાની પછવાડે હું ઉઘાયલો હતો. તમારા રડવાના સાદથી હું ઉંઘમાંથી ઉઠયો

દિલગીર છું કે તમારી બધી વાત સાંભળી ચુકયો છું. મને તમારી ઘણીજ દયા આવી છે. ખરેખર બધાં દેખાવમાં બેરાં એવાજ ગુણો ધરાવે છે. તમે મને ઓળખતાં નહિ હશો પણ હું નવરવાન ગાંધી છું. તમારી બ્હેન સાથે પરણવાની મારી ખાહેશ હતી. પણ તેમ બન્યુ નહિ. ગઇ કાલે જે વાત સાંભળી છે તેથી હું નકકી ઉપર પર આવ્યો કે જો તમારી મરજી હોય તો હું તમને પરણવા ખુશી છું. હાલ હું મુંબાઇમાં રહેતો નથી. દીના-દીનબાઇએ મારી માગણી ના પાડવાથી હું મુંબાઇ છોડી ગયો હતો. કલકત્તામાં હાલમાં મ્હારું રહેવાનું છે અને હું ત્યાં પ્રેકટીસ કરું છું. હાલ આ રચના જોવા હું આવ્યો છું ને બે ત્રણ દિવસમાં જવાનો છુ" તે અદિ સેરેજ બોલ્યો. તે નામદાર પ્રિન્સની વધરામણી ના [illegible]મા.

[illegible] બાપડી આ ખુલાસાથી બીહીને ગભરાઇ દીનાની તરફ જોવા લાગી ખુદાએ શું તેની [illegible] મદદે ફીરસ્તો મોકલ્યો ન હતો? તેણીની દુવા શું ફળી ન હતી! પણ નવરવને [illegible]હાલી તે અબળા તેને પરણીને દગે? તેણી[illegible]ા તે વિચાર તે પામી ગયો.

" હું જાણું છું કે તમો મને વ્હાલાં નથી કહો નહિ તે વીશે મને દરકાર નથી. હું યોબીશ અને પ્યાર જ્યારે જીતે ત્યારેજ હું તમારો પ્યાર માગીશ તેટલાં તમને પરણીને હું મ્હારે ત્યાં લઇ જઇ સુખમાં રાખીશ અહિં મુંબાઇથી બ્હાર તમે તમારો ગમ ભુલશો. અને તમને સુખી કરવા હું મ્હારાથી બનતું કરીશ" તે લગણીથી બોલ્યો.

"તમારી ઘણી મહેરબાની છે. પણ જે જોખમ તમે માથે લેવો છો તે તમો સમજતા નથી હું તમને પિછાણતી નથી તેમજ તમે મને પિછાણતા નથી પછી તમને લાભ શું છે?" તેણીએ પુછ્યું.

"અહિંથી તેવી કોઇ અજાણીનેજ પરણીને હું મ્હારે ગામ જઇશ તો પછી તેમાંજ અજાણ્યા તમો મને બારી પડશો નહિ. હું તમને અજાણ્યા ગણુનો નથી તમારી વાત બધી હું જાણી ચુકયો છું તો પછી તમો ના કહી મને દિલગીર ના કરો. નજરથી દુર તે દિલથી બી દુર એ કહેવત જુની જમા છો શું! તમને અહીં રહેવા દેવામાં લાભ શું છે? બેઉ દુ:ખી થાવો તે કરતાં ફર્જથી સમાર ચલવો તે સારૂં છે મને હવાં જવાબ[illegible]થી જોઇએનો બે દહાડા વિચાર કરી [illegible] કહેજો ગભરાઓ તેટલાં સાહેબજી" તે તેને શેકહેન્ડ કરીને બ્હાર પડયો.

વળી તે વિચારમાં ભિન્ન થઇ તે માગણી ના પાડી શું ને સુખી થવાની હતી! આવું બજાવેલાને દુ:ખ શું ઓછું હતું આ ઉપાય તેમાંથી છુટવાનો ખરે ખરો હતો. ખુદાએ જ્યારે દદ લીધી ત્યારે કાં તે ના પાડે! એ રીતે એક મન કરી તેણે તુર્ત તેજ રાતે નસરવાન ગાંધી પર લખી દીધું. વખતે બીજી સહવારે તે વિચાર ફેરવી નાખે તો તે બ્હીકે તેણીએ તુર્ત લખ્યુ

બીજી સહવારે તે તુર્ત આવ્યો પરોજ બાઇ સાથ તેણે વાત કીધી અને તેરણની અને નાજુની મરજીથી તેણીને તુર્ત વીંટી પહેરાવી લગન આઠ દિવસમાં કરી આપવાની ઉતાવળ કરી તે પાછો ગયો. હવે તે ખબર તેઓએ દીનને પુછાડી.

ઉતાવળ સૌ બાબતે તે મિજાજ હવે ના ખુ પચફી ઉતાવળમાં તેની માગણી ના પાડીને પસ્તાતી હતી લગનનો એક દિવસ બાકી હતો અને નવર તેણીને મળવા પોતાની ઓફીસમાં બોલાવતો હતો. તેણીને ફર્જ એ વીંટી નવરવાનને આપવાની હતી. તે સાંજે આવ્યો ત્યારે તેણીએ ચુપચુપ તે આપી.

"તમારી શું મરજી છે નજા?" તેણે વાંચી રહ્યા પછી પુછ્યું. તમે હવે જો આજે

જાવો ને પછી ગામ સીધારતી વખતે પણ એવણ મળવા તો માંગશે. એ વખત ઉપરા સાપરી મળવાથી તમને લાભ નથી માટે આ ચીઠ્ઠીનો જવાબ ના લખો તો સારૂ છે" તેણે સલ્લાહ આપી.

તે પોતે બી એજ વિચારમાં હતી. અને તેથી તેના પર તુર્ત ન લખ્યું. એમ તેણીના પડખે રહી સલ્લાહ આપનાર તે હતો કરી તેણીને ધીરજ આવી. તો પણ હજી બી તે છુટી–એકળી થવા એકે પગે તૈયાર હતી. લગન ધામધુમ વિનાના થયા. તારદેવની અગ્યારીમાંજ તે કીધાં.

બીજે દિવસે તેલોક જવાના હતાં નવલને નાજુની ચાલથી ઘણોજ ગુસ્સો આવ્યો ને લગનમાં પણ આવ્યો નહિ. એવુંજ નાજુ ઇચ્છતી હતી. વળી એક બીજી કાકલુદી ભરી ચીઠ્ઠી તેણે નાજા પર લખી જે તેણીએ નસરવાનને આપી. તે મળવા અધીરો થયો હતો. ને તેણીનેજ તુરત મળવા આવનાર હતો.

હુ સાંજે બ્હાર જઇશ. તમે એવણને અહિ એ લાશક આવવા દો" નવલ ને મલવાની રજા આપતાં તે બોલ્યો. વધારે સખ્ત થવા તેને પોતાને બી ગમ્યું નહિ. હવે પછી થોડાં તેઓ એમ મળવાનાં હતાં. ધડકતી છાતી સાથ તે મોલાકાતને માટે નાજુ તૈયાર થઇ પણ તેણીને કાસ કરીને નસરવાન બ્હાર ગયો તે ગમ્યું નહિ. આ વખતે તેણી ની નજદીક તે હોતે તો સારૂ એમ તેણી એ કહ્યું.

ત ઘણી દુ:ખ ભરી મુલાકાત હતી. બે કલાક પછી જ્યારે નસરવાન બહારથી આવ્યો ત્યારે નવલ ત્યાંજ હતો એમ માણસોથી તે જાણી શક્યો તો પણ તેને મળવા તે ગયો નહિ. અંતે નાજુ એજ તે આવ્યો છે કે નહિ તે જાણુવા માગ્યુ અને તેને ત્યાં બોલાવ્યો.

તે નવલને બરાબર રીતે મળ્યો. અને બન્ને એકમેકના હરીફ છતાંતેની કશી લાગણી બતાવ્યા વગર મળ્યા. નાજુથી તે જાણી ચુક્યો હતો કે તેમનો ભેદ નસરવાન જાણતો હતો.

"ડૅાકટર ગાંધી, તમે મ્હારા કરતાં નસીબવાન અને હિમતવાલા નિકળ્યા છો. હું તમને મુબારકબાદી આપુછું. નાજુના નવાં સુખમાં તમે મદદગાર થયા માટે મને આભાર માનવા દો. કોઇ કોઇવાર હું એની પર કાગળ લખુ તો તમને કંઇ અડચણ છે? આવતા અઠવાડયામાં હું તો ઇંગ્લાન્ડ જાઉ છું. ને આ બધી વાત ભુલાઇ જશે। ત્યારે વરસ બે વરસે પાછો આવીશ તેટલાં સાહેબજી તે ડચકું અટકાવી બોલ્યો અને નાજુ તરફ ફર્યો.

"છેલ્લી સલામ નાજા, મારી વહાલી સુખી થજે ને નવાં સુખમાં જુનાં દોસ્તોને ભુલતી નાં" અને એમ કહી તેણીના માથાંપર બે ચુંબનો લઇ તે નસરવાન ને. શેકહેન્ડ કરી ને ઉતરી પડયો આ તેમની [illegible] મુલાકાત હતી. ભવિષ્યના બનાવની [illegible] તેમની ખબર હતી! બીજી સહવારે નસરવાન પોતાની ધણ્યાણી સાથે કલકત્તે જવા નીક[illegible]યો. બે વરસ તે વાતને ને થઇ ગયા હતાં. [illegible] જીવન વચ્ચે અઠવાડયાં ખાતી નાજુ ગાંધી ઉપર પંચકી પડી હતી. એક વરસ: તેણીએ અથાગ કોશેશ કરી પોતાના પ્યારને મારી નાખવાના ઉપાયો કીધા પણ સઘળું બ્યર્થ ગયું. જેમ જેમ તે ખ્યાલ તે કહાડી નાખતી તેશ તેમ વધુ ને વધુ નવલનો ખ્યાલ તે કરતી અને એ રીતે નસલી પણ જોઇ શકયો કે તેની પોતાની બી કોશેષ ફરી જતી હતી. વરસોનો ચાલુ ગામથી તે જોઇ શકયો કે ખહી જેવુ જીવ લેણ દર્દ તેણીને થયુ હતું અને તેમાં તે આસ્તે આસ્તે આજારી પડી. વળી તેની તબ્યતમાં તેણીએ એક બેટીનો જન્મ આપ્યો પણ તો બી પોતાની તબ્યતમાં કશો સુધારો થયલો તેણીએ જોયો નહિ. દિન પર દિન તે વધુ ને વધુ નબળી થતી હતી. નવલે પેહલાં કાગલો લખ્યાં પણ પછી તેને બંધ કીધાં અને ૭ મહિના થઇ ગયાં હતાં તોપણુ તે લોકને તેનીકશી ખબર મળી ન હતી.

ખુદાએ તેટલાં મ્હારી અર્જ સાંભળી. હું નસરવાન સાથ પરણી તેથી દરરોજનાં ત્હારા દુઃખના ફીકરા સાંભળવામાંથી છુટી પણ નવલથી છુટી પડી શકી નથી અને તે જુદાઇમાં હું મરૂછ. મારા સાચા પ્યારથી મેં તેવણને ચાહ્યા હતાં મારી જગ્યાં તેં લીધી પણ તમો બેઉ સુખી નહિ થયાં. આજે તેવણ દેશવટો ભોગવતા થયા છે તે સંતાપ હું ખમી શકિત નથી ખુદા અમોને ત્યાં મેલવશે ને સુખી થઇશું એ ઉમેદ છે. ખુલાસો કરવા થકી આ લખુંછ કે નવલ જો આવે તો તું તેવણને સારી રીતે હવે રાખજે ને તમો સુખી રેહજો. બચ્ચાઓને મ્હારી યાદ આપજે ને મારી ઘણી ઘણી દુવા નવલને કેહજે.

લી॰ તમારી દુવાગીર બેન નાજુ

દીના. તે કાગળ વાંચી ડુસ્કે ડુસ્કે રડી. ખરે ખરિ હવે તેની વર્તણુંકનો તેણીને ખ્યાલ થયો. જે બધી વાત તેણીએ લખી હતી તે તદન ખરી હતી. પોતે તે બ્હેનની કદર કદી પિછાણીજ નહતી. તેણીએ નસરવાનનાં ઘણાં મસલાવાલા કીધા કે તે બચ્ચાં તેણીને સોંપે. પણ તે નાથી દા પર આવ્યોજ નહિ.

નાજુના મરણને આઠ દિવસ થઇ ગયા હતા. નસરવાન હવે નવલ પર તેણીનું છેલ્લી સલામતનું કાગળ મોકલવાનો વિચાર કરતો હતો તેટલામાં એક દિવસ મેલમાંથી કાળી લીટીનું શોકનું કાગળ તેનાપર આવ્યું. આવાં દુઃખની છુપી બશારત તેને થઇ ચુકી હતી. અને તેને તે કાગળ વાંચવાની અગાઉજ ખાત્રી થઇ ચુકી હતી.

લન્ડનની ઑસ્પિટલનાં તે હાઉસ સરજ્યનું કાગળ હતું. નવલ ત્યાંની ઑસ્પિટલમાં ૧૭ મહીના વેર આજાગી પડયો હતો. તેને ખહી થયા હતો એવું તેનું મત હતું. તેઓ પર જુદા જુદા લખેલાં કાગળો તેણે બીડયાં હતાં અને પોતેબી તેનાં મહોત પર અફસોસ કરી દુઃખી થતાં જણાવ્યું કે એવા જવાનને એ ઉમરે મોત લાયક નહતું. પણ ખુદાની મરજી આગળ ગયણું નદ છે એવું લખી તે તેને દિલાસો દેતો હતો. મરતી વખતે નસરવાન અને નાજુને તેણે ઘણાં યાદ કીધા હતાં ને બધો સરસામાન તે લોક પરજ મોકળવા ફરમાવ્યું હતું તેમ બધું મોકલ્યુ હતું. તે કાગળ વાંચી નસરવાન બે ગમખ્વાર રડવા લાગ્યો. એક કરતાં બેઉ વ્હાલાઓ એક મેકની પુઠે ગયા હતાં. નાજુનાં છેલ્લા બોલો તેને યાદ આવ્યા. મરતી વેળા તેણીએ તે તે નજર સામે દીઠો હશે ત્યારેજ તે બોલી હતી કેની તે મ્હોટા દુઃખમાં નવેસરથી તેઓ દુઃખી થયાં. દીનાનો વિલાપ ભારી હતો. તેને મળ્યા વગર બહાર તે એકલો અટુલો મરણ પામ્યો. તેમાં તેણીનો વાંક હતો એમ તે રડી રડીને કહેતી.

નશરવાને પોતાની બાલકીનું નામ નવલની મરહુમ ધણીયાણી તેહમીનાની યાદમાં તેહમીના કરીનેજ આપ્યું. નાજુની તેવી મરજી હતી. તે બેઉ વ્હાલાંઓ એકમેક પર છેલ્લી સલામમાં લખેલાં કાગળો દયાજનક હતાં. જે વાંચતાં નશરવાન દિલગીરીથી ખુબ રડયો. તેઓનો પ્યાર ખરે ખરો હતો એમ તેઓ બનેલા બનાવથી જોઇ શકયાં. ઘણું દુઃખ તો નવલને નાજુના પરણવાથી લાગ્યું જે વિસરાવવાજ તેણે દેશવટો લીધો હતો. અને ત્યાંજ જવાનીમાં મરણ પામ્યો.

પાંચ વરસના લાંબા ગાળા પછી ફરી એક વાર નશરવાન મુંબઇ પોતાના સાસુને ત્યાં રહેવા ગયો છે. પીરોજબાઇ [illegible]ના સાથ તેનું ગોઠવવાની હતી. અને દીના[illegible] પણ તેવીજ હતી. નવલ પોતાની દોલ[illegible]થી મોટો ભાગ નાજુને આપી ગયો હતો. [illegible] પોતાના નમાયા છોકરાંની તેણીનેજ સોંપ[illegible] દીનાને એ ફટકો જબુન થઇ પડયો. અસ[illegible]વી [illegible] અને મીજાજી તે હવે રહી નથી. ઉપરા સ[illegible] પડેલા દુઃખથી તે સુધરી હતી. અને નશર[illegible] પહેલેથીજ મરજી હતી કે દીના સાથેજ પ[illegible] તે મુજબ તેણીને પરણવા તે કબુલ થયો બધાં છોકરાંને લઇ તે કલકત્તે પાછો જવા કહ્યો હતો. વીરા ને કેકી તો તેની આગળ હ[illegible] પણ દીનાનાં કણેક છોકરાંનો ઉમેરો થયો.

નાજુ અને નવલની યાદ તેઓ [illegible] ને પગલે કરેછે. ને દુઃખી થયછે. તો પણ તે હવે સુખી છે. નાજુ કરતાં બી. વધારે પ્યારથી દીના તેને સુખ આપેછે. અને નાજુની દુવા મુજબ તે સુખીજ થયો છે. ખુદાએ એજ ગમખ્વારી રેસ્તો મોકલી તેઓના દુઃખને રાહત આપવાને ઇલાજમાંજ નશરવાનને મોકલ્યો હતો એમ પીરોજબાઈ વારંવાર બોલે છે. અને પોતાના દે જમાઇના સદગુણ અને લાયકાતને વખાણે દીકરા મિસાલ પ્યાર કરેછે. જોકે નાજુના અંકાળ મરણથી તેવણે ઘણો ગમ કીધો હતો.

— પરણેતર અને તેણીનો પ્રેમ —

——ooo◯ooo——

લખનાર—મીસ માણેક ડોટીવાલા.

આ પૃથ્વી ઉપર પ્રેમ ઘણી જુદી જુદી રીતે હસ્તી ધરાવેછ એક બીલોરની માફક સ્વચ્છ ઝલકતો દર જુદે ઠેકણે તફાવત ધરાવતો છતાં તેનાં ઉંડાણને સર્વોપરીપણામાં સદા તે એકજ સરખો વહેતો હોય છે. એક પરણેતર કે બેટીનો પ્યાર આપણે જોઇએ છીએ કે એક માતાના પ્યારથી કેવળ જુદોને અલગ હોય છે છતાં તેના ઉંડાણને ભકતી ભાવમા તે તેટલોજ જોરાવર ને ખાવલેમ હોય છે, એક ભલા માવીતરના પ્યાર કરતાં કાંઇ એક વફાદાર પત્નીના પ્રેમમા ઓછી [illegible]ઓછો ભકતી ભાવ રહે તો નથી. [illegible] બનાવોમા જોયુ છે કે કેવી રી[illegible]ઝુલમગારોના ખંજરથી પોતાના પ્યારા [illegible]ના જાન બચાવવા તેમની માતાઓ [illegible]તે ખંજરની વચ્ચે ઝીનલાવ્યુ છે [illegible] ત્યારે જ કીસમે પોતાના પ્યારા ભરથારના [illegible]ના બદલામાં પોતાનુ ખુન આપનાર વફાદાર [illegible]ઓ બી કયાં ઓછા પુરવાર થયલી આપણે [illegible]ણી છે? અગર એક નારવા ફરજ દને તેના [illegible]મે તેવી નાફરમાની છતાં તેમની માતાઓએ [illegible]ંદગીના છેડા સુધી તેમને જોવાને, તેવા અના[illegible]ર્ય પ્યારે ચાહેલા આપણે વાંચ્યા છે તો તેજ [illegible]જબ આપણુ યાદ કરશુ કે એવી વફાદાર નારેબી આ ભુવન ઉપર વસી ગઇ છે કે જેઓ પોતાના ખુરા ભરથારના ગુસ્સા, બેવફાઇ અને ઘાતકી પણા છતા ઓરત તરીકેની તેમની પાક ફરજ ને નેક વફાઇમા કદીબી પાછળ પડી હતી નહિ. ખરેખર!! તે એક પરણેતરનોજ પાક પ્યાર છે કે જે સૌથી પહેલો છે અને જેમાંથી સર્વના ઝરણો માફક બાકીના બધા પ્યારો વહેતા રહે છેઃ એક ભલી પરણેતર તે એક મર્દને માટે ખુદા તરફની સૌથી સરસમાં સરસ અને સૌટની બક્ષેસ છે. તેણીનો અવાજ, તે મર્દની જીંદગીનુ મધુર ગાયન છે. તેણીનું મધુર હસવું તેના સુખની રોશની, તેણીની પવિત્ર ચુમી તેના અંતઃકરણની હોડીને સલામત દોરવનારનાર ખુદા તેણીના મધુર હોઠો તેના સાચા સલાહકાર, તેણી[illegible] [illegible]ગર તેને આફતમા સધ્યારો આપનાર એક સાચો દોસ્ત, અને છેવટે તેણીની પાક પ્રાર્થના તેના આત્માને બેહેસ્તની શાંતિ બતાવનાર પવીત્ર આશીરવાદો છે. મરદનુ ઘર અને તેનો સંસાર એક પરણેતર વીના તદન નકામો ને સુનકાર છે. તેણી વગર તેની જીંદગીની મોટી ઉમીદો સદા અધુરીજ હોય છે વળી તે એક પરણેતરજ હોય છે કે જે મરદની ગમે તેવી ઘાયલ થયલી મગરૂરી રૂઝ લાવી તેની ઉંચી ડાનશીશોમા સદા તેને ઉતેજન આપતી રહેછે. જ્યારે દુન્યા તેને બેવફા થાય છે મિત્રો તજી જાય છે ત્યારેબી એક ભલી નાર તો તેના ગમે તેવા દીનાયલા હાલ છતાં મજબુતીથી તેની બાજુમા તેનો બચાવ કરવા સદા તૈયાર ને ખડીજ રહે છે. એ માટે એક ઇગ્રેજ વીદવાને કહ્યુ છે કે એક મહાસાગરનું ઉંડાણબી તે સુખના જેટલુ ઉંડુ નથી કે જે સુખ એક ભલી પરણેતરથી આશીરવાદ પામેલા ભરથારના દીલમાં હસ્તી ધરાવે છે તેમ છતાં એક મર્દ પોતાના ગમે તેવા ઉંચાં વીચારો કે વખાણથી બી કદી એક પરણેતર તરફનું કરજ અદા કરી શકતો નથી સબબ તેણી તારીફને લાય[illegible] શબ્દોના કદીબી વર્ણવી શકાવાતી નથી. સર સેમ્યુલ રોમીલો જેવાની પોતાની પરણેતર તરફ !! શીકાગીરીને વખાણ્યુ મારાં ઘણાક વાંચક વર્ગને જાણીતી

હશે તે કહે છે કે—" મારા લગન પછીના પંદર આખાં વરસો મે એક સ્ત્રીની શીહાગીરી કાબેલ-યત અને તેણીની માયાના અભ્યાસમા કાઢયાં હતાં જે વખત મારી જીંદગીનો સૌથી સુખી હતો અને જે સ્ત્રી મારી પોતાની નેક પરણેતર હતી. પણ અફસોસ! ઘણુજ થોડા વખ-તમા તેણી પોતાના ભરથારને આવા પ્યાર વચ્ચે મેલીને મરણ પામીને ત્યારે તે જાલીમ મોતનો ફટકો તે દુખી ભરથાર માટે એટલો જબરદસ્તને અસહ્ય થઇ પડયો કે તે દુખના બાયસથી દીવાનો જેવો બની આયંદા તેણી-ના મરણ પછી માત્ર ત્રણજ દીવસે[illegible] તેણે આપઘાત કરી પોતાનુ' મરણ આણ્યું.

વળી ખાસ કરી જ્યાં સ્ત્રી અને ભરથાર એકજ સરખા આચાર વીચાર અને વળણના હોય છે ત્યાં તો પરણી જીંદગી બેહેસ્ત સમાન પુરવાર થવાની દરેકે દરેક વકી રહે છે.

પણ જેમ દરેકમાં હોય છે તેમ એક પરણી જીંદગીમાંની દયાનો ગુણ અતી અગતનો છે. અવ્વલ તો પતી અને પત્નીએ એકમેકને બરોબર ઓળખવા ને સમજવાં જોઇએ. એકમે ક ઉપર વિશ્વાસ મુકતાં શીખવું જોઇએ. તેમ ના સ્વાર્થ અને લાભ હમેશાં અરસપરસના ને એક સરખાજ હોવા જોઇએ. લેડી નીથસડેલ નામની એક બાહદુર બાનુ અને તેના ઉમરાવ ભરથાર વચ્ચે એવોજ ખાલેશ પ્યારને વિશ્વાસ હસ્તી ધરાવતો હતો. તેણીના ધણીને એક બલ વાખોર તરીકે જયારે કેદ પકડી ફાંસીને ચઢાવ-વાનો હુકમ થયો ત્યારે તેણીએ સોગંદ લીધા કે ગમે તેવા સંજોગો વચ્ચેની એક પરણેતર તરીકે તેણીએ તે વાહલા ખાવંદનો જાન બચા વવો અને નહી તો તેની સાથે એકજ માંચડે ફાંસીએ ચઢી જીવ આપવો અને તેમજ તેણીએ તેને બચાવ્યો. એક સીપાહના છુપા લેબાસમાં તેણી તેના કેદખાના નજદીક જઇ લાગી અને અદભુત યુકતીએ કામે લગાડી તેને છુપો નહસાડી પોતે પણ તેના જોડે પોતાના દેશથી સદાને માટે નીકળી ગઇ. જોકે આવા સાહસીક સંજોગો કાંઇ દરેકજ સ્ત્રીને માટે રહેતા નથી પણ એથી ઉત-રતાં સંસારીક સંજોગોમાં પણ એક સ્ત્રી–એક સાચી પરણેતર–પતી તરફની પોતાની ફરજંને પ્યારમાં કદીબી પાછળ પડનાર નથી.

બદીખાનાનું એકલુજ દુખ કાંઇ મરદને માટે હોતું કે રહેતુ નથી. પણ તન ,અને મગ-જની બીજા એવી ઘણીક મુશકેલીઓમાં તેની જીંદગી ગુંચવાયલી રહે છે કે જેમાંથી એક સાચી પરણેતરનો દીલસોજ દીલાસોજ માત્ર તેને શાંત્તિ આપી મુકત કરી શકેછે. એવી ઘણીક પળો એક મર્દની જીંદગીમાં અનેકવાર આવી પડે છે કે જે વખતે પોતાના મનને આરામ આપવા અને પોતા ના શીહા ભવિષ્યના ભયભીત વિચારોમાં રોશ નીનું એકાદ ઝાંખુ કિરણ જોવાની ઉમીદમાં તે કોઇ લાયક ચીજની શોધમાં પોતાનુ' દિલ આમ તેમ દોડાવેછે. ને ત્યારે તે [illegible] સર્વો તેમ પ્રેમનો દીલાસો એક મીઠી પરણે[illegible] માયાળુ જીગરમાંજ તે મેળવી શકે છે.

વળી એક પરણેતર એક મર્દની [illegible]થી નજદીકની અને સૌથી વાહાલી [illegible] છે અને તેથી જીગર સાથ મગજની લાયકાત માંગી તેણીના ભરથારની બરોબરીમાં તેને જ[illegible] વાબ કરતીજ હોવી જોઇએ. એક મર્દ જીંદગીમ પોતાની મોહોરદાર તરફથી કોઇ ચીજની ઉમી કરશે? શું કરકસરથી તેના ઘરનો સંસાર નભાવ તેના સગવડો સાચવે એજ તેની ઇચ્છા છે એમ ઘણાકો ધારેછ!! પણ ના ખરેખર તે તેમ નથી. તેણીની મગજની ચંચળાઇ કાબેલ યતપણું દુરઅંદેશી સાથ પ્યાર છે કે જે જે એક પરણેતરનિ લાયકાત આપવાને લાયક ઈ ને એજ તે ચીજો છે કે જેને માટે એક ભરથા ખરાં દીલની ઉમીદ કરશે' જયારે બાહેરન દુન્યાથી થાકેલો પોતાની ગમે તેવી જાહોજલ લી કે જાહેરાતથી ભી કંટાળેલો તે પાછો ફરેછ ત્યારે કુદરતીજ તે પોતાના શાંત્ત વાહલાં મકાન તરફ નજર કરેછે કે જે ઘરમા એક ભલી

મોહોરદારનો વાસો હોય છે એટલુજ નહિ પણ જે તેની મુશકેલીઓ સમજી તેનુ નીવારણ કરવાની લાયકાત ધરાવેચ હવે એ ઉપરથી કાઇ એમ ઠરતુ નથી કે તેણીને પોતાના ખાવદની બરોબરીમાજ મગજ શક્તિ ખીલવીને જ્ઞાની બનવાની જરૂર છે અથવા તો કાંઇ એમ નથી એક કવીની પરણેતરે કવીજ થવુ વા દેશ હીતકરારીનીજ સ્ત્રીએ દેશહીતકરારી બની લડવુને બહાર પડવુ ના, એવુ કશુજ નથી ફકત પોતાના ભરથારની કીર્તિને વખાણી તેમા મગરૂરી લઇ શકે એવી તેણી હોવી જોઇએ, તેના ભના કામોની સ્થિતિ કરી તે સમજી શકે એવી થવી જોઇએ, અને તેની ફતેહવા મગરૂરી સાથ ભાગ લઇ તેમા તેને ઉતેજન આપવા જેટલી લાયકાત તેણીએ ધરાવી જોઇએ

એક સાવી પરણેતર તેણીના ભરથારની જાણતા [illegible] એક શીરેરતાની માફક તેની પાસે [illegible] રહે છે જોકે દેખવતી તે એક [illegible] અમલ નાજુક સ્ત્રી છે છતા [illegible] તેણીની ધણીની મુશ્કેલીમા તે [illegible] જેવી હદે હીમતવાને બાહદુર બની [illegible] એવી બાહદર ભકતી ભાવનો એક દાખલો એક ફ્રેન્ચ ઉમરાવ જાદી આપણને મળી આવે છે ચૈદ વરસની કુમળી વયે તે ફ્રેન્ચ બાનુ પ્યારમા પડી અને સોળ વ સની નાની વયે તો તે લગ્નના ગાંઠથી જોડાઇને એક પણ થઇ હતી તેણીનો ધણી લેફેર એક ઘણોજ જાહેરાત પામેલો માણુસ હતો અને જો કે પોતાની મોહોરદારને તે ખરા દીલથી ચાહતો હતો છતા કીર્તિને સ્વતંત્રપણુ તેને વધુ વાહલુ હતુ તેની સાથે પરણ્યા પછી મેડમ લેફેટે પોતાના બીજા બધા શોખ બદલી નાખ્યા અને તેને ખાતર તેના જેવીજ બાહદુર થવાનુ શીખીને જ્યારે અમેરીકામા સ્વરાજ્ય માટે સૌથી પહેલી લડાઇ જાગી સરે દેશ તરફથી લડવામા લેફેટ સૌથી પહેલો હતો. તે હેનવત્તી પરણેતરનો તે સૌથી પહેલો વીયોગ હતો છતા તે બળાક પરણેતરે પોતાના ભરથારની કીર્તિને લોભને ખાતર તે શાન્તિથી ખમ્યો.

તે પછી તે પાછો ફર્યો પણ તેનો ચગપટયો જીવ વળી બીજા કોઇ યુક્તિઓ ઘડવામા રોકાયો એ વામા બીજી લડાઇ જાગી અને તે પોતાની જવા I પરણેતરનો કાઇ પણ ખ્યાન કીધા વિના તેણીના ગમે તેવા કાના વાના છતા તેમા જોડાનો પણ આ વાર તેની જુદાઇ તેણીને અતી ઘણી દુખ દાયક થઇ પડી અને તેના પરીણામમા તે અચસુચ નહી ધારેની બીમાર પડી ગઇ તે એટલી હદે કે સ્નીમોએ તણી જીવવાની આશા વગીક છોડાી દીધી સૂભા ગે આ વેગ I તે લાથી પાછો ફરેલો હતો પણ તે સપુર્ણ સાજી થાય તે આગમજ તો ફ્રેન્ચ [illegible] ઉથલ પાથલ થઇ [illegible]ને જવાન લેફેટ ફરી એકવાર ફ્રેન્ચ રેવોલ્યુશન મા ઝીપલ્યુ જે કારકિર્દિએ તે પછી તેનુ નામ ફ્રેન્ચ ઇતિહાસમા અમર ક્યુ આ પછી તે તેમા [illegible] અત્તગ થઇ થેડો વખત તે [illegible]ઠો ફેંગ્યા તે ગાડી પ્રજાએ ઝનુનના આવેશમા તેને પીછો છોડયોજ નહિ અને લાર આયદા તેને નાસી જવાની ફરજ પડી પણ એમ કરતા કમનશીબે તે ઓસ્ટ્રીઅન્સોને હાથ પકડાઇ ગયો જેઓએ તેને 'ઓલમીટ્ઝ' ના કીલામા કેદ નાખ્યો આ વખતે તેની પરણેતરની ફ્રેન્ચોને હાથ કેદ પડેલી હતી અને થોડો વખત તો તેણી કાઇબી હીલચાલ કર્યા વિના ત્યાજ રહી પણ જ્યારે તેણીએ સાભળ્યુ કે તેણીના ભરથારનુ નામ એક દગાખોર તરીકે મોગ તુચ્છકારથી બોલવામા આવતુ એટલુજ નહી પણ ઘણાકો તો એક ગુનેહગાર તરીકે તેનુ નામ લેવાની પણ મનાઇ કરતા ત્યારે આવુ અપમાન એક પરણેતર તરીકે તેણી માખી શકી નહિ અને તેથા પોતે ત્યાથી છુટી થઇ 'ઓલમટ્ઝ' ના કીલામાથી પોતાના ભરથારને છોડવવાનુ તેણીએ બીડુ ઝડપ્યુ અવ્વલ તો તેણીને પોતાનો છુટકો કરવાનો હતો જે થોડાક મિત્રોની મદદ વડે તેણીએ અતી ઘણી મુશ્કેલી વચ્ચે કર્યો તે પછી પોતાના ધણીની દોલતની તેણીએ બરોબર બ્યવસ્થા કરી, તેનુ સઘળુ

નહી હોય કારણ કે એવી સ્ત્રીઓ આપદા અતી ઘણી બેવકુફ પુરવાર થાય છે. અગર તે ગ્નાની ન હોય તો ફીકર નહી પણ ગ્નાન લેવાની લાયકાત તેણીમા છે કે નહી તે ઉપર ધ્યાનથી તપાસ કરજે આટલી ચીજોની તપાસ પછી અગર તારૂં દિલ તુ તેને સ્વાધીન કરશે તો સત જાણજે કે આ દુન્યામાં સૌથી સરસમાં સરસ હાથોમાં તારૂં દીલ સચવાયલું છે. એવીજ સ્ત્રી તારી જીંદગીને બેહેસ્તના બાગમાં ફેરવી નાખશે કે જેમાંથી દુરને અળગ થઇ ખરેખરો બેહેસ્તમાં જવાની બી આર્જૂ તારા જીગરમાં રહેશે નહી એવી સ્ત્રીના ફરજંદોબી પોતાના ખુદ લોહીમાંજ ખુદ લોહીમાંજ તે ઉત્તમ ગુણો લઇને જનમશે અને પારણામાંથીજ તે માતા પેતાની હેન્ત્વતી બેટીને એક ખરેખરી પરણેતર થવાનુ શીખવશે. વળી ગમે તેવા સુખ કે મોજમાં બી સદા તું તારા અને તારા ગમે તેવા ઉમરાવ મુફલીસ ઘરનીજ આરજુ કરતો રહેશે અને તારા ગમે તેવા ઉમરાવ વીદવાન દોસ્તોથીબી કરતે અલગ થઇ માત્ર એક નાજુક સ્ત્રીના જીગરમાંજ આરામ મેલવવાની ઉમીદ કરતો રહેશે. તું દુન્યાની દરેક ચીજથી આયદા થાકશે પણ એક નેક પરણેતરનો પ્યાર ને માયા તને કદી બી કંટાળો ખવાડશે નહી."

જોકે કેટલીકવાર ઘણાએક મગરૂર માણસો એક પરણી જીંદગીના સુખની સામે ઘણાક સખત ટીકા કરે છે અને એક કુંવારી એકલવાઇ જીંદગીને તેઓ સઉથી સુખા તરીકે માની લઇ તેમજ રહેવાનો મજબુત ઠરાવ કરે છે. પણ આ તેમનો વીચાર ઘણા જલદીથી ફેરવાઇ જાય છે કેમજે આવી એકની એક એકલવાઇ જીંદગી જલદીજ તમને થાકવી નાખ છે. તેમનો એકલવાયો હાલ રફતે રફતે તેમને ત્રાસદાયક થઇ પડે છે. પ્યાર વીના તેની મુશ્કેલીઓ તેને અતી ઘણી વધારે ને દુખવાળી થઇ પડેછ. તેણીની મીઠી હાજરી વીના તેનું ઘર પછી ગમેતે તે એક મ્હેલ બી હોય તો પણ તે એક ઘોર જેવો શાંત ને શીહા લાગેછે.

એક સુખી લગનનો દરવાજોજ, એક મરદને તે નવી દુન્યામાં પ્રવેશ કરે છે, કે જ્યાં ખરી ખુશાળી, ખરૂં સુખ અને જીંદગીની ખરી ખુશાળી અને જીંદગીની ખરી નેક દસ્તી ધરાવે છે જોકે એ ખરૂં છે કે એમ કરતાં તે પોતાના છુટાપણાનો થોડોક હીસ્સો ખોઇ દે છે પણ તે તો ઓરબી તેના ભલામાંજ થાય છે કેમજે આવો એક પવીત્ર ગાંઠ તેના છુટાપણા ઉપર અંકોશ રાખનારો ન હોય તો તે છૂટાપણું આપદા તેને ખરાબીનેજ માર્ગે ઉતારે છે. તેની નવી જીંદગીમાં કદાચને થોડી ઘણી મુસ્કેલીઓ ને દુખો તેને માટે સૂન્દત હોય પણ તે તો તેના સુધારા ને વધારા ને માટે ઓરબી લાભકારકજ થઇ પડેછ. એક પરણી જીંદગી મબાદા કાંટા ને આફતથી ભરેલી હશે પણ સેવટે તો તે સદા ફુલફુપજ પુરવાર થવાની સબબકે તે કાંટાની ગીચી ઝાડીઓમાં પણ તેમને ખુશનુંદ કરવા એક સુગંધી ગુલાબ સમાયલો છે કે જે એક ભલી નેક ને ગુણવંતી પરણેતરજ છે.

વળી એક ભલી, નાર પોતાના ભરથારના થોડા સદગુણોને બી વધારી તેને બેવડા બનાવવા તે વખાણ અપાવા હંમેશ ઘણી આતુર હોય છે. [illegible] અંજબ જેવું તો એ છે કે તેના ગમે તેવા વાંકો છતાં તેને દાબી તેના. દુર્ગુણોને સદગુણના સાહપામાં બહાર પાડવાની તે હંમેશા તજવીજ કરે છે અને તેનું [illegible] એજ [illegible] જે ભરથારને પુર વીશ્વાસમાં તે [illegible] અંતકરણ સપુર્દ કરે છે તે ખાવીંદ [illegible] અગણીત ભુલોથી ભરેલો છે એમ [illegible] તો તે જાણે માનીબી શકતી નથી છતાં [illegible] તે દુખદાયક ખરાપણાની તેણીની ચોકકસ [illegible]રી થાય છે ત્યારે પણ એક સ્ત્રી તરીકે તેણીની નમ્રતા અને ભકિતભાવ તેના પાપોને જાહેરાત આપવાથી સદા કમકમીને દુરજ રહે છે. તે એટલીજ હદે કે તેના તેજ દુર્ગુણોને મેં કહ્યુ તેમ સદગુણના સાલ્લામાં વીંટાળીનેજ ઓરબી તે બહાર પાડે છે.

આહ! પરણેતર તારો પ્યાર ખુદાઇ છે!! તારી શાકત અદભુત છે તુંજ મર્દની જીંદગીને રોશની આપનાર સીતારો છે. તે જીંદગીના દુખના વાદળાંઓને દુર કરનાર તુંજ રોશન માહાતાબ છે.

વીઓગ, ગમે તેવાં વાહલાં ફરજંદોને તેમના માત પીતા સામે બેદરકાર બનવાનું શીખવશે, બ્હેનોના ગમે તેવા જોરાવર પ્યારને વખત ઠંડો બનાવતો જશે. ગમે તેવી મધુર મિત્રતાને ઠગાઇ, સદાને માટેની જુદાઇમાં ફેરવી શકશે પરંતુ, એક સાચી ભલી પરણેતરનો પ્યાર તો સદા વધાઇ કે બેવફાઇમાં, કિંતી કે નામોશીમાં અને સુખ કે દુખમાં, એકજ સરખો જોરાવર અને વહેતો રહેશે.



ગુલશન માટે ખાસ— **નવાબનો કીનો!** લખનાર-મિસ શીરીન.

"તમો બેઉ છોકરીઓને સાથે લઇ જવાનો મારો જરાક વિચાર નથી." નવાબ રૂસનમ જંગે પોતાની બેટીઓને કહ્યું.

"કાંય, કાંય, પપા ડીયર, સાથે આવવામાં શું કાંઇ ધારતી છે ?" ન્હાની બેટી જરાએ સવાલ કીધો.

"નહી, મારી લાડકી, ધારતી જેવું કાંઇજ નહી, પણ મારા વિચાર મુજબ વાઘનો શીકાર એ છોકરીઓ માટે રમત નથી."

"સાહેબ, લેડીઓને સાથે આવવા દેવ. હમે સાથે [illegible] ની સંભાળ લઇશું" નાનેક [illegible] નામના એક ઓળખીના જવાનતે કહ્યું [illegible] જરતરફ ફરી વધાર્યું, "મારી સાથે [illegible] મિસ જર, અને મહેરબાની કરી એ [illegible] જશો નહી."

આ બોલવુ તે છોકરીને પસંદ નહી હોય તેમ તેણીએ સહેજ બેદરકારીથી ડોકુ ફેરતી તેની તરફ તુચ્છકાર ભરી નજર ફેકી.

"થેન્કસ, પણ હું તમને મારો ચાર્જ સોંપવા માંગતી નથી." તેણીએ મક્કમ સ્હાદે કહ્યું. "હું પપા સાથે નહી તો ફિરોઝ સાથે રહેવશ."

ઉપલું જો કે તેણી ધીમે સ્હાદે બોલી હતી, તોપણ ફીરોજ વાડયા તેણીનો તે પીતાઇ તેણીની પાછળજ ઉભેલો હોવાથી તેના સાંભળવામાં આવ્યું.

"ઓ, ત્યારે તો હું ઘણોજ ખુશી થવશ, જર," તેણે નજદીક આવતાં કહ્યુ, જે સાંભળી તેણી સરમથી લાલ થઇ ગઇ, જે નવાબનાં જોવામાં આવ્યાથી તે મોઢથી હસ્યો.

બીજે દીને સહવારે જલદીથી એક દેશી નોકરે આવી તેઓને ખબર આપી કે તેઓના ઘેરથી થોડેક દુર નદીની બાજુએએ આવેલી ઝાડીમાં એક મોટો વાઘ છુપાયલો હતો. તેણે ખાતરીથી જણાવ્યું કે તે વાઘને તેને પોતાની નજરે જોયો હતો, અને તે ગંજાવર કદનો હતો.

"નદી નજદીક ?" નવાબે પુછયું "તે તો ત્યારે નવાબ નાસીરજંગની જાગીરો પર"

"તેનુ કાંઇ નહિ, સાહેબ" તે દેશી બોનોકરે કહ્યું "ઉપરાંત આપ સાહેબની હાજરીથી નવાબ પોતાને મોટું માન મળેલું સમજશે."

"આપણી સાથે મુસાફરીમાં આવવા માટે મારે તેવણને પુછવું હતું. અને મને યાદ છે કે આપણે તેણે ઘણા વખતનો જોયો પણ નથી" નવાબે વિચાર કરતાં કહ્યું.

"એવણ ઘણા વખતના ક્યેઇ જતાજ નથી, પણ કોણ જાણે શા કારણસર મ્હેલમાંજ ભરાઇ રહે છે" તે નોકરે જણાવ્યું.

જરના મ્હોપર નોકરનું ઉપલુ બોલવુ સાંભળી રતાશ આઇ આવ્યો, જે છુપાવવાના ઇરાદાથી તેણી થોડેક દુર ખસી જઇ બુટની લેસ બાંધવા રોકાઇ.

પાંચ મીનીટ પછી તે ન્હાની પારટીએ 'ગુલબરગા જંગલ' તરફનો રસ્તો લીધો. મુસાફરી દરમ્યાન ફીરોઝ જર સાથેજ ચાલતો હતો, અને હસી હસી વાતો કરી અવારનવાર માનેક તરફ ફતેહની નજરે જોતો હતો. જ્યારે ગરીબ બાપડો માનેક નવાબની પરણેલી બેટી ગુલાં સાથે વાત કરતો ચાલતો હતો, પણ તેનું સઘળું ધ્યાન જર તરફ હતું.

જંગલમાં થોડેક દુર જવા પછી નવાબે એકદમ થોભી તે દેશી ભોમ્યા તરફ ફર્યો.

"અબદુલ, શું હજી તે જગ્યા આવવાની છે ? આટલે દુર વેર તો આપણે આવ્યા !"

તે નોકરે થોડાંક ડગલાં આગળ ચાલી મોટે-થી બુમ પાડી કે, " હા, આપણે અહીંયાં છૈયે," તે નોકરની એવી અજબ જેવી વર્તણૂક માટે નવાબ તેને કાંઇ પણ પુછે તે અગાઉ તો ઝાડી માંથી વીસ અથવા ત્રીસ હથીઆરબંધ દેશીઓ બહાર નિકળી આવ્યા અને તે ટોળીની આસપાસ ફરી વળ્યા.

"તમે કોણ છેવો ?" નવાબે કરડા સાદે પુછ્યું. "અબદુલ એની મતલબ શું ?"

પણ કોઇએ જવાબ આપ્યો નહીં તે દેશી ઓએ તે ત્રણે શખ્સોને નીચે જમીનપર નાખી દોરડાંએ મજબુત સીકડયા કે જ્યારે થોડાકોએ જર અને તેણીની બ્હેનને પકડી રાખી. તેજ ઘડીએ એક લાંબો પાતળો ગોરા ચેહરાનો યુરોપી યન ડ્રેસમાં અજ થયલો એક ગ્રહસ્થ પોતાના ટુંકા કોટનાં ગજવામાં બન્ને હાથો ખોસી હસતો હસતો માથુ ધુણાવતો સામે આવી ઉભો તે આવનારને જોઇ નવાબ ખુશ થયલો જણાયો કે જ્યારે જરે તેણે જોતાંની સાથેજ એક ધીમી ચીસ પાડી.

" હલ્લો નવાબ નાસીર તમે અહીં ?" નવાબ રૂસતમ જંગે ખુશ થતાં પુછ્યું. વેલ હું આસા રાખુછ કે તમે હમને આય ગુચવાડા માંથી છોડવશો." "હા અને જરા ઉતાવળ કરજો હ' નાસીરજંગ!" માનેક ઉમેર્યું "આય દોરડાંનાં ગાંઠ ઘણા મજબુત હોવાથી દુખ થાય છે."

" હા ! હા ! હા ! તમે શું એમ ધારોછ કે આય માણુસો મારા હોકમને તાબે થશે ?" ખડ ખડ હસતાં શુદ્ધ ગુજરાતી ભાષામાં નવાબ ના સીરે પુછ્યું.

" અલબતાં ! માર ખુદા એની મતલબ શી ? શું તમે એમ કહેવા માંગોછ કે હમારીજ માફક તમે બી આ જ ગલીઓના કેદી છેવ ?" નવાબરૂ સતમે અજાયબીથી પુછ્યું.

" ઓ નો ! જરાકબી નહી. તમે સઘળું જાણો છ તો ખરા ?"

" એટલે ? હું તો કાંઇજ જાણતો નથી "

" તમે જાણતા નથી તો તમારાં આ બેટીને પુછો " તેણે જર તરફ ધિક્કારની નજરે જોઇ કહ્યું.

" યુ નીગર, એ બધો શું ઘોટાળો છે તે તુંજ અંતર ઘડી કહે " નવાબ રૂસતમ જંગનો પીત્તો ઉછળી આવ્યાથી પૂકાર્યો.

" વેલ ત્યારે સમજો. તમારાં આય બેટીએ મને નુકસાન કીધું, અને હું તે કલાસનો આ સામી નથી, કે જે તુરત ભુલી જાઊં.'

જરનો ચ્હેરો એકદમ ફીકકો પડી ગયો. અને પોતાની વડી બહેન ગુલાં તરફ જોયું. જેણી તુરતજ તેણીનાં બચાવમાં નીકળી.

" ડાર્લીંગ, ડાર્લીંગ, એમના જેપપા એમાં એનો કાંઇજ વાંક નથી, [illegible] પણ તેજ વખતે કહ્યું હતું. એ તો એ [illegible] હતી. જરનો વિચાર ફકત નવાબ સાથે દો[illegible] રાખવાનો હતો, પણ એવણ પારસીઓની છોડી[illegible]ની રીત ભાત જાણતાં નહી હોવાથી ભુલ [illegible] એવણને એમ કરવાનું કાંઇજ કારણ આ નથી."

" ચુપ, ગુલાં દીકરી, તારે વધુ કાંઇ બોલવું નહી. " નવાબ રૂસતમજંગે મોટેથી " હું મારી ન્હાની લાડકીને સારી રીતે ળખુછ."

"બ્હેન ગુલ, તમારે જરનો બચાવ ક. કાંઇજ જરૂર નથી. " તેણીના પીત્રાઇએ જ્યારે માનેક એક શબ્દ પણ બોલ્યો નહી.

" વાહ શું સરસ દેખાવ છે' નવાબ નાસ દગાથી હસતા કહ્યું. " ચાલો હવે મિસ આપણે કામ આગળ ચલાવ્યે. "

" તમે શું માગોછ ?" તેણી ગ[illegible] પુછ્યું.

"કિનો, મારા લેડી, હું કિનો લે[illegible]વર

" કિનો ? માઇ ગૉડ ! " તેણી[illegible] પુકારી, પણ પછી તુરત હિમ્મત

"ઠીક છે, નવાબ નાસીર, તમે કિનો લેવા માગોછ તો બેલ શકે લેવ પણ તે એકજ સરતે "

"તે શુ ?"

"તમે ધારોછ તેમ જો તેમને અપમાનજ કીધું હોય તો મને મારી નાખો, અને આપ બીજા ઓને જવા દેવ."

"આ હા હા નહી. નહી મિસ રૂસતમ-જંગ બહાદુર તમે મને બરાબર સમજ્યા નથી. તમને ગુચપાડામા નહી નાખતાં મને ખુલ્લે ખુલ્લુ બોલવા દેવો. સમજો, આપ બેઉ શહરથી તમારા ચાહનારા છેની ?'

એ સવાલથી તેણીના મ્હો પર લોહી ધાઇ આવ્યુ. તેણી હાથ પણ જવાબ આ[illegible]ર નીચુ જોતી ઉભી રહી. આખરે શીરીએ ચુપકી-દી તોડી "નવાબ[illegible] સવાલના જવાબમા હુ ના ક[illegible] કરતો નથી."

"[illegible] ત્યારે, મિમ તમે હુઝુર તમારા ભવિષ્યના [illegible] ખાવિંદને આ બન્ને જવાનોમા-થી [illegible] ધો નથિ, કેમ ખર કે ? ત્યારે આજે [illegible] પણ તે છેડો લાવ્યે." હવાં તેણે પોતાના [illegible]કરને કાંઈ ઇશારત કરવાથી બે નોકરો નવાબ [illegible]તમ જંગની સામે ભરેલી પીસ્ટોલ તાકી [illegible]મા આ જોઇ ગુલ એક તીણી ચીસ પાડી પણ [illegible]ણુ જ્યારે ઝનુનમા આવી જઇ જે નોકર તેણીનો હાથ પકડી રહયો હતો તેના હાથમાથી છુટાવી [illegible] જોરાભેર પોતાના પિતા નજદીક દોડી, [illegible] નવાબ નાસીરે એકજ કુદકા સમેત દોડિ તેણીને પકડી લીધી.

'સમજ છોકરી" તે કરડાકથી બોલ્યો. 'કાંઇ પણ ધુન કરીશ [illegible] ફક્ત એકજ બોલ મારા [illegible]હડાંમાથી હમણા જો નીકળે તો અમનડી [illegible] તેરો બાપ આપ જહાનથી કુચ કરી જાય પણ [illegible]થી એટલે બધો ઘાતકી થવા માગતો નથી ફક્ત [illegible] શરતે તુ તેની જીદગી બચાવી શકશે."

બી અને તે શરત શું છે ? અરે જલદી નોકરે આને દવઆવો તો."
પેરથી થો[illegible]

"ત્યારે સમજ. મારી શરત એજ છે કે આપ સામે ઉભેલા મારા બેઉ હરીફમાંના જે તે એકને તારા આશક દાખલ પસંદ કર, અને બીજાને જેને તું ના પસદ કરે તેને આ પી-સ્તોલથી શુટ કરી મારી નાખી !"

"ઓ, નહી, નહી, નવાબ નાસીર, એટલા ઘાતકી ના થાઓ. તમારિ શરત કઢગી છે. મારેથી તે કબુલ થાયજ નહિ. દયા કરો. તમને અપમાન કરનાર હુ છુ ઘ'તો મારી પર કિનો લેવો નાહક નિર્દોશનો શું કરવા જાન લેવો છો ? કિનાનો [illegible]ગ હું છુ તે તમે ભુલી કેમ [illegible] છો ?"

"દયા ? છોકરી તું મારી તરફથી દયાની આરજુ રાખીજ કેમ શકેછ ? એક વેળા મને અપમાન કરી તરછોડી કહાડનાર તુ જ કે કોઇ બીજુ ? મને હલકી અને ઉતરતી પંકિતનો ગણનાર તુ જ કે કોઇ બીજુ ? બોલ હવે મુગી કેમ થઈ ગઇ ? તેજ વખતે મે મારો કિનો લેવા-ના સોગંદ ખાધા હતા અને મારા તે કસમ નહી પાળુ તો "નવાબ નાસીર" એ બાપનો એમજ આજથી જાણજે એમ મે જણાવ્યું હતુ તે તને યાદ છે ?"

"પણ—પણ તમારા તે કિનામા હું મારો જીવ આપવા તૈયાર છેઉં નવાબ મને મારી નાખો મેં તમને પરણવા માટે ના કહ્યું હતું તો તેને બદલો હુ મારા તરફથી વાળી આપવા તૈયાર છુ પણ ફોકટમા નિર્દોષનું લોહી રેડશો નહિ. તમારી કઢગી શરત ફેરવો."

"કદી નહી. એક છોડીને એક હજાર વખત નહી તારા પિતાનું મોત અથવા તો આ શરત એ બેમાથી જે તે એક કબુલ કર."

"અરે, એમ બનેજ કેમ ? એકની ભુલને ખાતર બિજાના ભોગ લેવો એનો ઇનસાન નહી પણ હેવાનનું કામ છે." ત્યા તેણી તેની આગળ ગુઠણભંડયે પડી કાલાવાલા કરવા લાગી, "નવાબ નાસીર, ફરી, એકવાર હું તમને અરજ કરી કહુંછ કે તમારી એ શરત ફેરવો.

મારા વહાલા પિતાને અને બીજાઓને બચાવો. તમને કીધેલાં અપમાન માટે હું માફ માંગુ છું. વિચાર કરો નવાબ કે મારે ખાતર મારા પિતાનો ભોગ હું કેમ આપું. અરે, એમતો ગમે તેવી ભુંડામાં ભુંડી બેટી હોય તેબી એમ નહી નહી કરે. અને તેજ મુજબ નિર્દોશનો જીવ પણ કેમ લેવાય?"

"બસ કર, છોકરી તારૂં લેકચર હું વધારે સમજવા માંગતો નથી. જે તે એક રસ્તો કબુલ કરી દે, નહી તો અબઘડી—"

"ધારો કે હુ તમને પરણવા કબુલ થાઉં તો, તમે બધાને બચાવશો? તેમ જો હોય તો 'પિતા તરફની એક પુત્રી ફરજ' દાખલ હું તમને પરણવા તૈયાર છું. ભલે હું દુન્યામાં રૂશવા થાવું, ભલે લોક મને એક પરજાતીના શખ્સ સાથે પરણવા માટે હીણે, ધિક્કારે, પણ મારાં વહાલા બાપના જાનને ખાતર, એક વફાદાર બેટી તરીકેની મારી ફરજ બજાવવા હું તૈયાર છું. જે ઘડીએ તમે કહેશો તે ઘડીએ તમારી પરણેતર થવા—"

"અરે જર જરાં, એ તું શું બોલેછ? જરા વિચાર તો કર, દીકરી. મારી ઉઠહું તુંને હોકમ કરૂંછ કે એકદમ ઉઠ. એ મુજીનાં કહ્યાં મુજબ તારે કરવુંજ નહી. ભલે એ કાફર મારો જીવ લેય, પણ હું તને એની સાથે લગ્નનાં ગાંઠથી કદી જોડાવા દેનાર નથી. જરાં દીકરી, તું મારૂં સર્વથી ન્હાનું ફરજંદ હોવાથી મેં તુંને લાડ અને વહાલમાં ઉછારીછ તો હવે મને નાફરમાન થઇ ઘડપણમાં મને દુખી કરતી નાં. એ ચંડાળને મારો જીવ લેવા દે. તે હજાર દરજ્જે બહેતર છે, પણ તું એની સાથે—"

"નવાબ રૂસતમ, તું ભુલેછ. એવા અપ શબ્દો તું કોણુને ઓચરેછ? એક વખત તું મારો દોસ્ત હતો પણ હવે તું મારો દુસ્મન છે. તે દોસ્તીના વખતમાં મેં તારી બેટીનાં હાથની માંગણી કીધી હતી. કારણ તે વખતે હું તેણીને ચ્હાતોહતો, પણ હવે તે પ્યાર ધિક્કારમાં ફેરવાઇ ગયોછ મેં કિતો લેવાનો ઠરાવ કીધોછ અને તેમ હું કરવાનોજ. ખુલ્લું કરીને કહું તો હું તારી સાથે દગો રમ્યોછ. આજનું કાવત્રું મેં પોતેજ રચ્યુંછ. આય તારા નોકરને પૈસાની લાલચે હાથમાં લઇ મેં આ સંકટ રચ્યો હતો. બે રસ્તા તારી બેટી માટે ખુલ્લા છે. અને તે સિવાય બીજો કોઇજ નહીં."

"ત્યારે નવાબ નાસીર, તું હમારી સાથે દગો રમ્યોછની? દોસ્તીનાં રૂપમાં તું એક કાળો નાગ નીકળ્યોછ. ફીરસ્તાના રૂપમાં તુ એક શયતાન નીકળ્યો પણ યાદ રાખજે, ઓ અભિમાની, કે એક નિર્દોશને સતાવી તું કદી સુખી થાશી નહિ. [illegible] બદલો તે કિરતાર તને આપ્યા વિના રહેશે નહી. જેવી રીતે હમારી સાથે દગો રમી તારી સ્નેહ પર [illegible], તેમજ દગાનો ભોગ બની તું તારી મગરરીને [illegible] પસ્તાતો ખાકમાં તરફડયાં મારશે. ખુદા [illegible]. યાદ રાખજે કે "ખુદાની ગેબી લાકડી [illegible] અવાજ નથી." અરે. "દગો કોઇનો સગો નથી [illegible]?"

"બોશ, બોલ્ડ હંબગ. આઇ ડે[illegible] એ બીટ ફૅર સું. ચાલો મિસ તમે કયો રસ્તો પસંદ કરોછ?"

દુઃખ અને ધારતીથી ધ્રુજતી જર પોતાના પિતા તરફ અને પેલાં બન્ને જવાનો તરફ ટીકવા લાગી. શીરોઝ વાડયો જરનો પીત્રાઇ જે હમણાં સુધી તેણીને ચાહવાના ઢોંગ કરતો હતો, તે ધ્રુજતો થરથરતો તેણીને ઇશારત કરી પોતાને બચાવવા કાલાવાલા કરવા લાગ્યો પણ માનેક મેહરજીએ એક બહાદુર જવાનને છાજતી હિંમત બતાવી.

"મિસ જર, તમે ફીકર ના કરો. ગુંચવાઓછ શા માટે! તમારે માટે એક-સહેલ રસ્તો છે. તમે શીરોઝને ચાહોછ એટલે એજ તમારો ભાવી ધણી ખાવિંદ થશે એ તો નકકીજ છે. જ્યારે મુંજ ગરીબને તો તમે હીણોછ એટલે હું તમારો ગોલામ જેવો છેઉં, માટે નાહક ફીકરમંદ ન થતાં બનતાં નવાબ નાસીરનાં કહેવા મુજબ તમારો

મુબારક હાથે ગરીબને મરવનું માન આપશો. તમે જોકે મને ધિક્કારોછો તોપણ તમારે ખાતર મરવા હું તૈયાર છેઉં. ઓરબી તમારે માટે મરવા માટે હુ મને ભાગ્યશાળી સમજીશ. ચાલો, વેકી જાવો અને હું આંખ વીચીને બોલુ તેટલાં તમારૂ કામ પુરૂ કરો. "

" હા મિસ, ચાલો વેકો. લેવ આ પીસ્ટોલ અને આબાદ નેમ ટાંકજો. પણ જોવ," નવાબે પીસ્ટોલ આપવા માટે હાથ લંબાવતાં કહ્યું આ હથ્યાર તમારા હાથમાં આવ્યાથી મારા હરીફ તરફ ટાંકતાં કદાચ તમે મારી તરફજ ટાંકવા લલચાશો, પણ યાદ રાખજો કે તેમ જો કીધું તો મારાં માણસો તમારી પારટીના એકે એક મેમ્બરને મારી નાંખશે. ચાલો વખત [illegible]."

તેણી આના કાની કરી. ફરી [illegible] વાર તે ચડાળ ના [illegible] વાળા [illegible] ગી પણ તે એકનાબે થયા નહિ [illegible] તેણીએ દુઃખનુ એક ડચકુ ખાઈ પીસ્[illegible] હાથમાં લીધી, અને પછી " માનેક મને મ[illegible]જે, હું કમબખ્તને ખાતર ભોગ થઈ પડુ [illegible] બહાદુર જવાન, જાણજે કે મારા પિતાને બચાવ[illegible] ખાતરજ મને આ પગલૂ લેવુ પડેછે' એક વહાલા બાપ તરફની એક બેટીની ફરજ બજાવવા મને એ પાપી રસ્તો લેવો પડેછે ફરી એક વાર કહુંછે કે મારૂ આ ઘાતકી કામ માફ કરજે, અને પાક ખુદા પણ મને માફ કરો" એમ બોલી જેવી તેણી રિવાલ્વર ફોડવા જાયછે તેવામાં એક ગજાવર ધડાકો થયો, અને ઘુમસતું એક જબરૂં તોફાન થયું હોય તેમ ધુળનાં ગોટે ગોટા તેણી એ પોતાની આસપાસ ફરી વળેલા જોયાં થોડેક વારે તે ધુલારૂ નરમ પડતા જરે શું જોયું! જે ઝાડની તળે નવાબ નાસીર ઉભો હતો, તે ઝાડ જેમનું તેમ હતું, પણ નવાબ ત્યાં હતો નહી. તેજ જગ્યાએ એક ગંજાવર કદનો વાઘ આતશી ગોળા માફક ચમકતી આખો સાથે તેણીને ટીકતો ઉભો હતો તે વિકરાળ પ્રાણીએ તેણીને જોતાંજ હાડેહાડ ધ્રુજાવી નાખે એવી એક બરાડ પાડી અને તેણીના આંગ પર કુદકો મારવાની તૈયારીમાં હતો, તેવામાં,, આહા! એકજ પળા અને તે બહાદુર જવાન બાળા એ હિમત નહી હારતાં બહાદુરીથી રીવોલ્વર ઊંચકી એકેક પર બાર કીધા. કાનના બહેર ફાડી નાખે તેવી ચીસો સાથે તે ઝનુની પ્રાણી જમીનથી ઘણે ઊચે સુધી ઉછળ્યું, અને પછી ગુગળાતું અને તરફડયાં મારતું જમીન પર પડયું. તેજ ઘડીએ નવાબ રૂસતમની વડી બેટીએ એક વાજબી પગલું ભર્યું જે નોકરે તેણીને પકડી રાખી હતી, તે વાઘના દેખાવથી બીહી જઇ નહાસવા લાગ્યો કે તુરત તેણીએ પોતાના પિતા નજદીક દોડી જઇ તે[illegible] ગજવામાંથી એક મોટી છરી ખેંચી કહાડી તેની મદદથી સર્વને છુટા કીધા, અને પછી તેઓએ ભારે અજાયબી વચ્ચે શું જોયું! નવાબ નાસીર, તે અભિમાની મગરૂર શખ્સ, છુંદાઇ ગયલા માથાં સાથે લોહી લુહાણ મુવેલો ત્યા પડ્યો હતો, કે જ્યારે તેના નોકરો, જેઓપર તે અતી ઘણો મુસ્તાક હતો તેઓ તેને છોડી નહાસી ગયા હતા. કરણીનાં ફળ તે એ!

× * ×

"ગઇ કાલના બનાવની ફરી યાદ દેવાડવા માટે દલગીર છેઉ, મિસ, જર," બીજી સહવારે જ્યારે જરવરડા પર કાઇક વિચારમા બેઠી હતી તેટલાં માનેકે આવી તેણીને શેકહેન્ડ કરતાં કહ્યું. "પણ મને કહેવાની રજા છેકે તમે તમારા ભવિશ્યનાં ખાવિંદને નક્કી કિધો છો"

" હા. મેં મારા જીવિતનાં સાથી ને પસંદ કીધોછ, મિ માનેક' તમે શું સમજી શકતા નથી!" નીચી નજરે તેણી બોલી.

" હા. હુ સમજુંછ. અને ફીરોઝ વાડયા ને હું ખરેખરો ભાગ્યશાળી ગણુછ." એક હાય સાથે તે બોલ્યો,

" નહી. મિ. માનેક તમે ભુલોછો. ફીરોઝ વાડયા ભાગ્યશાળી નથી. મેં મારા વહાલા સાથી દાખલ તેને નહી પણ, પણ, એ હ, તમે શું સમજતા નથી. મારા માનેક?" અને ત્યાં તે સ્ત્રીએ પોતાનો ધ્રુજતો નાજુક હાથ તેના હાથમાં મુકયો અને પછી ડીઅર રીડર વધુની શું કાંઇ જરૂર છે!

આત્મ ભોગ.

મારા મનરૂપી તનમાં ભર્યો છે હર્ષ છે
વિદ્યુત લહેરી રસીલો.

ગાયનની કડી પુનઃ પુનઃ યુવકના કર્ણમાં અથડાવા લાગી રહીજ આ શિતળ પવનની ઠંડી લહેરીએ શાંત હૃદય કર્યું પ્રિય સ્વરથી વધું ઉત્કંઠીત બન્યું. હૃદયમાં વસેલી પ્રિયાને આશીર્વાદ આકર્ષાયું. પરિચિત સ્વર આ સંધ્યાએ વધુ મનોહર લાગ્યો અને ત્યાં ... લલચાયો આખરે ગયોજ.

સૂર્ય હમણાંજ અસ્ત થયો હતો શુક્લ પક્ષને લીધે આકાશમાં કેટલાક તારા સૂર્યના ઝાંખા કિરણોમાં ઝોકીયા કરી રહ્યા હતા અને સ્હેજ સ્હેજ ઝગઝગું દુર થવાની રાહ જોતા હોય એમ ઉત્કંઠીત જણાતા

આ સમયે તરલતા નિત્ય નિયમે ન્હાન કડા બાગમાં ફરતી ફરતી પાછલા ભાગ તરફ ગઇ. એકાન્ત સમયે પ્રેમી બાળાના વિદ્યુત ભય હૃદયમાંથી ઉપલી કડી વારંવાર ગવાતી હતી. વિદ્યુત ત્વરાથી પાસે આવી પહોંચ્યો. પ્રેમી હૃદયો ઐક્ય થયાં પ્રેમનાં આવેશમાં ઝાડને ઓથે સંતાઇ રહેલી ગૃહીણી કાન્તા ને યુવક વિસર્યો. તેનું પરિણામ ભયંકર આવ્યું મિષ્ટ વાર્તાલાપમાં ઘણો વખત વિત્યો હતો. ગૃહીણી કાન્તા ભોજન સમય થતાં પતિને શોધતી આવતી હતી. અને દુરથીજ પુત્રી તુલ્ય મુગ્ધ તરૂને પતિ સમીપ જોતાં સ્હેજ ઊંચા ઝાડની ઓથે ઉભી રહી હતી. તરલતા તેર વર્ષની સુકુમાર બાળા હતી. બાલ્યાવસ્થાથી માતાએ મૃત ઘડીએ બાળક પુત્રીને બ્હેન તુલ્ય સપત્નીનો આસરો લેવા ફરજ પાડી હતી. વિદ્યુત તેને બાલ્ય કાળમાં રમાડતો, ભણાવતો અને તેને રીઝવવામાંજ સૃષ્ટિની રમ્યતા માનતો હળવે હળવે આજ સ્નેહ તરૂની મુગ્ધાવસ્થામાં અણધાર્યો ઓચીંતો પ્રેમનાં રૂપમાં પલટાઇ ગયો. વિદ્યુત અને કાન્તા વયમાં સરખાંજ હતાં બાલ્યાવસ્થાથી વડીલની આજ્ઞા વડે, જોડાયલાં પ્રેમી દંપતિ સરળ પણે મોતાનો કાળ ગાળતાં પણ સ્નેહથી થતાં લગ્નનો અનુભવતો કાચોજ રહ્યો. પ્રેમની સાંકળી ગુંથતાં ઝીણી ગાંઠો આવતી તેને નિર્દોષ દંપતિ ઉકલી ન શક્યાં !

મધ્યરાત્રીનો સમય હતો. સર્વત્ર જગત નિદ્રા... ...હતું. ફક્ત કર્મનશીબ કાન્તાની સ્થિતિ ...સાંજના બનાવે વિલક્ષણ હતી. ઘડીમાં તે વાંચતી ...તે ...બબડતી અને ઘડીમાં તે નિદ્રાધિન ...તી હતી. આખરે કંઇક નિશ્ચય પર આવી ... તેમ ઉઠી, ખડીઓ પેન લીધાં અને પત્ર ...કર્યો પ્રિય વિદ્યુત,

પ્રેમામૃત મેળવવા પ્રભુ પાસે જાઉં છું કારણકે તેજ મેળવવા તારૂણી લતા ભાગ્યશાળી થઇ છે. આખરે મને તો નજ મળ્યું. સ્નેહથી વિટળાયલા આપ મને છોડશો નહિ; આમ ધારી આજ માર્ગે વિચરિશ. તરૂને હૃદય ગૃહમાં સ્થાન આપી સંસારને સ્વર્ગ બનાવશો, એવી કાન્તાની ઉરથી આશીષ છે. " ભગ્ન હૃદયે પત્ર બીડયો પતિની ગાઢ નિદ્રા વચ્ચે, પ્રેમ પુર્ણ હૃદયે, નિસ્તેજ હોઠે નિદ્રિત પતિને ગાઢ ચુંબન લીધું અને સ્વાપ ત્યાગી અબળા ધડકતે હૃદયે, અશ્રુપુર્ણ નેત્રે, ગંભીર પગલે ધૈર્યથી પતિગૃહ સદાને માટે છોડી ગઇ.

પુનર્જન્મમાં પ્રભુના અખંડધામમાં પ્રેમામૃત મેળવવા સ્વર્ગના ગુપ્ત માર્ગે અદશ્ય થઇ અહા ! તેણી ક્યાં ગઇ !

સૌ. સોવતા

⊸ પ્રિયતમ + ⊸

[ગુલશન માટે ખાસ] અનુવાદકઃ—રા. વ્રજવિહારી.

પ્રકરણ ૧ લું

પ્રિયતમા અને તરંગિણી વચ્ચે અપુર્વ પ્રેમ હતો. એક બીજી અરસપરસ ખાસ કરીને ઘણોજ પ્રેમ રાખતી તથા એક બીજીને હમેશા એક બીજીનાં દર્શન તથા વાતચીત કર્યા સિવાય ચાલતું ન્હોતું. આમ હોવા છતાં [illegible] સંબધ કાંઇક વિચિત્ર [illegible] બન્નેનો વ્યવહાર સખીભાવ [illegible] ન્હોતો, પરતુ પ્રણય [illegible] યોગ્ય હતો. તેમના અરસપરસના પત્રો [illegible] પત્રો હતા તથા ત્હેમનામાં માત અભિ[illegible], પ્રેમ, સોહાગ એ સિવાય બીજુ કંઇ [illegible]તું. જો તે બન્ને એકત્ર થતી તો કોઇ [illegible] સ્થળે જઇને બેસતી તથા જો ત્યાં બીજુ કોઇ જઇ પહોંચતુ તો બન્ને ચુપ થઇ જતી।

તરંગિણી ઘણો વખત પોતાના બન્ને હાથને પ્રિયતમાના ગળામાં નાખી પોતાનુ મ્હોં ત્હેના મ્હોં પાસે લેઇ જઇ પ્રશ્ન કરતી—"પ્રિયતમ! સત્ય કહે કે તું કોનાપર વિશેષ પ્યાર કરે છે? મ્હારા ઉપર કે ત્હારા પતિ ઉપર?"

"ત્હારા ઉપર." પ્રિયતમા તરફથી ઉત્તર મળતો.

એક દિવસે પ્રિયતમાએ પોતાની સખી તરંગિણીને એમ કહ્યું હતુ કે 'હું ત્હારા કરતા મ્હારા પતિ ઉપર વિશેષ પ્રેમ રાખું છુ' આ કારણથી તે દિવસે તરંગિણીએ કાંઇ પણ ખાધું પીધું નહોતુ. પ્રિયતમાને તે દિવસે, પોતાની સખીને મનાવતાં અતિશય કષ્ટ પડ્યુ હતુ આથી ફરીને પ્રિયતમાને તે સમયથીજ કષ્ટ ભરેલુ વર્તન ચલાવવુ પડતુ હતુ.

જે સમયે તરંગિણી સત્તર વર્ષની ઉમરની હતી તે સમયની આ વાત છે. તે પોતાના શરીર ઉપર હમેશાં એક સફેદ કાળી કિનારીની સાડી પહેરતી હતી ત્હેના હાથોમાં પણ બબ્બે સોનાની બંગડીઓ સિવાય અન્ય કાંઇ અલંકારો રહેતા નહિ, ને બિચારીના ભાગ્યમાં કંકુમનુ સૌભાગ્ય ન્હોતુ! પાઠક! તરંગિણી વિધવા હતી આઠ વર્ષની ઉમરે ત્હેનો વિવાહ થયો હતો અને નવ વર્ષની ઉમરે તે વિધવા થઇ હતી!

તરંગિણી જ્યારે પ્રથમ સાસરામાં આવી ત્યારે ત્યાં ફક્ત ત્હેની સાસુ અને વૃદ્ધ સાસરા જીવતાં હતા પ્રિયતમા તેમની પાડોસણ હતી.

પરંતુ તરંગિણીને પ્રથમ વખતે પ્રિયતમાના સખીય સ્નેહનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ ન્હોતુ, કારણ તે પણ પોતાને સાસરે ગઇ હતી પ્રિયતમા જ્યારે ફરીથી પોતાને ઘેર આવી ત્યારે ત્હેને દેખતા જ પોતાનુ હૃદય તેણે તેને સોંપી દીધું, સ્વ. કલાપીનું કથન સત્ય જ છે કે—

"ભલે પ્રીતી પહેલા પરિચય કદી લેશ નવ હો;
ભલે દૃષ્ટિ પ્રણય કરવાનો સમય હો"

વિધવા બાળીકાના હૃદયમાં જે કાંઇ પ્રેમ હતો તે સકળ તેણે પોતાની સખીને અર્પણ કરી દિધો તરંગિણી કોઇ કોઇ સમયે પ્રિયતમાને પ્રિય અગર તો કોઇ કોઇ સમયે "પ્રિયતમ" સંબોધન થી સંબોધતી કાગળ પત્ર વિગેરેમાં પણ એજ

+ બંગાળના સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રીપ્રભાતકુમાર બેરીસ્ટરની એક વાર્તાનો અનુવાદ.

સંબોધન વાપરતી. હંમેશાં સંધ્યા સમયે બન્ને સખીઓ એકત્ર થતી અને એક બીજી સાથે અરસપરસ વાત ચીત કર્યા કરતી હતી. આટલાથી પણ તરંગીની મનને સંતોષ થતો નહિ. તે પ્રિયતમાને અકેકેક પત્ર લખ્યા કરતી હતી.

તરંગિણી પોતાના સાસરામા હતી તથા પ્રિયતમા પોતાના પિતાના ગૃહમાં હતી આથી કરીને પ્રિયતમા કાંઇક વિશેષ સ્વતંત્ર હતી. તે જ્યારે તરગીણીને ત્યાં જવા ઇચ્છતી ત્યારે જઇ શકતી. તરંગીણી પ્રિયતમાને કોઇકજ સમયે જતી હતી કારણકે તેનો સસરો તેમજ સાસુ તેની કોઈ સ્થળે જવા દેવાનું પસંદ કરતા ન હતા. પ્રિયતમાના મકાનથી તરંગીણીનું મકાન કાંઇક મ્હોટું તેમજ નિર્જન હતું. એ મકાનમાં બન્ને સખીઓને અરસ પરસ વાત ચીત તથા ઠઠ્ઠા મશ્કરી કરવાનો અવસર વિશેષ પ્રાપ્ત થતો હતો.

તરંગીણીનો પ્રેમ દિવસે દિવસે વૃદ્ધિગત થતો ચાલ્યો પ્રેમાધીન થઇ તે પ્રિયતમા વારંવાર ઘણોજ અત્યાચાર કરતી હતી પ્રિયતમા એ અત્યાચારોને ખુશીથી સહન કરી લેતી તથા પોતાના મનમાં વિચારતી કે મ્હારે તો પ્રેમ કરવાને માટે પતિ છે, પરંતુ અરેરે તરંગીણીનું પાત્ર કોણ છે. તે કોની સાથે પ્યાર કરે? કોના ઉપર અત્યાચાર કરે. આથી કરીને વારંવાર પોતાની ઇચ્છા ન હોય તો પણ તે તરંગીણીના ઉપર સ્નેહ કરતી હતી તથા પોતાના પ્રેમનુ દાન દેતી હતી.

પ્રિયતમા જ્યારે સમયે પોતાને સાસરે હતી ત્યારે તેણે એક નાટક જોયું હતું આથી કરીને નાટકની અંદર જેમ નાયક નાયીકાની સાથે હાવ ભાવ કરે તે પ્રમાણે તે તરંગીણીના ગળામાં પોતાના બન્ને હાથ નાંખી તેને પોતાની છાતી પાસે ખેંચી લાવવા યત્ન કરતી અને જો તેમ કરવા જતા તરગીણી રિસાઇ દુર ખસી જવાનો ઉપાય કરતી તો પ્રિયતમા લલકારતીઃ-

"રે રીસાઇ ન જાઓ રસીલા રંગીલા ઘેલાં ન થાઓ, મદ મુકીને માનુંની જરા મનાઓ રે."

પ્રિયતમાનો તરંગીણીથી પ્યાર કરવામાંજ છુટકારો થતો નહોતો. તરંગીણી જેમ વાત વાતમાં રીસાઇ જતી હતી તેમ તેને પણ રીસાવું પડતું હતું જો કોઇ સમયે તે એ પ્રમાણે ન કરતી તો તરંગીણી અભિમાનથી મ્હો ચ્હડાવી બોલતી હતી કે "શું તુ આ ગરીબ સખી ઉપર આવોજ પ્રેમ રાખે છે કે? અરેરે હવે ત્હારા સિવાય આ સકળ સંસારમાં કોણ મ્હારા સ્નેહી છે? જો કે પ્રિયતમાને એ પ્રમાણે રિસાવું તે યોગ્ય લાગતુ ન હતું, તો પણ તરંગીણીને રાજી રાખવા માટે તેને તેની ઇચ્છા પ્રમાણે વર્તવુંજ પડતુ હતું.

આ પ્રમાણે ધીમે ધીમે પ્રિયતમાને પણ રીસાઇ [illegible]ની ટેવ પડી ગઇ

પ્રકરણ ૯

પ્રેમ[illegible]

સંધ્યા થતાં પુર્વે થોડી વારે તે [illegible] ઓરડામાં બેઠી બેઠી લલકારી કર[illegible]

"રીસાયો પ્યારો મારો, આવી ર[illegible]
પ્રિયતમને કોઇ લાવે, આ હૃદય [illegible]"

તરંગિણીનો કંઠ ઘણોજ મધુર અને આકર્ષક હતો. આજે પ્રાતઃકાળે જ્યારે પ્રિયતમાં તરંગિણીને મળવાને આવી ત્યારે તરંગિણી કાંઇક ક્રોધને લીધે બોલી નહિ. તરંગિણીના આવા આચરણથિ પ્રિયતમાના નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં; તે પણ મ્હોં ચ્હડાવી તરંગિણીની પાસેથી ચાલી ગઇ.

હંમેશાં તો તે બંન્ને એકત્ર થઇ કેટલાક સમય સુધી બેસી રહી અરસપરસ વાતચીત કર્યા કરતી; તથા નિર્દોષ ગમત પણ કરતી, પરંતુ આજે આખો દિવસ તરંગિણીએ પ્રિયતમાની રાહ જોયા કરી પરંતુ તે તેને એક પણ વખત જોઇ શકિ નહિ. છેવટે તે છેક નિરાશ થઇ ગઇ. સંધ્યા થવાંને વિશેષ વિલંબ ન હતો. તરગીણી વિચારવા લાગી કેઃ- "શું હું પ્રિયતમાને પત્ર લખું?" પોતાના પત્રનો પ્રત્યુતર તરંગીણીને નહિ મળવાથી તે જ્યારે પ્રિયતમાં

તેને મળવા આવી ત્યારે તેની સાથે બોલી ન હોતી હવે તેને પોતાના એ આચરણ માટે પસ્તાવો થવા લાગ્યો ફરીથી તેણે વિચાર્યું:– હા એ સત્ય છેકે પ્રિયતમાના પતિ આવ્યા છે; પણ તેથી શું પતિનુ આગમન થયાથી તે મહારા પત્રનો ઉતર પણ ન આપે ? આખો દિવસ મેં તેની રાહ જોયા કરી છતાં તે નિયમ પ્રમાણે કેમ આવી નહિ? વળી મેં ક્રોધ કર્યો એમાં દોષ કોનો છે? દોષ તો પ્રિયતમાનો જઇ છે તેના પતિએ તેને પકડી રાખી હતી. કે? ઉત્તર લખવા માટે તેના પતિએ તેની કલમ લેઇ લીધી હતી કે?"

ધીમે ધીમે રાત્રીનુ આગમન થવા લાગ્યું એટ નોકર આવી ટેબલ ઉપર પડેલુ લેમ્પ [illegible] ગયો, તરંગીએ ટેબલ પાસે [illegible] ખુરસી ઉપર બેસી તેનુ ખાનુ ઉઘાડી [illegible] લખવાનાં સાહિત્ય બહાર [illegible] સુંદર રંગીન કાગળ ઉપર તેણે પ[illegible]. તરંગિણીને લખતાં ઘણુ સારૂં આ[illegible] હતું વિધવા થયા પછી તે ૭ વર્ષ સુધી [illegible] ભાઇ પાસે રહી હતી, તેથી આ સમય [illegible] તેના ભાઇએ તેને સારૂ શિક્ષણ આપ્યું હતુ. તેના ભાઇએ તે સમયે એવો વિચાર કર્યો હતો કે જો તરંગિણી વિદ્યાની વ્યસની બનશે તો તે પોતાનું વૈધવ્ય કાંઇક અંશે ભુલી જશે?

પત્રને લખી કાઢી તેણે તે એક કવરમાં બીડ્યો શિરનામું લખતાં પહેલાં પુન તેણે વિચાર કર્યો:— આ પત્રને મોકલું કે નહિં ? શું એમ કરૂં તો તે મ્હને ' હાં, કેવી ઉંચે ઠેકાણે આવી ' આમ કહી ખીજવશે તો નહિ ?"

બરોબર આજ સમયે . તરંગિણીનું માથું ભમવા લાગ્યું. ત્હેને બાલ્યાવસ્થાથીજ હિસ્ટિરિયાનો રોગ હતો, તથા કો ! સમયે તે એ રોગના હુમલાથી બે ભાન થઇ જતી. આજે પણ ધીમે ધીમે તેની તેવીજ દશા થવાની શરૂઆત થઇ. આ રોગ વધારે ચિંતા કરવાથી અથવા વધારે સમય સુધી મન ખરાબ રાખવામાં થાય છે. આજ તરંગિણી આખો દિવસ ચિંતાતુર રહેલી હોવાથી જે ત્હેના ઉપર એ રોગે હુમલો કરવા માંડ્યો. ડાક્ટરની સલાહ હતી કે, જ્યારે એમ માલુમ પડે કે હવે અલ્પ સમયમાંજ એ રોગ હુમલો કરનાર છે, ત્યારે ઠંડા પાણીથી હાથ ધોઇ નાંખી થોડુ ઠંડુ પાણી પી જવુ. આમ કરવાથી એ રોગનું જોર કાંઇક નરમ થઇ જાય છે.

તરંગિણીના દિવાનખાનામાં એક ખુણાની અંદર ઠંડા પાણીથી ભરેલો એક ઘડો પડ્યો હતો. તેણે [illegible] એ ઘડામાંથી પાણી લેઇ હાથ પગ ધોઇ થોડું પાણી પી લીધું, અને ફરીથી તે ખુરશી ઉપર આવીને બેઠી. આમ છતાં તે રોગના આ વેગને રોકી શકી નહિ ખુરસી ઉપર બેઠે બેઠે જતે બેહોશ બની ગઇ- હાથ પગ પછાડવા લાગી તથા થોડા સમયમાંજ ખુરસી સાથે જમીન ઉપર ઢળી પડી.

તરંગિણીની આ બિમારીના કારણથી ઘરનાં સર્વ માણસો હમેશાં સાવધાન રહેતાં હતાં. તરંગિણીના દિવાનખાનાની પાસેજ એક દાસી-ઓરડો આરડો આવેલો હતો. આ દાસી ખુરસીનો જમીન ઉપર પડ્યાનો અવાજ સાંભળતાંજ ત્યાં આગળ ઉતાવળથી દોડી આવી. તથા તરંગિણીની હાલત જોઇ તેણે એ સમાચાર ઘરમાં જઇ તેની કાકી સાસુને જણાવ્યા.

આ પ્રકારને આગલે દિવસે તરંગિણીની કાકી સાસુ પોતાના પુત્ર સુધીરચંદ્રને લેઇ આવી હતી,

તરંગિણીની સાસુ પોતાની માતાને સાથે લેઇ મહોલ્લાની સ્ત્રીઓને નિમંત્રણ કરવાને ગઇ હતી. ગૃહમાં ફક્ત નવી કાકી સાસજ હતી. તે ત્વરાથી તરંગિણી પાસે આવી પ્હોંચી ત્હેને એક બ્હેનને પણ આ રોગ હતો આથી કરીને ત્હેને આ રોગને દુર કરવાના નિયમ વગેરેની ખબર હતી. દાસીની સહાયતાથી તેણે તરંગિણીને પલંગ ઉપર સુવાડી તેને ભાનમાં લાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એવામાં એકાએક ત્હેને દ્રષ્ટિ પેલા

રંગીન કવર ઉપર પડી. એક હાથે તરંગિણીને ને પવન નાંખતાં નાંખતાં બીજો હાથ લાંબો કરી તેણે એ પત્રને ઉંચકી લીધો. પત્ર લેઇ કવર માંથી રંગીન નોટપેપરને બ્હાર કાઢી બત્તીની થી તે એ મદદ પત્રને વાંચવા લાગી:—

"પ્રિયતમા!"

આટલું વાંચતાજ હેનું માથું ભમી ગયુ. હેનો શ્વાસ ઉતાવળથી ચાલવા લાગ્યો. હેના મુખ મંડળ ઉપર આશ્ચર્ય સાથે ચિંતાની છાયા છવાઇ રહી. તેણે પોતાની પાસે ઉભેલી દાસીને કહ્યું:-" તું પવન નાંખ હુ હમણાજ આવું છું" આમ કહી તે પંખાને ફેંકી દેઇ ત્યાંથી બહાર ચાલી ગઇ.

તેનો પતિ હૃદયનાથ મીરનની અંદર એક મ્હોટો પ્રખ્યાત ડોકટર હતો આવક પણ સારી હતી તે. ધણોજ ધાર્મિક પુરૂષ હતો આમ હોવા છતાં તે નો કાંઈક અંશે જુના જમાનાના હતા. તે સ્ત્રી કેળવણીની વિરૂધ હતે તે ની પ્રથમ પરલોક વાસ પત્નીના પુત્રનું નામ સુધીર કુમાર હતું. હૃદયના થને નવી પત્નીથી એક પણ સંતાનની પ્રાપ્તી થઇ ન હોતી તથા સંતાન થવાની આશા પણ રહી ન હોતી કારણ કે એની નવ વધુની અવ સ્થા ત્રીસ વર્ષ ઉપરાંતની થઇ ગઇ હતી.

હૃદયનાથ એકલો પોતાના દિવાન ખાનામાં બેઠો બેઠો કાંઇ લખતો હતો હતો એકા એક પત્નીને પોતાની પાસે આવેલી જોઇ તેને આશ્ચર્ય લાગ્યું તેની સ્ત્રીએ તેની પાસે જઇ પોતાના હાથમાં પત્ર પતીના હાથમાં કહ્યું આ પત્ર વાંચી જુઓને."

હૃદયનાથે પોતાના ચસ્માંથી ઢાંકેલી આંખોને પત્ની તરફ ફેરવી પ્રશ્ન કર્યો કેમ શું છે?

"વાંચી જુઓને એટલે માલમ પડશે."

"કોણે લખ્યો છે?"

"કોણે લખ્યો છે તેનું શું કામ છે? તમે તમારે એક વખત વાંચી જુઓને."

હૃદયનાથ પોતાના હાથમાંના પત્રને ઉંચા કરી મ્હોટેથી સ્વરે વાંચવા લાગ્યો:—

"પ્રિયતમ?"

તમે કેવા નિર્દય છો? શું આનેજ તમારો પ્રેમ છે કે? જો હું ક્રોધ કરું તો શું તમે મને નહિ મનાવી લ્યો? મારો એવીજ રીતે ત્યાગ કરીને ચાલ્યા જશો? કાલે પ્રાત કાલે મ્હે જે પત્ર તમને લખ્યો હતો તેનો જવાબ તમે શા માટે ન આપ્યો? તમારા તરફથી ઉત્તર ન મળ્યો તેથીજ તમે જ્યારે મ્હને મળવા આવ્યા હતા ત્યારે મ્હે માથાને લીધે તમારી સાથે કાંઇ વાત ચીત કરી નહિ તેથી તમે પણ રીસાઇ મને [illegible]તા ચાલ્યા ગયા. તમારી એવી વર્તણુંક થી મ્હારા [illegible] બધું કઇ થયું હવે તે તમે કયાંથી સમજો [illegible] તમારા રિસાઇને ચાલ્યા જવાથી હું આખો દી [illegible] નિદ્રાનો ત્યાગ કરી તમારી રાહ જોઇને [illegible]હી પરંતુ એક વખતને માટે પણ તમારું મુખ [illegible]ન કરી શકી નહિ છેવટે નિરૂપાયે હું [illegible]નનો પરતાવો પામી તમને આ પત્ર લખવા બેઠી છું જો મ્હારી હૃદય વેદના તમે નહિ તો બીજું કોણ સમજશે? પ્રિયતમ શું આ પ્રાણ પ્યારીનો ત્યાગ કરવા જેટલું કઠીન હૃદય તમે કરી શકશો દાસી ઉપર આટલો બધો ક્રોધો.

લી॰ તમારીજ

પત્રને વાંચી રહ્યા પછી હૃદયનાથે પત્નીને પુન પ્રશ્ન કર્યો આ પત્ર કોણે લખ્યો છે.

"બીજું કોણે લખે તમારી ભત્રિજાવહુએ લખેલો છે"

"શું મ્હારી ભત્રિજાવહુએ?"

"હા તમારી ભત્રિજા વહુનો જો છે છેવટે પાપિણીએ મહાવુજ કર્યું ને કુટુંબમાં કલંક લ ગાડયું? એ તો હું પ્રથમથીજ જાણતી હતી કે જેના ઉપર વૈધવ્ય જેવું ભયકંર દુઃખ હમેશને માટે આવી પડયું છે તેણે કાલ કિનારીનિ રેશમી સાડી પહેરવી અલંકારો પહેરવા તથા પાન ચાવવાં........"

હૃદયનાથે પોતાની સ્રીનાં વચનોને અટકાવીને કહ્યું:–" શું તું ખરેખર જાણે છે કે આ એનાજ હાથનો પત્ર છે ?'

"તમારી વાત સાંભળી મ્હારા શરીરમાં આગ સળગી ઉઠે છે શું હું કાંઇ આંધળો છું કે એના અક્ષર પણ ન ઓળખું ?"

"થવાનું શું હતું. એ કલંકિણીને આ ઘરમાંથી બ્હાર કાઢી મુકો-કાશીજીમાં મોકલી દો."

"પછી દુનિયા શું કહેશે? આપણે કોના કોના મ્હોં ઉપર હાથ મુકવા જઇશું "હૃદયનાથે પોતાના હાથમાંનો પત્ર: પત્નીનાના હાથમાં આપ્યો તથા થોડા સમય સુધી વિચાર કરી ત્હેણે કહ્યું –" ત્હારી ધારણામાં કદાચ ભૂલ હશે। એમ [illegible] એ બિલકુલ અસંભવિત છે."

"હાસ્તો; તમારા [illegible] પુરૂષો સઘળી સ્રીઓને [illegible] પવિત્ર સમજો છે."

પ[illegible] વચનો સાંભળી હૃદય નાથના બન્ને ઓઠ [illegible] એક વખત સ્મિત હાસ્ય દેખાવ દેઇ દૂર [illegible] કહ્યું—" જો મને એવી સંપૂર્ણ ખાત્રી [illegible]ી નથી કે, તરંગિની પાપસાગરમાં ડુબી છે; તથા કદાચ જો હું ત્હારૂં કહેવું સત્ય તરિકે સ્વીકારૂં તો પણ એટલું તો સર્વથા સત્યજ છે કે હજુ સુધી તે ધર્મચ્યુત ભ્રષ્ટ નથી, થઇ થવાનો ઉપક્રમ થયો છે."

"હા ઉપક્રમ થયો છે ! શું ત્હમે એમ જ ધારો છો કે ફકત પત્રવ્હવાર.જ ચાલી રહ્યો ?"

"હા. હું તો એમ જ ધારૂં છું."

"જેવી તમારી બુદ્ધિ છે તેવી જ તમે વાત કરી છે. પત્રમાંથી બધી બિના માલુમ પડી આવે છે તો પછી તમે વાંચ્યું શું ?"

"કેમ, પત્રમાંથી શું બિના માલુમ પડી આવે છે ?"

"જુઓ પત્રમાં એમ લખેલું છે કે, 'તમે જ્યારે મ્હને મળવા આવ્યા હતા ત્યારે ક્રોધને લીધે મ્હેં તમારી સાથે કાંઇ વાત ચીત કરી નહિ.' આ વાકય શું એમ સુચવે છે કે એકલો પત્ર વ્યવહાર જ ચાલી રહ્યો છે ? એક બીજાની અરસ પરસ મુલાકાત પણ થઇ છે, અર્થાત્ થવાનું સઘળું થઇ ચુક્યું છે."

બરોબર આજ સમયે હાંફતી હાંફતી દાસી ત્યાં આગળ આવી પહોંચી બોલી:—" ન્હાની બા ચાલો ચાલો; તરંગિની તબિયત ઘણી જ બગડતી હોય એમ જણાય છે !"

તે તરતજ દાસીની સાંથે સાથે ગઇ. હૃદયનાથ પોતાના દિવાન ખાનામાં બેઠો બેઠો અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યો. તેની પ્રકૃતિ કાંઇક ઠંડી હતી તેના મનની વૃત્તિ ત્વરાથી ઉત્તેજીત થતી નહિ. કોઇ પણ વિષય પર તેનો એકાએક વિશ્વાસ પડતો નહિં, આમ છતાં પણ જો કોઇ વિષયનો એને વિશ્વાસ પડી જતો અથવા એક વખત કોઇ વાતને સત્ય તરિકે માની લેતો તો પછી તેના મનમાંથી એ વાત દૂર થતી નહિં. તે બેઠો બેઠો સંબધીનાજ વિચારો કરવા લાગ્યો. તેણે વિચાર્યું કે–જે જન્મથીજ વિધવા છે તેનાથી સંસારનો આકર્ષક મોહ દુર કરી પોતાના બ્રહ્મચર્યનો રક્ષા કરવાનું સહજમાં બની શકતું નથી. આટલું જ નહિ પરંતુ તરંગિણીનીને લખતાં વાંચતાં આવડે સ્રી શિક્ષણની વિરૂદ્ધમાં જે જે વિચારો ઉત્પન્ન થાય તેમાં એક એવો પણ તર્ક ઉપસ્થિત થાય છે કે સ્રી જાતિ પત્ર લખતી થાય છે વાને યોગ્ય પર્યેષ્ઠા ખોટા હવસમાં ફસાઇ સ્ત્રી સમાજને અપવિત્ર કરે છે" હૃદયનાથે પોતાના વિચારનું પરિણામ પોતાના નજર આગળ જો યું હોય એમ ત્હેને લાગ્યું સ્રી શિક્ષણના વિરોધને લીધે હૃદયનાથનું હૃદય તરંગિણી તરફ ક્રોધીત થયું.તે વિશેષ તેમણે વિચાર્યું કે "આ વાત ભાઇનેકહેવી કે નહિ ? જો મ્હોટા ભાઇને એ વાત કહેવામા ન આવે તો આ પ્રકાર બંધ પણ થઇ શકે નહિ. હવે કોઇ પણ રીતે તરંગિણીને અત્ર રાખવી વ્યાજબી નથી. હજુ સુધી આ પ્રકાર સંબંધી કોઇ પણ હકિકત લોકોમાં ફેલાવો પામી નથી, પરંતુ જો આ પ્રમાણે હવે થોડા

વખત પણ બન્યા કરે તો આવી વાત ભાગ્યેજ ગુપ્ત રહી શકે, અને જો એમ બને તો દુનિયામાં મ્હોં બતાવવું કઠિન થઇ પડે. બાળબચ્ચાંઓનો વિવાહ કરવામાં પણ સંકટ ઉપસ્થિત થાય. વળી એને જો બીજે કોઇ સ્થળે મોકલીએ તો તેથી પણ શું સાર્થક થશે? જ્યાં જશે ત્યાં આવુંજ કરશે."

રાત્રે આઠ વાગે તરંગિણી સાસુ પોતાની માતા સાથે ઘેર આવી. તરંગિણીને તે પોતાના પ્રાણ કરતાં પણ વધારે ચ્હાતી હતી. ત્હેની બેભાન અવસ્થાના સમાચાર જાણ્યામાં આવતાંજ તે ઉતાવળી ઉતાવળી તરંગિણી પાસે જઇ પહોંચી. તરંગિણી અધાપિ બેહોશજ હતી. દાસી તથા ન્હાની વહુ તેની સેવા ચાકરી કરતાં હતાં.

"આવું તો કદાપિ થયું નથી. આટલા બધા સમય સુધી કદાપિ મુર્છા રહેતી નહિ. આ શું સત્યાનાશ વળી ગયું? ક્યારની મુર્છા આવી છે?" મુર્છા આવ્યા પછી શું શું ઉપાયો કરવામાં આવ્યા છે?" આવા અનેક પ્રકારના પ્રશ્નો તરંગિણીની સાસુના મુખમાંથી એકાએક બહાર નીકળ્યા. તે સર્વેનો ઉત્તર શ્રવણ કરી એક દીર્ઘ નિશ્વાસનો પરિત્યાગ કરી તેણે કહ્યું:— "ઘણું ખરાબ થયું છે" આમ કહી તે ન્હાની વહુને ઘણોજ ઠપકો આપી કહેવા લાગી:—

"આટલા બધા સમય સુધી તરંગિણીને આવી સ્થિતિમાં એકલી દાસીના જોખમ ઉપર મુકીને જવું એ વ્યાજબી નથી"

થોડા સમય પછી તરંગિણીના સસરા પણ આવી પહોંચ્યા તથા તેઓ બધી હકિકત સાંભળી બોલ્યા:—"હૃદયનાથ! તમે અત્યાર સુધી અહીં બેઠા બેઠા શું કરો છો? જાઓ જાઓ જલદી જાઓ. બાજી હાથથી બગડતી હોય એમ જણાય છે."

હૃદયનાથ પોતાની મરજી નહિ હોવા છતાં તરંગિણીના ઓરડામાં ગયો તથા થોડો સમય સુધી તપાસ કરી તેણે કહ્યું:—"હૃદય ઉપર સખ્ત આઘાત થયો છે. ભાગ્યેજ જીવી શકશે!"

આખી રાત્ર તરંગિણીની તપાસ તથા દવા દારૂ કરવામાં ચાલી ગઇ તોપણ કાંઇ આશાજનક ચિન્હો માલુમ પડયાં નહીં!

પ્રકરણ ૩ જું.

પ્રિયતમના પતિનુ નામ અનંગ મોહન હતું એ કોલેજમાં અભ્યાસ કરતો હતો. મે ત્રે [illegible] લીધે ગઇ કાલે પ્રાતઃકાળનો તે પોતાના [illegible] આવી પહોંચ્યો હતો. તરંગીણી પ્રિયતમા માની [illegible] ચાર તે પોતાની પત્નીનાપત્રદ્વારા પ્રથમ [illegible] ણી ચુકયો હતો; આથી કરીને તરંગિણીનાં [illegible] કરવાને માટે અને તેના સંબંધીની સ[illegible] કીકત સાંભળવાને માટે ઘણા દિવસે પ[illegible] સમાગમ થવાથી પ્રિયતમાં તથા અનંગ મોહનના અરસપરસ પ્રેમાલાપે બન્નેના મન ઉપર એટલો બધો અધિકાર કરી દીધો હતો કે અનંગ મોહન તરંગિણીની વાત પુછવાનુ ભુલી ગયો. બીજે દિવસે રાત્રે દશ વાગે પ્રિયતમા પોતાના પ્રાણપ્રિય પતિની પાસે ગઇ.

બે ચાર પ્રેમ વાર્તાઓ થયા પછી અનગે કહ્યું:—"ત્હારી વ્હાલી સખી તરંગિણીનાં પત્રો તો બતાવ?"

પ્રિયતમાએ સ્મિત કરી કહ્યું:— "હું આ[illegible] એ પત્રો કેવી રીતે બતાવી શકુ? તરંગિ[illegible] એ કોઇને પણ તે બતાવવાની મદને [illegible] આપી નથી."

અનંગે પ્રશ્ન કર્યો:—"ત્યારે શું મર્દ [illegible] જાના પણ "કોડ" માંજ થાય છે કે! પત્રો બતાવવા પડશે."

"ત્યારે મ્હેને તે માટે પ્રથમ તરંગીણી રજા લેવા દેજો? અને કદાચ રજા ન આપે તો?"

"ન આપે તો પછી કેવી રીતે બતાવુ?"

આ વાકયથી અનંગ કંઇક દિલગીર થયો. તેણે કહ્યુ:—"નહિ બતાવીશ હુ તારો કોઇ નથી. એજ તારૂ સર્વસ્વ છે મને નહિ બતાવીશ"

પ્રિયતમાએ પતિને કાંઇ પણ ઉતર આપ્યો નહિ તે ચુપ થઇ રહી.

બીજે દીવસે તેણે તરંગીણી પાસે જઇ સર્વ વાત કહી સભળાવી! તરંગીણીએ પ્રિયતમાનો હાથ પકડીને કહ્યુ — "નહિ, નહિ વહાલી! હુ ત્યારે પગે પડુ છુ. પત્ર [illegible]તા વીશ નહિ."

એજ રાત્રે અ[illegible] પોતાની પ્રિયતમા[illegible]રાણી સરકાર શુ થયુ? હુકમ મ[illegible]

[illegible]યતમાએ ઉત્તર આપયો — "નહિ એ [illegible] પણ પ્રકારે પોતાની રજા આપતિ નથી"

[illegible]નીનો ઉત્તર સાભળી અનંગમોહનને ઘણુ જ ખોટુ લાગ્યુ. વાચક! આ સ્થળે એક વાત લખતાં અમને ઘણી શરમ આવે છે, પરંતુ લખ્યા સિવાય રહેવાતુ નથિ કે હમારો અનંગ પણ આજ કાલની સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે રૂદન કરવા લાગ્યો.

છેવટે અન્ય કોઇ ઉપાય નહિ સુઝવાથી પ્રિયતમાએ તરંગિણીના સઘળા પત્રો જે બંડલમા બાંધ્યા હતા તે બંડલ બહાર કાઢ્યુ, તથા તે પોતાના પતિના હાથના આપતા તેણે કહ્યુ —

"લ્યો, લ્યો આ બધા પત્રો રૂદન કરવાનુ કાંઇ પ્રયોજન?"

અનંગે પોતાના પગથી એ ચીઠ્ઠીઓના બંડલને લાતમારી દુર ફેંકી દીધુ અને રોષપૂર્ણ સ્વરે કહ્યુ —"મારે કાંઇ જોવુ નથી."

પોતાના થયેલા અપમાનથી પ્રિયતમાના મનને પણ માઠુ લાગ્યુ, તથા તે પાસેજ જમીન ઉપર બેસી જઇ નેત્રોમા વસ્ત્રનો પાલવ દબાવી રૂદન કરવા લાગી.

કેટલાક સમય સુધી પ્રિયતમાને આવી અવસ્થામા જોઇને અનંગમોહનનો ક્રોધ શાન્ત થયો, તથા તેણે પત્નીની પાસે જઇ તેના ગળામાં પોતાના બન્ને હાથો નાખી પ્રેમદર્શક સ્વરે કહ્યુ "પ્રિયતમે 'ઘણુ થયુ', હવે રૂદન કરીશ નહિ."

આ વાત ઉપર પ્રિયતમા વિશેષ રૂદન કરવા લાગી.

અનંગમોહને પોતાની પત્નીને અનેક પ્રકારે સ્હમજાવીને શાંત કરી, તથા દુર પડેલા પત્રોના બંડલને તેણે ઉપાડી લીધુ. પ્રથમ પત્રના કવર ઉપર શિરનામુ જોઇ તે બોલી ઉઠયો — "તરંગિણીના હાથના અક્ષરો તો ઘણાજ આકર્ષક તથા સુન્દર છે

"અરે! પુરૂષો કરતા પણ મ્હારી તરંગિણી ઉતમ અક્ષરો લખી શકે છે."

"ઠીક ત્યારે, આ બંડલમાથી તુ જાતેજ મને બે ચાર પત્રો કે જે વાચવા યોગ્ય હોય તે કાઢી આપ"

પ્રિયતમાએ એક પત્ર કાઢી આપી કહ્યુ — "આ પત્ર વાચો." જ્યા સુધી અનંગમોહને એ પત્ર વાચ્યો ત્યા સુધીમા તો તરંગિણીએ બીજા કેટલાક પત્રો કાઢી કાઢીને પતિના હાથમાં આપ્યા.

એક પછી એક એમ ઘણા ખરા પત્રો વાચી જોયા પછી અનંગમોહનનુ મન કાંઇક ઉદાસ થઇ ગયુ

પ્રિયતમાએ પ્રશ્ન કર્યો —"શુ વિચારો છો?

અનંગે ઉત્તર આપ્યો —"જો તારે હવે તારી સુખી સખી! સ્નેહનો ત્યાગ કરવો પડશે."

"કારણ?"

"કારણ એજ છે કે, જો હુ ખરી વાત જાણતો નહોત તો હુ એમજ ધારત કે આ સઘળા પ્રેમપત્રો છે."

"ત્યારે શું સખીઓએ અરસ્પરસ પ્રેમ કરવો એ પણ ગુન્હો છે કે?"

"ગુન્હો છે કે નહિં, એ વિચારવાની કાંઇ જરૂર નથી: સવાલ એટલોજ છે, કે મને છોડીને તું બીજા કોઇના ઉપર પ્રેમ કરી શકીશ નહિ. કારણકે જો તું આટલો બધો પ્રેમ તારી સખીને અર્પણ કરે તો મને તારા તરફથી જેટલો પ્રેમ પ્રાપ્ત કરવાની આશા છે તેટલો પ્રેમ હું પ્રાપ્ત કરી શકું નહિ.?'

પ્રિયતમાએ સ્મિત કરી કહ્યું:—"હું, તમે દીવાના બની ગયા છો"

"હસવાની વાત નથી. આ પત્રો વાંચી જોતાં મ્હારા મનમાં ઘણી લાગણી થઇ છે. સખીઓ અરસ્પરસ આવા પ્રકારના પત્રો લખે છે એવો મ્હેં સ્વપ્નામાં પણ અનુભવ કર્યો ન્હોતો.

તરંગિણી તો મ્હને હમેશાં પત્ર લખે છે ત્હેને ઉત્તર નહિ આપવાથી એ નારાજ રહે,"

"નારાજ થાયતો થવાદે."

"અરે ત્હેની રીસ તેમજ અભિમાનની હુ શું વાત કહું ? નહિ જેવી વાતમાં પણ તે રીસાઇ જાય છે, ગઇ કાલેજ તેણે મારા ઉપર એક પત્ર લખ્યો હતો અસંગ નહિ મળવાથી હું તેનો ઉત્તર આપી શકી નહિ આથી કરીને તે રીસાઇ ગઇ તથા તે અગાસીમાં પણ હમેશના નિયમ પ્રમાણે મ્હને મળી. નહિ આજ પ્રાતઃકાલ હું જ્યારેતેને ત્યાં ગઇ ત્યારે તે મ્હારી સાથે બોલી સુદ્ધાં નહિ. મ્હે કહ્યું:—"બ્હેન ! ગુસ્સે કયેમ ભરાય છે ? વખત નહિ મળવાને લીધે ત્હારા પત્રનો ઉત્તર આપી શકી ન્હોતી"

મ્હારી કથા શ્રવણ કરી તે રોષ દર્શક સ્વરે બોલી:—"હા, હા, હુ સઘળું જાણું છું—તારા પતિ આવ્યા છે—એથી તને વખત નથી મળતો અમે તો વિધવા રહ્યાં અમને હમેશાં વખત મળ્યા કરે છે.

આ વચનોથી મ્હને પણ ખોટુ લાગ્યું તેથી તુરતજ હું ત્યાંથી ચાલી આવી. વળી હું આજે આખા દિવસમા એક પણ વખત અગાસીમાં ગઇ નથી.—મ્હારે શા માટે બદલો ન લેવો? મને પણ તેની પ્રમાણે ક્રોધ નહિ ભરાતો હોય?"

પ્રભાત સમયે પતિપત્ની બન્ને—જાગ્રત થઇને વાર્તા લાપ કરતાં હતાં એવામાં પ્રિયતમાની માતાએ શયનાલયના દ્વાર આગળથી મોટે સ્વરે કહ્યું:—"પ્રિયતમા"

પ્રિયતમાએ ત્વરાથી ઉઠીને દ્વાર ઉઘાડયું તેની માતાએ કહ્યુ "જો મારી એક વાત સાં[illegible] અ[illegible]

માતનો [illegible] તથા ચંચળતા જોઇને પ્રિયતમાને કાંઇક [illegible] શંકા થઇ આવી તેણે ગભરાઇ જઇ પુછયું:[illegible]! શું છે?"

તેની માતાએ તેને છજામાં લેઇ ૦

"તરંગિણી ઘણીજ બિમાર છે. તેને કરતી દાસી તને બોલાવા આવી છે!

પ્રિયતમાએ ગભરાઇ પ્રશ્ન કર્યો:—"શાની બિમારી છે? દાસી કયાં છે?

"તે ઘરમાં બેઠી છે. તું તેની સાથે તરંગિણીને ત્યાં જા." આમ કરી પ્રિયતમાની માતા ત્હેને જ્યાં આગળ તરંગિણીની દાસી બેઠી હતી ત્યાં લેઇ ગઇ. દાસીએ પ્રિયતમાને જોતાં જે ગદગદ કંઠે કહ્યું "બ્હેન! જલદી ચાલો તરંગીણી વહુ બચશે કે કેમ તે કાંઇ કહી શકાતું નથી તે તમને વારંવાર યાદ કરયા કરે છે ચાલો જલદી કરો"

દાસીનાં વચનો સાંભળતાંજ પ્રિયતમાના હાથ પગ કંપવા લાગ્યા. માતાને કહી તે દાસીની સાથે તરગીણીને ઘેર જવા ચાલી નીકળી.

તરંગીણી પર આગળ જઇ પહોંચતાંજ અનેક મનુષ્યોનો રૂદન ધ્વનિ શ્રવણે પડયો. હા

સીએ પણ એકદમ રૂદન કરવા માંડયું તથા રૂદન કરતાં કરતાં તેણે કહ્યું "અરેરે અંધારૂ થઇ ગયુ રે ભગવાન આમ કહી તે માથાપર હાથ મુકી હાય ! હાય !! કરવા લાગી.

રૂદન ધ્વનિ પ્રિયતમાને કાને પડતાંજ તેનું આંગ પ્રત્યંગ કંપી ઉઠયુ શિર ભમવા લાગ્યુ તે ઉભી રહી શકી નહિ દાસીની ખાંધ ઉપર માથુ મુકી તે દ્વાર આગળથીજ રૂદન કરતી કરતી પોતાને ઘેર જતી રહી ! તેની પ્રાણપ્રિય તરંગીણી હમે શાંને માટે તેને વિયોગ દુઃખમાં નાખી ચાલી ગઇ !!

ઉપર્યુક્ત પ્રકાર બની ગયા પછી એક મહિને પોતાના સકલ પરીવારને લઇ હૃદયનાથ મીરત ગયો. ઘેર ફક્ત તેની સાસુ તથા વડીલ બંધુ રહી ગયા,

જ્યેષ્ટ માસ ચાલે છે મીરતમાં સખ્ત ગરમી પડી રહી છે સુર્યનારાયણ રૂદ્ર મુર્તી ધારણ કરી પ્રચંડ અગ્નિ રસાવી રહ્યા છે. દશ વાગતામાં તો રસ્તા ઉપર જનાર આવનાર મનુષ્યોની સંખ્યા ઘણી ઓછિ થઇ જાય છે. બપોરના સમયે દુકાનો વિગેરે બંધ થઇ જાય છે એ સમયે રસ્તાઓ એવા તો નિર્જન જણાય છે કે તે તરફ નજર કરતાં શ્મશાન ભુમીનું સ્થાન નેત્રો આગળ ઉપસ્થિત થાય છે. સરકારી કચેરીઓ પણ સતારેજ ભરાય છે આખો દિવસ આવી ભયંકર હાલતમાં વીત્યા પછી સુર્યાસ્ત થયા પછી પુન પુરૂશોનો અવર જવર રસ્તા ઉપર થતો જણાય છે.

એક દીવસે બપોરના સમયે એક અંધારા ઓરડામાં સુતેલો હૃદયનાથ નિદ્રાદેવીની આરાધના કરી રહ્યો હતો મીરતનાજ મકાનમાં તે રહેતો હતો એ મકાનની સર્વ ઓરડાઓ કરતાં જે ઓરડામાં તે સુતો હતો તેમાં વિશેષ ઠંડી હતી આથી કરીને પરિવારનાં સર્વ મણસો બપોરના સમયે આજ ઓરડામાં વિશ્રાંતિ લેતાં હતાં આ ઓરડાના મુખ્ય દ્વાર ઉપર તથા બારીઓ ઉપર ખસ ખસની ટટીઓ તથા પરદા રાખવામા આવ્યા હતા.

ઓરડાની અંદર એક છોકરો બેઠો બેઠો પંખો ખેંચી રહ્યો હતો થોડે દુર ન્હાની વહુ (હૃદયનાથની પત્ની) બાળકોને સુવાડતી હતી, તથા મોટી વહુ (હૃદયનાથની ભાભી) ગાદી ઉપર બેઠી બેઠી પોતાના દિયરની સાથે વાત ચીત કરી રહી હતી વાતચીત કરતાં કરતા તરંગિણીની વાત નીકળી તરંગિણીની વાત નીકળતાંજ મોટી વહુએ દુખિત થઇને કહ્યું — "અરેરે ! એ બિચારી આપણને એકલાં મુકી ચાલી ગઇ."

હૃદયનાથે કહ્યું — "તો પછી તેને માટે ચિંતા કરવાનુ કાંઇ કારણ ? જે થવાનું હતું તે થઇ ગયું. એ જીવતી રહી હોત તો પણ સંસારમાં સુખ નહોતું."

મોટી વહુએ પ્રશ્ન કર્યો:—"કેમ ભાઇ ! આમ કેમ બોલો છો ?"

"જુઓ ભાભી ? ઘણા દિવસથી તમને એક વાત કહેવાની ઇચ્છા થયા કરે છે, પરંતુ આજ સુધી હુ કહી શક્યો નથી ! તરંગિણીનું મરણ થયું એ સર્વ પ્રકારે સારૂ જ થયું છે."

મોટી વહુએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો —"કહો તો ખરા કે શું થયું છે !"

થોડા સમય સુધી શાંત રહ્યાં પછી હૃદયનાથે કહ્યું—શું કહુ —તેનુ ચરિત્ર ભ્રષ્ટ થઇ ગયું હતુ"

આ વાક્ય સાંભળતાંજ મોટી વહુને ઘણુ આશ્ચર્ય લાગ્યુ. તેણે કહ્યું:—તમે શુ કહો છો ભાઇ ? આવું ના બોલો તે ઘણીજ સાધ્વી હતી."

હૃદયનાથે એક દીર્ઘ નિશ્વાસનો પરિત્યાગ કરી કહ્યું:- "મોટી વહુ ! મે' મ્હારાં નેત્રોએ તેનો લખેલો પત્ર વાંચ્યો. છે!"

"કેવો પત્ર ?"

"તે શું કહું ?"

"કોને લખ્યો હતો ?"

"એ તો હું નથી જાણતો કોણે આપણા સર્વસ્વનો નાશ કર્યો છે તે તો ફક્ત ઇશ્વરજ જાણે છે. એ પત્ર હજુ મારી પાસેજ છે-"

"ક્યાં છે જોઉં ?"

હૃદયનાથે ધીમેથી ઉઠીને પેટી ઉઘાડી તેમાંથી એક પત્ર બહાર કાઢ્યો. તેના હાથમાનો પત્ર લેઇ તેની ભાભી બારી પાસે ગઇ તથા ખસખસની ટટીને ઉંચી કરી તેણે અનિમેત નયને એ પત્ર જોયો; તથા અલ્પ સમયમાંજ તે પોતાના પુર્વ સ્થને આવી અને પત્રને હૃદયનાથના હાથમાં મુકતા પ્રફુલ્લ વદને કહ્યું:-"કેમ આજ પત્ર છે ને ? જો આજ હોય તો તમારી ધારણા સર્વથા અસત્ય છે. અર્થાત એક પ્રકારનો ભ્રમ માત્ર છે

હૃદયનાથે અતિ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો;-કેવી રીતે ?

મોટી વહુએ ધીમે ધીમે કહ્યું:-"આ તો તેનું પોતાની સખી પ્રિયતમા ઉપર લખ્યો હતો તરંગિની સાથે પ્રિયતમાનો ઘણો સ્નેહ હતો. હમેશાં બન્ને એક બીજાને પત્ર લખ્યા કરતી હતી પ્રિયતમાં જ્યારે પોતાને સાસરે જવાની હતી ત્યારે અમને મલવા આવી હતી તે સમયે એ ઘણુંજ રૂદન કરી ગઇ હતી. બન્નેના સ્નેહની તુલના કરી શકાય તેમ નહોતું"

આ હકિકત સાંભળતાંજ હૃદયનાથના વદન મંડળ ઉપર પસીનાનાં બિંદુઓ તરી આવ્યાં તેણે પ્રશ્ન કરયોઃ-"તો પછી પત્ર ઉપર તરંગિણીએ 'પ્રિયતમા' નહિ લખતાં 'પ્રિયતમ' કેમ લખ્યું છે ?"

મ્હોટી વહુએ ઉત્તર આપ્યો;- "તરંગિણી હમેશાં પ્રિયતમાને 'પ્રિયતમ' સંબોધનથીજ સંબોધતી હતી."

આ ઉત્તર સાંભળતાં હૃદયનાથનું મુખ મંડળ ચિંતાતુર થઇ ગયું. તેના ઉપર વિષાદ ગંભિરયની છાયા છવાઇ હતી. થોડા સમય સુધી વિચાર કર્યા પછી તેનાથી બોલાઇ જવા યું કે:- "અફસોસ, પ્રથમ હું આ ભેદ પ્રથમ નથી જાણતો નહોતો."

મ્હોટી વહુએ હૃદયનાથને પુછ્યું:- "અને જો કદાચિત તહમે આ ભેદ પ્રથમથી જાણતાં હોત તો શું થાત ? શું તમે તેને બચાવી શકત ? [illegible] જાણતે લીધે તમે તેની બરોબર સંભાળ [illegible] નહિ ?"

હૃદયનાથે પો[illegible] કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. મહોટી વહુ [illegible] કરતી હતી કે:- "શું તહમે [illegible] એ બચી શકત ?"

હૃદયનાથે એક દીર્ઘ નિશ્વાસ મુકી [illegible] "ભાભી ! જેનું જીવન આવીરહ્યું હોય છે તેને કોણ બચાવી શકે છે ? પ્રારબ્ધના લેખ મનુષ્યથી તીથ્યા થાત નથી.

હૃદયનાથના આ ઉત્તરથી તેની ભાભીને સંતોષ ન થયો. તે હજું પણ કેટલીક વખત કોઇ નિર્જન સ્થાને બેસી રહીને તરંગિણીના સંબંધી અનેક વાતોનો વિચાર કરે છે.

નહિજ માન્યું.

"મારી સુવાઇને બહુએ સમજાવી પણ ઉંહ એ બેસીતું બાયડું જરા બી નહી સમજ્યુ આખરે જ્યારે મારી તેહમી મેલેરીયાથી ત્પટકાઇને ડાકટરોનું કાંઇ વળ્યું નહીં ત્યારે રડમસ થઇ મને પટાવવ લાગી મહિનો દહાડો પીચારા ધીચાગ્યા બોબો પૈસ ખરચ્યા તેને બદલે ત્રણ ભાગમાં મારિ તેહમી હુંશીયાર થઇ ગઇ. અજબ રામબાણ હતો હતો પામ-આલા હું હંમેશાં રાખું છું તમે સમજ્યા કે ? જરૂર એક બાટલી રાખજો.

શરાબે કરેલો એક કુટુંબનો નાસ.



લેખક—શેઠ નથુભાઇ ગલાલચંદ શાહ

ભદ્રાવતી નામના પ્રસિદ્ધ શહેરમાંના રાયણુ પ્રસાદ વકીલ રહેતા હતા તેઓની સ્ત્રીનુ નામ લક્ષ્મી હતુ તેઓને તારા નામની એકજ કન્યા હતી એકની એક કન્યા હોવાથી તે માત[illegible] બહુ લાડ હતી જ્યારે તે [illegible]ગ્ય થઈ ત્યારે માતા પિતાએ [illegible]જના બીહારી લાલ ના[illegible] લાક ગ્રેજ્યુએટની સાથે તેના લગ્ન[illegible]પ્યા બિહારીલાલે એમ.એ.ની પરીક્ષા [illegible] કરી હતી અને હવે તે એલ. એલ બીની તૈયારી કરતો હતો. નારાયણુ પ્રસાદે જ માઇ ને પોતાના ઘરમાંજ રાખી લીધો તેઓ ભદ્રાવતીનો પહેલા ન બરના વકીલ ગણાતા હતા. તેણે વિચાર કર્યો કે જો જમાઇ ઘરમાંજ રહેશેતો આ બુઢાપામાં કન્યાનો વિયોગ સહન નહિ કરવો પડે. થોડા વખત પછી બીહારીલાલે પણ પરિક્ષા પાસ કરી અને ભદ્રાવતીમાંજ વકીલાત કરવી શરૂ કરી. નારાયણુપ્રસાદે પોતાના જમાઇને આગળ પાડવામાં દરેક રીતે મદદ કરી.થોડા ઘણા દિવસોમા નારાયણુ પ્રસાદની વકીલાતનું તમામ કામ બિહારીલાલ કરવા લાગ્યો. તેણે થોડાજ સમયમાં નામ અને દોલત મનમાનતી પેદા કરી લીધી. હવે ભદ્રાવતીમાં બિહારીલાલ નામી વકીલ ગણાવા લાગ્યો

ક્યા માતા પિતાને પોતાની પુત્રી અને જમાઇનું સુખ જોઇને આનંદ નહિ થાય ! નારાયણુપ્રસાદ અને તેની સ્ત્રી એવું જોઇને વધારે આનંદ પતાં હતો કે બિહારીલાલ અને તારાદેવી એક બીજાને અત્યંત પ્રેમથી ચાહે છે. ખરેખર બિહારીલાલ પોતાની સ્ત્રીના અનેક ગુણો જોઇને તેના પ્રેમ પાસમાં બંધાઇ ગયો હતો.

હવે નારાયણુપ્રસાદ અને તેની સ્ત્રીના એહિક સુખ આનંદમાં માત્ર એક વાતની ખામી હતી તેઓના મનમાં ચિન્તા થતી હતી કે તારાના પુત્રનું મોઢું ક્યારે દેખીએ ! ઇશ્વરની કૃપાથી તેઓને તે ઇચ્છા પણ સફળ થઈ ગઇ. તારાને પુત્ર આવ્યો તેનું નામ રામચંદ્ર પાડવામાં આવ્યુ બુઢા નારાયણુપ્રસાદ અને બુઢી લક્ષ્મી દેવીએ વિચાર્યું કે હવે અમારા જીવનની સાથે તમના થન. તે બંન્ને તારાના પુત્રને સાક્ષાત રામચંદ્રજી માનીને બહુ પ્યાર કરવા લાગ્યા.

અહી તો બધુ બરાબર છે, પણુ ત્યાં બિહારીલાલ શું કરે છે તે જોઇએ.તેણે ધીરે ધીરે પોતાના સુખી કુટુંબમાં વિષ વૃક્ષના બીજ વાવવા શરૂ કર્યા પોતે શરાબી થઇ ગયો હતો અને બીચારી નિર્દોષ તારાને પણ શરાબી બનાવવાનો યત્ન કરી રહ્યો હતો !

ભદ્રાવતીના તમામ વકીલોની એક 'યુનિયન ક્લબ' હતી ત્યાં વકીલો ભેગા મળીને પોતાના વિચારો જાહેર કરતા હતા આ ક્લબમાંજ અમારા તરણુ વકીલ બિહારીલાલે, પહેલવહેલી શરાબ પીવાની દિક્ષા લિધી હતી તેઓને એમ લાગવા માંડયુ કે એકલા શરાબ પીવામાં કાંઇ મજા જનકી, કાંઇ આનંદ નહી,જે મોજશોખમાં

પોતાની સ્ત્રી શામેલ ન હોય તે સુખ શું કામનું ? સ્ત્રીને પતિની તમામ વાતોમાં સાથ દેવો જોઇએ ? એક દિવસ શરાબની બોટલ ઘરમાં લાવી રાખી, અને પોતે આરામ ખુર્શી પર પડે પડે એક અંગ્રેજી ચોપડી વાંચવા લાગ્યો. જ્યારે તારા દેવી તે ઓરડામાં આવી ત્યારે પોતે વાંચવામાં એવો નિમગ્ન થઇ ગયો કે જાણે તેણે તારાને દીઠીજ નથી. તારા થોડી વાર સુધી ચુપચાપ ઉભી રહી છેવટે ધીરજ ન રહેવાથી તે બોલી આ ચોપડીમાં એવું તે શું ભર્યું છે ? કાંઇ [illegible] પણ જાણું તો ખરી ! બિહારીલાલ તો એટલુંજ માગતો હતો. આરામખુરશી પરથી ઉઠીને પલંગપર બેઠા તારાને પણ પોતાની પાસે બેસાડી, અને પુસ્તકની વાતો બહુ મોહ કરી તે સંભળાવા લાગ્યો. ને પુસ્તકમાં એક પ્રસંગપર, એક પાત્રને મોઢેથી મદિરાની પ્રશંસા કરાવવામાં આવી હતી. લખ્યું હતું કે "હે શરાબ, તું આ પૃથ્વીનું અમૃત છે! જનની છે! ચિત્ત મોહિની છે! શ્રમવિનાશી ની છે! તારી કૃપાથી ચિંતા, ભય, શોક અને મોહ વિગેરે દૂર ભાગી જાય છે હે દેવી, તું મનુષ્યમાં નવશક્તિ નિરમાન કરે છે. તારો પ્રભાવ જબરો છે!"

બસ, આ વિષય લઇને વકીલ સાહેબે પોતાની વક્તૃતા આરંભ કરી દિધી. સ્ત્રીએ તો સ્વભાવ છે કે તે પોતાના પતિનીસમાન વિશ્વાસ પાત્ર મિત્ર કોઇ બીજાને નથી સમજતી તે પ્રમાણે જે સ્ત્રીઓ પોતાના પ્રેમ અને વિશ્વાસના કારણથી પતિને આધિન રહે છે તેઓને પોતાની પંડિતાઇના જોર પર ઠગવી, તે પતિને માટે ઘોર પાપ સમજવામાં આવે છે; પણ આ વખતે બિહારીલાલના શિરપર મદિરાનો ભુત ચડેલો હતો તેણે વિકાશ, સિધ્ધાન્ત, મનોવિજ્ઞાન. વૈદક, ઇતિહાસ, કાવ્ય વિગેરે અને કવિયોની ચર્ચા કરીને પોતાના જ્ઞાનનો વક્તૃતા અને યુક્તિનો દુરોપયોગ કર્યો, તથા પોતાની સ્ત્રીના નિર્મળ, શુધ્ધ, નિષ્કપટ અને ભોળા મન પર મદિરાએ પોતાની અસર બેસાડી દિધી. તે રાતના બંનેજ

શે શરાબ ઉડાવી. તે રાતના બિહારીલાલે પોતાની સ્ત્રી-ધર્મપત્નિની સાથે મદિરા વિહાર કરીને પોતાનું જીવન સફલ માન્યું ? પણ, ખરી રીતે. તે રાતના. તે શિક્ષિત મૂર્ખે પોતાનું તથા પોતાની પ્રિય સ્ત્રીનું અને તેના વૃદ્ધ માતા પિતાનું તે અજ્ઞાન બાલક રામચંદ્રના જીવનનું પણ સત્યાનાશ કરી નાખ્યું હતું. !

શરૂઆતમાં તો આ વાત કોઇના ધ્યાનમાં ન આવી, પણ બે ચાર મહીનાની અંદર બીચારી તારા પુરી શરાબી બની ગઈ. તેની કોમલ પ્રકૃતિ પર મદિરા રૂપ પિશાચે પુરો અપલ જ[illegible], તે શરાબને આધિન થઇ ગઇ તેના થી હવે [illegible] વિયોગ એક ક્ષણ પણ નહોતો સહી સકાતો [illegible] નિશામાં મસ્ત રહ્યા કરતી હતી આ [illegible] ડોશીઓ વૃદ્ધનારાયણ પ્રસાદની નિંદા કર[illegible] થી બુઢા માતા પિતાએ પોતાની પુત્રીના કલ્યાણને માટે તેને સાથે લઇ કાશીમાં રહેવા ચાલ્યા ગયા, પણ શરાબે તારાનો પીછો ત્યાં પણ ન મેલ્યો. જો કોઇ વખતે તેને શરાબ ન મળતો તો તે દિવાની જેવી થઇ જતી. એક દિવસે એવી અવસ્થામા તે ઘરમાંથી બહાર નિકળી ગઇ અને કોણ જાણે કયાં ચાલી ગઇ તેની પેહલાં તેણે એક પત્ર પોતાના પતિને મોકલી આપ્યો તારાની શોધ આખા કાશી શહેરમાં કરવામાં આવી; પણ કયાંય પત્તો ન મળ્યો. વૃધ્ધ માતા લક્ષ્મી દેવીએ પુત્રી ન મળવાથી તેના વિયોગમાં પોતાના પ્રાણ તજી દિધા

જે દિવસે બિહારીલાલને પોતાની પ્રાણ પ્યારી તારાનો પત્ર મળ્યો તેજ વખતથી તેણે શરાબ પીવા છોડી દિધો. તે પત્રમાં કાંઇ એવાજ પ્રેમનો જાદુ હતો જો કે બિહારીલાલે પોતાની મુર્ખતાથી તારાનો નાશ કર્યો હતો, તો પણ તેના નિર્મલ હૃદયમાં પોતાના પતિ તરફ નિષ્કપટ પ્રેમ ભાવ જેવોને તેવોજ રહેલો હતો. જુઓ, તે પત્રમાં શું લખ્યું હતુંઃ—

"પ્રાણપ્રિય—માત્ર પ્રાણની સમાન નહીં, પણ પ્રાણથી એ વધારે પ્યારા—પતિ દેવના પવિત્ર ચરણોમાં સષ્ટાંગ પ્રણામ કરીને આ આપની દાસી નમ્રતાથી એક પ્રાર્થના કરે છે આ છેવટની પ્રાર્થના પર ધ્યાન આપજો આનો અનાદર કરશો નહીં. હું મને બહુ નશિબદાર સમજું છું અને પરમેશ્વરને ધન્યવાદ આપું છું કે આ વખતે પત્ર લખતે સમય—હું હોશમાં છું—બેહોશ નથી, તે ચાંડાલ મદિરાને આધિન નથી? હું તમને દોશ નથી આપતી આ મારાજ દુર્ભાગ્યની વાત કે તે દિવસે તે ભયાનક વિષરૂપ પુસ્તક તમારા હાથમા મે દીઠું! હું વિશ્વાસથી માનું છું કે તે દુષ્ટ પુસ્તકેજ તમારૂં અને મારૂં [illegible] દુષિત કર્યું. તમને શું ખબર [illegible]નાથ—પતિ! શરાબ કેવી હલકી [illegible]તા એમજ વિચાર્યું હતું [illegible] વતાવ્યા અમે બન્ને પતિના જીવન[illegible] ઉત્સાહ, અને બુદ્ધિ વિગેરેનો ઉચિત ઉપભોગ કરીને દુન્યાની સુખ અને વિનાશના પ્રાપ્ત કરવામા વધારે સામર્થ્યવાન બની શકશું એવા વિચારથીજ આપણું મને એ તેનો સ્વીકાર કર્યો હતા? પણ હું સ્ત્રી જાત—અબળા કેવળ અજ્ઞાની છું તે શરાબ ખાના ખરાબે તરત મને પોતાને આધિન કરી લીધી! હું જલ્દી તેના કઠોર પંજામા સપડાઇ ગઇ? એટલી પણ સારી વાત છે—અને હું વારંવાર પરમેશ્વરનો ઉપકાર માનું છું કે, હજી સુધી તમે મારી માફક આ રાક્ષસીના ફંદામા પુરી રીતે નથી ફસાણા હું હવે આને મરૂં મોઢું નહિ બતાવું આપના ચરણમા મારો કેટલો પ્રેમ છે તેનું વર્ણન પત્રમા નથી કરી શકતી જો મારી આવી દુર્દશા ન થાત, જો મારે બદલે તમારી ખરાબ હાલત થઇ જાત, જો કદી તમે શરાબના કારણથી નષ્ટ ભ્રષ્ટ થઇ જાત અને મને હેરાન કરતા મનાવત, તો પણ હું તમારા પગ કદી ન છોડત, પણ આ વખત તો હું આખા જગતને છોડવા તૈયાર થઇ ગઇ છું? અને હવે માત્ર બે કલાક બાકી છે તે પછી આ શરીર તમારી સેવા કરવા યોગ્ય નહીં રહે, તે ગંગાજીને અર્પણ કરવામાં આવશે? ધન્ય છે? ગંગા માતાની જય હો? તેજ હવે મારા આ અપવિત્ર દેહનો સ્વીકાર કરી શકે છે? તમારી સેવા બને કે ન બને, પણ મને આ વાતનો ભય છે કે જે પાપી ચરણ આજ સુધી મેં નથી કર્યું, જે અધર્મની વાત હમણાં સુધી મારા સ્વપ્નામાં પણ નથી આવી, તે અધર્મ અને તે પાપને માટે આ રાક્ષસી મદિરા મને પ્રવૃત્ત કરી દેશે. તે કેમ બનશે તે હું લખી નથી શકતી તમે જાણો છો કે માણસ એકવાર ભોજન [illegible]ર ચલાવી શકે છે, તેમ છતાં પણ જો તેને ભૂખ બહુ સતાવે છે તો તે અન્ન અન્ન કરીને ભૂખના દુખથી પીડાઇને મરી જશે, પણ તે નિતિ અને સન્માર્ગનો ત્યાગ કદાપિ નહીં કરે તેજ માણસ એક પ્યાલા શરાબને માટે કોણ જાણે શું નું શું કરી નાખશે! આ શરાબને પાપનો અફસોસ સમજી હજી સુધી મારાથી કોઇ ખરાબ કામ નથી થયું મારા માતપિતા અને તમે મને કોઇ બુરૂં કામ કરવા નહીં દિધો, પણ મને હવે મારો પોતાનો ભરોસો નથી રહ્યા, ભરોશો અને વિશ્વાસ રહે પણ કેવી રીતે? શું કોઇ માણસ પોતાના ઘરમા જીવતો ભૂત પિશાચ રાક્ષસ તે રાખીને કદી પણ સુખી થવાની આશા રાખે ખરો? આ નીચ શરાબ મારો પીછો નથી મેલતો જો એક ક્ષણ પણ શરાબ મળવામા વાર લગે છે તો મારા જાન નિકળી જાય છે એવી હાલતમાં આ સંસારમા રહેવા કરતા આત્મહત્યાનું પાપ મને વધારે ભયાનક નથી લાગતું. બસ, હવે મેં આત્મહત્યા કરીને—ગંગાજીના શાંત પ્રવાહમા ડુબીને મરવાનો નિશ્ચય કર્યો છે. હવે તે વખત નજીક આવ્યો છે હવે હું મારા હૃદયમાં તમારી મનોહર છબિ અને સુંદર મુર્તિનું ધ્યાન કરૂં છું. અને ગંગાજીને શરણ લઉં છું, મારી છેલ્લી અરજ એટલીજ છે કે, તમે તે રાક્ષસી મદિરાનો સંગ છોડી દેજો. કોઇ દિવસ પણ તેને અડશો નહીં, જો તે એકદમ છોડી દેશો તો છુટી

પોતાની સ્ત્રી શામેલ ન હોય તે સુખ શું કામનું ? સ્ત્રીને પતિની તમામ વાતોમાં સાથ દેવો જોઈએ ! એક દિવસ શરાબની બોટલ ઘરમાં લાવી રાખી, અને પોતે આરામ ખુર્શી પર પડે પડે એક અંગ્રેજી ચોપડી વાંચવા લાગ્યો. જ્યારે તારા દેવી તે ઓરડામાં આવી ત્યારે પોતે વાંચવામાં એવો નિમગ્ન થઈ ગયો કે જાણે તેણે તારાને દીઠીજ નથી. તારા થોડી વાર સુધી ચુપચાપ ઉભી રહી છેવટે ધીરજ ન રહેવાથી તે બોલી આ ચોપડીમાં એવું તે શું ભર્યું છે ? કાંઈ [illegible] પણ જાણું તો ખરી ! બિહારીલાલ તો એટલુંજ માગતો હતો. આરામખુરશી પરથી ઉઠીને પલંગપર બેઠો તારાને પણ પોતાની પાસે બેસાડી, અને પુસ્તકની વાતો બહુ મોહક કરી ને સંભળાવવા લાગ્યો. તે પુસ્તકમાં એક પ્રસંગપર, એક પાત્રને મોઢેથી મદિરાની પ્રશંશા કરાવવામાં આવી હતી. લખ્યું હતું કે "દેવરાજ, તું આ પૃથ્વીનું અમૃત છે ! જનની છે ! ચિત્ત મોદિની છે ' શ્રમવિનાશીની છો ! તારી કૃપાથી ચિંતા, ભય, શોક અને મોહ વિગેરે દુર ભાગી જાય છે હે દેવી, તું મનુષ્યમાંનવશક્તિ નિરમાન કરે છે. તારો પ્રભાવ અમરો છે !"

બસ, આ વિષય લઈને વકીલ સાહેબે પોતાની વકતૃતા આરંભ કરી દિધી. સ્ત્રીઓનો સ્વભાવ છે કે તે પોતાના પતિનીસમાન વિશ્વાસ પાત્ર મિત્ર કોઈ બીજાને નથી સમજતી તે પ્રમાણે જે સ્ત્રીઓ પોતાના પ્રેમ અને વિશ્વાસના કારણથી પતિને આધિન રહે છે તેઓને પોતાની પતિવ્રતાના જોર પર ઠગવી, તે પતિને માટે ઘોર પાપ સમજવામાં આવે છે; પણ આ વખતે બિહારીલાલના શિરપર મદિરાનો ખુન ચડેલો હતો તેણે વિદ્યા, સિધ્ધાન્ત, મનોવિજ્ઞાન, વૈદક, ઇતિહાસ, કાવ્ય વિગેરે અને કવિઓની ચર્ચા કરીને પોતાના જ્ઞાનનો વકતૃતા અને બુદ્ધિનો દુરોપયોગ કર્યો, તથા પોતાની સ્ત્રીના નિર્મળ, શુધ્ધ, નિષ્કપટ અને ભોળા મન પર મદિરાએ પોતાની અસર બેસાડી દિધી. તે રાતના અનેક એ શરાબ ઉડાવી, તે રાતના બિહારીલાલે પોતાની સ્ત્રી-ધર્મપત્નિની સાથે મદિરા વિહાર કરીને પોતાનું જીવન સફલ માન્યું ? પણ, ખરી રીતે, તે રાતના, તે શિક્ષિત મૂર્ખે પોતાનું તથા પોતાની પ્રિય સ્ત્રીનું અને તેના વૃદ્ધ માતા પિતાનું તે અજ્ઞાન બાલક રામચંદ્રના જીવનનું પણ સત્યાનાશ કરી નાખ્યું હતું. ।

શરૂઆતમાં તો આ વાત કોઈના ધ્યાનમાં ન આવી, પણ બે ચાર મહીનાની અંદર બીચારી તારા પુરી શરાબી બની ગઈ. તેની કોમલ પ્રકૃતિ પર મદિરા રૂપ વિષાગ્ને પુરો અમલ જ[illegible]. તે શરાબને આધિન થઈ. ગઈ તેના થી હવે [illegible] વિયોગ એક ક્ષણ પણ નહોતો સહી સકાતો [illegible]ત નિશામાં મસ્ત રહ્યા કરતી હતી આ [illegible]ડોશીઓ વૃદ્ધનારાયણ પ્રસાદની નિંદા કર[illegible]ગ્યા જેથી બુઢા માતા પિતાએ પોતાની પુત્રીના કલ્યાણને માટે તેને સાથે લઈ કાશીમાં રહેવા ચાલ્યા ગયા, પણ શરાબે તારાનો પીછો ત્યાં પણ ન મેલ્યો. જો કોઈ વખતે તેને શરાબ ન મળતો તો તે દિવાની જેવી થઈ જતી. એક દિવસે એવી અવસ્થામાં તે ઘરમાંથી બહાર નિકળી ગઈ અને કોણ જાણે ક્યાં ચાલી ગઈ તેની પેહલાં તેણે એક પત્ર પોતાના પતિને મોકલી આપ્યો તારાની શોધ આખા કાશી શહેરમાં કરવામાં આવી; પણ ક્યાંય પત્તો ન મળ્યો. વૃધ્ધ માતા લક્ષ્મી દેવીએ પુત્રી ન મળવાથી તેના વિયોગમાં પોતાના પ્રાણ તજી દિધા

જે દિવસે બિહારીલાલને પોતાની પ્રાણ પ્યારી તારાનો પત્ર મળ્યો તેજ વખતથી તેણે શરાબ પીવા છોડી દિધો. તે પત્રમાં કાંઇ એવાજ પ્રેમનો જાદુ હતો જો કે બિહારીલાલે પોતાની મુર્ખતાથી તારાનો નાશ કર્યો હતો, તો પણ તેના નિર્મલ હૃદયમાં પોતાના પતિ તરફ નિષ્કપટ પ્રેમ ભાવ જેવોને તેવોજ રહેલો હતો. જુઓ, તે પત્રમાં શું લખ્યું હતુંઃ—

“ પ્રાણપ્રિય—માત્ર પ્રાણની સમાન નહીં, પણ પ્રાણથી એ વધારે પ્યારા—પતિ દેવના પવિત્ર ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરિને આ આપની દાસી નમ્રતાથી એક પ્રાર્થના કરે છે આ છેવટની પ્રાર્થના પર ધ્યાન આપજો. આનો અનાદર કરશો નહીં. હું મને બહુ નશિબદાર સમજું છું અને પરમેશ્વરને ધન્યવાદ આપું છું કે આ વખતે પત્ર લખતે સમય—હું હોશમાં છું—બેહોશ નથી, તે ચાંડાલ મદિરાને આધિન નથી ? હું તમને દોષ નથી આપતી. આ મારાજ દુર્ભાગ્યની વાત કે તે દિવસે તે ભયાનક વિષરૂપ પુસ્તક તમારા હાથમાં મેં દીધું ! હું વિશ્વાસથી માનુ છું કે તે દુષ્ટ પુસ્તકેજ તમારૂં અને મારૂં [illegible] દુષિત કર્યું. તમને શું [illegible] નીચ-પાપી શરાબ કેવી હલકી [illegible] એમજ વિચાર્યું હતું [illegible] બતાવ્યા અમે બને પોતાના જીવન[illegible] ઉત્સાહ, અને બુદ્ધિ વિગેરેનો ઉચિત ઉપભોગ કરીને દુન્યાવીસુખ અને વિનાશના પ્રાપ્ત કરવામાં વધારે સામર્થ્યવાન બની શકશું એવા વિચારથીજ આપણ બંને એ તેનો સ્વીકાર કર્યો હતો ? પણ હું સ્ત્રી જાત—અબલા કેવલ અજ્ઞાની છું તે શરાબ ખાના ખરાબે તરત મન પોતાને આધિન કરી લીધી ! હું જલ્દી તેના કહેર પંજામાં સપડાઈ ગઈ ? એટલી પણ સારી વાત છે—અને હું વાર વાર પરમેશ્વરનો ઉપકાર માનુ છું કે, હજી સુધી તમે મારી માફક આ રાક્ષસીના ફંદામા પુરી રીતે નથી ફસાણા. હું હવે આપને મારૂં મોઢું નહિ બતાવું આપના ચર્ણમા મારો કેટલો પ્રેમ છે તેનુ વર્ણન પત્રમા નથી કરી શકતી. જો મારી આવી દુર્દશા ન થાત, જો મારે બદલે તમારી ખરાબ હાલત થઈ જાત, જો કદી તમે શરાબના કારણથી નષ્ટ ભ્રષ્ટ થઈ જાત અને મને હેરાન કરતા સતાવત, તો પણ હું તમારા પગ કદી ન છોડત, પણ આ વખત તો હુ આખા જગતને છોડવા તૈયાર થઈ ગઈ છું ? અને હવે માત્ર બે કલાક બાકી છે તે પછી આ શરીર તમારી સેવા કરવા યોગ્ય નહીં રહે; તે ગંગાજીને અર્પણ કરવામાં આવશે ? ધન્ય છે ? ગંગા માતાની જય હો ! તેજ હવે મારા આ અપવિત્ર દેહનો સ્વીકાર કરી શકે છે ? તમારી સેવા બને કે ન બને; પણ મને આ વાતનો ભય છે કે જે પાપી ચરણ આજ સુધી મેં નથી કર્યું, જે અધર્મની વાત હમણાં સુધી મારા સ્વપ્નામાં પણ નથી આવી, તે અધર્મ અને તે પાપને માટે આ રાક્ષસી મદિરા મને પ્રવૃત કરી દેશે. તે કેમ બનશે તે હું લખી નથી શકતી. તમે જાણો છો કે માણસ એકવાર ભોજન [illegible]ર ચલાવી શકે છે, તેમ છતા પણ જો તેને ભૂખ બહુ સતાવે છે તો તે અન્ન અન્ન કરીને ભૂખના દુખથી પીડાઈને મરી જાશે, પણ તે નિતિ અને સન્માર્ગનો ત્યાગ કદાપિ નહી કરે. તેજ માણસ એક પ્યાલા શરાબને માટે કોણ જાણે શું નું શું કરી નાંખશે ! આ શરાબને પાપનો અંકોશ સમજી હજી સુધી મારાથી કોઈ ખરાબ કામ નથી થયુ મારા માતપિતા અને તમે મને કોઈ બુરૂ કામ કરવા નહીં દિધો, પણ મને હવે મારો પોતાનો ભરોસો નથી રહ્યો, ભરોસો અને વિશ્વાસ રહે પણ કેવી રીતે ? શું કોઈ માણસ પોતાના ઘરમા જીવનો ભૂત પિશાચ-રાક્ષસ-ને રાખીને કદી પણ સુખી થવાની આશા રાખે ખરો? આ નીચ શરાબ મારો પીછો નથી મેલતો જો એક ક્ષણ પણ શરાબ મળવામા વાર લગે છે તો મારા જાન નિકળી જાય છે. એવી હાલતમાં આ સંસારમા રહેવા કરતા આત્મહત્યાનું પાપ મને વધારે ભયાનક નથી લાગતુ. બસ, હવે મેં આત્મહત્યા કરીને—ગંગાજીના શાંત પ્રવાહમાં ડુબીને મરવાનો નિશ્ચય કર્યો છે. હવે તે વખત નજીક આવ્યો છે. હવે હું મારા હૃદયમાં તમારી મનોહર છબિ અને સુંદર મુર્તિનું ધ્યાન કરૂં છું. અને ગંગાજીને શરણ લઉં છું, મારી છેલ્લી અરજ એટલીજ છે કે, તમે તે રાક્ષસી મદિરાનો સંગ છોડી દેજો. કોઈ દિવસ પણ તેને અડશો નહીં. જો તે એકદમ છોડી દેશો તો ઈશ્વ

જશે, નહીં તો તેની આદત કદી પણ છુટવાની નથી. આ માહા માયાની સાથે પ્રિય.રા મનુષ્યનો નિશ્ચય વ્યર્થ છે! આજ નહિં તો કાલ, કાલ નહિં તો ત્રીજે દિવસે, ક્યારે ને ક્યારે, તે તમને પોતાનો દાસ ગુલામ બનાવીને નષ્ટ કરી નાંખશે. હું વારંવાર હાથ જોડીને અને નમ્રતાપૂર્વક આટલીજ વિનંતી કરૂં છું કે, આ વાતનું હમેશાં ધ્યાન રાખજો કે, તમારી પ્યારી તારા આત્મહત્યા કરવાને શા માટે તૈયાર થઇ, તમારા માતાપિતા સમાન સાસુ–સસરોની આવી બુરી હાલત કેમ થઇ, તમારો એકનો એક વ્હાલો પુત્ર કેમ અનાથ થઇ ગયો અને તમારા સુખી કુટુંબનો નાશ શા માટે થઇ ગયો? જો આ બધી વાતોની તરફ તમારૂં હમેશાં ધ્યાન રહેશે તો શરાબ પીવાની તમારી ટેવ જરૂર જતી રહેશે તેમ છતાં પણ જો તમારી આદત ન છુટે તો તમે પણ મારી પછવાડે ગંગાજીમાં ડુબી મરજો. શરાબી બનીને આ સંસારમાં રહેવા જીવવા કરતાં ગંગાજીમાં ડુબી મરવું વધારે સારૂં છે! વધારે શું લખું! જો તમે બીજી વખત લગ્ન કરો તોપણ મારૂં સ્મરણ રાખજો. મારી યાદ આવતાંજ શરાબના પ્યાલામાં પડતા બચશો, બસ, હવે બહુ થયું. તમારા ચરણોનું ધ્યાન કરીને ગંગાજીને કિનારે જાઉં છું.

તમારી પ્રિય દાસી તારા.

આ પત્ર બિહારીલાલ ને મળ્યો વાંચતાં વાંચતાં તે બેહોશ થઇ ગયો તે વખતે તેના મનમાં શું થયું હશે તે તેજ જાણે! સાવધ થયા પછી તેણે પોતાના સસરાને નીચે મુજબ તારથી ખબર આપી (how is tara? take care start to night (તારાની દશા કેવી છે તેની સંભાળ રાખો, હું રાતના અહીંથી રવાને થાઉં છું) તે પછી તેણે શરાબના શીશા, ગલાસ વિગેરે સર્વને બહાર નાંખી દીધાં અને કાશી જવાને માટે તૈયાર થયો એટલામાં કાશીથી તાર આવ્યો કે "All done up dont come" (સત્યાનાશ થઇ ગયું, ન આવો, આ ખબર મળતાંજ બિહારીલાલ બે શુધ્ધ થ. ઇ પડી ગયો. નોકરો એ તેને ઉપાડીને પલંગ પર સુવાડયો સવારના ઉઠતાંજ તારા' તારા, કરીને રોવા લાગ્યો! ઘણા દીવસો સુધી તે કોર્ટમાં પણ ન ગયો. શરાબ! હાય, હવે તેનું નામ સાંભળતાં જ તેનું બદન કાપવા લાગતું હતું!

વૃદ્ધ નારાયણ પ્રસાદ તારાના પુત્ર ને સાથે લઇ ને મકાન પર આવ્યા, અને ત્યારેજ બીહારીલાલને ખબર પડી કે,વૃદ્ધ સાસુ પણ સંસાર છોડી ને [illegible] ગઇ છે. નારાયણ પ્રસાદે બચ્ચાં ને બીહારીલાલ ને [illegible] ને પોતે પાછા કાશી ચા લ્યા ગયા ત્યાં જઇને તેમણે [illegible] સંન્યાસ ધારણ કર્યો તે પછી તેઓનું શું થયું [illegible] કાંઇ પણ સમાચાર કોઇને મલ્યા નહી.

બાળક રામચંદ્રની વય આ વખતે બે અઢી વર્ષની હતી તેની અનાથ દશા જોઇને બી. હારીલાલ બહુ દુઃખી થતો હતો બાળક હમેશાં બાપની પાસેજ રહેતો હતો. શું હવે કોઇ કદી શકશે કે બીહારીલાલ કદી પણ શરાબને અડશે!

તે ગરારની બારીમાંથી માકુનો ગુસ્સાથી ધ્રુજતો અવાજ બહાર પડ્યો. તે જોરથી જમશેદના દીલ ઉપર થું થ્યો. ને એક બરાડ મારી "અરે નાપાક બહમન બહેરામ, તારા ભેજામાંની રાઇ જરા ઓછીકર, તુને મને જોઇ ઘણી મુંધ લાગતી દેખુ ! કોણ જાણે કે મારા જેવા દહાડાના દંડાયલાને તારા જેવા નસીબ દેવીના લાડકાને એક દહાડો પગે પડવાનું નહિ હોય ? કોણ જાણેછ કે મારા જેવા મુફલીસ કામ, તારા જેવા પરહેજગાર જનોને નહિ પડતું હોય ? ચુપ કર તારી જબાન મને મારા આ ઝઝરતા જખમને તારી આવી તાણા જાગુંની વહેતો ના કર, એક વખત આ દરવાજો ખુલ્લો કર ને આવી જાઓ તમો નામરદ હીચકારાઓ મારા સામે, કે આ મારી કુરતની બાજુ બળથી તમોને હું કેમ સાડીશ છું તે જુઓ !" તેણે એક ગર્જના કરી, ત્યાંની હવાને ધમધમાવી મેલી.

ખરેખર તેના બોલવામાં પણ કંઇક હવે વજુદ હતુ "પડયા પર પાટુ" મારનારાઓ તરફ ખ્રિસ્ચનજ આપણે ધિક્કારથી જોઇશુ. એક પાંજરામાં પુરેલાં વાઘને જરા જરાવાર ભાલાની અણીઓથી હેરાન કરવામાં મરદાનગી નથી એમ કોણ નહિ કહેશે ? ધાનલ થઇ જમાનપર પડી બરાડા મારતી સિંહણ તરફ. એક ગોળી છોડવી, એમાં તે શી બહાદુરી [illegible] બહમન બહેરામે એક કંગાળ ને વીના સબબે છછેડી, પોતાની સજનાંઓને હસાવાની એક કોશેશ કરી, જે કાંઇક હદે ફોકટ ગઇ. અને "નકામા હો જુસ્સા" તેમ એક કંગાળ કેદીથી અદ જલદ જેવાને અપમાન મળ્યુ.

બનરીદ બહમન બહેરામની બાપડીને આ કીસમની તાણાજાણી પસંદ પડિ નહિ, પોતાના વરના હાથ ધરી માકુ આગળથી તેને ખેંચી જાય, તે પહેલા, અભાગ્યા માકુ સુથારના આંગળાંઓ જેઓ તે લોખંડી ગરારને એક ચીવટાઇથી પકડી રહ્યા. હતાં તે ઉપર જેલરના હાથમાની ભેંડાની લાકડીનો એક ફટકો જઇ પડ્યો. જેનો અસહ્ય ચમચમાટ, માકુએ એકપણ દુઃખ

•

ની ચીચ્યારી વગર સહન કર્યો. ફરીયાદ કરવા માં, ગાળ દેવામાં, કે દુઃખથી વળખાઇ ચીચ્યારી પાડવામાં તે પોતાના સ્વમાનને ધોકો પુગે એમ માનવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

કીરેસ્તાઇ પ્યારની અસર.

"શું જો જમશેદ—ચાલતા બલદને પરાણી ભોંચ્યા જેવું તમે કીધું ! મુગો મુગો ગગડેલો હતો તેને વગર કારણે તમે છેડી મેલ્યા. જનાબ મને તો બીહક લાગે છે. સુવા દેવ દેવ જેઓમાં રાત દીવસ વસવાનું તેથી તેઓ સાથ ધાક જોડે પ્યારથી જોઇએ. વહાલા તમારી જોખમદારી વિષેનો ખ્યાલ મને આજે બરાબર થાય છે" જમશેદની હેબતી ગયલી ધણીઆણીએ પોતાના ધણીને નરમ ઠપકો આપતા કહયું.

"નહિ નહિ આલુ, હું જાણતી નથી. તમે બૈરાંઓ એમ હેબતી સેમતી જાવો નહિ તો બૈરાં ઓજ કેમ કહેવાવો ? અહિં તો "માર ફાર વડો દાતાર" વાલી વાત કરીએ છે. લાત મુકી એ કામ લઈએ ત્યારે એવા આમીઆ બેરુનાલ જેવા ઓ તાબે થાય" જમશેદ બહમન બહેરામે પોતાનો અનુભવ જણાવ્યો.

"આલાંમાય જો ગુસ્સો ના કરતાં પણ ખર પુછાવો તો તમારાં મીતલ ખુટી ઉપર ઓલવાને ફેરવા જેવી વાત છે. તમારા ધણીના જીવના અહિ કેટલા બધા તરસ્યા હશે? પણ નદિઓન માકાવંડ, જમશેદ જો તમો મારું નાહાનવું કહ્યું માનો તો ખરેખર અહિં, કેદીઓ તરફ ધાક સાથ પ્યારની ઘણી જરૂર છે." બચાંના અસરાવલા વર કૂરતમે પોતાના સાહદને શીખામણ દાધી.

સહેજ ખસીઆણા ચેહેરા સાથ જમશેદ તેઓને જેલના બીજા ભાગ તરફ લઇ ગયો જ્યાં ઉંધી મુંડીએ કેદીઓ સફેદ પહેરણ સાથ, સફેદ, લાલ, કે લીલી ટોપીઓમાં ખોરીઆં, તે સેતરંજી વણવાના કામમાં પોતાના વૉરડરોની સરદારી હેઠળ ગુંતાયલા હતા. એક પણ બોલ બોલ્યા વગર, પોતાના જેલરને તેઓએ સલામ કરી, ને તુરત કામ ઉપર મંડયા. તેઓને બનાવી આપેલી એક એક લાંબી ખાટલીઓ, જે દરેક ઉપર એક સફાઇદાર, ધાબલી ને પતલો તકીયો હતો તે જોઈ ત્યાં આવેલી બાનુઓ અજબ થઇ.

"મરેરે, આપરે જાંણે કે, જેલમાં તો મુવું બધું અંધારું ગપટ, વાસ ઘણું મારવું ને મેલું ઘેલું હશે, પણ નહિં, અહિં તો તેનાં કરતાં કાંઇ જુદુંજ છે. કહેછ કે, કોઈ કોઇ મવાલીઓને તો જેલની એવી મોહીતી લાગેછ કે, કેદખાનું તેઓનું એક સુખી ઘર બારજ થઈ પડે છે, ને અવારનવાર કઇ કઇ બહાણે મુલાકાત લેવા કરેછ તોપણ મને પેલા વિકાળ કેદી સિવાય આ બિચારાઓની દયા લાગે છ." રતાં બચાં લગભગ સાથે બોલી ઉઠયાં.

તેઓએ આગળ જઇ સ્ત્રીઓનો વિભાગ જોયો જ્યાં પોતાની જનનીઓને વહીગું કરતી જોઇ તે અભાગણીઓ માટે આલાંનું જીગર જગી ગયું. કેટલીક નાજુક બાંધાની સ્ત્રીઓને આ હમગ ખ્ત ધામમાં જોઇ આલાની આંખો અવાર નવાર ભીંજવા લાગી. એટલે તેઓની કંપનીએ હવે બહાર નીકળી જવાની તૈયારી કરવા માંડી.

જ્યારે તેઓ સૂર્યના સખત તાપમાં બધેબધ ફરી ફરી સઘળું તપાસતાં, ટીકાઓ કરતાં, દયા ખાતાં હસતાં, અને કોઇવાર તેઓના દુઃખથી જળતાં તેજ વખતે માકુ સુથાર શું કરતો હતો તે જોઇએ.

ખરોડાના જેલર ને જેલની ઘણું નજીક રહેવાને એક વિશાળ બંગલો હતો. જમશેદ બહમન બેહરામ સાથ તેના બંગલામાં ફક્ત તેની સ્ત્રી અને અતિ ચ્હેરે નમુન નાની બેટી ગુલ

મોહર તથા તેના નોકર ચાકરો હતા. ગુલમોહર પોતાના નામ જેવીજ સર્વને પ્રીય હતી તે કોઇવાર પોતાના બાપ સાથે કેદીઓમાં ફરતી જો કે તે કાંઇક હદે કાયદા વિરૂદ્ધ હતું, તો પણ બાપની પાંખડી વળગી જ્યારે તે મોટાં અંધ્યાર પી જરો જેની અંદર મુગે મોઢે કાંઇ પણ બડબડાટ વગર કામ કરતા, વખતને આધીન થયલા. નસીબને તાબે થયલા કેદીઓ વહીનું કરતા જોઇ, તેનું ઘણું નાજુક જીગર જાગતુ. તે સઘળું જોઇ જાણી—તેનો બાપ આવા ધામમા પોતાના નિર્દોષ બાળકને વારંવાર લાવી, કેદીઓની હાજરીથી તે કુમળાં જીગર ઉપર, નફરાઇનો છાપ બેસાડવા જેટલો મુરખ તો નહિજ હતો. તોપણ ઘણીજ થોડી વખત જોયા પછી કેટલાક કેદીઓ "જેલર સાહેબની દીકરી" ને પીછાનતા તથા દીલથી તે નાના શીરેસ્તાને ચાહતા, પણ પોતાનો ચાહ એકાદ રમકડું આપી કે મીઠાઇ આપી દેખાડવાને તેઓને સમય હતો નહિ—ના—તેઓને તેવાં સાધણો હતાંજ નહિ—તેઓની મગદુર કે તાકાત હતીજ નહિ.

ગુલમોહર પોતાની મોટી પપરકા જેવી આંખો ખોલી ઘણોજ દયામણો ચહેરો કરી જોતી, અને સારી ચાલના છુટા મુકેલા કેદીઓનો હાથ લઇ, માયાથી દાબતી.

હાલમાં તેણીએ પોતાના માતાપીતાને મળવા, જેલમાં આવવા માંગવાથી મોટા જબરદસ્ત દરવાજે ખોલી "ભીગી બાબા" ને પહેરેગીર એક મીલીટરી સલામ કરી, અંદર લીધા. જ્યા સત્તા હોય છે ત્યાં અવારનવાર કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે અને જો કોઇ દેશી રાજ્યમાં તેમ કોઇવાર થાય તો તેમાં કાંઇ ખાસ અજબ થવા જેવું નથી. તેણીનાં પગલાં કોઇ પણ રીતે માકુ સુથાર વાલી આરડી તરફજ લબાયા.

જેલમાં આવેલી ગુલમોહર નાચતી કુદતી, ગુલાબી ગાલો ને દોડધામથી વધુ રતાસવાલા બનાવતી, બરાબર માકુની ઓરડીની સામે આવી ઉભી. તે બુલકુ જેનો દેખાવ જોતાં ગમે એવો ફુંજરો પણ જરા હસે ને પ્યારથી તેને રમાડવા જાય. તો માકુ કે જે ખાએમ દીન સાથ બાળકોને અતિ શોકીન હતો તે ગમે એવા ગુસ્સા અને આગલાં ઉપર ગોળાની લાકડીથી પડેલા ફટકાથી દરદ છતાં ગુલમોહર તરફ જોઇ હસ્યા વગર રહ્યો નહિ. તેના પગલા કુદરતી રીતે આગળ વધવામાં અટકી ગયા. થોડીકવાર તેનો રદ્દ દેખાવ જોઇ રહી પોતાના અંગ જેવા મધુર હલકથી તેણી બોલી જ્યારે અતિ ગાઢા ઝીણા દનો દાડમની કળી મધુર દીસતા.

"તમે મિયાં! અહિં છેવો? તમારૂ નામ શું હો? બિચારાને તમુને અહિં કોણે ગાંધીઆ? હું મારા પપાને કહી તમુને છોડવું?" તેણીએ માયાથી ઉપરાઉપરી સવાલો નાખ્યા.

"મારા બચ્ચાં, તુ અહીંથી જા જલદીથી જા કોણુ જાણે કોણ બેવકુફોએ તને આવી ફગળ જગામા મોકલી છે. મને જોઇ તું બિહતી નહિ? કહે, મારા બુલબુલ. બીજાઓ માફક તું મને જોઇ ચોરીચારી કાંઇ નથી મારતી. કહે મારા નાના ફરેસ્તા તારૂ નામ શુ?"

"તમે મને નહિ ઓળખતા? અહિં કોઇ કોઇ કેદીઓને હું અવાર નવાર મળું છ, મારા પપા અહિં નજદીકજ બંગલામા રહે છ, મારૂ નામ ગુલમોહર જમશેદ બહમન બેહરામ."

"ઓ પેલા અભિમાની જમશેદની તું દીકરી? આ ખુદા કેટલુ રચાનું બાળક? બેવકુફ ગધેડાને આ જણું એક ડાહી ગાય! મારી દીકરી હું કહુછ કે તું અહિંથી જા." માકુનું સઘળુ બોલવું તેણી સમજવા પામી નહિ. તે ઠીકજ હતુ.

"પણ તમારૂં નામ મને કહો હું જરૂર તમુને છુટા કરશ."

"જીવતી રહેજે મારી દીકરી; જાણ કે મારૂં નામ માકુ સુથાર છે!"

ની ચીચ્યારી વગર સહન કર્યો. ફરીયાદ કરવામાં, ગાળ દેવામાં, કે દુઃખથી વળખાઇ ચીચ્યારી પાડવામાં તે પોતાના સ્વમાનને ધોકો પુગે એમ માનવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

ફીરેસ્તાઇ પ્યારની અસર.

"શું જો જમશેદ—ચાલતા બલદને પરાણી ભોંગ્યા જેવું તમે કીધું! મુંગો મુંગો ગગડેલો હતો તેને વગર કારણે તમે છેડી મેલ્યો. જાબાં મને તો બીહક લાગે છે. મુરા દેવ દેવ જેઓમાં રાત દીવસ વસવાનું તેથી તેઓ સાથ ધાક જોડે પ્યારથી જોઇએ. વહાલા તમારી જોખ મહારી વિષેનો ખ્યાલ મને આજે બરાબર થાય છે" જમશેદની હેબતી ગયલી ધણીઆણીએ પોતાના ધણીને નરમ ઠપકો આપતા કહયું.

"નહિ નહિ આલુ, તું જાણતી નથી. તમે બૈરાંઓ એમ હેબતી સેમતી જાવો નહિ તો બૈરાં ઓજ કેમ કહેવાવો? અહિંતો "માર ફાર વડો દાતાર" વાલી વાત કરીએ છે. લાતમુકી એ કામ લઇએ ત્યારે એવા આગીઆ બેહેતાલ જેવાઓ તાબે થાય" જમશેદ અદમન બહેરામે પોતાનો અનુભવ જણાવ્યો.

"આલાંમાય જો ગુસ્સો ના કરતાં પણ ખરપુંછાવો તો તમારાં ચીતલ ખુટી ઉપર ઓલવીને ફેરવા જેવી વાત છે. તમારા ધણીના જીવના અહિ કેટલા બધા તરસ્યા હશે? પણ નહિ એમ માઇ,વડ, જમશેદ જો તમો મારૂં નાહાનનું કહ્યું માનો તો ખરેખર અહિં, કેદીઓ તરફ ધાક સાથ પ્યારની ઘણી જરૂર છે." બચાંના અદરાયલા વરરૂતમે પોતાના સાહડુને શીખામણ દીધી.

સહેજ ખસીઆણા ચ્હેરા સાથ જમશેદ તેઓને જેલના બીજા ભાગ તરફ લઇ ગયો જ્યાં ઉધી મુંડીએ કેદીઓ સફેદ પહેરૂણ સાથ, સફેદ, લાલ, કે લીલી ટોપીઓમાં ભોરીઆં, ને સેતરંજી વણવાના કામમાં પોતાના વોરડરોની સરદારી હેઠળ ગુંતાવલા હતા. એક પણ બોલ બોલ્યા વગર, પોતાના જેલરને તે માગે સલામ કરી, ને તુરત કામ ઉપર મંડયા. તેઓને બનાવી આપેલી એક એક લાંબી ખાટલીઓ, જે દરેક ઉપર એક સફાઇદાર, ધાબલી ને પતલો તકીયો હતો તે જોઇ ત્યાં આવેલી બાનુઓ અજબ થઇ.

"મરેરે, આપરે જાણે કે, જેલમાં તો મુનું બધું અંધારૂં ગપટ, વાસ ઘણુ મારતું ને મેલું ઘેલું હશે, પણ નહિં, અહિં તો તેનાં કરતાં કાંઇ જુદુજ છે. કહેછ કે, કોઇ કોઇ મવાલીઓને તો જેલની એવી મોહીતી લાગેછ કે, કેદખાનું તેઓનું એક સુખી ઘર બારજ થઇ પડે છે, ને અવારનવાર કઇ કઇ બહાને મુલાકાત લેવા કરેછ તોપણ મને પેલા વિકાળ કેદી સિવાય આ બિચારાઓની દયા લાગે છ." રતાં બચાં લગભગ સાથે બોલી ઉઠયાં.

તેઓએ આગળ જઇ સ્ત્રીઓનો વિભાગ જોયો જ્યાં પોતાની જાનીનીઓને વહીગું કરતી જોઇ તે અભાગણીઓ માટે આલાંનું જીગર જગી ગયું. કેટલીક નાજુક બાંધાની સ્ત્રીઓને આ કમબખ્ત ધામમાં જોઇ આલાની આંખો અવારનવાર ભીંજાવા લાગી. એટલે તેઓની કંપનીએ હવે બહાર નીકળી જવાની તૈયારી કરવા માંડી:

જ્યારે તેઓ સૂર્યના સખત તાપમાં બધેબધ ફરી ફરી સઘલું તપાસતાં, ટીકાઓ કરતાં, દયા ખાતાં હસતાં, અને કોઇવાર તેઓના દુઃખથી જળતાં તેજ વખતે માકુ સુથાર શું કરતો હતો તે જોઇએ.

બરોડાના જેલર ને જેલની ઘણું નજદીક રહેવાને એક વિશાળ બંગલો હતો. જમશેદ બહમન બેહરામ સાથ તેના બંગલામાં ફકત તેની સ્ત્રી અને અતિ ચ્હેરે નમુન નાની બેટી ગુલ

"માકુ ? માકુ ? માકુજી સુથાર–માકુજી સુથાર, આય મારી બેગમાં ચોકલેટ છે. તે તમે ખાજો. તમે એક જરથોસ્તી છેવા કે ?" અને આટલું બોલી માકુ કાંઇ પણ જવાબ દે, તે પહેલાં પોતાના ગળામાં ઓરવેલાં ગ્રીન મખમલની બેગમાંથી તે ન્હુકલા હાથમાં સમાઇ શકય તેટલી ચોકલેટ કાઢી તેને જેમ તેમ ટીગાઇ સલીઆમાંથી ફેંકી.

"માકુજી તમારો હાથ મને શેકહેંડ કરવા આપો, જ્યારે હું બીજી વખત આવીશ ત્યારે તમારે માટે જરૂર નાતાલનું કેક લાવીશ. તમુને તે ગમશે કેની ?" અને તેનેથી બને તેમ ટીંગાઇને, પોતાનો મખમલી હાથ લાંબો કરી. માકુનો ખબરાયલો ગાલના ગુંછળાવાલો રાથોડી હાથ તેણે માથાથી દાબ્યો કે આબાદ તેજ વખતે જેલર જમશેદની નજર તે ઉપર પડી.

તેણે એક ઉકાયલા બુંડ માફક ત્યા દોડી જઇ, ગુલમોહરને એકદમ હાથમાં ઉંચકી લીધી ને કપાળ ઉપર આવેલાં વાલને ગુછલાંઓને ઉંચા કરતાં સહેજ ધમકીથી કહ્યું "યુ નૉટી ગર્લ કેમ તું અંદર આવી, મારા હુકમ વગર તુને અહિં કેણે લીધી ? ખબરદાર ફરીથી એમ કીધુ તો ? અહિં તું શું કરતી હતી !"

"પપા ડીઅર, બિચારા માકુજી કેવા ગરીબ છે. એવણુને બિચારાને કેણે અહં ગોંધીઆ ! વને જો એવણુને જવાદો" તેનો પતા ઝડપી પગલાઓથી તે કંગાળ જગા છોડી તેને કેડ ઉપર મારી બહાર નીકળી ગયો.

પ્રકરણ ૩ જું.

"મારાં બચ્ચાં, ગરબાનુ મારા જેવા અભાગ્યા માટે છે."

કોઇ પણ ચીજ જો માકુના પાક્ક સ્વભાવમાં ફેરફાર કરી શકિ હોય, તો તે નાના ગુલમોહરની મીઠી જુવાન, તેને દીલખુશ ચ્હેરો તેની માકુ પ્રત્યેના મમતા ને માયા હતી. માકુમાં થયલો ફેરફાર, તે શીરેસ્તાઇ પ્યારની અસર હતી; માકુમાં થયલો સુધારો તે શીરેસ્તાઇ પ્યારની બરક્ત હતી.

ગુલમોહર સાથના મેલાપ પછી દરરોજ તે નાના શીરેસ્તાની રંઢ જોઇ, પોતાની આંખને ઠંડક આપવાની ખાલી ઉમેદ તેણે બાંધ્યા કીધી પણ ગુલમહોર લગભગ ત્રણ માસ સુધી તેને કદી મળી નહિ.

તે ભુલકાના મેલાપ પછી માકુના સ્વભાવમાં થતો સારો ફેરફાર જોઇ વોરડરો જેલર અને બીજાઓ, ખરો ભેદ નહિ જાણતાં "માકુ હવે વખતને તાબે થવાનું ડહાપણ બતાવે છે." એમ માનવા લાગ્યા. તેની સારી ચાલ, સલુકાઇ, મુગે મોડે ચતુરાઇથી કામ કરવાની રીત જોઇ જમશેદ બહમન બહેરામ પણ હવે તેના ગમ મમતાથી જોવા લાગ્યો. જેનો લાભ લઇ માકુએ હિંમતથી, ગુલમોહર સાથ એક વખત તેને મેળવવાની માંગણી કરી.

"ઠીક છે, જોઇશું ગુલમોહર જો આવવા હા કહેશે, તો હું એને અહિં લાવીશ પણ માકુ તું કાંઇ ફરેબ કરીને મારા બચ્ચાને હેરાન તો નહિ કરે ?"

શરમીંદગીથી માકુની આંખમાંથી પાણી વહેવા લાગ્યાં.

"અરે જમશેદજી શેઠ. હું નાપાક આ દુન્યામાં હવે પુરતો પેટ્રગોટ. એક પાદરી મારા સામે કલાકો સુધિ ઉભો રહી, નરમાશ, માયા, ને મીઠા સ્વભાવ વિષે, બોલતે તેની જે ટલી અસર મારા ઉપર થને, તેથી એક હજાર ગણી તમારી લાડકીના થોડાક માયાથી મારા ઉપર થઇ છે. એ બચ્ચાને હું દરરોજ યાદ કરૂંછું. તેની સાબેતી આ જુઓ" અને એટલું બોલી તેને ત્રણ માસ ઉપર ગુલમોહરે આપેલી ચોકલેટ જે ઘણી સંભાળથી

તેણે જાળવી રાખી હતી તે પરેણુ આગળ થી ખેંચી. તેને બતાવી.

" એ શું ?"

અરે, જ્યારે માકુ તરફથી જેવર જમશેદે સઘળો ખુલાસો જાણ્યો, ત્યારે પોતાનો તરીકો ભુલી જઈ તેના બરડા ઉપર માયાળી હાથ મેલ્યો.

" માકુ હું તેને વચન આપુંજ કે ગુલમોહર હાલમાં બીક છે, તે ટટાર થતાં હું તને લાવી મેલવશ તું જાણી ખુશી થશે કે તે અવારનવાર વગર ગમજે " પપા ડીઅર, માકુજીને છોડી મેલો " નો પોકપકારો કરે છે"

પોતાની જીંદગીમાં તેણે આજેજ જાણ્યું કે દુન્યામાં તેના જેવા કંગાળને યાદ કરનાર પણ એક જીવ છે તેથી તે મી૰ બહમન બહેરામના જવા પછી રડયો—હા વાંચનાર, તે રડયો ઘણું મોટે રડયો—પોતે જે આખી લાંબી જીંદગી કોઇના પણ પ્યાર મેળવ્યા વગર નીચે પસાર કરી હતી તેનું દુઃખ પણ મોટેથી તેને થવા લગ્યું

માકુ બહારની દુન્યામાં હતો, તેના કરતાં કંગાળ કેદખાનામાં તે પોતાની જીંદગી !! તમ કકાઓમાં ઘણાક પગથીઆ આગળ વધી ગયો એમ કીધું તો તેમાં જરાપણ સંદેહ ન નથી.

• અવારનવાર ઘણી માયાળી માતા કેદીઓની મુલાકાત કરતાં તે જણાતો ... પોતાના ... બાળકોનું વહિનક પોતે કરી આપતો હતો તેને સરી આગના કેદીઓની માફક સખત છૂટો મેલવામાં આવ્યો હતો

જેલની ઘણી નજદીકમાંના તમાકુના તથા પકના ખેતરમાં મજુરી કરનાર કેદીઓની ઉપરી બનાવ્યો હતો અને ખેતીવાડી મજાની . પણ તેને મદદ હોવાથી હાથ નીચેના મજુરો મારફતે તે ખેતરોમાં ઘણું કરવું કરાવી શક્યો હતો. તમાકુની રોપણીમાં માકુનો હાથ ઘણોજ ભાગ્યશાળી છે, એમ અજબ વિશ્વાસ મજુરોને બેસી ગયો

અવારનવાર જમશેદ જેવર પોતાના ઘરમાં નીકળતાં સુધાની ... બાગમાં નીકળતાં બાગબાનીનાં કામ માટે તે બોલાવતો તેથી ગુલમોહોર સાથે મેળાપનું તેને બન્યું થયું. એટલે માકુના સુખની સીમાજ રહેની નહિ.

" કેમ, મારાં નાના ગોકાણી, તમે શું કરોછ ?"

" ઓ, માકુજી. તમે મારા વાસ્તે ઘઉંના કણસલાં, ને ...નાં મોટાં મોટાં ફુલ ઈ લાવનાર હતા તે લાવ્યા કે ? " તેણે માકુના બેઉ હાથો જોરથી ઝીલી નાખી ઉંચે જોઇ અધીરાઇથી પુછ્યું.

" લાયોછ લાયોછ મારી નાની શાહજાદી, લેઓ વાયોછ બે એમ " અને પોતાની ટોપીમાંથી અ... મોટા બે પતંગીઆ ને એક તાજું ઘઉંનું કણસલું હાથનું જે માકુને જમશેદનરફથી મળતી ... ખરી ઈનામ હતું.

દિવસો પછી દિવસો, ને અઠવાડયાં પછી અઠવાડયાં માકુ માટે જેલમાં કશા પણ જાણવા લાયક બનાવો બનવા વગર પસાર થઈ ગયા બદીમાનના વડીલો માટે તેણે ફર્યાદનો એક પણ કડવો શબ્દ કાઢયો નહિ ખરૂ પુછો તો તેને તે કાઢવાને કાંઇ કારણુજ નહિ હતું. પોતાની જીંદગીમાં તે બરોડાની જેલમાં સહુથી સુખી દિવસો ગુલમોહર સાથના અવારનવાર મેળાપથી તેમજ તેના ફીરેસ્તાઈ પ્યારની બરકતથી પસાર કરતો હતો એમ તેને લાગતું.

વાંચનાર આપણા પારસી માબાપોની બાળકો પ્રત્યેની બેદરકારી તને કયાં ખબર નથી? સાડી બેતરે વખતીમજનુનની અદાથી ગાડી મેડે સાથે ફેરવું ને સાંજના ગયલાં રાત્રે આઠ વાગે આવવું માબાપની ગરૂ જેમ જોઇને અંતે હાકથી આજેજ બની, પોઢી ગયલાં બાળકો જેઓને બેદરકારી માબાપોને હેતનો ઉભરો હાથ આવતા તે " ફુલનો દગલો " થઇ પડેલા બાળકને એક કીસ આપી પોતાની ફરજ પતાવી દેતાં શું તે નથી જોતાં ? " અરે બસ

જાણે, મારું ડાલીંગ આપણી ગેરહાજરીમાં જન્મ્યા વગર સુઇ ગયું ". એમ બોલતાં તેં શું નથી સાંભળ્યાં ? બાહુની આયાઓની સંભાળ તળે તેઓ રખડતાં મેલી દેનાર મા બાપ ! તારા સમાગમમાં આવ્યાંજ હશે. હોયબ્બા ! હોય એવી આજ કાલની ફેશન ! એવકુફ પોર્યાને આપણી સાથે લઇ જઇ આપણાં માર્ગમાં ન્યુસન્સ જેવાં થઇ પાડવાં ? નહિ આ નહિ, એ "પ્રભુ પડખારે નોરીઓ" વાળી રીત આપણને પસંદ નથી. એવો તે બેદરકાર માબાપોનો બચાવ હોય છે. અલબત્ત તેમાં પણ કંઇક હદે સચાઇ છે.

આપણા જમશેદ અહુમન બેહુરામની બાયડી આલાં ગમે એવી ભરી હતી, માયાળુ હતી. રાંક હતી, નો પણ ઉપલી કીસમની, બાળક તરફ બેદરકારણી હતી. તેને ત્યાં મુંબઇથી આવતાં પરોણાંઓની આગહ ઝાીને ઝાઝીજ રહેતી એટલે ખરેડાની જોવા લાયક જમાઓ દેખાડી લાવવાનુ તેના માથે આવતું જેમ કરવામાં તેણી અજબ મોજમાં હતી. મુંબઇથી આવેલી તેની સહીઅરો, અને ગરદ પરોણાંઓને લઇને બન્ને મારી ઉપર મહારાજાના " લક્ષ્મી વિલાસ " મહેલની મુલાકાત મહારાજાની ગેરહાજરીના સબબે લેવા બે ગાડીઓ ભરઇ નીકળી પડયાં હતા ને ઘરમાં નાની ગુલમોહર તેની મુસલમાન આયા સાથે એટલી હતી.

આયા બિચારી કામનો કાયલો એટલે પોતાને મળવા આવેલા પોતાના મારતે મિયાં સાથ જમવાના ઓરડામાં બેસી પારકે પૈસે દિવાળી કરી ટેબલ ઉપરની જેલીની શીશીનાંથી જેલી કાઢી, પાંઉની સ્લાઇસ ઉપર લગાડી તથા બીસકીટને માખણનું આગળ રકી નખોદ વળાવી પોતાના ધણીને તૃપ્ત કરવામાં ને ધણીની મેનેજ કરવામાં એક પતિવ્રત સ્ત્રી માફક ગુંથાઇ ગઇ હતી. દાદડીએ ધણી ને તેની નફટ સ્ત્રી ત્યાં ટોલ ટપ્પા ઘણા જોશ સાથ ચાલી રહ્યાં હતાં. તે વેળાએ આખા બંગલામાં કોઇજ હતુ હિ. નોકર ચાકરો પણ બહાર ફરવા નીકળી પડયા હતા.

જ્યારે ગુલમોહર એકલી એકલી પોતાની મોંઘી કિમતની ડોલ્સો અને રમકડાંઓ સાથે રમતી, ડોલને રમકડાંની ગાડીમાં બેસાડી અહિં તહિં ફેરવતી, મધુર હલકે ગાતી એકલી એકલી ડોળ સાથ વાત કરતી ને હસતી.

પણ ઓ !—નખોદ—ના ખુદા ! જમશેદના ઘર ઉપર દુઃખનું વાદળ ધસડાઇ આફતના વરસાદથી, તેને તરબોલ કરતું ધસ્યું આવ્યું—

મુસલમીન આયાના દારૂડયા માટીએ આવતાં સાથ બીડી પીને, હોલના કારપેટ ઉપર સળગેલી બીડી નાખી હતી. તેણે ધણે વારે પજરી, મોટું રૂપ લઇ લીધું. તરતજ ઓરડામાંથી બહાર નીકળવા દરવાજા ઉપર નાંખેલો લેસનો કરટન સાંપ રોકી બળતાંઓથી બળવા લાગ્યો., કે નજદીકના સેટીનના સળગતાં વાર લાગી નહિ હોલમાં સઘળું નાજુક ને સળગી ઉઠે તેવું જ હતું. ખુરસી ઉપરના નેટના એનટી મેકેમરો જોતજોતાંમાં બળી ખાખ થઇ ગયા ને ગુલમોહરે જમીન ઉપર મેલેલાં કચકરાંના રમકડાઓ મોટા ધડાકા કરી વીંટલાઇ બળવા લાગ્યાં. આખો ઓરડો ધુમાડાથી તદ્દન ભરાઇ ગયો, પણ યા પરવરત્યારે નાની ગુલમોહર કયાં હતી ? ત્યાંજ ! આબાદ તેજ બળતામાં ! તેજ આફત વરસાવી રહેલાં મકાનમાં ! તે બીહીકથી હબતાઇ ગયલું બાળક આ દરવાજેથી પેલે દરવાજે ધુંમાડાના ગોટે ગોટાઓમાંથી બહાર નીકળવાને દોડતું અને લાલ લાલ બળતાંઓનાં તાપથી ને ધુમાડાના ધુંધવાટાથી અહિં તહિંથી બહાર નીકળી પડવાને કોશેશ કરતું—પણ નહિ—તે જાલીમ સર્પ રોકાં બળતાંઓ; ગોયા મગરૂરને તુચ્છકારતું હસ્તાં હસ્તાં પોતાની લંબાઇમાં વધારો ને વધારોજ કર્યાં જતાં હતાં. આવાં બળતામાં આવી ગુલમોહર જેવા ખજાનાને ઉઠાવી જવાની કોઇએ કોશેશ કરી ! ત્યાં પેલી આયાને તેના દારૂડયા ધણી સિવાય

બીજું કોઇ હતુ નહિ અ ને ધુમાડાના ઘુમવાથી તે નાજુક મોંને જગી ઉઠાર તુરી પડયો તે ઓરડામા ફરી વજેના મગના મોંને જે વાયા હતે તો તેઓ કહે તે કે " ગુનમોહર હવે આ દુન્યામા થોડાજ વારની છે "

બરાબર એજ વખતે પેનેમ જોઇ પછી ફરેની તે આનદી રીતે, આવી લાગી પોતાના પ્યારાં ઘર ને બળતામા લપેટાતુ જોઇ, તથા તેમાજ અતિ લાડકુ બળક છે એ વિચાર થતા દુખને ચમરો આના માટે ઘણો જોરાવર હતો તે બાગમા બેશુદ્ધ થઇ તુટી પડી ને એક દીવાના આદમીની અહથી પોતાના બાળકને બચાના જમશેદ બહમન બહેરામ મગતાની ઉચી સીડીઓ ચડવા લાગો પણ તેજ સેમકે એક જબરા જોરાવર આકારે, તેતે નીચે નાખ્યો " થોભ થોભ, ભત્રા જોનર થોભ મરવાનુ મા। જેવા મભાગ્યાઓ માટે છે–ખુદાના કસમથી તારી ોરીને બસ અંદર જઇ લઇ આવુ."

" ઓ મોટે એક મોરો ડગનો મને આપો" સાથવ ક્ષા એક મરદના હાથમાથી તણે ઘણા જો રથી ઓવરકોટ ઝુંટવી લઇ, પોતાના દીલ ઉપર લપેટી લઇ પવન વેગે બગનની સીડીઓ કુદકા મારી ચડી ગયો તે આનરી સુમાગમા, જલ્દી જઇ ઉભો ખરૂ પુછો તો તે મરદ પોતાને મેહતને આગળ નહી ધ્યાન કરતો હતો તેના બધા પડદાઓ બળી ગયા હતા, અને જબરદસ્ત ધુમાડાના ગોટે ગોટા નીકળતા હતા તેમા ઘુકા। મારતોતે ધસ્યો ધુમાડાથી સઘળી દ્રષ્ટિથી વેગુ હતુ અને એક પણ ચીજ નજરે પડતી નહિ તેને મોટે મોટે બુમો પાડી

"ગુન મોહર ગુન મોહર, મારા બચ્યા ક્યા છે ? જવાબ દે ? "પણ ત્યાં સળગની ચીજોમાથી સણસણાટ તથા ઘરના ઉપરના લોકો ગોપીઆરા સિવ જરા પણ અવાજ કન પર આવો નહિ એવામા તેજ અવસરમા ગજબુન ફેંકાઇ તેના વાથી તે લડ દેખવતો મહલમ તુટી પડતો જયરે હાથમ તેજ ઠિમતી મે જાને રો ખાતા આ યો હતો તેજ આવાદ આવી લાગો ખુશાલીથી મોટી એક ચીસ પાડીને એ- સાટે પેના મે ગળાના ઓવર કોટમ ગુનમે હરને લપેટી ગુરેતી બળતાંઓમાથી તરત બહાર આવે અને તે થોડીક સીડી જેમ તેમ ઉતર્યો હશે કે તેના હાથમાના ઓવરકોટમા ની ચીજ જમશેદ બહમન બહેરામે ઝુટવી લીધી ેેની તે મગ્ગ્ શાબસી આપવાની ઉતર કઇ ઓજ હતી વિરા જબરી ચીચયારીઓ ને હુરરે।। અવાજ થઇ રહ્યા

ઘડમતી છાતીએ ગુનમોહરને ઓવર કોટ માથી લગભગ મુવેલી જેવી કાઢી તેની માતા ની રડાપીતનો પાર હતો નહિ તુરત ડાકટરી મદદ આવી લાગી તે દમાઇ ગયના નાના હૃદય ને પાછુ ગતીમા આવતા, ઘણોજ વાર લાગો

પણ પેનો પરગજુ આકાર આ વેળાએ શુ કરતો હતો ? તેના શરીર આજુબાજુ, જે બગતઓ ફરી વળ્યા હતા તેથી અસહ્ય દુખથી પીડાતો બાગમાની ઘડી જમીન ઉપર આળોટ્યા મારતો હતો. અને બુમાવ લાગ્યો જેઓ સમ સુતા ત્યારે અરનાહ જાગા' વાળી હેતતે અનુસરી ધીરે આસ્તે પેટ હલા વતા બચાના હતા તેઓએ તેને ઉચકી લીધો

જેરની ઓરપીરમાં મોહન અને જીવન વચ્ચે તફાવ મરનો, માફ સુપાર પડેલો છે દજરના જખમોના આયકાથી માફ જેવો મરદ પણ ત્રણ દહાડે હુસ્યાર થયો પણ હુસ્યાર થતા તુરતજ બેતો, તેથી તે અભાગ્યા શબ્દ આગળ ઉતેના જમશેદ બહમન બહેરા ની આખમા પાણી ભરાઇ આવ્યા, જે હરખ ને ઉપકારના હતા

' મારી ગુનમોહર કેમ છે ? કોઇ કહેવો, તે તે જીવે છ, કે મરી ગઇ ? "

" માફ કરી જુઓ, આ કોણ છે ? " તે જે વરે પોતાના રના ફરેનાના નાના બાળકને માથા' આમ ધરી બેચી તે તી ખાટની ઉપર બેસવાની જગા કરી આપવા કહ્યુ

"માકુજી, જુઓ. આ કોણ છે? કાંઈ ધ્યાનમાં આવેછ કે?"

"શું હું મરી જવાનો છઉં? મારી ગુલમોહર ના રડ, ના રડ, મારી શાહજાદી, મારી નાની શેહાણી, ના રડ, આ દુનીઆમાં મને માયાના વચનો કહી સંભળાવી **તારા ક્રીસ્તાઈ પ્યારની બરકતથી** મારા ડોહી ગયેલો સંસારમાંથી દુર કરી, મને સુધારનારા! ઓ, ના રડ, આ કંગાલ માકુ દુન્યામાં જીવી, શું કોઈની ન્યાત જમાડનાર હતો?" અહિં તે બન્ને બાપ દીકરાના આસુંની દરકાર કર્યા વગર તે ખોખરા અવાજે હસ્યો.

ગુલમોહર, માકુની દોરડીની ખાટલી ઉપર બેસી, તેની છાતી ઉપર માથું મેલી ચુપચુપ રડતી હતી. તે આઠ વરસનું નાનું બાળક પોતાના જીવ ઉગારનારની કિંમતી સેવાની કદર કરી, ફક્ત પોતાના આંસુ જે માકુને એક એક કિંમતી મોતી જેવાં લાગતાં તેની હાર લંબાવા સિવાય તે વધુ કાંઇ કરી શકી નહિ.

"પપા મારા માકુજી મરી જાય છે, એ એવણ કેવા ગુડ હતા?" અને તેણીનાં ઝીણા ડચકાંઓ ફરી લંબાયા,

"ચુપ કર મારાં બચ્ચાં! તારા **ક્રીસ્તાઇ પ્યારની અસરથીજ** તું મને આ કંગાળ જીંદગીમાં હેવાનીયતમાંથી ઇનસાનીયતમાં લાવી શકે છે, તેનો એ નજીવો બદલો છે. મારી દીકરી, આંસુઓ નાહકમાં ના બરબાદ કર. હા, જેલમાંથી નીકળવાને મને ફક્ત બે માસજ બાકી હતા, ને થોડાક માસ પછી તારી થનારી નવજોતમાં આવવાની હું ગણત્રી કરતો હતો તારેજ મારું મોહત, મારી સામે આવીને ઉભું છે. ચાલો જેમ તે માલેકની મરજી". તેણે પોતાના ઉગારનારની આશાના લીલોત્રી ભરેલા આત્માને, નિરાશાના તપતા સુર્યથી સુકાઇ જતો જોઇ, ખરે મને બળાપો કીધો. તે બહાદુર માણસની આંખો પાણીથી ભરાઇ ગઇ. ૦

અરે વાંચનાર! આશા શી ચીજ છે તે તને ખબર છે? નહિં ખબર હોય તો જા, જઇને પુછ. પેલા જંગલના મેદાનમાં જતાં ફિરેલા, આશકની માશુકને! જા, જઇને પુછ, પોતાનું લગભગ સઘળું ગુમાવી બેઠેલા, હારેલા જુગારીને! જા, જઇને પુછ, પરદેશની કળી ગયેલા એક ગુરસાબાજ દીકરાની ચુઝોમોગે માતાને!, જા, જઇને પુછ, પેટમાં ખાડા સાથના એક રોટીના ટુકડા માટે ટળવળતા મીસકીનને! તેઓના ચહેરા ઉપર આશાના પ્રકાશી રહેલા પ્રકાશને તું જો, અને જ્યારે તે પ્રકાશ, અંતે નિરાશાની ઠંડી જોતમાં તને બુજાતો જણાય, ત્યારે તારો દિલાસો તેના શીપાસ થયલાં માટે કાજલ પાડજે!

અરે! માકુ સુથાર કંગાળ હતો. એક બંદીવાન બન્યા પછી, બહારની દુન્યામાં આવતાં, લોકો તેને જોઇ મોં કુમલાવશે? નાકનું ટીચકું કેમ ચઢાવશે? જેમ, એક નસાથી કમકમી લોક પાછળ હટે તેમ તેને જોઇ હટશે, તેથી તેને જે દુઃખ થશે તે સારી પેઠે સમજતો છતાં આપણે જોયુ કે તે જીવતો હતો તો ગુલમોહરની નવજોતની ક્રિયામાં સામેલ થવાની તેને હોંશ હતી. તેને જીવવાની આશા હતી.

અરે જીવના જીવ તારી માયા એમજ છે! કહે છે કે ગમે એવી ઘરડી દુઃખી ડોસીએ પોતાને તેડવા આવેલા જમરાજને આજીજીથી થોડીક મુદત તેનાથી વધુ માગી લીધી હતી. તો માકુ, જેને હવે પોતાની રહેણી કરણી તદન ફેરવી નાંખી હતી, તેને કેમ જીવવા નહી ગમે!

ડાક્ટરોએ માકુ માટે હવે આશા મુકી હતી તોબી તેની માવજત ઘણી ઉચ્ચી ફીસમે કરવામાં આવતી હતી. દાદારજીની દરબારનાં ઉમર ઉપર પહોંચેલા માકુને ત્યાંથી મહેર ઇજદે ધક્કો મારી, પાછો આ જ જાહપત ભરેલી જેહાનમાં ગબડાવી દીધા હતો. માકુના મનની મુરાદ જે જીવવાની હતી તે કરીમે કાર-

સાજે પાર પાડી. તેણે જબરદસ્ત માંદગીને કક્કાવીને એક લાત મરી, દુર ઉરાડી મેલી, કે દાકતની ડાકટરી વિદ્યા તેના આવરદાની દોરી લંબાવવામાં ફતેહ પામી

માકુ, એક વાગનો જોરાવર માકુ, વધુ બે વર્ષ પછી, પોતાના આગળીઆ બાળ સાથ, હસતો રમતો, બંદીખાનામાંથી હમેશનો બહાર નીકળ્યો બંદીખાનાની જબરી કાળી દિવાલો તરફ, આંખમાં પસ્તાવાનાં આંસુઓ સાથે તેણે જોયું અને બબડયો "અરે બાબખ્ત જગ્યા, તારી નહેસ્ત મોં મારો કાંઇ દુસ્મનથી જોતો ના, તો પણ એ ભાગ્યશાળી જગ્યા તુ કે, જે, તેજ જગ્યા છે કે જ્યાં મે શીરેસ્તાઈ પ્યારની બરકતથી મારો ભવ પાર ઉતારવાનું કંઇક કર્યુ છે.

* * * *

ગુલમોહરના નાના જીગરમાં તેની નવજોતની ખુશાલી, ગાતી સમાતી નહિ તેમા માકુના આવવાથી, તે બાળક, તેને ગળે, જરા પણ સુર યા વગર લાગી પડયું. "ઓ માકુજી, તમો આવ્યા, કેવી મજાહ પડશે? મારી નવજોતને દિવસે, તમુને મારી પાસેજ લઇને જમાડશ હા!"

* * * *

વખત પાણીના રેલા માફક વહી ગયો. ઉપલા બનાવો દશ વરસ પછી, ગુલમોહર અઢાર વરસની ખીલી ચુકલી કળી, જોબનના બહારમાં મસ્ત બનેલા, દખણ તરફના એક મોટા જાગીરદારના દીકરાની હેતવાલી મહોરદાર બની છે તેનો વર મીતું જાગીરદાર, બલુચીસ્તાનમાં સરકારી નોકરીમા મોટા પોસ્ટ ઉપર છે. તે હવે દીસ-ટ્રીકટમાં પોતાની પ્રાણ પ્યારી ગુલમોહર સાથ, સીબી, મસતુંગ, ખેલત ને કવેટા જેવા પહાડી બલુચીસ્તાનના મુલકમાં ફરે છે. તેણી પોતાની સાથે કન્યાદાનમા, પોતાના પીતા તરફથી ઘણીક કિમતી ચીજો લઇ ગઇ હતી, તેમાં એક વધુ કિમતી ચીજ ઉમેરાઇ. લીસ્ટમાં વધારો કરે છે, તે માકુ સુથારની તેની શેહાણી પ્રસતી કિમતી સેવા છે.

"ઓ નારે બા, તમે મને કુતરાની કાનીથી કાઇ નહિ રાખો. પણ માકુ બંદો ગુલમોહરબાઇ સાથ, બલુચીસ્તાન જવા વગર રહે નહિ. હા, બા, હું તો સાહેબને કહું છું. હા, બા, હું તો હવે મારી નાની બાઇ વગર એક ઘડી બી હવે તો જીવું નહિ.

જ્યારે ગુલમોહર, પોતાના વરની ગેરહાજરીમા, સીબી, મસતુંગ ને ખેલાત તરફના બલુચીઓને તેને શેરડે બેઅદબ રીતે ટીકતાં જોય બીહે છે, ત્યારે માકુજી મોટા મોટા લખોટા જેવા ડોળાઓ કકડાવી, તેઓને સાથેનો સાથેજ રાખે છે.

ગુલમોહર અવારનવાર માકુજી સાથ હસે છે "અરે માકુજી, આજ તેર તેર વરસ થયાં. તમુને હું જોતી આવીછ, પણ તમારામાં એક જરા તો ફેરફાર થાય! એક જરા તો ફેરફાર થય! એક કરચલી બી તા વધે! મને લાગે છે કે મારાં છોકરાં તો શું, પણ તે લોકના છોકરાંને બી રમારવા જેવાને તવાજ રહેશો"

"ગુલમોહર બાઇ, નેક બોલ્યા, રાસ્ત બોલ્યાં, એક લાખ રૂપીયાનો બોલ કહયો! આવ તાંબાની દેહના માકુ સુથારને કાઇ એકાએક અલવલ આવવાની નથી અરે હુ તો તમારા પોરીઆના પોરીઆને બી રમારવાનો, ફેર રમારવાનો. હા બા, આપણે દાદરજી પાસે અમર પટો લખાવી લાવેલા અમરપટા" અને એટલું બોલી તેણે પોતાની જોરાવર છાતી ઘણુ જોર ને મગરરીથી ઠોકી નાખી.





એક નમુનેદાર ઘર ધણી-આણી કેમ બનશો?



"ગુલશનના પતેતી અંક માટે ખાસ"

લખનાર—મિસ દીના જીજીભુગા.

[ગુલશનનાં આ નવાં લેખક જે શિખામણ માબાપોને આપે છે તે ખરેજ ગોખી રાખવા જોગ છે. ઘર એજ દુન્યા છે અને દુન્યા એજ ઘર છે. એમ જેઓ સમજે છે તેઓ ખરેજ પોતાની કંગાળ જીંદગીને વટિક સ્વર્ગિય બનાવે છે.]

ઘર, વ્હાલું ઘર, તે કોણને પ્યારું ન હશે? જેમ એક શ્રીમંત ને તેનો મ્હેલ તેમ એક મુફલીશને તેની નાની એક ઝુપડી એક સરખાં ખેંચાણમાં હોય છે. પોતાનું ઘર, એ શબ્દોજ કેવા મિઠા અને રાહત બક્ષનારા લાગે છે. એક ઘરમાં જેમ તેના માલેકને તેમજ તેમા વસનારા દરેકને સુખ સગવડ મળવી અવશ્યનો છે, જો તેમ ન હોય, તો તે જગ્યાને ઘરનું નામ બીલકુલ છાજતું નથી.

એક ઘર. તે માયા મોહબતનું એક મંદિર છે. તે એક એવી જગ્યા છે, કે જ્યાં બાળકો વ્હાલ કરે છે, આનંદી બને છે અને ગમત કરે છે. તે એક એવી જગ્યા છે, કે જ્યાં પતિ પત્નિ હાથમાં હાથ અને જીગર મેળવી પોતાની જીંદગીનો પ્યાલો આશીર્વાદથી ભરે છે.

આવું પરિણામ લાવવા કાજે એક સ્યાની ઘર ધણીયાણીએ જંજાળોને વિસારી રેંકી પોતાને મળતાં સૂખ તરફ જોવાની અને નાની નાની રંજીદા કરનારી બીનાઓથી નાસિપાસ નહિ થવાની ટેવને ખીલવવાની જરૂર છે. તેણીએ પોતાના ગુસ્સાને મારવાની અને પોતાની જુબાન ઉપર કાબુ ધરવાની જરૂર છે. એ વિષે કવિ પોપે ઘણુંજ અચ્છું બયાન કર્યું છે. તે લખે છે કે:—

She who ne'er answers till a husband cools,
Or if she rules him, never shows she rules
Charms by accepting by submitting sways
Yet has her humour most when she obeys

ડીન સ્ટેનલીએ ઘણુંજ ઉંડા ડહાપણ થી કહ્યું છે કેઃ—"જો આપણે ચ્હાઇયે, તો એક બીજાને ઘણુંજ કાળા ચિતારો ચીતરી હરેક જગ્યે કાંઇ નહીં અને કાંઇ ખામી તો ધરાવેહેજ, હરેક જણ એક યા બીજી રીતે તકસીરવારનો હોયછેજ. અને તે હુંણોને જો આપણે ધારીયે તો મોટામાં મોટું રૂપ આપી શકયે તેમ છે લેકીન આપણે જો ચ્હાઇયે તો તે સઘળાને સર્વેથી શ્રેષ્ટ સદગુણમાં બદલી નાખી શકયે. આપણી આસપાસના સઘળાંઓમાં જે કાંઇ ચ્હાવા લાયક હોય તે ઉપર પ્રેમ કર્યાથી તેઓ તરફથી આપણી ઉપર વળતો પ્રેમ બરપા થાય છે. અને તેમ થવાથી એક કંગાલ અને જ જાસ ભરી જીંદગીને બદલે સુખી અને આનંદી જીંદગી બને છે અને આ જ જાલી ત્રણ પાંચ દીવસની દુન્યા બેહસ્તમા ફેરવાઇ જાય છે, અને તેમ થવાથી તે કે જેનું નામજ મમતા છે, અને જે પોતાના સર્વે બાળકો ઉપર પ્રેમ ધરાવે છે, તેને પોશવવાને આપણે લાયક બનીએ છીએ સુખી તે બાળકો છે કે જેઓ એક આનંદી ઘરનાં શાંત પાણીમા હરહમેશ રમતા રહે છે, અને ખરો સુખી તે ભરથાર છે કે જેને માટે તેનું ઘર આ આખી પૃથ્વી ઉપરની સઘળી જાગાઓમા સર્વેથી વધુ મધુર અને આનંદમય હોય છે, અને જો તે પતિ સ્યાનો હોય છે તો પોતાના ઘરને તેવું બનાવવામા પોતાની પત્નિ સાથે હાથ મેળવી તેણીને મદદ કરે છે તેમ કર્યાથી ખરી બીના તેની નજર સામે ખુલ્લી થાય છે, કે જે વિષે એક વિદ્વાન કહી ગયો છે કેઃ— "એક સંસારમા મોહબત અને સુખ આમેજ કરવા કાજે મેહનત કરવાની જરૂર છે કારણ તે ચિજો કાંઇ ઝાડો ઉપર ઉગતા ફળો નથી કે જે પાકતાં તોડીને મોઢામા મેલી દઇ શકાય." ભરથારો પોતાની પરણેતરોને સંપુર્ણ સદગુણો ધરાવતી જોવાને ઇચ્છે છે ત્યારે તે પરણેતરો તે વાજ ગુણો પોતાના ભરથારમા જોવાની કાંનખિ હોંશ કરે? જો તે પોતાની પત્નિ તરફથી સુખ શાંતી મેળવવાની આશા રાખતો હોય, તો તે ણે યાદ રાખવું જોઇયે કે તેણે તે સુખ શાંતી બક્ષવાની તેની પોતાની પણ ફરજ છે. એક ઓરત તરફથી જે સર્વેથી શ્રેષ્ટ બક્ષેશ વાપરવામાં આવે છે તે તેણી જેને ચ્હાય છે, તેના સુખ સગવડ ખાતર તેણીનો અથાગ અને સાચા પ્રેમથી વર્તેલો ભોગ છે. જ્યારે મર્દો મહનારના પોતાના કામ ઉપર જાય છે, અને સાંજે પાછા ફરે છે ત્યારે તેઓની પરણેતરો તરફના એક ફિસનો અને એક સાચા ચુમાની કિમત તેઓમાંના ઘણાંજ થોડાઓ આંકી શકે છે. આપણી ફરતી દરમ્યાન મોટી મોટી ચિજો મેળવવાને આપણે યત્ન કર્યે છીએ, અને તે આપણાથી વધુ વેગળી આપણા હાથમાં આવે છે, ત્યારે ખરેખરતો તે આપણા નાકના દાંડા નજદીક પડેલી હોય છે. નિયતી સાદી ચીજોઓ જ્યારે, કવિ બર્નસે લખી, ત્યારે તે મન એક કવિજ નહીં મગર એક ફિલસુફ પણ હતો જેથી તે લખે છે કેઃ—

To make a happy fire-side clime
To merns and wife
That's the true pthos and sublime
Of human life

એક સ્યાની ઘરધણિયાણી વિષે લખતાં મારે અને જણાવવું જોઇયે કે, જો તેણી ખરેખરજ સ્યાની અને ઘર શાખુ કરશે તો તેણી પોતાના બાળકો માટે એટલું તો ખેંચ શું ડાંગ બનાવશે, કે જેથી કરી ને બાળકો મોટા થતા તે હેતવતી માતાના મિઠા ભાવા ફુરણ પમાર કરેલા બચપણના તે સુખી દીવસોની યાદ સદા પ્રેમથી પોતાના જીગરમા જાળવી રાખશે. આપણા બાળકો ઉમરે પુગતા જીંદગીના જખમો જલદીજ તેઓને સર ઓટશે માટે જ્યારે તેઓ નાના અને નિર્દોષ હોય ત્યારે તેઓને પક્ષીઓ સંગાતે ગાયન કરવા પશુઓ સાથે ગેલ કરવા, અને નાળાનાં વહેતા પાણી સાથે મોજ મેળવવા દેઓ એક ઉલ્લાસિત અને શિખા બચપણ જેમ નાસુનાસેન તેમજ અ

કુદરતી હોય છે. આ બીના એક ડહાપણવંતી ઘર ધણીઆણીએ બરાબર ઓળખી રાખવી જોઇએ અને તે દુર કરવાને તેણીએ મેહનત લેવી જોઇએ. તેણીએ પોતાના મકાનની દિવાલો ઉપર ચિત્રો ટાંગવાં જોઇએ. અને ચોપડીઓ અને ચોપાનીઆં મેજ ઉપર મેલવાં જોઇએ. ભાત ભાતનાં રમકડાં અને બીજી દિલ બેહલાવનારી વસ્તુઓનો પોતાના મકાનમાં સંગ્રહ કરવો જોઇએ, જેથી બાળકો મદગી દરમ્યાન યા વરસાદ પાણીમાં સાંજને છેડે તેઓ ગમત મેળવી શકે. જવાનીનો વખત ઘણોજ ઉછાછળાપણાનો હોય છે; અને તે, વગર કારણે તે નાના છોકરાઓને ઉદ્ધતાઈ જવાનું કારણ છે. એ વખત દરમ્યાન તેઓ કાંઇ પણ કરવાને તલપે છે, અને મોટમા ભારા ગોવડા ફાડવાની તક શોધે છે. તેઓ ઉદ્યોગીન રહાય છે, અને એકની એક ચિજને અને ગમત તેઓ ધીક્કારે છે. અનેક રંગમાં તેઓ મોજ મજાહની આરજુ કરે છ, અને તેટલા કારણે બાળકોના સુખ માટે આ સઘળી બાબદો ધ્યાનમાં રાખવાની જરૂર છે. બાળકો ઉમ્મરે આવતાં ઘરનાં સુખ શાન્તીની ગેરહાજરીને કારણે ઘરથી બાહેર મોજ મજા લેવા જાય એવી તક તેઓને કદી આવવી નહીં. તેઓના મનમાં એવો છાપ કદી પડવા દેવો નહીં કે ઘર તે માત્ર ભોજન લેવા અને રાત્રે ઉંઘવા માટેના એક જગા છે. જે ઘરમાં રમત ગમતની કાંઇ પણ સગવડ હોતી નથી, અને જ્યાં તે ઘરનાં વડાઓ સદા ઉદાસીન રહે છે અને જ્યા બાળકો ઉપર હદ બાહેર પાક રાખવામાં આવે છે અને જ્યાં જવાન ઉછરતા છોકરાંને રાહત આપવાના કાંઇ પણ સાધન હોતા નથી, તે ઘરના બેટાઓ પોતપોતાનો વખત ગેરવાને મોટે ભાગે (ગલ્પક) અને બાર રૂમોમાં આટલો સેકે અને ત્યાંથી તેઓ શરત, જુગાર અને તેવીજ બીજી બદીઓને ચર ણ થાય છે. માટે એક રેવાની અને ઘર રાખુ ઘર ધણીઆણીની ફરજ છે કે જેમ પોતાના પતિની તેમજ પોતાના નાનાં મોટાં બાળકોની હાજતો ઉપર જાતી દેખરેખ રાખવી અને સદા હસ્તે મ્હોંરે સરવે સાથે માયાથી વર્તવું. બાળકો સાથે તેઓની માતા તરીકે રોઅબથી ન વર્તતાં તેઓમાનાજ એક તરીકે તેઓની રમત ગમત અને વાતચીતમાં ભાગ લેવો અને તેઓની દરેક મુશ્કેલીમાં સાચી સલાહ આપી તેઓને સદગુણી બનાવવાં.

કાંઇક જાણવાજોગ નોંધ.

એવું કહેવામાં આવ્યું છે કે એક માણસ સેંટપાટરસબર્ગમાં કાળા ગુલાબો ઉગાડવાને શક્તિવાન થયા છે.

કહે છે કે કાઠયાવાડમાં એક ૭૦ વરસના બુઢ્ઢાએ માત્ર ૯ વરસની બુચી સાથે લગન કીધા છે. વાહરે બુઢ્ઢાજી, શોભી રહયા હશો!

એવું કહેવામાં આવે છે કે રાણી વીકટોરયા પાસે લશનો મોટો સંગ્રહ હતો; જેની કીમત માત્ર ૧૧૫૫૦૦૦) રૂપીઆની થવા જતી હતી. કહેજે જે પાનગા ઘણુ અને ધણીયાણી જ એક અરને કીત લઇ શકે, અને તેઓ ઘીવાય બાજાને હુકમ નથી. બાપ દીકરા કે આ દીકરાને પણ કાસ લેવાનો હુકમ નથી.

જો સુપમાં ઘણુજ મીઠું પડી ગયું હોયતો અંદર કાચા પપટો નાંખવો અને થોડીક મીનીટ સુધી તેને ઉકળવો. આથી મીઠાનો ભાગ પપેટો ચુસી લેશે અને સુપ સ્વાદદાર બનશે!

રશીયામાં પાંચ કરતાં વધુ શાદીઓ કરવાનો હુકમ નથી અને વળી ૮૦ વરસ પછી તેનથી પરણાય નહિ.

માદીઓના બાલ નરોના બાલ કરતાં પાંચ વરસ જલદી સફેદ થઇ જાય છે.

જાસાં. ન.. ચીનાઇ



ભલી ભાર્યા.





(ગુલશન માટે) લખનાર—ચેહેર

" Thy husband is thy Lord " Shakespeare

આ ટુંક વિષયમાં સમાયલું રહસ્ય—એક ભલી ભાર્યા કેમ બને તે માટે તે ખરેજ વાચવાને વિચાર જોગ છે. એક ભલીનાર ગમે તેવા દુખી કે ગરીબનો ફીરિશ્તો ને રાહબર છે.

મહાન કવિરાજ શેક્સપીઅરના ઉપલા શબ્દો મારી દરેક પરણેલી બહેનોને ખરેજ મનન કરવા યોગ્ય છે

ખરેજ કહેવાયલું છે કે એક નેક ભલી પત્ની એક મરદને ઇશ્વરની દેવી બક્ષીસ છે. અને જો એક અતિ કામની બક્ષીસ છે ધણીના હુકમની બહાર જનારી ધણીઆણી સંસાર સાગરમાં ગાબડાં પડેલી એક હોડી સમાન છે, કે જે હોડી સંકટ સમયે પોતાના ધણીનો બચાવ કરી શકતી નથી. દરેક પરણેલી સ્ત્રીની શોભા, તેણીનો શણગાર અને તેણીના સુખનો આધાર તેણીનો પતી છે સંકટ એ નરનારીની કસોટી છે, અને સંકટ પડયા વગર ને વખત આવ્યા વગર મનુષ્યની ખરી કસોટી થતી નથી, તો પતીના સુખે સુખી અને તેના દુખે દુખી જેણી થાય છે ને વંટોળ્યાના દિવસની માફક બદલાતી નથી, પણ તે કીરતાર પર મગરુરી રાખી એક સુગંધી વેલની માફક પોતાના વહાલા ધણીને ધૈર્ય આપી વળગી રહે છે તેની જાની અને સદગુણી વનિતા એ ઘરનું ભુષણ છે જેમ ચંદ્રથી રજની શોભે છે. પણ તેના વગરની રજની કાળી ભયાનક લાગે છે, તેમજ એક સુલક્ષણી પત્ની પોતાનું આખું કુટુંબ શોભાવે છે ... જેમ ... હારબાર કુશળ પ્રધાન વડે સલાહ શાંતીથી ચાલે છે, તેમ એક ગુણવંતી ગૃહીણી હમેશાં મેહેરબાની વડે પોતાના ઘેર સંસાર રૂપી ... ગાડું આસાનીથી ચલાવે છે. ખાની હાથકારા પેશોથીજ એક સ્ત્રી ધણીને વશ કરી શકતી નથી પણ જો તેણી પોતાના સદગુણરૂપી અલંકારોથી દીપતી હશે તો તે મરદ ગમે એવા આકરા સ્વભાવનો અને તામસી હોશે તો પણ જેમ વધુ આગળ મીણ નરમ થઇ જાય છે તેમ તેણીના સદગુણોથી અને મીઠી વાણીથી શાંત થઇ જશે ધણીને વશ કરવાનું એક ઉત્તમ વશીકરણ તે એક કાન્તાંની મિઠી વાણીજ છે ને જે ભાર્યા તેનો સદઉપયોગ કરી જાણે છે, તે પોતે સુખી થઇ સર્વને સુખીજ કરે છે તે મીઠી મધુરી ધણીના કડવા વચને પણ હસતે મુખે સસહી રહે છે, ને એક

નાદાન અજ્ઞાન બાળકની માફક મહોડાં પર થોથરો ચઢવાની જરા જરામાં પોતના શીર જન ભર થાર સાથ રીસાતી નથી. એક સ્ત્રી ગમે એવી રૂપવંતી હશે પણ જો તેણી અબળાઓને છાજતાં સદ્ગુણોથી નિરાળી હશે તો તેણીનું એ રૂપ શું કામનું ? રૂપ માત્ર મોહક છે; તે નાશવંત છે પણ સદ્ગુણ એજ સ્ત્રીઓનો સચો શણગાર છે. અને જો એક ભાવી કેળવાયલી અને સદ્ગુણી હશે તોજ ભાવિષ્યની પ્રજા ઉત્તમ ગુણવાળી નીવડશે અને તેઓને દેશભક્ત ને કામને દીપાવનારી વિરલાઓ બનાવવાની ગંભીર ફરજ એક બયરીનેજ શીર ચોંટાયલી છે. એ માટે મી. ટેનીસન નીચે પ્રમાણે વીદ્વતાથી કહે છે.

" She can teach the little children
To be brave & firm & true
True to manhood God & country
More than this no man can do "

એક મરદ ગમે એવી ગરીબ સ્થીતીમાં હશે, પણ જો ફરેસ્તાઇ વાદવાર તરીકે એક ભલી બયરી તેને દોરવનારી હોય છે તો તે મરદ આ જુઠી ક્ષુલ્લક દુન્યામાં પણ બહેસ્તુંજ સુખ ભોગવે છે. પોતાની ધણીઆણી અને બચ્ચાંઓ માટે મારે એક મરદ ગમે એવું તાપ તડકું વેઠીને મહેનત કરે છે, ને તેઓને જેમ બને તેમ વધુ સુખમાં રાખવાની કોશેશ કરે છે, અને ત્યારે તે બીચારો આખા દિવસની મહેનત મજુરીથી થાકેલો પાકેલો મીઠો આવકાર મેળવવાની હોંશમાં ઘેર આવે ને પોતાની બીબીને ખુશ મીજાજથી મીઠો આવકાર આપવાને બદલે, ધુંધવાતા અગની ની માફક ધુધવાતી ને કડવા વચન બોલતી જોય ત્યારે તે બાપડાનું જીગર કેવું કડું મારી જાય. પની એજ સ્ત્રીઓનું સ્વર્ગ છે. અને એ પ્રમાણે વર્તી દુન્યામાં અમર નામ મુકી ગયલી કેટલીક મહાન સતીઓનાં નામથી કોણ અજાણ્યું છે. પતિવ્રતને ખાતર આર્યવંશની મહીલાઓએ શું શું નથી કર્યું ? વૈભવ જાય, લક્ષ્મી જાય, જેનો નાશ થવાનો છે તે વડે પ્રાણ પણ જાય, તો પણ જે અગુણી વણિના પોતાનું પતિવ્રત પાળે છે, તેને ધન્ય છે ? સ્ત્રીઓનું શીયળ તેજ આભુષણ છે. શીયળ છે તેજ રૂપ છે. અને શીયળ છે તેજ આ સંસારમાં સર્વ પ્રકારના સુખનું સાધારણ છે. લાખો રૂપિઆની કીમતના ઘરેણા ગાંઠાંથી એક સ્ત્રી જેટલી શોભતી નથી તેટલી એક શીયળથીજ શોભે છે. ટુંકમાં એક ભલી ભાર્યાની ફરજ તેણીના ધણીને તાબે રહેવાની અને તેને ખુશી કરવાની છે. એવી સાધવી પતિવ્રતા અબળાઓ આ અને પરલોકમાં પણ બહેસ્તનુંજ સુખ ભોગવે છે.

નહિજ માન્યું.

" મારી સુનાઇને બહુએ સમજાવી પણ ઉંદએ બોસીદું બાપડું જરા બી નહી સમજ્યુ આખરે જ્યારે મારી તેહમી મેલેરીયાથી પટકાઇને ડાક્ટરોનું કાંઇ વળ્યુ નહી ત્યારે રડમસ મુખ ગતે ટાપવા લાગી મહિનો દહાડો ધીચારા ધીચા વ્યા ખોબો પૈસા ખરચ્યા તેને બદલે ત્રણ ભાગ માં મારી તેહમી હુશીયાર થઇ ગઇ અજબ રામ બાણ હતો હતો પામઆલા હું હંમેશા રાખું છુ તમે સમજ્યા કે ? જરૂર એક બાટલી રાખજો.

ભેટનું પુસ્તક

ભાગલાઆળો નગર બે

મળી ?



મિસિસ મહેરબાનુ ફીરોજશાહ·એડનવાળા





સુખની ઘડી.

એક ટુંકી વાર્તા.

લખનાર-મિસીસ મેહેરબાનુ ફિરોઝશાહ એડનવાળા.

ખરેજ દુન્યા કશાથી વાઝણી નથી હાલની આચાવિ જીંદગીમા આવી અસાધારણ હિમ્મત બતાવી, લાતચો ઠોકરે મારનારાઓ કવચીત દ્રષ્ટિ ગોચર થાયછે. જમશેદ મેઝરે સી ફ-તેહ . . . અને ધર્મો જયની ખરી પડેલી કહેવત ખરેજ મનન કરવા જોગછે.

" આહાહ ! આજે ખુશનુમા બગીચાવાળો મારો નાહનો બંગલો જોવા માટેર હતે, મારી વાહલી માવતર ! તારા નેક સખુનો અને ડગે ને પગલેજે મને દીધેલી નેક દુવાઓથી હું આ સુખી ઉંચા મરતબવાળી જીંદગીમા પુગ્યો. ઉમદ મહેરબાન હોજો તુને પાકી નેક બહેસ્ત મા તાં ! ચાહના ઈરાનાની તે એક સોથી સરસ જગ્યે ાદની વાડી સાથનો તૈયાર થયની સુંદર બાંધણી ૧ રમણીક દેખાવો વાળી મકાનના દિવાન ખાનામા ઉભો ઉભો તેનો જવાન માલેક જમશેદ હોમાવઝીરના પોતાની મરહુમ માતાની યાદ કરતો ખરા દીલના જોશથી બબડચો

તે પોતાની માવતરને યાદ કરે તેમાં નવાઇ નહી તેની મા એક માબાપ ગરીબ કવાંક બીબાજી હોમાવઝીર સાથે પરણીને જવાનીમાજ રંડાઇ વધતી ગરીબી અવસ્થામા પોતાના એક પુરા નાહના દીકર જમશેદ સાથે આ દુન્યામા એકલવાઇ જીંદગી ગુજારતી હતી જમશેદ યાદ કરતો કે તેઓના ગરીબડાં પાડોસીઓ તેણીને અવાર નવાર કહેતા કે "નજીબાઇ તમે અરધી અરધી રાત ઉજાગરો વેઠી સીવી સાધીને પુરૂ કરો તેમા આવડા મોટા દિકરા જીંભર થાને બેસાડીને શીખવોછ શાના ? એને બી કંઇ નોકરીએ લગાડી દેવો કે પોતાની દાળ રોટલી જોગો થાય " પણ કેળવણીને ચાહનારી અને તેથી નિપજતા મિઠા ફળને દીલથી વખાણનારી તેની માતાએ તેને શિખવ્યો, કેળવ્યો. એકવીસની ઉમરનો થતાં તે બી. એ. ની ડીગ્રી મેળવી તે સોરાબશાહ ખસુખાની મુંબઇ માહેલી મોટી સોલીસીટરની પેઢીમા કનાર્ક થયો ધીરે ધીરે કરતાં તેની ચંચળાઇ જોઇ સોરાબશાહે તેની પોતાની પેઢીમા વડો કનાર્ક કર્યો જે વખતે તે એલ. એલ. બી ની પરિક્ષા પણ ફ-તેહમંદીથી પસાર કરી ચુકયો હતો

તે તો બધી જમશેદના બચપણની વાત

થઇ, ત્યાર પછી ઘણાંક ફેરફારો થવા પામ્યા. સોરાબશાહ ગુજરી ગયા, અને જમશેદે સો લિસીટરપણામાં ઝાઝો દમ જોયો નહિં તે તેણે પેઢીનો પોતાનો સબંધ એક સોમળચંદ હીરાચંદને વેચી નાંખી જાહેર જીંદગીમાં ઝીપલાવ્યું. તે ડીસ્ટ્રીક્ટ પ્લીડર થયો. ધીરે ધીરે કરતાં તેણે ખાનબહાદુરનો માનવંત એ તાબ ઘણાંક ભલાં કામોનાં બદલામાં મેળવ્યા ઉપ્રાંત, થાણા જીલ્લાની કોર્ટના જડજનો એ ધંધાનો ઝબ્બો તેનાં પોખાળ ખભાંઓ ઉપર આવતા નવરોઝને દીને નંખાવાનો હતો.

તે ગરીબીમાંથી કેવો અને કેટલો વધ્યો.

હમણાં તે એંતાલીસ વર્ષનો પાકટ વયે પોંહચ્યોછ. હવે તેની માતા જીવતી નથી. પણ પોતાના સુખ દુઃખોની ભાગ્યણને શોધી ક્હાડવાને તેણે પોતે જાતે પોતાની આંખ્યો ખોલી રાખી હતી, અને તે ધીરજવંતાએ જોતાં જોતાં અને હજારો જાતનાંખેંણ કોટકનાં ખેમાણોથી બીચણી ભડકીને ઉતાવળે ત્યાંથી હઠી ન જતાં ઠડે કલેજે બરાબર આઠ વર્ષ બાદ એક જવાન બાનુને તેણે પોતાને લાયક શોધી ક્હાડી તે અદરાયો હતો.

પોતાની કમાઇમાંથી તેણે પોતાની મોટે ઘરની બાયડી સુન્નુ સપલશાહ માટે થાણામાં એક રોણકદાર મકાન બંધાવ્યું, સણગાર્યું, અને હવે ટુંક વખતમાં તેઓની શેહાદી થનાર હતી.

આ છેલ્લા મહાન બનાવને તે જવાન નર ઘણોંજ મીઠાસથી યાદ કરતો ઉભો. પોતાની માતાએ હજારો અડચણો વેઠીને તેને રેળવ્યો તે યાદથી તેની આંખ્યો પાણીથી છળ છળ ભરાઇ ગઇ. અગાઉ બચપણમાં લગભગ ઉંઘાડે પગે અને ફકત કેળુ'ને પાઉં આખા દિવસનાં ખેરાકમાં મેળવી તે મેહતાની સ્કુલમાં, બગલમાં એક છરા જેવી ભાંગેલી સ્લેટનો કટકો લઇને જતો હતો. તેજ બચપણમાંથી ઉભરીને મોટપણમાં આવેલો આ નર પોતાને આ તદન સુખી ચેન વંતી જીંદગીમાં જોતો ઉભેલો હતો. પોતાની નેકજાત માતાના મિઠા આશીર્વાદનુ આ રૂડું ફળ તે લેખતો

તે ધીરે ધીરે બંગલીના ગેટ બહાર આવ્યો. તે કંઇક ઉંડા વિચારમાં હતો. સુન્નુનો મિઠો વિચાર તે ટોયજ નહી; તેમજ વળી પોતાની માતાનો પણ વિચાર હોય એમ ઝાઝું જણાતું હતું નહીં; કેમ જે તેના ચ્હેરાનો દેખાવ ઘણોજ કરડો અને હોઠો પીસેલા હતા.

"મવો હું કમબખ્તઃ હાય, મારી માતા. ફકત તારેજ માટે"—તે ઉપલું બીડેલા હોઠોથી બબડનો, તેટલાં થાણા જીલ્લાનો તેનો પાડોસી લગોલગ ચાલી આવ્યો અને બોલ્યો;—"

"જડજ સાહેબ, ખાનબાહદુર સાહેબ: કેમ?"

"હા, ભાઇ આવો. મંચેરશાહ. કેમ છેવો પાડોસી આ?" જમશેદે કહ્યું.

"સારી કાંની. ખાનબાહદુર તમારા જેવા નેકબખ્તને અહીંનાં જડજ કર્યાથી અહીંનું એકે એક માણસ ખુશ છે. પણ તમે અહીંનાંઆપરા નેટીવ લોકોમાં એક કાયદો ઓલ્યા છ તે જાણોછ કે વારૂ? જડજનાં ન્યાયાસન ઉપર આવે તે દહાડે જેનો કેસ પહેલો હોય તે પેહેલા ગુનાહગારને છોડી દઇને જડજ પોતાનાં સીંહાસનને અંતકરણના આશીર્વાદ પુગાડવાનું કરે છે."

"હં! હં! એમ કે? સારે તો તેમજ થવા દઇશું," તેઓ વાતો કરતા આગળ વધ્યા. તે નાહના કસ્બાનું લોક નવા જડજ સાહેબને એક રાજા માફક માન આપતું, અને સ્ત્રીઓ તેવણુને બલીયાં લેતી, જ્યારે મરદો જમીન સુધી વાંકા વળી નમતા.

"આપરે થાણામાં અહીંનાંજ મેહતાજીની સ્કુલે સાથે જતા હતા હં! વિવાદીએ તમુને

સીંહાસન બક્ષ્યુંછ, દોસ્ત જમશેદ, ભલે, એ- હોઃ સાહેબજી, આએ સામેથી બેહરામશાહ પ- ટેલ તમુને મળવા મગેછ. ઇશારત કરતા અહીં આવેછ, સાહેબજી." તે મિત્ર છુટો પડયો અને જમશેદ તરફ બેહરામશાહ પટેલ ચાલ્યા આવ્યા. તેઓ અગાઉ જમશેદ સાથે સોરાબશાહની ઓ- ફીસમાં મુંબાઇમાં વડા કલાર્કનું કામ બજાવતા, અને હવે કેટલાંક વર્ષો થયાં થાણાની છુટા કો- ર્ટમાં હેડ કલાર્કની નોકરીએ રહેલા.

"સાહેબજી, બેહરામશાહ, કેમ કાઇ જાઓછ?"

"તમુનેજ મલવા માંગુછ, જમશેદ," બેહરામશાહ બોલ્યા "કંઇ નવી ખબર સાભ- ળી કે?"

"નહીં! તે શું વારૂ?" જમશેદે પુછયું.

"અફસોસ એટલોજ છે કે, જમશેદ, તમે જે દીને સીંહાસન ઉપર આવશો તેજ દી। એ નેહરત બનાવની યાદ તમારા મસ્તક ઉપર તાજી થશે; રૂસ્તમ જસીના પકડાયોછ, અને તેને તમારી રૂબરૂ પેહલાજ નવરોજને દીને ઉભો કર્યાંમાં આવશે."

જમશેદે એક કુદકો માર્યો. તે પાણી પાણી થઇગયો, પણ બેહરામશાહની તીણી આંખ્યા- નો ચમકારો જોતાં ચમકીન તે સીધો થઇ બે- ઠો. "કોણ? રૂસ્તીમ! આપરી સાથવાળો કલાર્ક?"

"હા, આપરી સાથવાળો શોરાબશાહની પેઢીનો કલાર્ક, તેન વિષેના બાકીની બધી વિગત તો તમુને યાદ હશે?" બહેરામશાહનો અવાજ આંખ અને ટીકા કરવાની રીત એ બધુ જમશેદને જરાકબી ભાવ્યું નહી.

જમશેદનો હમેશનો સુખવાળો લાલ ચ્હેરો ફ્રગસ.છ ઉજળો મારી ગયો," નહી, નહી, બખતબીલાંબો વિરોધનો? હવે મને બીજું કંઇ યાદ નથી," તે વિચારી વિચારીને બોલ્યો.

"અરે ઘભરાઓ ના દોસ્ત, તમો યાદ નહી હોય તો બેનની હું તમુને બધુ યાદ દેવડાઉં। થો- ડા ને ઘણા ૨૦ વરસ બી એ વાતને વહી ગયાં તો જ્યારે તમે ને હું અને રૂસ્તમ સૌ સોરાબશાહની ઓફીસમાં કલાર્કો હતા, ત્યારે એક વખત આપરે મારવાડી હેમચંદના નાણાંનો વસુલાત માટે તેના લેણદાર થાણાનાં રહીશ હકીમજી મિયાંભાઇ ઉપર થાણા ખાતે ટાંચનું વોરંટ લાવ્યા, તે વખતે હકીમજી ખાટલે પડેલા અને આપણે બધે સીલ કરતા હતા, તેમાંથી ૧૫૦૦ રૂપીઆ હકીમજીના ચોરાયા અને તેણે શક ઉપરથી ધુર જેવી પુરવારી બતાવી રૂસ્તમ જસીનાને પકડાવ્યો અને સજા થઇ જે તે થાણાંની જેલમાં આવે તે પહેલાં...?

"હા, હા, મને બધુ યાદ છે," જમશેદે વાત પુરી કરાવવા ટુંકુ કર્યું.

"હ? બધુ યાદ છે ત્યારે તો ઠીક. જાણોછ ની કે તેની તપાસ ચાલે તે પહેલાં તે કેદમાંથી છટકીને નાહઠો તે આજની ઘડી લેરનો, પણ ગઇ રાતે એકાએક પકડાયોછ."

"હા? પછી?"

"પછી તો દોસ્ત" બગાકાનો શોખીનને વધુ બોલ્યો. "ગઇ રાતે તેને હું મળ્યો. અને તેને મોઢેની વાત આ પ્રમાણે સાભળી આવ્યો, તે એમ કે નાહઠેલો બનાના તે બગદાદ ગયો. એ ફારસીનો બી ખા હતો, જાણોછની દોસ્ત? તે ત્યાં એણે ઘણી સારી નોકરી મળવી, ઘણું કમાયો. ઘણું માન મેળવ્યું, ઉચ કુટુંબની જરથોસ્ની ઇરાની નારને પરણ્યો, અને હમણા મોટી ઉમરનાં પાંચ ફરજંદો ની હાર સાથે ઘણોજ સુખી અને ચેનમાં વસતો હતો, પણ પોતાની ઘરડી માને મળવા વાસ્તે તે પોતાની એક પુરી મન મોહન બેટીને અને પોતા- ના પરણેતરને લઇ, પોતાના ચારે દીકરાઓને ત્યાંજ રાખી એ મુંબાઇ આવ્યો, જ્યાં વહાણ પરથી ઉતરતાજ હકીમજી મિયાજીના વડા

બેટા સુબેદાર ઇમાલખાંને તેને ઓળખી પકડી પાડી પોતાના બાપ આગળ અહીં કેદમાં મોકલી આપ્યો છે. બીજું શું કે વળી તેની પરી પેકર બેટી પેરીન અને તેની ધણીયાણી ગોદાફરીદ બી રડતાં ટવલતાં અહીં આવ્યાંછ. તે લોકને મેં દીલાસો દઇને અહીં ઉતાર્યાંછ, મારે ત્યાં રાખ્યાંછ."

"એ ખોદા?" જમશેદે દુખ ભરી હાય છોડી.

"મને બીજું તમુને ઘણુંક કહેવાનું છે. જે આજે રાતેજ તમારે ઘેર આવીનેકહીશ. હમણાં તો એટલામાંજ બસ."

સાહેબજી કર્યા વીનાં તે ત્યાંથી ચાલ્યો ગયો.

"હા, પરવરદેગાર! આખરે તે દહાડો આવ્યોછ!" તે બબડયો. જમશેદ આ વાત ચીત પછીથી તદન પશેમાન દુઃખીને પરેશાંન જેવો પોતાને બંગલે વળ્યો." રાતે ઘર આવીને એ બીજું શું કહેશે?" આજ સવાલે તેનાં ભેજાંને દુખવી નાંખ્યું. "એક પુરી બેટીને ધણીયાનીને એ બનાવથી કેટલુ દુખ થયું હશે? ઉમર પુગેલા બેટાઓને તેઓને વતન એ વાત જાણવાથી કેવું થશે? ખોદા, રૂસ્તમનો ઇન્સાફ મારે હાથ? ઠીક વાત છે. તે વખતે ખરાનું ખરજ કરીશું. પછી સુન્નુ અને તેણી સાથનાં સુખી સ્વપ્નાંઓને છેલ્લી સલાંમ. તેણે સેજ દૂખનું ડચકલું ખાધું અને બન્ને હાથે આંખો ઢાંકી દિધી.

રાતે આઠ વાગે તે આવ્યો. બહેરાંમશાહ પટેલ ફત્તેહનો વાઘ મારવાની ઢબે લાંબી લાંબી ફલંગે ખુશાલ જમશેદ બેઠો હતો ત્યાં તેની ઓફીસ રૂમમાં આવી ધરાર દેતી ખુરસી ખીસાડી તે ઉપર વગર સાહેબ સલાંમે નફટાઇથી બેઠો અને મોટા અવાજથી શરૂ કર્યું. આ વાર જમશેદ એક ગુનેહગાર હોય તેમ ફગલા મહેરો ઉંજળો બેસીજ રહયો.

"આપરે છે તે કે દોસ્ત જમશેદ, નસીબ દેવીએ આજ તુલીક તુંને નવાજ્યા કીધોછ, હવે મારી વળણ આવેલી ખુલ્લી દેખાયછ. રૂસ્તમ જસીનાનુ નિર્દોષ પણું હું સાબીત કરનાર છુ."

"તે કેમ?" ગળુ ખંખારી જમશેદે પુછવાની કોશેશ કરી.

"તે એમ કે છે તે કે ખરા ગુનેહગારને પકડી આપીને."

"બોલો હું સાંભળુંછ." જમશેદ છાતીએ હાય વાળ્યા.

"હકીમજીને ત્યાં તેનાં ખાંનાં પેટીઓ ઉપર જપતીનું સીલ લગાવતાં મેં મારી નજરો નજર તે ગુનેહગારને નાણાંની ઠેલી લઇને સાંતતાં દીઠોછ." તે થોભ્યો પણ જમશેદે માથું નીચું રાખી હોઠ દાંત વચ્ચે ધરીજ રાખ્યો "તમે જાનોછ, દોસ્ત, તે ગુનેહગારને હું પકડાવવા સપડાવવા માંગતો નથી, પણ-પણ તેની દર મહીનાની મોટી આવકમાંથી મારી કમાણી ચાર ઘણી વધારી મુકવા માંગુછ."

"પછી?"

"જમશેદ તમે બાહારથી ગમે તેવી શાંતી દેખાડો, પણ અંદર ખાંનેથી તમને હમણાં શું શું થતું હશે તે હું જાણુંછ. હકીમજીની લાલ ચટ કદાર પેટી ઉપર સીલ ન કરતાં તમે તે ખોલી અને તે માંહેલી લીલી ધીધમની મોટી કોથળી કાઢી લઇ અંદરખાંનેનાં ગજવામાં સેરવી દઇ પછી તે ઉપર તમે સીલ કર્યું અને વગર ફેકટનો નિર્દોષ રૂસ્તમ શિક્ષા પાંમ્યો" જમશેદ બોલ્યા વનાં સ્થીર બેસી રહયો.

"મને આ એજ દહાડાની આશા હતી." તે બોલતો રહ્યો "તમને ખર્ચનાં વખેળ પડતી અને તમારી બ્હેરતન માચે ગત દહાડો ભરી સીવાને બીગાડેલી આંખો અને જાતનો ઇલાજ મોટા ગોરા ડાકટરા પાસે કરાવવાને તમારી પાસે પુરતુ નાંણુ ન હતું. વણા મુઝાઇના પરતું તમારૂ

બાકું પણ ચાર મહીનાનું ચહડી ગયલું હતું, જે હરીમજીની કોહલી પછીથી બરાબર થઇ રહયુ એમ ના જાણુતાં કે મારી પાસ પુરવારી ન હશે. લીલી થીવમની કોહળી સાંતવાને કે બાળવાને તમે પરવાહ કરી નથી તે તમારી માની ચીઠી સાથે મેં મેળવીછ મારો પગાર મળવાની મને ઘણી અડચણુ પડતી હતી એમ તમારા માયને કહીને મેં તે કોથળી મેળવીછ. જે મોકલી આપ તાં તેવણુ પોતે પોતનાં હરફે મારા ઉપર ચીઠી લખેછ. તે ચીઠી પણ મારી પાસે સાબુત છે." તે બોલ્યો અને થોભ્યો પણ જમશેદ ચવર્યો નહી એટલે તેણે વધાર્યું "આવના નવરોજને રોજ તમારે ખમે જયારે જડજનો ઝભો પુરતાં માન સાથે ઓઢાવારો. ત્યારે તુરતજ તમને રૂસનમનો કેસ સોંપવામાં આવનાર છે. છે. જો તમે તમારી હોરમત બચાવવા ચાહતા હોય તો ૧૦ હજાર રોકડા અને દર મહીને દોઢસો રૂપયા મને લખી આપો કે વાત પુરી થશે.'

"અને નહીં લખી આપું તો?"

"તો ખરી વાત જાહેર થશે. સપલશાહ મોદીની બેટી સાથની શેહાદીને સ્વપ્નાંમાજ રાખવી પડશે, કેમકે કેસ નિકળતાંજ તે લીલી કોહળી ને તે તમારા જાહેરતન માની ચીઠી કે જેમાં જેન લખે છે "લીલી થીવમની કોહળી દીકરા તરે માગેલું તે મોકલાઉછ એજ રીતે મારો દીકરો જમશેદ કમાઇ લાવ્યો હતો તેમ તમે બાદ માનજો" તે જાહેર કરીશ"

"જો, ચાલો સાહેબજી" અને વધુ કંઇ પણ બોલ્યા વગર જમશેદ અંદર ચાલી ગયો, બેહરાં મશાહ ઘરમાં દાંત કચકચાવતો બેસી રહયો. પણ તે જઇને ખબર બોલે કોણુ આગળ? તેનાં પેટમાં ખબ... ઉભરી આવ્યા. જરા વારમાં દાત્મા પીહનો તે ચાલી ગયો.

નવરોજનો તે નેક દીન આવ્યો. કોર્ટનાં ધંમીર દમામદાર મકાનમાં માજીસ્ટ્રેટો, જડજો, વકીલો અને બીજા ધારા શાસ્ત્રીઓનાં મોટાં ટોળાં વચ્ચે તેને ઘણાં માન મરતબા સાથના બારાશો સહીત તેના પોષાક ખભાં ઉપર જડજનો ઓપ્પો દર્શાવનારો ઝભ્ભો નાખવામાં આવ્યો. અરસ પરસ સલામીઓ લેવાઇ પછી તે તે મોટા હોલમાંથી નિકળી પોતાના સીંહાસન ઉપર જઇ બેઠો.

થાણાં જીલ્લાનું નાહનું મોટું દરેક લોક, અને મુબઇથી પણ ઘણુક તેનું ઓળખીતું અને નહી ઓળખીતું લોક કોર્ટમાં આવી બેઠું હતું. દરેક જણુ તેને માન અને સલામી આપતું. પણ જમશેદ જોહએ તે કરતાં ગંભીર ઠાઠવંત, દ્રઢ મનવાળો બનેલો લાગતો. તેણુ પોતાની માનવંત, ફરજવંત બેઠક ઉપર બેસી કોર્ટના દિવાનખાનામાં ચોબાજુ નજર ફેરવી, તેણે તે જોયું શું? એક ઉમરે પુગેલી લાલ તંદુરસ્તી ભરી જરથોસ્તી બાનુ અને એક જવાંન છોકરવન વયની રૂપાળી રૂપસુંદરી, તેઓ બંને બેરામશાહ પટેલની ધણીયાણી બાઇજી સાથે ત્યાં ગભરાયલાં, અકળાયલા ઉદાશ રડમસ હાલે આશાવંત અવનારે તારા જેવી આંખ્યોએ કાકલુદી પુર્વક તે નવા બનેલા જડજ તરફજ જોતાં હતાં

તેને લાગું કે નજરનાં ચમકારાથી તીર વાગે, તેમાં શક નહી. તેના જીગરમાં તેઓની આંખ્યોના ચમકારાથી છરી વાગે તેવા બીહામણુા ઘા વાગી ચચગર થતો રહ્યો.

ધારા પ્રમાણે જડજ સાહેબને ઓળખાવવા અને તેઓને ઓધ્ધે બેસાડવાના અરસ પરસ ભાષણો પહેલાં થયાં. ઘણાકોએ અજાયબી વચ્ચે સાભળ્યું કે જમશેદના ભાષણમાં અગાઉ જેઓ દમ કસ કસેજ નહતો. તે થોડું ને લુખું લચ બોલ્યો. ઘણાંકો તેને સાંભળવા દુર વેરથી આવેલા તે બધાજ દીલગીર ને દિલગીર થયા. તેમ બધું પુરુ થયું.

એ પછી તેને લાવવામાં આવ્યો. જવાન, તંદુરસ્તીમાં પુરો, હસતો અને ખુશાલ હાસમાર

નો ચોર કેહવાતો રૂસ્તમ જસીના, ઉતરતા બગીચાનું પુરેપુરૂં ખીલેલું તે ફુલ હતું. જમશેદનું ઢગર કુદકો મારીને ગળામાં ખુટી બેઠું.!

ધારા ૩ માણે કોર્ટનો દુભાસ્યો ઉભો થયો અને તેણે કેસની વિગત કાગળ્યાંએ ઉથળાવી કહેવા માંડી.

"મહેરબાન સાહેબ, આ કેસની બાબદ" તે વધુ બોલતો અટકી ગયો; કેમજ જ્હજ જમશેદ પોતેજ ઉભો થયો અને તેણે બોલતો બંધ પડવા ઇસારત કીધી.

"જરાક સબર," જમશેદ ઉઠી ઉભો થતાં બોલ્યો. "અહીં કંઇબી બોલાય તે પહેલાં મારે કંઇ કેહવાનું છે."

આ વાર ત્યાં આગળથી બેહરામ શાહ પરેલે પોતાનો ગુસ્સા ભર્યો ચ્હેરો બાહાર કહાડી જમશેદ ભણી ડોળા ઘુરકયા.

"નામદાર ન્યાયાધીશો," જમશેદે ખુલ્લા મોટા સવાલે બોલવા માંડયુ "આપણે બધા જાણ્યે છે કે રૂસ્તમ જસીનાને અહીં શા માટે ઉભો કર્યો છે. આજ લગભગ વીસ પચીસ વર્ષની વાત ઉપર શાણાંનાં રહીશ હકીમજી. મીયાને ત્યાં ટાંચ લાવતાં તેઓની ઠેલી ઉચકાઇ ગઇ જે લઇ જનાર ચોર તરીકે રૂસ્તમને ને વખતે શિક્ષા થનાર હતી અને હાલ પણ તેને તે માટે શિક્ષા થનાર છે. પણ તે રૂપ્યાનો ચોરનાર રૂસ્તમ નથી. એ તદન નિર્દોષ છે ને તે તો હું ચોર છઉ. મારા ગુન્હાને માટે હું નિર્દોષ ને હેરાન થવા દઇશ નહીં.

એકે એક સાંભળનારે દમ ઉંચો ધર્યો. ગંભીરાઇથી જમશેદે વધુ આગળ લંબાવ્યુ "ખુલાસાઓ છુપાવવાની કે દર્શાવવાની કશી જરૂર કે ગરજ રહી નથી. પાપ છુપાવવાનો સબબ હું જોતો નથી. મેં જે અત્યાર આગમ જ આ નિર્દોષ જવાન તરફ ગુનાહ કીધો છે, તેની બોહલી તોબ્બેશ કરી હું મારો વાંક આજે કબુલ્લુ છું. સાસું કબુલ કરી દીધાથી. હું જાણુ છ કે હું શુ શું બોહવુ છ. અલબત આ મારા બોલ્યાંનો ઝમો જે દીને મેં મેળવ્યો તેજ દીને ઓ પાછો કહાડીને બાજુ મેલી દઉ છ. એ ઉપરાંત પણ એક ઉમદા મોજ તે મારા સંસારનું સુખ પણ હું ખોહવુંછ. મને સાભળનારાઓ એવો પુરો લક્ષચાવનારો એકજ ઐયામ અને આ મારા માન, મરતબા મોટા દરજ્જાના સુખ કરાર સર્વેને મારે છેલ્લી સલામ કરવી પડ છે. ખોદા મારો સાહેદ છે જે એ પૈસા મેં કંઇ મારા છવનાં કરારને માટે લીધા નથી. પણ મને તે વખતે જે વાહલું હતું તેના તંદુરસ્તી વધારવાનાં ઉપયોગમાં ખરચ્યા છે. ખોદા તમોને કોઇને બી આવી હાલત માં મેલે નહી. છેલ્લી સલામ!"

એ પછી તેણે પાતાનો ઝભ્ભો ઉતાર્યો અને સાંની ડેસ્ક ઉપર મલ્યો, સીંહાસન ઉપરથી ઉતરતાં તે જોસ્સામાં બોલ્યાઃ —

"મારા પાપનો પસ્તાવો અને એ કરાર કરવાથીજ મને નિર્દોષ હુ સમજી લઇશ. બીજાં બધાં સુખ કરતાં સાચ્ચુ બોલવાથી છાતાનો ખુલાસો બળી મન માકુ થવછ તે સુખ માણસે ગોઢુ ગણુવુ જ્હજ." ત ધામધા પાછલા બાજુ તરફ ઉતર્યો. કાળો મોટો પરદો ખસેડી તે પાછળ સૌની નજરેથી ગુમ થઇ ગયો.

* ० * *

એક દીવસ બાદ તે પોતાના બંગલા માંહેલી ઓરીસમા બેઠો હતો ત્યાં તેને ચાકરે એક ચીઠી લાના આપી, જેમાં આ મુજબ લખ્યું હતું.

વાહલા જમશેદ,

ગઇ કાલે ઘાણા ઘ્હલાએ તમોને ઘટતી શાબાશીઓ અને મુબારકબાદીઓ આપી; પણ તે બાદ એક કામ જે ખરાજ ઇનસાફને લાયેકનું

એ કર્યું તે માટે શાબાશી તમને જેટલી આપીએ એટલી થોડી છે. એક કર્મીલાદાર માણસને તેની નિંદાનામાં તમે બાપોકાર જાહેર કર્યો અને જે પાપ તમે કબુલ કરવાનું જવાબ દાંમલ કર્યું, તે બનાવથી ખચીત માનજો, વાહલા જમશેદ. કે તમે હમારાં ખરાં અંતકરણ પુર્વકની બેહદ શાબાશીઓને લાયક થયાછો.

હમેશાની તમારી સૂનુ.

તે આ ચીઠી ઉપર રડયો ઘણુંજ લાગણી ભર્યું રડવું રડયો કીમમતે તેને દગો દીધો નથી. સુનું સાચ્ચાં અંતકરણની અને તેનાં નેક કામને વખાંણનારી નિકળી. અને તેનો આંખો, ગોબ્બો સઘળું ઉતરી પડવા છતાં તેણી તેનીજ છે એ જાણતાં તેને પોતાની પસંદગીમાં છક્કડ ખાધી નહતી એમ જોઇ ખોદવદ તાલાનાં હજાગે હજાર શુકર કરનારાં તે ગરમ આંસુ રેડનો બેઠો.

રૂસ્તમ જસીનાને આ દરજ્જે છોડી મેલવામાં આવ્યો.

બુઝરગ હરીમજી ઉપર જમશેદે ત્યાર પછીથી પોતાનો પાસો સવળો પડતાં ઘણીક તરે હજાગે હેરાન કર્યા હતાં, અને ૧૫૦૦ નો શુ પણ પે એવડી તેવડી રકમ જમશેદે તે ઘરડા ઉપર વે[illegible]ી હતી. તેથી તેણે તેનાં ઉપર દાવો માંડવાથી માન સહીત સાથ છુટયો.



"મેડહાઉસ એટલે શું મમા ?"

સુના બાજ સદાક પોતાના દીકરા સાથે પપેટીને દહાડે ઑંજના લગાર મારવા ગયાં. થોડુંક ચાલ્યાં એટલામાં મેડહાઉસ આવ્યું.

"મમા, મમા આય શું છે ?"

"એ દીકરા મેડ હાઉસ છે"

"મેડ હાઉસ એટલે શું મમા ?"

"દીકરા જેઓનું ભેજું બરાબર નાહ હોય તેજ અહિં આવે."

"ને મમા તમે કાએ શાને વરે અહિં આવેલાં !"

"શું અહિં આવેલી ! તદન ખોટું !"

"શું તમે કાએ અહિં નહિં અવેલાં ?"

"નહિરે નહિ દીકરા. કાંય ભેજું દુખવે છે ! કોણ બોલી મુવું ?"

"માયજી તમે કલે બહાર ગયમાંની, ત્યારે બધા પપાજીના દોસ્તો આવેલા ત્યારે પપાજી બધા આગળ બોલતાતા કે "મારી બૈરી તો રાન મેડ હઉસ મુવેલી છે." ! ! ! ! !

કોણ સરસ ?

"ગોની અનુ રાતે મને એક સ્વપનો આવ્યો. જાણે એક સાધુ આયો છ તે મને કેહે છ કે તુ ઘણો સારો આદમી છે ને તુ પેલા પીલા સાથે હરીફાઇ કરે છ ને તેમાં તું ખોટ ખાય છ તેથિ હું દલગીર છુ પણ તોમી હું તુને માંગ્યી આપવા તયાર છું. પણ યાદ રાખજે કે હુ તુને જે આપશ તેનાં કરતાં ડબલ તારા હરીફ પીલાને આપશ. હવે બોલ શુ જોઇએ છ ?" બમને રાતના સ્વપ્નાનું જેવું અને તે બીજી સવારે તેણે પોતાનિ બૈરીને કહ્યું.


નાટક પૂરો થયો. મેહેલ્લીએ રાબેના પ્રમાણે નજદીકના એકાદ હોટેલમાં ખાણું લેવાની જાહેર દેખાડી પણ તેણીએ થાકી જવાનું ખોટું બહાનુ કહાડી ના કહયું. અને તેથી તેઓ પાધરાજ ઘેર ગયાં, જ્યાં બહાર બારણા આગળજ તેણીને ગુડ નાઇટ ઇચ્છી તે છુટો પડયો, ભારી જીગરે તેણી પોતાના રૂમમાં ગઇ, તરેહવાર વિચારો તેણીને આવતા હતા. અરે, તેણીએ એમ કાંય કીધુ હશે ? તેણી સાચુ જ કાંય નહી બોલી હશે ? તેણીનું બોલવું મેહેલ્લીના ધ્યાનમાં હજુર ઉતરયું નહી હતું એમ તેણી સારીરીતે સમજતી હતી. તેણે પણ કાં નહિ તેણીને વધારે જુઠું બોલતી અટકાવવા એમ નાંખતી કીધી હોય ? અને ખરે તે એક કેવું હરરવુ જુઠું હતુ. ગઇ કાલે સહવારે દશ વાગે જ્યારે મહેલ્લી નહી ધારેલો તેણીને ઘેર આવ્યો ત્યારે તેણી હજુર સુતેલી ઉઠી નહી હતી. નાદરસ્ત તબ્બેતના કારણે રાતે ઉંઘ નહી આવવા-

થી તેણી સદવાર સુધી ઉંઘી રહી હતી. પણ શરમને લીધે તેણીએ ફરવા જવાનું બહાનું કહાડી તેને ઉડાવ્યો હતો, અને તેણી ગઇ કોઇ વખત તેણી એમ જતી હોવાથી તેણીનું એ જુઠું ફાવ્યું. તે વખતે તો મેહેલ્લી ચુપ રહયો હતો. એટલે તેણીને ધીરજ આવી હતી, પણ આજના એ ઓચીંતા સવાલથી તેણી ગભરાઇ ગઇ હતી. તેણે કેમ જાણ્યું કે તેણી બહાર નહી ગઇ હતિ ? તે એવો આદમી નહી હતો કે જે ફક્ત વહેમ ઉપજવાથીજ એમ સવાલ કરે ત્યારે તેને કેમ માલમ પડયું ! શું તેણીના દેખાવમાં તેવું કાંઇ માલમ હતું ? કે તેને શું નોકરોને પુછી જોયું હતું ? તેણી પોતાની ભુલ માટે ઘણી પસ્તાવા લાગી. નાહેથીજ તેણીને જુઠું બોલવાનિ ટેવ હતિ, અને ત્યારેજ તેણિના માબાપે તેણિને વારવાને બદલે ઉતેજન આપ્યુ હતું. એકપુરી દિકરી હોવાથિ લાડ અને વહાલ માં તેણીને ઉધારવામાં આવી હતી. અને તેથી 'નાનપણથી મોટપણ' તે કહેતિ તેણીના બાબ માં ખરી પડી. જરાક જુઠું બોલી, જરાક બોલી, માબાપ આગળ, પાડ પાડોશી આગળ, દોસ્તો આગળ, એમ કરતાં કરતાં પોતાના ખાવંદ આગળ બી બોલવા લાગી. અને હવે આજે એ બુરી ટેવને માટે તેણીને પસ્તાવો થતો હતો. તેણીના માબાપે નાધલેથીજ તેણીને કાંય નહિ એ ટેવથી દુર રાખી હતે એમ હવે તેણી વિચારવા લાગી. અલબતાં વાંક તેણીના માબાપ નોજ હતો. એક બચ્ચુ મોટુ થઇ સુખ અને આશીર્વાદ પામે અથવા કોરીની કીમતનું કીતાયલું કોઇતુ થઇ દુખી નીવડે એ સઘળું તેના માબાપ તરફથી મળતી કેળવણી પર આધાર રાખે છે. માબાપ જો સારી કેળવણી આપે તો બચ્ચુ મોટું થઇ પાછળથી સારૂજ ફળ મેળવે છે, જ્યારે બુરી કેળવણી ખોટા, લાડ, અને હદ બહાર વહાલથી તે બીગડી જઇ પાછળથી દુખી થાય છે, જે આપણું અલાંના બાબમાં ખરું પડેલું આપણે જોયું છે.

સાચ્ચુ બોલી દેવાનો એક સરસ ચાન્સ તેણિએ ગુમાવ્યો હતો. એમ જાણી તેણી ઘણી દુખી થવા લાગી. તેણીએ બીજે દીને મેહેલ્લી આગળ તે વાર સાચ્ચુ કહી દઇ માફ માગવાનો ઠેરાવ કીધો. પણ તે આવશે કે નહી ? તે ગુસ્સો થયો હશે તો કદાચ નહિ બી આવે ?

મેહેલ્લી રોજ એક ફેરો તેણીની આગળ આવતો હતો. અને તેથી બીજે દીન સુધી અધીરતા સાથે થોભવા સીવાય બીજો છુટકોજ ન હતો. તેણીના ભવિષ્યનાં સુખનો આધાર મેહેલ્લીના આવવા ઉપર હતો. તે આવશે કે નહી તેના ધડક ધુજારામા તેણીએ આખી રાત્ત પુરી કીધી. બીજે દીને પણ આખોજ દીવસ તેણી બેચેન રહી. એકેક ઘડી એકેક વરસ જેટલી લામ્બી લાગતી હતી.

આખરે ચાર વાગ્યા મેહેલ્લીનો આવવાનો વખત થયો. તેણી ડ્રેસ કરી; બારી આગળ તેની રાહ જોતી ઠેરી. ચાર વાગ્યા પાંચ મીનીટ ઉપર થઇ, દસ થઇ, પંદર થઇ, સાડાચાર, અને આખરે પાંચ. પણ મેહેલ્લી આવ્યો નહી તેણી દુખી જીગરે આંખમાં આસું સહીત ત્યાંથી ખસી અંદર આવી, તેટલાં જોશમાં ટેલીફોન વાગ્યો. તેણી દોડી. મેહેલ્લીનો રહાદ તેણીએ તુરત ઓલખ્યો. સોરાબ હીરા માણેક તેની ઓફીસનાં વડાને કાંઇ મોટર એકસીડન્ટ થવાથી, હોસપીટલમાં લઇ જવામાં આવ્યો હતો. અને તેથી તે પણ સાથે ગયલો હોવાથી તેનેથી આવવાને બની શકશે નહી એમ તેણે જણાવ્યું. લાગટ એક અઠવાડીઉ સુધી મેહેલ્લી આવ્યો નહી. તે રોજ ટેલીફોનથી તેણીની ખબર પુછતો હતો. મેહેલ્લી પેલી બીના ભુલી ગયો હશે એમ ધારી ઓલાં ખુશી થવા લાગી, અને તેણીએ ખરી બીના જણાવી દેવાનો જે ઠેરાવ કીધો હતો તે હવામાં ઉડી ગયો.

એક અઠવાડીયું વીતા બાદ મેહેલ્લી પાછો આગલ માફક આવવા લાગ્યો. પણ તે થોડાજ પણ થોડાજ વખતમાં ચાલી જતો કારણ તેના વડાની ગેરહાજરીમાં એસીસ્ટન્ટ દાખલ તેની પર કામનો બોજો વધારે હતો. ઓલાના ધારવા મુજ

ય મેરવાન પેથી બીના ભુલીજ ગયો હતો. તે આગળના જેવો પાછો રમુજી અને હસતો બન્યો હતો. અને તે જોઇ આલાં ઘણી ખુશી થઇ. તે ણીએ પકકો ઠરાવ કીધો કે હવે કદી જુઠું બોલવું નહી. પણ નદાનીયા મોટી બાબદમાં સદા સાચું બોલવું અને તેણી શું એ ઠરાવને વળગી રહી? નહી. તેણીએ એ ઠેરાવ કીધો ખરો, પણ અમ લમાં મેલી શકાયો નહી. કેમ મેલાય? જે માણુ-સને એક ટેવ અસલથીજ હોય તે જલદી છોડાવ-વી મુશકેલ પડે છે.

એક દહાડે મેહેરૂલીને ઘણું કામ હોવાથી સાંજે આલાંને મળવાનુ નહી બનશે એમ ધારી બપોરે બે વાગે તેણીને ઘેર ગયો. હોલમાં કાંઇ નહી હોવાથી તે રમુજને ખાતર ત્યાંજ છુપાઇ ઉ ભો હતો તેવામા આલાંનો મોટેથી બોલવાનો સા દ આવ્યો.

"પૈસા? પૈસા કાંઇ હમણાં અપાશે નહી" તેણી ઉશ્કેરાઇ બોલતી હતી, થોડા દહાડા તુને થોભવુંજ પડશે. હમણા તો સબુર કર. પછી હું પૈ એ પૈ ચુકવી આપીશ."

"પણુ બાઇ થોડા વખત, થોડા વખત કરતાં બે મહીના થવા આવ્યા. ને હજુર 'તમે થોભવા કહોછ તે કેમ બને?' કોઇનો કાકલુદી ભર્યો સ દાદ સમજાયો. "હું ગરીબ માણુસ પૈસા વગર ક-હાં સુધી ટકવું? મને હમણા પૈસાની જરૂર છે, બાઇ બધા નહી તો થોડા તો આપો. થોડા બદી ચેનની સીવાઇના પૈસા હમણા આપો. પછી બીજા આપજો."

"નહી. તેમ કાંઇ બનશે નહી. મેં એક વખ ત ના કહ્યુની? બસ જા. તું જોતો નહી કે હું પોતે હજુ તો બીજાં કપડાં સીવડાવી બેસી રહી છ પઇસા હાથમાં આવશે, ત્યારે આપશ જા, થો ડા દહાડા રહીને આવજે."

અને પછી તે કોઇ દરજી બબડતો બબડતો મેહેરૂલીને જોયા વગર હોલમાંથી પસાર થઇ બહાર નીકલી ગયો. મેહેરૂલી તેની પુઠે દોડયો અને જેવો તે દરવાજામાંથી થોડેક દુર ગયો કે તેને હાંક મારી થોભાડી તેના કેટલા પૈસા રહ યા હતાં તે પુછયું.

"સાહેબ, મારા એકવીસ રૂપ્યા બાઇ પર રહેલા છે. તે એવણુ આપતાં નથી. બે મહીનાનો હું ધોલા ખાઉ છ. હું ગરીબ આદમી પૈસા વ ગર પુરું કેમ થાય સાહેબ." હાથ જોડી તે દરજી એ કહયું.

"ઠીક છે. લે આય રૂપ્યા, હું ચુકવી આ પુછ. હવે ફરીથી બાઇ આગળ માંગવા ના જતો." હવાં દયાળુ મેહેરૂલીએ ગજવામાંથી રૂપ્યા કાહાડી તેને આપ્યા, અને પછી અજા યબીમાં ઉભેલો તેને ત્યાંજ છોડી તે "વીલા" તરફ પાછો ગીયો,

સીહડી પર ચહડતાં આલાં તેને સાંબી જ મળી.

"કેમ મેહરલિ, આજે કાંઇ જલ્દી આ યા?" તેણીએ અચરતી બતાવતા પુછયું.

"હા. આજે સાંજે ઓફીસમાં જરા કા મ વધારે છે, તેથી પછી મોડેથી આવવાને બનશે નહી, એમ હોવાથી હમણા આવ્યો. તેણે પ્યારથી તેણીનો ગાલ પસવારી કહ્યું.

ત્યાર પછી બીજી સાધારણ વાતચીત કરી મેહેરૂલીએ વાત છેડી.

"આલુ, જાન, એ હમણા અહીં કોઇ આવી ગયું કે? હું હમણા આવતો તો ને કોઇ દરજી જેવો મને સામ્મો મલ્યો, તે એ ટલો તો ઝડપમાં ચાલતો તો કે આંધળા ઉં ટની માફક મને જોશમાં અફડી પડયો. તે કાંઇ ગુસ્સાથી એમ તો બબડતો હતો કે" બે મહીનાંનાં પૈસા અટકાવ્યાછ તે નહી આ પતાં" તે વહાલી, એ શું તારો દરજી કોઇ હતો કે!"

આય સવાલ આગાઉથીજ માફક નહી ધારેલો હોવાથી, આલાં ગભરાઇ ગઇ, પણ જુઠું બોલનાર માણુસ તે કાંઇ ખાંડ્યું જાય?

"દરજી ? નહી મેહેલ્લી ડીઅર. અહીં તો કોઇજ નથી આયું" તેણી હીમતથી બોલી. "મારા દરજીને તો મેં પૈસા ચુકવી આપ્યાછે, એટલે તે શાને માટે આવે ? તમારી કાંઇ ભુલ હશે."

"પણ તે નીકળ્યો તો દરવાજામાંથીજ મેં પોતે જોયોની."

"તે તો બા કોણ જાણે. પણ અહીં તો કોઈ આયું બી નથી ને ગયું બી નથી."

"ખરેખર ?"

"ત્યારે ખરેખર નહી તો ખોટું ?"

મેહેલ્લી ચુપ થઇ ગયો. તે શું બોલે ? આતો 'છતી આંખે આંધળો' તેના જેવી વાત હતી.

"ત્યારે તો મારીજ ભુલ હોશે. બીચારો ભુલમાં અંદર ઘુસી આવ્યો હોશે. પણ હું જાણું કે કદાચ તે તારો દરજી હોયને તુને પૈસાની જરૂર કાંઇ હોય તો તુંને આપું, તેથીજ તુંને પુછયું." અને એમ બોલી તેને રૂમાલે મ્હોડુ લુછતાં બાડી નજરે તેણીની તરફ જોયુ, પણ એક બી બોલ્યા વગર તેણી ઉભીજ રહી.

થોડો વખત એલાર પેલારની વાતો કરી મેહેલ્લી જવા ઉઠયો.

"મારાથી હવે સાંજના નહી અવાશે, હું આવાં, તું વાટ ના જોતી. હવે તો કાલેજ આવશ." તે જતી વેળા કહેતો ગયો.

ગરીબ બાપડો મેહલ્લી ! તે આવ્યો ત્યારે ખુશ મીજાસમાં હતો, પણ પાછો ગયો ત્યારે રંજીદા અને દુખી બનેલો ગયો. પણ કાંય નહી રંજીદા બને ? કાંય નહી તે દુખી થાય ? જેને પોતાની સુખ દુખથી ભાગ્યગ્રુ કાપેલી તેણીને એવી રીતે જુઠ્ઠું બોલી તેને ઠગતો જોઇ તે દુખી નહી કાંય થાય ? પણ આફ્રીન છે તે ભલા જવાનને કે તેણીની એવી બુરી ટેવ છતાં બી તે તેણીને અતી ઘણી ચ્હાતો, અને નાંખની કરતો હતો. હજુર પણ ધીરજ રાખી "કાંઇ નહી. પછી સૌ થઇ રહેશે. એ સુધરી જશે," એમ વિચારતો.

પેતી તરફ આલાંએ શું વીચાર્યું, તે જોઇયે. મેહેલ્લીનો જવા પછી તેણી ફતેહથી મલકાવા લાગી. "મારો ભોલો ભલો મહેલ્લી, મે તેને કેવો ઉડાવ્યો. ઠીક થયું કે સુવો દરજી જલ્દી અહીથી ઘસડાઇ ગીયો તો, નહી તો મારો રકાસ થતે. ને વળી ઠીક થયું કે મેહેલ્લીએ બો આજે જીદ નહી કીધી. મારૂં કહેલું એના ધ્યાનમાં ઉતરી ગીયું. મુતું જુઠુ નહી બોલવાનો તરત વિચાર કરૂંછરે પણ શું કરૂં. જુઠુંજ બોલી દેવાયછ. પણ કાંઇ નહી. જરા સરખું જુઠું બોલી તેમાં થઇ શું ગયું ? માટીડાની જાતને બધુંજ સાચ્ચું કહી દઇયે તો પછી આપણે તો તેના ગોલામ જેવા ગણાઇયે. એતો વળી નહિ કહેવા જેવું હોય તો નહી બી કહેવાય. મારો વર થયો તેથી શું થયુ ? ઠીક થયું મે નહી કહ્યું તો"

કેમ વાંચક ! શું ધાર્યું ? જે ધણી પોતાની પરણેતરને જીવ કરતાંમી જ્યાદા ચાહે, તેજ પરણેતર પોતાના ખાવંદ માટે કેવું માન ધરાવેછ ? કેવું મન ઉચ્ચારેછ ? પણ દુન્યાજ એવી છે. જુલમ, અને લુચ્ચાઈ લફંગાઇનુંજ હમણા રાજ્ય છે. તેના ઢંગ કઢંગા છે. 'ખાવંદને ખુદા બરાબર' એમ જાણતી વફાદાર મોહરદારો આપ દુન્યામાં જવલેજ માલમ પડશે. ધણીનેજ પૈસે રાજ કરી તેનેજ ગોલામ બરાબર ગણતી અબળાઓ ઘણીબી નજરે પડે છે. જ્યારે તેવા કમનસીબ ખાવંદો ઘેરબારથી કંટાળેલા કલબમાં જીંદગી ગુજારવાનું વધુ પસંદ કરે છે. પણ એવી થોડાક મુરખોને ખાતર આખી સ્ત્રી સોસાઇટીનું લાયબલ કરવા હું માંગતી નથી. કોઇ વફાદાર મોહરદારો એવા પણ આવેછ, કે જેઓ ખાવંદને ખુદા બરાબર ગણી સાચ્ચાં વ

હાલથી તાબેદારી કરી માન આપે છે. વફાદારીમાંજ પોતાનું જીવતર સમજી પોતાના જીવના ભોગે પણ પોતાના ભાગીદારને સુખ આપવાની કોશેશ કરે છે. અને અલબત તેમ કરવાની તેઓની ફરજ છે. પરણો સંસાર સુખ કરવાનો એજ રસતો છે.

મેહેલ્લી ત્યાર પછીથી રોજ ચાલુ આવવા લાગ્યો, અને આગળ માફકજ છુટથી વર્તવા લાગ્યો, એટલે આલાંને બેવડી હીમત આવી.

"એલીસ, સોરાબ પોતાની સીકનેસમાંથી સારો થયો તેની ખુશાળીમાં હમે આવતી કાલે રીસેપશનનો મેળાવડો કરવાનો વિચાર કીધોછ. તુંબી આવશી કેની ડીઅર!" એક સાંજે ઘેર જતાં મેહેલ્લીએ પુછયું.

"હા. મેહેલ્લી હું આવશ પણ તમે મને લેવા ક્યારે આવશો ?" તેણીએ ખુશ જીગરે જવાબ આપ્યો.

"રાતે સાડા માતે હું આવશ, ડાર્લીંગ. તું તૈયાર રહેજે." તેણે કહયું અને પછી છુટો પડયો.

તેના જવા પછી આલાં વિચારમાં પડી. મેળાવડામાં તેણી કેમ શું પહેરશે ? નવી સાડી તો એક બી નહી હતી. અને પાસે પૈસા થોડા હતા તે તો ઉંચા રાખ્યા હતા. એટલે બીજી સાડી લેવાઇ શકાય તેમ નહી હતું. હવેજ તેણીએ પસ્તાવો થવા લાગ્યો કે તે દહાડે મેહેલ્લીએ રૂપ્યા વિશે પુછવાથી તેણી જો સાચ્ચુ બોલી હતે તો આજે નવી સાડી માટે તેણી રૂપ્યા માંગી શકતે અથવા તો મેહેલ્લી પોતેજ તેણીને સાડી લેવાના રૂપ્યા આપતે. હવે કરેબી શું ? પોતાની પાસે જો સાડીઓ હતી તેમાંની એકાદ સેજજી જોઇ પહેરે તે જતો જો કે તેવી ઘણી વખત પહેરેલી હતી.

બીજે દહાડે ઠેડવેલે વખતે મહેલ્લી આવ્યો આલાં તૈયાર હોવાથી સારેમીજ મળી,

"કેમ આલાં એ જુની સાડી કાંય પેહેરી ? એ તો તું ઘણી ઘડી પહેરેચ. નવી સાડી તારી પાસે નથી શું ?" આવતાંને વાર તેને પુછ્યું

આલાં શરમાઇ ગઇ તેણી શું બોલે ? તેણી એમ કેમ કહેકે તેણિની પાસે નવી સાડિ નહી હતી ? તેણિ એમ કેમ જણાતે કે પૈસાનિ તંગી ને લિધે તેણિએ નવી સાડિ નહી લિધી ?

"મેહેલ્લી," તેણી ધીમેથી બોલી "મેહેલ્લી મારી પાસે નવી સાડિ તો છેરે પણ તેનો કલર મને ગમતો નથી."

"એટલે ? નવી સાડી છે પણ કલર ગમતો નહી. તે શું ? કવો કલર છે ?"

"ક્રીમ કલર." જે નામ પહેલ્લાં યાદ આવ્યું તે તેણિએ બોલિ દીધું.

"ક્રીમ ? ઓ ત્યારે તો તે તુંને ઘણુંજ સોભશે. તે સાડિ પહેર આલુ તેજ પહેર" તે ખુશિ થતાં બોલિ ઉઠયો.

"નહી. નહી. હું કાઇ તે પહેરવાની નથી." તેણિ ગભરાઇ બોલિ

"પણ કાંય નહી ? આલાં, તારા ખુબસુરત ચ્હેરાં પર તે ઘણી સરસ લાગશે. જો પહેર." મેહલ્લ્ના કાલાવાલા કરતાં બોલ્યો.

'નહી, મહેલ્લી તમે ઓહોંશ ના કરો." આલાં વધારે ફીકકી પડી ગઇ.

"પણ અમને દેખાડનો ખરી. જોજે કરી છે?" મેહેલ્લી ચેતી ગીયો હતો કે આલાં જુઠું બોલતી હતી, તેથી તેણે જીદ કરવી ચાલુ રાખી.

"નહી નહી. હમણા નહી ફરીથી દેખાડશ" તેણીએ દેખાડવાની પણ ના પડી.

"પણ હજી તો ઘણો ટાઇમ છે. લાવ તો ખરી."

"નહીરે મેરવાન શું જો તમેબી ? મારા ડ્રેસો જોવા માંગવાનો તમને શું હક. ?"

"હક એટલે ? હું તારો વર ને મને હક નહી. ?"

" નહી. નહી. હું કાંઇ તેમ કહેવા માંગતી નથી. પણ તમે હુકમ કરતા હવે બોલોછ તેથી હુ ના કેહુંછ."

" હા. હા. હા, એમ કે સ્વીટહાર્ટ ? ત્યારે હુ નમ્રતાથી જોવા માંગુ છે, હવે તો દેખાડશે ?"

અરે, તેણીએ કેવુ ઇચ્છયું કે હમણા તેને દેખાડવાં નવી સાડી હતે ?

" નહી. હવે તો નહીંજ. તમને હમણા દેખાડું પછી તેજ ટેવ પડે "

" ત્યારે એલીસ, તુ શું એમ કહેવા માગેછ કે મારે તારી ઉપર હુકમ નહી ચલાવવો ? જેમ તું મને ટ્રીટ કરે તેમજ મારે ચાલવું. ?" મેહેલ્લી ગંબીર થઇ જઇ બોલ્યો.

" નહી. હું તેમ કહેતીજ નથી. પણ આય વખત તો હું તમને ફાવવાં દેવાનીજ નથી. " મેહેલ્લી ડીઅર, તમે બી એમ શું ચેડાં કહાડો. " અને ત્યાં તેણીએ હસીતે પ્યારથી તેનો ગાલ પસવાર્યો.

બસ થઇ ચુકયું. ખેલ ખતમ થયો. તેણીના નાજુક હાથનું ગોવા જાદુ હોય તેમ મહેલ્લીએ ચુપ થઇ જઇ નાંખની કીધી.

" ઠીક છે ચાલ આપણે જઇએ. ટાઇમ થયોછ" અને તેઓ બન્ને મેળાવડામાં જવા નીકળ્યા.

તે એક ઘણોજ સરસ મેળાવડો હતો, અને હસી ખુશીથી સર્વેએ તેમાં ભાગ લીધો હતો. અને ટુકમાં–દરેક રીતે ફતેહ સાથે તે મોડા રાતે ખતમ થયો. આલાં અને મહેલ્લી ઘેર પાછા ફર્યા. બહાર દરવાજા આગળજ તેણીને છોડી તેને ઘેર જવા ઇચ્છયું."

" કાંય મહેલ્લી અંદર આવોની ? " તેણીએ અચરતી બતાવતાં પુછયું.

" નહી એલસી. હમણા ઘણું લેટ થયુંછ કાલે આવશું ડીયર. " અને પછી તેણીને એક કીસ સાથે ગુડનાઇટ ઇચ્છી. તે ગાડી હંકારી ગીયો.

તેણી ચેતી ગઇ કે સાંજનાં બનાવ વિશે તેના મનમાં કાંઇબી હતું અને તે ખ્યાલે આખી રાત તેણીએ દુખમાં કહાડી.

બીજે દીને સહવારે તેણીને એક વિચાર આવ્યો, કે કાંઇબી કરી ક્રીમ કલરની એક નવી સાડી લેવી, અને તેમી આજે અને પછી મહેલ્લીના મનમાં એમ ઠસાવવું કે ગઇ કાલે તેણીએ જે કહ્યું હતુ તે ખરૂજ હતુ. અરે. પછી કેવો ખુશી થશે ? તેણી સાચ્ચુજ બોલી હતી એમ ધારી તે કેવો તેણીને ચ્હાશે ? એ વિચાર આવતાંજ, તેણી નાસ્તો ખાઇ કાપડાવાની દુકાને જવા નિકળી. બે ત્રણ દુકાને ફરવા પછી તેણીએ માંગવા મુજબના કલરની સાડી મળી. રૂપ્યા આપી તે લઇ તેણી ઘેર આવી અને પોતાની સાડીઓમાં પરથી કોરોમાંથી એક સારી મેચ થતી કોર લઇ તે પર મુકી સાંજે પહેરવા તૈયાર કીધી પાંચ વાગ્યા. આલાં નવી સાડી પહેરી તૈયાર થઇ તેની વાત જોતી બારી આગળજ ઉભી રહી. ટાઇમસર તે આવ્યો. ક્રીમ કલરની સાડીમાં સજ થઇ ઉભેલી પોતાની વહાલી પ્રીયાને જોઇ તે ખુશીથી ગોવા ઘેલો થયો.

" આહ મારી આલાંએ નવી સાડીમાં કેવી દીપેછ ? હું કેવો મુર્ખ કે ગઇ કાલે તેણીનુ કહેવુ ખોટું. માન્યુ.

તે સીહડીઓ કુદાવતો અંદર ગયો, અને ટેબલપર ટોપી ફેંકી, તે આલાં જની હતી ત્યાં ગયો અને :"આલાં આયજ તે સાડીકે? વાહ તુ કેવી શોભેછ? " એમ બોલી તેણીને પોતાની નજદીક ખેચવા ગીયો, તેટલાં આલાં તેનો હાથ ખસાડી દુર ખસી ગઇ. એ એકાએક તેણીને શું થઇ આવ્યું ? મેહેલ્લીના આવ્યા અગાઉ તેણી કેવી ખુશાળ જીગરે તેની વાટ જોતી ? હતી? અને હવે એટલાવારમાં એ ફેરફાર કેમ થઇ ગીયો ? કાણે કીધો ? પ્યાર–પ્યાર કે જે અજીત, અજર, બડો બળવાન ને સર્વોપરી છે જેની સત્તા અને હકુમત શું ઇનસાન કે હેવાન

એ સર્વે પર સરખીજ છે. જેનો જોડો બીજો કોઇજ નથી. મેહેલ્લી તે હદ બાહાર ખુશાલી દર્શાવતો જોઇ, તેણીએ તેને કેવો ઠગ્યો હતો હતો તે યાદ આવવાથી તેણીની છાતીમાં એકા એક કાંઇ ખુચી આવ્યું હતું. ખાવંદ તરફનો પ્યાર અને વહાલ કુદરતીજ તેણીના હૈયામાં ઉછળી રહ્યું હતું. કોઇ દાહાડે નહીને આજે એકાએક દયાનો ચમટો તેણીને ડુંડગો હતો.

"રોખો. ઠોખો, મહેલ્લી, મને હાથ ના લગાડતા." તેણી દુર ખીસતાં બોલી. "હુ તમને કાંઇ કહેવા માગુછ."

"તેં શું છે? મને હમણાં તું નહીં કહે. ઉભો રહી જઇ તેને પુછયું

"હુ તમને કહું પણ તમે દુરજ ઉભા રહો; તમે જાણશો ત્યારે મને ધીકારશો મહેલ્લી. ગઇ કાલ—ગઇ કાલે મારી પસે નવી સાડિ નહિ હતી. હું તમારી આગળ જુઠુ બોલી હતી." તેણી નીચી મુડીએ તેની તરફ જોયા વગર બોલી.

"જુઠુ બોલીની ? ત્યારે આપ સાડી તેં પહેરીછ તે ! "

"મારું જુઠું છુપાવવા મેં એ નવી સાડી આજે સહવારે લીધી "

"અને તે છતાં તેં મને કહી દીધું ?"

"હા."

"કાંય કહયું ? તું જાણતીની કે તારા કહેવા વગર હું એ બીના જાણી શકતેજ નહી હું એમજ ધારતે કે તેં મને ગઇ કાલે સાચ્ચુ કહ્યુ હતું. તે મને ખરું કાંય કહ્યુ !"

"મહેલ્લી તમે અહયા ત્યાં સુધી તમને ખરી બીના કહિ દેવાનો મારો વિચાર નહી હતો પણ તમે આવનાને વાર જે ખુશાલી દેખાડી, તે મારેથી જોવાઇ શકાયુ નહી. ત્યારે મારીથી થોભાયુ નહી તમને ઠગવા માટે મારું અંતકરણ મને ઘણું ડંખવા લાગ્યું,"

મેહેલ્લી એ સાંભળી મુછમાં હસ્યો,

"પણ તુંને તો મારી દરકાર નહી હતી, તું તો મને તારા તાબામાં રાખવા માંગતી હતી. તારો મારી તરફ પ્યાર નહી હતો ત્યારે તારું અંત:કરણ કેમ દખ્યુ ?" તેણે ધીમેથી સવાલ કીધો.

આલાએ જવાબ આપ્યો નહી.

"મને જવાબ આપ, એલિસ, મારો સવાલ તે સાંભળ્યો કે ?" ગંભીર રહીને તેણે પાછું પુછયું.

"મેહેલ્લી મને માફ કરો, મારી ભુલ થઇ. હવેથી હું તમને સદા સાચ્ચુજ કહેવશ જુઠુ નહી બોલવાનુ હું પ્રોમીસ આપુછ. હા હું તમારી આગળ ચારે ઘડીએ જુઠુ બોલતી હતી પેલા દરજીને માટે ફરવા જવાને માટે વિગેરે એ જુઠુજ બોલી હતી, પણ હવે ફરીથી કદી નહી બોલશ મને માફ કરો મેહેલ્લી તમે મને ધીક્કારતા તો નથી ?" અને એમ બોલી આ માં રૂમાલમા મ્હોડુ છુપાવી ડચકા ખાવા લાગી.

મહેલ્લી તે ભલો વહાલો ખાવંદ એ દેખી જ કેમ શકે ? તેને પોતાના બન્ને હાથો લાંબા કરી તેણીની સામે જઇ ઉભો.

"અહિ આવ આલાં, મારી આગળ આવ હું તુને ધીક્કારતો નથી, હું સઘળું જાણુંછ. અને મે તો તુને ક્યારનીજ માફ કીધુંછ" તેને મ્હયાથી કહ્યું પણ આલાં તેની આગળ ગઇ નહી

"નહી તમે મને માફ કીધુછ અને મને ધીક્કારતા નથી, એમ કહો મેહેલ્લી તોજ હું તમારી આગળ આવું" તેણી બોલી તે તેણીની નજદીક ગયો, અને પોતાના બાંસામાં લીધી

"આલાં મારી તરફ જો, ડીયર. તુંને હું ધીક્કારું એમ તુ માનીજ કેમ શકે છ ? મે તારા સઘળા વાંકો માફ કિધા હતા આયથી માફ કરુ છ, અને હવે પછી સંસારમાં બી માફ કરશ.

પણ મને તું પ્રોમીસ આપ, કે હવે પછી કદી તું જુઠૂ બોલી મારાથી કાંઇ બી છુપાવશે નહીં. આપણુને સંસારમાં સાથે જીંદગી ગુજારવાની છે. આપણ બંન્ને એક ગેકના ખુદા ને બાર સુધીના સુખ દુખના ભાગીદાર છીએ તો પછી એલીસ, આપણુને એકમેક તરફ સદા સાચ્ચાંજ રહેવુ જોઇયે. તું સાચ્ચુ બોલવાની કોશેશ કરજે વહાલી. અને તેમાં હું તુને મદદ કરશ. તારો બચાવનાર તારી સંભાળ લેતાર, અને તુને સદા સારી રાહે દોરવનાર દાખલ હું ખુદાને ઘેર સુધી બંધાયલો છેવું. અને તે મારી ફરજો હું સારી રીતે સમજુંછ, અને મારાં મોત સુધી હું તે મારી દરેક ફરજો તુ વહાલી તરફની બજા લાવશ. ખુદા મને તેમાં મદદ કરો!" સઘળું પ્યારથી સમજાતી તે વહાલો ખાવંદ બોલ્યો. આલાંએ તેનાં માંગવા મુજબનું પ્રોમીશ આપ્યું.

"હવે પછી કદી જુઠુ નહી બોલવાનું પ્રોમીસ હું આપુછ, વહાલા, અને તમારી ભાયણ દાખલ આપણો સંસાર સુખી કરવાની સદા કોશેશ કરશ. તમને મારા ખાવંદ મારા, ખુદા, મારાં શેઠ, અને મારા સદાના વહાલા સાથી દાખલ ગણી મોત સુધી તમોને સદા સાચ્ચી નીવડવાની હું કોશેશ કરશ. ખુદા આપણો નેગેહબાન થાઓ!"

અને હયાં તે બંન્નેએ સાથેજ "આમીન! આમીન" પુકાર્યું

* * *

વ્હાલા વાંચક, હવે મારે કાંઇ વધુ લખવાનુ રહ્યુ નથી. આલાં અને મેહેરવ્લી હાલ પરણીને એક થયાં છે, આલાંએ જુઠું બોલવાનું તદનજ છોડી દીધું છે. પોતાના વ્હાલા ખાવંદને અદા બરાબર ગણી માન આપે છે. બધી રીતે જોતાં તેણી એક વફાદાર, તાબેદાર, અને સાચ્ચી પરણેતર નીવડી. પોતાંના ગરીબ સંસારને સુખી કરવાની સદા કોશેશ કરે છે, અને તેમ કરવાની તેણીની ફરજજ છે. ગરીબ હોવ યા તવંગર પણ ધણી ફરજ એ દરેક સ્ત્રીની સર્વથી મુખ્ય ફરજ છે ધણીએ સ્ત્રીને આપેલું તાજ છે. અને સંસાર સુખી કરવાનું કામ તાજ તરફની ફરજો બજાવવાથીજ આસાન થાય છે, જે સ્ત્રીએ પોતાના ખાવંદ પછી ભલો યા બુડો ગમે તેવોભી હોય તેની તરફની દરેક ફરજો અદા કીધી તેણીએ ગોયા પોતાના ખુદા તરફની ફરજો બજાવી, જીંદગી સુખી કીધેલી કહેવાય છે. તેમાંજ તેણીની શોભા છે, માટે મારી વહાલી બ્હેનો, તમારા પતી તરફની દરેક ફરજો, તન, મનથી સદા બજાવતાં રહેજો, અને આલાં જેવાંજ વફાદાર અને સાચ્ચા પરણેતર નીવડજો!

આ નવા બેરતાં સાલે હું એટલુંજ ઇચ્છીશ કે પરવરદેગાર મારા હમદિન ભાઇઓ અને બહેનોને સદા નેક બુધ્ધી આપો અને સુખી જીંદગી પસાર કરવાને તેઓનો મદદગાર થાઓ!!

અને હવે મારી આ વાર્તા ખતમ કરતાં એટલુંજ હું ચાહીશ કે આજનું આય નવું બેરતું સાલ મારાં માનીતાં માસીક 'ગુલશન'ને તેમજ કુલે જેહાનને દરેક રીતે મુબારક થાઓ! આમીન!



મિસ બપઈ અ૦ દારૂખાનાવાળા



મિસિસ જરબાનુ મે૦ કોઠાવાળા.





આબાદાની ટેકરાહ
યાને
સરજતનો ભોગ.

એક સંપૂર્ણ વાર્તા

(યુવાન માટે ખાસ)

લખનાર— મીસ તેહમી ફરામજી મેહતા.

કયમરે હૃદયવાળાં આ જવાનીના વ્હેનની લાબી પણ રસીલી વાર્તા, કુટુંબી મગરૂરીમા મસ્ત થઈ મદાર બનતા દયહીણો માટે ચાબુક સમાન છે. કુદરત પોતે પણ કેવી કરામાત કરે છે તે આ વાર્તા સ્પષ્ટ બતાવે છે.

પ્રકરણ ૧ લું

"મને કેઇ વખત એમ લાગેછ મારા જીગર, કે આ રે એક સુપની સ્વપ્ના જોઇએછ. અને તેમાથી જાગ્રત થતા હુ જોઉ શકે તે મને છોડી દીધોછ અને પાછી તુ તારે વતન રાજ કરવા ચાલી ગઇછ"

લીલીએ ઘણુજ મીઠા હસવા સાથે તે મોહનાગના ચેહરા તરફ જોયુ અને તે પોતાનો નાજુક હાથ તેના ખભા ઉપર મુકી દેઇ બના હલવાસમા હાજર થઇ

"જીગર મને ઠીક ખુદાને ખાતર તમે એમ ના બોલો" લીલી હસામણુ મોહેડું કરી બોલી "હુ કાઇ પ્રીન્સેસ નથી કે જે મારે વતન રાજ કરવા જાઉં મરૂ રાજ તો તમો પોતે છો તમોજ મારો જાન, મેરા જીગર. આગ મરહાર, મારા ધણી મગ શીરછત્ર અને રાજા છેવે, મને તમો સિવાય બીજાં કશાની દરકાર નથી ખુદા અને તમો સિવાય મારો કેઇ મદદગાર નથી. ઓ ડીક! ડીક! તમો માનશો, સામી મને બીક લાગેછ કે તમો મારા જેવીને ખરેખર ચાહતા હશો કે? તમો મારા કરતા કેટલા ચઢીયાતા છેવો. તમે લંડનની ફેશનેબલ સરકલનાં લોહી અને જામ છેવો અને હું સાદિ માદી જીંદગી ભોગવતી નાચાર, નબળી નાર છુ તમારી ફેશનેબલ અને માનેતાખાસ ઓળખની બાનુઓ આગળ હુ તો બીનકુલ એવલગામની ગામડીઅન થઇ પડશ! ઓ તે વખતે તમોને કેવું નીચુ જોવુ પડશે!"

"બસ કર મારી પ્યારી લીલી, બસ કર! મને ફેશનમા મરી ચરી રહેતી ચાલબાજની તીરીમત કે બાનુઓ કરતા તુ મારી પ્યારીની સાદિ રીતભત હજાર દરજે મને વધુ પ્યારી છુ ખુદા પાસે મારી અરજ છે કે તુને હમેશ એવીજ સાદી માદી રાખે!"

આ જોડુ એક જોવા લાયક ચીત્ર હતું બન્ને આશુક માશુક એક બીજા ઉપર પોતાનાં

જાન કરતાં પણ વધુ ફરમાન હતાં. મનથી તે બે જાન હતાં, પણ બાતેનમાં તો તે એકજ હતો.

તેઓ બને હાથમાં હાથ મેળવી તે દેવળ માં દાખલ થયા, જ્યાં લીલી દરરોજ ઓરગ નની ઉપર પ્રેકટીસ કરતી હતી.

"વહાલા હવે તમે જાવો," લીલી બોલી "રાતે તમો તમારા પીનાજી સાથે અમારે ત્યાં જમવા આવનાર હેવો તે મળશું."

તે બને વ્હાલાંઓ આવતાં વાદળનો જ રાક પણ ખ્યાલ કર્યા વગર એકમેકને વ્હાલ થી ભેટી છુટાં પડયાં. ડીક પોતાને ઘરે ગયો અને લીલી રાબેતાની પ્રેકટીસ કરી પોતાને ઘ રે ગઇ, જ્યાં તેણીને આવકાર દેવા બુઢો ડા૦ એ તઇયાર ઉભેલો હતો.

"દીકરા તું આજે પ્રેકતીસ કરવા શા મા ટે ગઇ? હમણાં તે વખત જાયછ તેમાં આ પણાં પરોણાઓ આવશે તેઓ માટે તઇયારી કરતાં થાકી જશે."

"પપા ડીયર, પરોણાને આવવાને તો હજી બે કલાકનો વીલંબ છે, તેટલાં તો મને પુર તી આરામેશ મલી શકશે."

બુઢો બાપ પોતાની બેટી તરફ મગરરી સ્નેહ પુછતાં હસ્યો.

બે કલાક પસાર થયા બાદ ડા૦ એની પાસે લીલી પોતાનાં પરોણાઓને આવકાર આ- પવા ઉભી હતી.

ડા૦ એ ઘણો પૈસાવાળો હતો. ને ઘણો જ માયાળુ સ્વભાવનો હતો. તે આસપાસનાં ઓને સુખી બનાવવા તથા ગરીબોને બીન દાં સલે મદદ કરવામાં પોતાનો તમામ વખત રે ક્તો હતો. લીલીપર તેનો જીવજાન હતો. અ ને તે તેણીને પોતાની આંખ આગળથી જરા પણ ખીસવા નહિં દેતો હતો. લીલી પોતાના પેદર ઉપર છીવ આપતી હતી.

હાજર રહેલાં પરોણાઓમાં લીલીના પેદર નો બહુજ અતરંગનો દોસ્ત અને હમેશનો સાથી જે ત્યાંના દેવળનો વડો પાદરી હતો તે હતો. એ ઉપરાંત સર જોનમાર્ટન અને તેનો બેટો પણ હતો.

સર મેરટન ઘણો મોટો આદમી હતો. તેની ઓલખાણ પીછાણ ઘણી હતી. અને તે મોટી દોલત ધરાવતો હતો. તે પોતાના મોટા નામને માટે હદ બાહેર મગરૂર હતો. અને તે નો બેટો ડીક પણ પોતાની માફક મોહું ના મ કાહડે એવી તેની ઉમેદ હતી. તેને પોતાનો બેટો ડીક લીલી એ સાથે અદરાયો હતો તે જોકે આજું પસંદ તો નહિં હતું, છતાં આખરે તેણે નાંખતી કીધી હતી. લીલી ઘણી ખુબસુરત અને પયસાવાળી હોવાથી તેને ઘ ણીજ આનાકાનીએ ડીકને લીલી સાથે અદરા વાની રજા આપી હતી.

ખાણાં ઉપર સઘળાઓ સાથે મળી વાત ચીતમાં લીન થઇ ગયાં હતાં. તેટલાં એક દાસી દાખલ થઇ સીધી પોતાની જવાંન શેઠાણી આગળ ધસી ગઇ. ડીક પાસેજ બેઠો હતો એટલે તે દાસીએ શું કહ્યું તે બધું તેણે સાંભળ્યું.

"એક ઘણો બુઢો આદમી શેઠને મળવા માંગેછ, મીસ એ. તેને કહ્યું કે ડાક્ટર ગેહા મસા છે માટે ડાક્ટર ગ્રાંન્ટ પાસે જાવો. પ ણ નહિ, તે તો બસ શેઠનેજ મળવા માંગેછ."

"શું છે, લીલી?" ડાક્ટર એએ દાસી ને પોતાની બેટી સાથે ઘુસઘુસ કરતી જોઇ. ટેબલને બીજે છેડેથી પુછ્યું "એમા શું કહેછ?"

"એક આદમી તમોને મળવા માંગેછ. પપા," બેટીએ પોતાના બાપને હસીને જવા બ દીધો. અને પછી ડીક તરફ ફરી હસીને બોલી, "ડીક, સારૂં છે કે તમો ડાક્ટર નથી. ડાક્ટરોને કોઇબી દીવસ કરાર હોતો નથી."

ડા૦ ગ્રેએ તુરત માફ માગી ઉડતાં બો લ્યો, "મને એ મીયાગને જોવોજ જોઇએ. ઘણા વખતથી મેં તેને જોયો નથી. થોડીવારમાં હું તેને એક ઉંઘની દવા આપીને આવુછ"

લીલી તુરત ઉઠી અને તે સર મોરટનની સાથે વાતે વળગી જ્યારે પાદરી અને ડીક એક બાજુ વાતે બે.ગા. ખાણુ પુરૂં થયું હતું. એટલે તેઓ સૌ હોલમાં બેસી એનાર પે-લારની વાતોમા મસ્ત બની ગયા એટલામાં વળી એક દાસી આવી અને લીલીને કહ્યુ—

"મીસ લીલી, મહેરબાની કરી જલ્દી શેક આગળ આવો. તમોને એક પણ પળ ખોઇયા વિના બોલાવેછ"

લીલીનો ગોલાબ સમાન ચેહેરો સફેદ પુ ની જેવો થઇ ગયો અને એક પણ બોલ બોલવા વગર તે જવાન બાનુ પોતાના પેર ના દવાખાના તરફ દોડી.

ડા૦ ગ્રે સર મોરટન સાથના વાતચીતનો ખ્યાલ કરતો પોતાના દવાખાનામા દાખલ થયો, પણ ત્યા ખુરસીને અઢેલીને ઉભેલા, આદમીને જોઇ તેના મનમાં સઘળા ખ્યાલો હવામાં ઉડી ગયા.

"તોમ, તું મને ઓળખેછની?

તે નવા આવનાર આદમીએ દયામણુ મોહોડું કરી, બુઢા દાક્તરને પુછ્યુ. દાક્તર ગ્રે આગળ ગયો અને તેનો હાથ પકડી એક ખુરસી પર બેસાડયો

"જેક, જેક, તું પાછો આયો! હુ તો સમજ્યો કે તુ મરણ પામ્યો હશે અને ખુદાની માફી લામો વખત થયો મેળવી ચુક્યો હશે? જેક, તુ જીવતો છે તે હજી માનવામા નથી આવતુ! તે ડાક્ટરે જાણે સ્વપ્નો જોતા હોય તેમ ઓરડાની આસપાસ જોઇ બોલ્યો.

તે નવો આવનાર ઉઠયો અને તે પોતાના જુના દોસ્ત ને બગલગીરી કરતાં બોલ્યો:—

"મને પાછું આવવુંજ પડયુ! તુ જાણે છે તેમ હુ અહીંથી નાહસી ગયો અને પોલીસ એમ સમજી કે હું પેલા યાદગાર બોટ રસ્તે અકસમાતનો ભોગ થઇ પડયો હતો. એથી મને નવી જીંદગી મળી એ બનાવ ઉપર જોકે એક લાંબી મુદત પસાર થઇ ગઇછે તો પણ તે જાણે ગઇ કાલેજ બન્યો હોય એમ મને લાગેછે." આટલુ બોલતાં તેણે એક ઉંડો નિસાસો નાખ્યો અને આગળ ચલાવ્યું;—

"તોમ, મારી દીકરી—મારી નાની દીકરી તો નથી જાણતીને?"

"નહી, મે તેણીને જાણવા નથી દીધું," ડા૦ ગ્રેએ કહ્યુ "એ બુલબુલને તો મેં મારી પોતાની પટના બેટી તરીકેજ પાળીછે."

"ખુદા! તુને ને તે નિર્દોષ બાળાને સુખી રાખ! મારા ભલા દોસ્ત, મારે તો હવે આવી બન્યુછે. તે પ્યારી બચ્ચીનુ એકજ વખત જોવાની અને તેણીના સાદ સાંભળવાની લાલચ હુ કેમ કરી દુર કરી શકયો નહિ. મને અહીં દોડી આવવાનુ કારણ એજ છે. તોમ, તુ હમેશા મને મદદ કરતો આયોછે. તે મારા છુટકારા માટે સત્તાવાળાઓ સાથે બાથો બાથ લડત ચલાવી, પણ હુ ગુનહગાર હતો એમ સઉ કોઇ જાણતા હતા. તોમ, હુ ઘણો પૈસાવાળો થયો છુ. મારી સઘળી દોલત હુ તુને સપુરદ કરુછ. બોલ મને મારી દીકરીને ક્યારે બતાવશ? તે સુંદરીને મળવાને મારૂં જીગર તલપી રહ્યુછે મારા ઉપરની આફત વેળાએ એ નિર્દોષ બાળક ફકત ત્રણ વરસની વયનું હતુ તેણીને જોયા વગર મારી ધીરજનું બંધ ખુટી ગયુછે આ! હુ તે બચ્ચીને જોવા કેટલો કેટલો ઇંતજાર છુ! ખુદા ખાતર મને ન તલપાવશો!"

ડા૦ ગ્રેનો દોસ્ત તેજ હતો જેક પર ખોટી સહી કરવા માટે વરસો આગમજ નામો-

શીમાં આવી પડયો હતો. તે આજે જાણે ઘોર માંથી પાછો ઉઠી આવ્યો હોય તેમ તેને લાગ્યું.

"તોમ તુને સમજ પડેછ કે હું કાં આવ્યો તે?" જેક બ્રેડને મજબુતીથી ડાકટરનો હાથ પકડી ગગલતે સાદે પુછ્યું "મને મારી દીકરીને અને મારાં અસલ વતનને જોવા વગર મરવા નહિં ગમ્યું. તોમ હું પાછો આવવાથી તું મને ઠપકો આપશે પણ મને શું થાયછ તે તું નથી સમજતો!"

"હું બધુ સમજું છ," ડા૦ ગ્રેએ ખોખરા સાથે પોતાની પર કાબુ રાખતાં કહ્યું તેણે ધાર્યું કે. જે લીલા એક કેદીની દીકરી હોવાની વાત બાહર આવે તો તે છોકરીનાં પ્યારનો સુખી સ્વપનો સદાનો ઉડી જાય.

"તું મને એને મળવા દેશેની?" જેકે પુછ્યું.

તે ઓરડામાં ચુપકીદી પથરાઇ. ડાકટર શ્રે શું જવાબ દેય? તેના દીલમાં કંઇ અજબ રીતનું થયું હતું.

"મારો ગરીબ દોસ્ત!"

બ્રેડનને કંઇ સમજ પડી નહિ.

"મને કહો!" તેણે પછ્યું "એ મારી બેટી તંદરોસ્તીમાં તો છેની?"

"હા" બુધા ડાકટરે એક નિસાસો નાંખતાં કહ્યું.

"એ એની માય જેવી છે કે?"

"હા" ડા૦ ગ્રેએ એક આંસુ ખેરવતાં જવાબ દીધો.

"એ અહીંજ તારી સાથે છેના?"

"હા"

"ત્યારે તો હું મળી શકશ?"

હજી ડા૦ ગ્રે ધસુપસુ થયો, તે તેને કેમ કહે? તે તે ગરીબ બાપની ઉમેદ કેમ તોડી નાખે?

"તોમ, કાંઇ તો બોલ" જેકે દલગીર ચેહેરે અરજ કરી, તેટલાં એકાએક તેને જાણે કાંઇ ભાણ થયું હોય તેમ પોતાનાં બને હાથોમાં માથું નાખી પોકે પોક રડવા પડયો.

"હવે મને સમજ પડેછ. મારે તેણીને મળવા નહિ માંગવુ જોઇએ હું તેણીને લાયકનો નથી. ઓ તોમ! મેં મારાં પાપની રાત દીવસ કેવી તોજસ કીધીછ ને હું એમ સમજ્યો કે મને માફ થઇ ચુકયું હશે, પણ નહિ, મારાં નસીબમાં માફી છેજ નહિં."

આટલું બોલતાં તે દુઃખી આદમી પોકે પોક રડવા લાગો, અને એક બચ્ચાં પેઠે ડવકાં ખાવા પડયો.

"તોમ હું જ્યાં સુધી એક સારી જેવી દોલત ગાંઠે બાંધી શકયો નહિં ત્યાં સુધી હું નહિંજ આયો. પણ હવે મારી ધીરજ ખુટી ગઇછ. ફકત એકજ વખત મારી જનમ ભુમી તથા હું જે દેવળમાં પરણ્યો હતો તે જોવાની મારી તલપ ઉભી થઈ હું આ સામેનાજ દેવળમાં પરણ્યાં હતાં. હું સમજ્યો કે બધુ બરોબર થશે અને હું તેણીને સુખી કરીશ. મારી પર આવેલા નામોશીથી તે કેવી રડી પડી હતી! મને પોલીસ પકડી ગઇ તેનાં દુઃખના મારી તેણે કેવાં ફગગા માથે માથાં ફોડયાં! તેજ વખતે એ બીચારીને છેલ્લા જોઇ, ત્યાર પછી તો તે ખુદાને બાર પુગી ગઇ. ઓ ખુદા, તોમ, તેણીને એવે તુટેલે જીગરે મરણ પામતા [illegible] ખાતર હું ગમે એવું દુઃખ ખમવા તૈયાર [illegible], [illegible], અરે તોમ, હું [illegible] કેવું [illegible] નામોશી તેણીના ઉપર લાવવા [illegible] હું મરી ગયો હતે. હું એ બધું ભુલી જવા માટે મારી જીંદગી આપુ તો વાડું છ. તોમ, તુજ એક મારો દોસ્ત વફાદાર છે, યાર છે, મદદગાર છે. દોસ્ત તે વખતે હતો અને હજી બી છે."

ડા. ગ્રે તે લોકને જોતા ઉભા હતા તેટલાં સર મોરટન તથા પાદરી તથા ડીકને આવેલાં જોઇ ચોક્યો. તે પાદરી અંદર આવ્યો અને ડાકટરનાં ખભા પર હાથ મુકી બોલ્યો.

" શું છે વ્હાલા દોસ્ત ? હમોએ લીલીને ચીસ પાડતાં સમજી તેથી આવ્યા કે —"

એક બોલ પણ બોલ્યા વગર ડા. ગ્રેએ તે બાપ દીકરી તરફ આંગળી કીધી અને તે પાદરીએ પણ વરસો વહી જવા જતાં પેલા નવા આવનારને પીછાણી પોતાનું ડોકુ નમાવ્યુ તેને બધુ માલમ હતું.

" લીલી, વ્હાલી લીલી" એડન પોતાની દીકરીનાં માથા ઉપર હાથ મુકતાં બોલ્યો, "મેં તુને જોવાની આશા નહિ રાખેલી. હવે હું સુખથી મરશ, કારણ હું જાણુંછ કે તું સુખી છે. પ્યારી બેટી હું તારો બાપ છું પણ તારા જેવી બેટી માટે એક ગુનામાં ગુરો બાપ છુ. તો પણ તને મારી અરજ છે કે તારા બાપ તરફ રહેમની નજરે જોતી રેહજે. હુ વધુ બોલી નથી શકતો, મારૂં જીગર ચીરાઇ જાયછ, મારી દીકરી મને માફ—માફ..."

તે કમનસીબ બાપ વધુ બોલી શકયો નહિ. તે આ વખતે બેહદ ઉશકેરાઇ ગયો હતો તેનો દમ ધમણની માફક ફુકતો હતો તેના ડોળા લાલ ચોલ થઇ ગયા હતા. અને તેમાં અજબ રોશની પ્રકાશી રહી હતી.

થોડોક વખત સુધી તો તેણે એકી ટસરે પોતાની પેટની બેટીને જોયા કીધી.

બસ હવે થઇ ચુકયું. એક દુઃખના ડચકાંની સાથે તે કમનસીબે પોતાનો જાન પોતાના પેદા કરનારને સપુરદ કીધો.

ડાકટરે તે રડતી છોકરીને ધીમેથી ત્યાંથી ઉઠાડી અને સર્વ જણાં પાસેના ઓરડામાં ચાલી ગયા. જ્યાં, લીલી મોટી ખુરશી પર અરડાઇ પડી અને પોતાના બંને હાથોમાં માથું પકડી પોકેપોક રડવા પડી. ડીક મોરટન તેણીની આગળ જવા ગયો જેને તેના બાપે અટકાવ્યો.

" આ આદમી કોણ હતો ? " સર મોરટને ડાકટર તરફ ફરી પુછયું.

" એવણ એના બાપ અને મારા જુના દોસ્ત હતા. " તે ડાકટરે ગંભીરતાથી, કહયું. " સર જોન, તમે અને હું ઘણાં વરસો દુનીઆનાં જાણી ચુકયાંછ કે આપણને સર્વને એક એકને કેટલું માફ કરવાનું છે. "

પણ સર જોને તે સમજ્યું નહિં હોય તેમ બોલ્યો:—

" હા, હવે મને યાદ આવી. મેં બી એ વાત સમજેલી ત્યારે લીલી આ શખ્શની છોકરી અને મારો દીકરો એની સાથ અહરાયલો છે?"

ડીક તુરત આગળ આવ્યો.

" પપા, તે તો બધું હવે ભુલાઇ ગયું ! " ડીકે કાંઇક દુઃખથી જણાવ્યુ.

" બેટા, ભુલાય તે કેમ ? " સર જોન કરડાઇથી બોલ્યો.

તે બુઢો પાદરી સર જોન આગળ ગયો.

" સર જોન, જો કંઇબી ખોટું થયું હોય તો હવે તો બધુ ભુલાઇ જવુ જોઇએ, મોહબત સઘળી ચીજ ભુલાવેછ. "

" ભુલી જાઉ ? " તે બેરોનેટ કઠોરતાથી હસી બોલ્યા " નહિં, નહિં, મારા દીકરાને હાગાયા એક કેદીના છોકરા સાથે અહરાવા માટે ફાંસીના લવાના બાવે ન હું ભુલી જાઉ ! ડીક, મારા દીકરા ચાલ, આ જગા આપણે માટે નથી. લીલા ચોંકી ઉઠી અને સફેદ પુતળા જેવે ચહેરે ડીક કે જેને તેણી પોતાના જવાન જીદગી સોંપા હતી તેની તરફ જોયુ તેણીએ તો એવી ઝ આશા હતી કે ડીક જરૂર તેણીની આગળ આવી તેણી ને પોતાની પનાહમાં લેશેઅને આ સઘળાંની દર

પ્રકરણ ૨ જું.

સર મોરટને પોતાના બેટાને એક કેદીની છોકરી પરથી હાથ ઉઠાવવા માટે સમજાવવાને ઘણુંજ કીધું પણ તે જવાને હિમ્મતથી કહ્યું કે તેનો તે છોકરી પર ઇત્કાન હતો અને તેણીની જુદાઇ તે નહિ ખમી શકે એવી ખાતરી હતી, છતાં તે દયાદિલ બુઢો બાપ મક્કમ રહ્યો અને ડીકનું કંઇ વળ્યું નહિ.

જે વેળાએ બાપ બેટા વચ્ચે મજમુન લડત ચાલતી હતી તેજ વખતે ડાકટર ગ્રેનાં લાઇબ્રેરી વાળા ઓરડામાં ગરિબ બાપડી લીલી એક સોફા પર પડી રહેતી પણ દવા ઉશકેરે એવી રીતે ઘડીકમાં ડચકાં ખાઇ રડતી હતી અને ઘડીકમાં રડમશ ચેહેરે બોલતી હતી.

"અફસોસ, કે મારા સુખી સ્વપનાઓનો આવો અંત આવ્યો. પપા, ડીકે મારી તરફ કેવી રીતે જોયું તે તમે જોયું કે?"

ગરીબ બાપડો ડા૦ ગ્રે! તે તો તેણીને આવી રીતે રડતાં જોઇ દુખણો દીવાનો બાવરો બની ગયો હતો, પણ તે શું કરી શકે? તે બીલકુલ લાચાર હતો.

"એને મારી દરકાર હોય એવું લાગતુંજ નથી!" વળી તે કમનસીબ છોકરી બબડી "હવે હું કદી અને મળશ નહિ. એનો પયાર સાચો નહિ હતો તે મને પાછું સારી રીતે માલમ પડ્યું છે. મારે માટેનો એનો પ્યાર એવો નાકસી હતો ને માટે હું નહા બેખબર હતી. પણ પપા, ખુદાને ખાતર તમો દલગીર ના થાઓ હું બધું હિંમતથી ખમશ. હું મારી સખ્તતને ખુશાથી તાબે થશ. હું મેરી લેડીનરને મળશ, ને અને લાગેલો જખમ તેની સંગતની દવાથી રૂઝાશ."

ડા૦ ગ્રે આ પરે ચમકી કમળા પડ્યો.

"મારી પ્યારી બેટી, શું તું મને છોડી દેવા માંગેછ? તારે લીધેજ હું આ જુકી હગરી જેહાનમાં દમ ભરૂંછ. તું મને છોડી જશે તો જાન કે મારા બદનને છોડી ગઇ. બેટી અહીજ રહે મારીજ પાસે રહે, મારા પાસામાંજ રહે અને કદાચ કદાચ હજુબી તું સુખી થશે."

લીલીને બહુજ લાગી આવ્યું, તે ઉઠી અને તેની આગળ આવી પોતાના બને હાથો તેના ગળા આસપાસ વીંટાળી બોલી:—

"મારા સુખથી હું નહિ જવશ મેરી લેડી મર મને હીમ્મત રાખતા શીખવે તેટલાં માટે જવા માંગતી હતી. પણ એવી તમારી મરજી નહી હોય તો હું તેમબી કરશ નહી. નહીજ જવશ. કદી નહી તમોને છોડશ." તે બાળા મક્કમ સાદે બોલી. "હું હીમ્મતથી મારી પર તમામ દુઃખ સાંખશ."

આ બનાવ ઉપર થોડા દીવસ વીજલીક વેગે પસાર થઇ ગયા. તે છોકરી ઘણીજ શાંત રહી. તેણી હમેશ પોતાના પીતાની ચેર પર ફુલો મુકવા જતી હતી. ડા૦ ગ્રેને હજી અમલુ સમાધાન થશે એવી આશા હતી પણ લીલી તો ડીકને મળવા સાફ ના પાડતી હતી.

"પપા, ખુદા ખાતર મારી આગળ એનું નામ ના દેવો! તેણી એક વખત મક્કમ પણે બોલી હતે તો સઘળું ખતમ થયુંછ"

કમનસીબ લીલીનાં જીગરમાં શું થતું હતું અને તે કેવી વેદના વચ્ચે પોતાના દીવસો પસાર કરતી હતી તે તો ફક્ત ડાકટરજ જાણતો હતો. કારણ અવાર નવાર તેણીના ઓરડા આગળથી પસાર થતાં તે તેણીનાં ડગલાં ખાઇ રડવાનો સાદ સાંભળતો હતો. ઘણી રાતે તેણી પાચેનાજ ઓરડામાં જયાં તેણી સુતી હતી ત્યાંથી મોડી રાતે સુધી રડવાનો સાદ આવતો હતો પણ

સવાર પડતાં તેણી હમેશની માફક શાંતીથી ચાહનું કપ બનાવી પોતાના મુરબ્બી આગળ લાવ તી હતી તે બાહારથી તદન શાંત પણ ઘણીજ દલગીર અને ફીક્કી લાગતી હતી.

' પપા તમો મારે માટે ફિકર નાં કરો ! " તેણી કોઈ વખત બોલતી ' કદાચ કદાચ એ પણ સારાને માટેજ થયું હશે. હું ઘણી હવડાં હવડાં એકલ પેટી બની હતી. ફકત મારા સુખ સીવા ય બીજા કશાનો વીચાર નહિ કરતી હતી. તેથી કુદરત તરફનો આ કદાચ ફટકો હશે. મેરી લેડી મરણી કદાચ એમજ ધારતે પપા તમો મારી ફીકર નાકરો હું સુખી છેવુ તમારી સાથે સુખી છેવુ "

તે ડાકટર કાંઇ જવાબ આપી નહિ શકતો હતો. તે છોકરીનું સુગ્રું દુઃખ તેને ઘણો બળા પો કરાવનાર થઇ પડયું હતું.

ઠીક તો જ્યારે લીલીએ તેને મળવા નાજ પાડી ત્યારે કેંયે દુર દરાજ નિકળી ગયો હતો.

વળી થોડા દિવસનો ગાળો વિત્યાબાદ એક દીવસ તેણી ડા ગ્રેની સાથે દેવળમાં ગઇ અને એ રગન પર બેઠી પેલા દુઃખી દીવસ પછી તેણી એ કદી વાજુ વગાડયુ ન હે હતુ અને ડાકટરે પણ તેણીને દુઃખ થશે એવુ ધારી કદી ગાવા સુચ યુ નહિ હતું કારણ તે જાણતો હતો કે તે હમેશાં ઠીકની સાથે ગાતી હતી એટલે તેણીને ઘણું દુઃખ થશે આજે તો તેણી પોતેજ ઓર ગન આગળ ગઇ અને વગાડવા પડી. તેણીએ એક ખુશાલ ગાયણુ ગાવા શરૂ કીધુ પણ બીજીજ પળે તેણી બેસુધ થઇ ખુરશી પરથી જમીન પર પડી. તે બના ડાકટરે તેણીને સુધીમાં લાવવાને ચાંપતા ઉપાયો લીધા, ત્યારે તેણીએ સેહેજ આંખ ખોલી.

" પપા મે હિંમતથી ખમવા ધણી કે શે ! કરીશ પણ નહિ મારેથી નહિ બનતુ ! અર પપા, મારી આગળથી ખીસતા ના " તેવણને મજબુત પકડી તેણી બોલી ' મને જરાબી છોડતાં ના, હું મરું—'

બસ એટલી તે વળી પાછી બેસુધ થઇ ગઇ. અને ડાકટરે જોયુ કે બેળાની તાવે તેણીની ઉપર મજબુત હલ્લો કિધો હતો.

પ્રકરણ ૩ જું

સેન્ટ અગાથા કોનવેન્ટની વડી મેરી લેટી મર પોતાના ઓરડામા એક કાગળ લઇ ઘણુંજ દુઃખી ચેહરે વાંચતી માલમ પડતી હતી.

" તમો મારી દીકરી પર ઘણો જીવ આ પતા હતા અને રેવરન્ડ માતા, હું જાણુછુ કે તમા રી કેળવણીથીજ મારી દીકરી હીમતથી ખમવા શિખીછે તેથીજ તમોને લખુછ. તમો તો એની વાત જાણોછ. મે તે વાત એનેથી છુપી રાખી કે એ દુઃખી નહિ થાય. કદાચ તે ડહાપણ ભર્યું પગલું નહી ગણાય પણ મે એને દુ ખમાથી બચાવવા ધારી.

હવે તો તમો જાણોછ કે ફટકો પડી ચુકયો છ, લીલી સઘલી વાત જાણેછ. ગરીબ જેક એકન બીચારો પોતાની દીકરીના હાથમાંજ મરણ પામ યો અને તે તો શાંતીમાં સુનોછ. પણ મારી લી લી તદન બદલાઇ ગઇછ. તેણીએ ડીક મોરટનને મળવા સાફ ના પાડી કરી તે તો આખરે થા કીને દુરદરાજ કયે નીકળી ગયોછ. તે પોતાના પિતાને આખરે શરણ થયોછ.

અને મારી નાની દીકરી, માતા, કુદર તે મને સાબુત ફટકો માર્યોછ તેણે મને બતાવી આ પ્યુંછ કે જુદું કદી હાવતુ નથી. આપ રે સાચ્ચા- નીજ સ્નેહ છે. જો મે પેહેલ્લાથીજ લીલી આ ગળ સાચો ખુલાસો કીધો હતે તો આવુ પરીણા મ કદી આવતે નહિ. પણ મત માનજો, માતા,

કે મારી એકજ નેમ મારી વ્હાલી લીલીને દુઃખી માંથી બચાવવાની હતી."

તે માતાએ તે કાગળ મુકી દીધું. ગરીબ બીચારા ડા. ગ્રે ? તેણી બડબડી. તેવણ મને લીલી આગળ બોલાવવા માંગેછ પણ હુ કેમ જાવુ ? એવણ લખેછ કે ગરીબ લીલી મરવા પડીછ " આટલુ બોલી તેણીએ ફરી તે કાગળ લીધુ અને આગળ વાંચવા માંડ્યું.

" માતા, મારી કમનસીબ બેટી મારી નજર ની સામે તુટેલે જીગરે મરણ પામેછ તે કેમ જોઇ શકુ ? તે બળાપાથી ઝુરેછ. પણ હું કાંઇજ કર કરી નથી શકતો ? સર મોરટન તો મને મળવાજ સાફ ના પાડેછ. અમારી આટલાં વરસની દોસ્તી છતાતેને મને સાફ પોતાની સીડિએ ચડડવાની મનાઇ કિધીછ અને ઠીક કર્યાં છે તેની મને ખબરજી નથી. એ બે વખત પેલા દુઃખી બનાવપછી પોતાના બાપની મનાઇ છતાં આવી ગયો. પણ લીલીએ તેને મળવા સાફ ના પાડવાથી તે નાસીપાસી નો માર્યો કોણ જાણે કયાં ગયોછ પણ લિલિ એને ચાહેછ. સાંચા જીગરથી ચાહેછ, તેની હુ ખાતરી આપુછ. તેનીજ જુદાઇ મારૂ ગરીબ બચ્ચુ પોતાની જીંદગી અકારી કરી બેઠીછ.

મેરી લેટીમર તે કાગળ વાંચી વીચાર કરવા પડિ. વરસો આગમજની એક સાંજ યાદ આવી કેજે વખત તેણી એક ઘણી ખુબસુરત નાની છોકરી હતી, અને સર મોરટન પોતાના બાપની સાથે તેણીને ત્યા પરોણો ઉતર્યો હતો જે વખતે તેણે તેણીનાં હાથની માંગણી કીધી હતી જે તેણીએ ના પાડી હતી. તેણે તેણીને કહ્યું હતુ કે તે કદાચ નામને ખાતર પરણશે. પણ કદી કોઇ બીજીને આની રીતે ચહશે નહિ. તે સઘલુ હવડાં તેણીને યાદ આવ્યુ.

" ઓ ખુદા હુ હવે એની આગળ કેમ જાવુ ? અમો હોસ્પીતાલમાં છેલ્લાં મળ્યાં પછી કોઇ દીવસ મળ્યાં નથી તો હવડાં હુ કેમ જાવુ ? " વળી તેણીને તે હોસ્પીટાલનો દેખાવ નજરે આવ્યો જે વખતે સર મોરટન ફક્ત એક સોલજર હતો અને લડાઇમાં જખમી થવાથી મરવા પડયો હતો. તેણી તે વખતે તે હોસ્પીતાલમાં મદદ કરવા ગઇ હતી. તેણીને તે મરવા સુતેલા આદમીના બોલો યાદ આવ્યા.

"મેરી, તું મારી નથી થવાની પણ હું તો સદા તારો પુજારી છુ. અને જો ખુદા મને સો સાલની જીંદગી બક્ષશે તો પણ હું એવોજ રહેવશ " તે થોડીક પળ અચકી બોલ્યો:—

" મેરી હુ જાણુંછ કે મે ઘણી સરસ જીંદગી નથી ગુજારી પણ હવે હુ તુને ઓળખતાં શિખેલો હોવાથી સુધરવાની જરૂર કોશેશ કરીશ. હુ તુને વચન આપુંછ કે હવે કદી હેંકરાઇ નહિ કરશ. "

આ પછી તે સારો થયો. અને ધીમે ધીમ ઘણો વગવાળો મોટો આદમી બન્યો.

મેરી લેટીમરે પોતાની જીંદગી કોનવેન્ટની ધર્મમાતા તરીકે ગરીબોને સપુરદ કર્યા બાદ થોડાં વર્ષમાં જોન મોરટીમર મોટાં ખાનદાનમાં પરણ્યો અને તેને ત્યાં એક દીકરો થયો. જે પાંચ વરસનો થાય તેટલાં તેની માતા મરણ પામી. ત્યાર પછી જોકે તેની ઉમર તે વખતે ફક્ત ત્રીસ વરસની હતી છતાં તે ફરી પરણયો નહિ હતો.

" હવે હું એની આગળ કેમ જાવુ ? એને કેમ એનુ પ્રોમીસ યાદ દેવાડું ? " મેરી લેટીમર વિચાર કરવા પડી " પણ લીલીને ખાતર મને તેમ કરવુ પડશે. "

તે બીજે દીને મોરટન ગામમાં ગઇ, જ્યાં ડા૦ ગ્રે વસ્તો હતો. તેણીની કોનવેન્ટથી તે ગામડું ઘણું નજદીક હોવાથી તે અવારનવાર ત્યાં લીલીનાં આગ્રહથી મળવા જતી હોવાથી તેણીને તે ગામ કાંઇ અજાણુ નહિ હતું.

તેણી જેવી કમપાઉન્ડમાં દાખલ થઇ કે એક દાસી તેણીને સામેજ મળી, જેણે તેણીને નમીને સલામ કીધી.

"ઓ મેડમ, હું કેવી ખુશી થઇ કે તમો આવાં! તેણીએ આંખમાં આંસુ સાથે કહ્યું "રોદને ગઇ કાલની તાપ આવેછ અને મીસ લીલીની તબીયત તો રોજની વધુ અને વધુ બીમારતીજ જાયછ,"

"આપણે ઇચ્છીશું કે ખુદા આ મેરને પાછું હલવું રમતું બનાવે, જેવી તે પાકપરવરની મરજી," મેરી લેડીમર બોલી અને પછી અંદર ગઇ.

ડા૦ શ્રે એક નેરી ઈઝીચેરપર માથે હાથ દઇને વિચારમાં બેઠો હતો તે મેરી લેડીમરને જોઇ તુરત ઉઠયો.

"ઓ હું તમારો ઉપકાર કેમ માનું?" તેણે ખોખરે સાદે કહ્યું.

"ઉપકાર એમાં ઉપકાર શાનો માનવાનો હોય?" મેરી લેડીમરે નરમાસથી કહયું "લીલી કેમ છે?"

"એની બીમારીએ એવુ ગંભીર રૂપ પકડયુંછ કે હવે તો આશા રાખવી ફોકટની છે." તે ડાકટરે દલગીર ચેહેરે કહ્યું. "હું તો ધારતો હતો કે એ હીમ્મતવાળી બહુ ખમતી હોવાથી હજીબી બહુ સારૂજ થશે, પણ નહિ, એનું જીગર તુટી ગયુ છ. ચાલો, હું તમોને એની આગળ લઇ જાવું"

ઉપરનાં ઓરડામાં લીલી બેડન સફેદ પુની જેવી બીછાનાપર પડી હતી. તે જાણે આગળના લીલીજ નહિ હતી. તેણીનાં ચેહેરા પરથી લોહીનું ટીપે ટીપું જાણે ઉડી ગયું હતું. મેરી લેડીમર તે બીછાનાની પાસેનીજ ખુરસી પર બેઠી અને દરદીનો હાથ પોતાના હાથમાં લીધો. લાલીએ તેણીની તરફ જોયું પણ તે ઓળખી શકી નહિ.

"ઠીક," લીલી બડબડી "તું મારી આગળ કાં નહિ આવતો? હું તુંને ચાહું છ. મારી કાંઇ ના કહેવાની મતલબ નહિ હતી. ઠીક, તું એક વખત મને કેવો ચાહતો હતો અને—"

તે ગરીબ છોકરીની આંખો વળી બંધ થઇ ગઇ અને તેણી જાણે મરી ગઇ હોય તેમ હીલવા ચાલવા વગર પડી રહી. મેરી લેડીમર તેણીનાં બીછાનાની આગળ ગુંથણ ઉપર પડી અને ઘણી આજેજીથી તે પાકપરવરની ખરાં અંતકરણથી દાદ ચાહી જે જોઇ ડા૦ શ્રી જે પાસેજ ઉભો હતો તેણે દુખનું એક ડચકુ ખાધું."

મેરી લેડીમર ભણીને ઘણાં શાંત ચેહેરે ઉઠી તેણીએ તે ભલા ડાકટરનાં ખભાંપર હાથ મુકયા અને માયાથી બોલી;—

"મારા દોસ્ત, ના રડો, જો ખુદાની મરજી એવીજ હશે તો તેને તાબે થવા સીવાય છુટકો નથી" આ પછી તે દરદી તરફ ફરી અને તેણીને એક કીસ કરી એ લી "તમો કહેવોછ કે તમોએ બધા મોટા ડાકટરોની સલાહ લીધી પણ સઘળાઓએ આશા મુકી દીધીછ. ચાલો ત્યારે વ્હાલા ફ્રેન્ડ, નીચે આવો અને મને બધું સમજાવો"

તેઓ દરદીને નરસના ચાર્જમાં સોંપી નીચે ગયાં, જ્યાં ડા૦ શ્રેએ અવલથી આખેર સુધી સઘળુ મેરી લેડીમરને કહ્યું

"મે તો એના ભલાને માટેજ કીધું, બેડનનો પેના રેલવે અકસમાતમાં મરણ પામ્યો છ એમ આપણી ખાતરી હતી એટલે મે તેણીને વગર ફોકટની દુખી કરવા નહીં માંગી. અને હવે મને તેને માટે કેવું ખમવું પડેછ! જાણે લાલી અને બદનામ કરતી હોય તેનું મને લાગે છ માના, એ તો મારી આંખોનું નુર છે. એને હુ પેહેલા મારે ત્યા લાવ્યો ત્યારે એ ફક્ત ત્રણ વરસની હતી. અને ત્યાર પછી મે એને કેવી માયાથી ઉછેરી અને હવે એ મને છોડી જાયછ" અહિં તેણે પોતાના ચેહેરાપર હાથ ઢાંકી પોકેપોક રડતાં કહ્યું "એને સુખી કરવા માટે હું મારી જીન્દગી આપી દેવા તઇયાર છેવું, પણ મને કોઇબી ઉપાય નથી સુજતો."

"સર મોરટન લીલીની માંદગી માટે જાણેછ કે?" મેરી લેડીમરે રૂઆબસ ચેહેરે સવાલ કીધો.

"તે તો મને મળવા કે મારૂ સાંભળવા સારૂ ના પાડેછે. મેં ચીઠિ લખી મોકલી તેણી બંધની બંધ પાછી આવી. ઠીક તો કોણ જાણે ક્યાં ગયોછે. એ તો બીચારો એમજ સમજ્યો છે કે લીલી તેને ધીક્કારેછે."

મેરી લેટીમર બારી આગળ ગઇ અને થોડા વખત વિચારમાં ઉભી. થોડીક પળ શાંત ચુપકી દઇ ફેલાઇ રહી. અને ડાકટર તરફ ફરી તે બોલી.

"હું હવડાં બાહાર જાવુંછ. મને જરા વિચાર કરવાનો છે તમે હિમ્મત રાખો, જુવો." તેણી તેને બારી આંગળ લઇ જઇ સામે વાદલી પર આંગળી કરી બતાવી બોલી અહિં બધે હાલ અંધકાર છે. પણ તડક્કું આવ્યા વગર રહેવાનું નથી. તેમ ગમે એવા સમયે પણ હીમ્મતથી આશા રાખો, ખુદાની મરજી હશે તો કદાચ એમાંથી બી ઉદારશે."

પ્રકરણ ૪ થુ



મેરી લેટીમર ડા૦ ગ્રેને ત્યાંથી સર મોરટન નાં ઘેર તરફ ચાલતીજ નિકલી. લીલીની જીંદગી જોખમમાં છે એ તેણી સારી રીતે સમજી હતી. તે ખુબસુરત બાલા પુર ઉમેદ સાથે આ ફાંની દુન્યા છોડવાની અણી ઉપર હતી. એ તેણીની અનુંભવી આંખો જોઇ ચુકી હતી.

મેરી લેટીમર સર મોરટનનાં મેહેલ જેવાં મકાનમાં દાખલ થઇ અને જે આદમીએ બારણું ખોલ્યું તેને સર મોરટનને બોલાવી લાવવા તેણીએ જણાવ્યું.

અંધારૂ થઇ ચુકેલું હોવાથી દરેક ઠેકાણે ભભુકાદાર રોશની થઇ ચુકી હતી.

મેરી લેટીમર સર મોરટનનાં ભપકાદાર દીવાનખાનામાં બેઠી બેઠી વિચાર કરવા પડી કે એ પળની ફાની જીંદગી ઉપર લોકો શા માટે મગરૂર થતા હશે! ભલે તેઓ કારૂનનાં ખજાનાના માલેક હોય, ભલે તેઓ માન ચાંદના ધણી હોય, ભલે તેઓની મરજી મુજબ કીસમતનું ચક્કર ફરતું હોય તો પણ મગરૂરીને તેઓએ શા માટે શરણ થવું જોઇયે? મેવાથી ભરેલું દરખ્ત જેમ વધુ ઝુકી જાય છે, તેમ એક ખરો ઇનસાન જેમ વધુ મેળવે છે તેમ તે વધુ નમી ચાલે છે. જ્યારે એક ઝાડ જેવું પણ વધુ ફળફુલ બનતાં નમે છે ત્યારે શાને અકિલવાળું ઇનસાન જે પોતાને તાલેવંતમાં ખપાવે છે તે પૈસાની મગરૂરીમાં મસ્ત બની જાય છે.

બારણું ઉઘડ્યું અને સર જોન મોરટન અંદર દાખલ થયો. મેરી લેટીમરે જોયું કે તેનો ચેહરો આગળનાં જેવો ભાયાળુ નહિ લાગતો હતો. તે લગાર કરડો તેમજ મોહોડાં ઉપરથીજ મગરૂરીમાં મરી ચરી રહેલો લાગતો હતો.

"મને આજે તમારી મુલાકાતનું શા કારણથી માન આપવામાં આવ્યુંછ?" તે લગાર ડંડાઇથી બોલ્યો.

"સરજોન મોરટન" મેરી લેટીમર હીમ્મતથી બોલી આજે તમો જે આફત તમારા દરવાજા વેર લાગ્યા છે તે મારી, હઠાડવા હું આવીછ."

"આફત!" તે બેરોનેટ ચીઢવાયો "હું મારે ત્યાં આફત લાવેલ કઇ આફત! કોણની આફત, શાની આફત! તમો શું કેહેવા માગોછ?"

"હું એમ કહેવા માગુ છ, સર મોરટન" મેરી લેટીમરે આગળ ચલાવ્યું. અને તે બોલતી હતી તને ટીકતો તે બુઢો આદમી તેણીની સામેના ખુરસી પર બેઠો ગુજરીના વિચારોને મારી હઠાવવાની મજબુત કોશેશ કરતો બેસી રહયો "હું એમ કહેવુછ કે જે કાંઇ થયુંછ તે તમો મોટા જોખમદાર છેવો. આહ! હું જાનુ છ કે હું શું કહેવા માંગુછ તે તમો સમજી ગયાછ, લાલી ગ્રેડન માતને બીછાણે પડીછ, તમારો દીકરો

તેણીને પોતાના જાનથી જ્યાદા ચાહેછ અને તેણીને મનથી તો તેમાં આખી દુનિયાંજ છે અને તમોએ દેવાનથી બી ધાનકી બની તે બ તેને છુટા પાડિ તેમનુ મોહોબતથી ભરેલું જીગર ચીરી નાખવાનો ઠરાવ કીધોછ. જ્યારે ઇનસાન માતની ફરજ એ વ્હાલાઓનાં જીગરો જોડિ મઇ ઝુજગી ભુથી જવાની અને તેમને સુખી કરી પોતે સુખી થવાનો છે. આ દુનિયામાંનિ આપણો ફરજ સ્વાર્થ નહિ પણ પરમાર્થ છે. એક એવી દોલત છે જે આગળ કારુનનો ખજાનો રદ છે. મારી એક એવી બીડી પક્ષેશ છે જે આગળ કરોડોની સખાવત બેહીસાબછે. દરગુજર નેકપરમાર્થ એવી કુદરતી અસેશ છે જે આગળ તખ્તો તાજની નવાજેશ નાચીજ છે ખુદાએ બક્ષેલી આ પક્ષી ૭ દગીને માસ્યા ત્યારેજ આપણે નિવડયેછ કે આપણું સુખને ભુલી બીજાનું સુખ જોઇ ખુશી થાવી જઇએછ'. મોરટન પોતાનિ બેઠક ઉપરથી ચમકી ઉઠી બોલ્યો.

" મેડમ, હુ તમારું વધારે જરાબી સમજવાનો નથી. મારું કામ જે હું બરોબર સમજુછ, તેમા કોઇને માથું મારવાનો હક નથી. સાંભળો મેડમ, મને ઓરતના જાનની જેટલી પરવા નથી તે કરતાં મને મારું માન પામેલા નામ અને ખાનદાનની નોક જાળવવાની દરકાર છે. ઠીક થોડાજ વખતમાં પોતાની ભુલ જોઇ ઠેકાણે આવી જશે. અને જો તે પોતાની ભુલ નહિ જોશે તો તે મારે મનથી મુવેલો ગણાશે માનો અને મારાં ખાનદાનના નામ આગળ મારા બેટાંના જાનની મને દરકાર નથી. હા, બેટાના જાનની મને દરકાર નથી હું બેટાના જાન ઉપર નહિ. મરશ, પણ મારાં ખાનદાનનાં નામ ઉપર મરશ. ફરજંદો અને વ્હાલાઓની જીંદગી આજ કાલ નહિ પણ મારું નામ મારાં ખાનદાનનું વ્હાલું નામ સનાતન છે. મારો બેટો નીચ ખાનદાનની ઓરતનાં ફાંસામાં પડે તે કરતાં તો લાખ દરજજે બેહેતર કે તે મોતનાં પાસાંમાં સેટે. મેડમ. સાંભળો કે હું મારા બેટાને મુવેલો જોવશ. પણ હું પોતાને મારા ઠરાવથી ફરેલો જોવશ નહિ એમ કદી બનશે નહિ! જો તમો મને તે દુઃખીની તન્દેશુમાં પીગળાવા આવ્યાં હોગ તો જાણો કે તમો તમારા કીમતી વખતની બરબાદી કરવાં આવ્યાંછ કારણ હુ મારા ઠરાવથી કદી પાછો નથી ફરવાનો." મેરી લેડીમરે ગભીરતાથી ઠેકું ધુણાવ્યુ.

" સર, મેહેરબાની કરી સુરા થાવો, નાહકના ઉસકેરાઇ ના જાઓ! તમારો ગુસ્સો કાબુમાં રાખો! સાચા માર્ગને સાધો. આપણી પોતાની ભુલ સુધારનારત ૨ ગુસ્સો કરવા કરતાં તેની સલાહ કબુલ કરવામા વધુ શોભા છે."

" હુ કાંઇ સમજવા નથી માંગતો."

"નહિ તમોને મારી વાત સમજવીજ પડશે." તેણીએ ઘણી નરમાશથી કહ્યું અને તે ઉઠી. ગૃહસ્થ ધ્રુજવા પડગો, કારણ તેને આગળીયાદ આવું બેલ બાથી તાજી થઇ. તે દાનાની સામે બેઠેલી ફીરસ્તાઇ ઓરત જોઇ તે ખુરસીપર અઢેલાઈ પડગો, જાણે પોતાની સામેના નેક ખસલતની માનું આગળ તે કેટલો નગળો અને નકામો આદમી હતો તે જાણે દેખાડી આપતો હોય તેમ તેને લાગ્યુ.

"સર જોન મોરટન, હું ધરૂંછ કે હું કોણ છેવુ તે તમે ઓળખી ચુકયાછ. પણ તે સાથે આપણને કાંઇ કામ નથી ચાલો હવે આપણે બે જરા વાત કરી સારૂ શુ છે તે શોધી કહાડગે. હરકોઇ આપણને ફરજ બજાવવાનો વખત છે. ખુદા તો હમેશા આપણને જોતોજ રહે છે, તમો જ્યારે ઘણા ઘણા વરસો નાઃ આગમજ મરણ તોલ હાલતે ઘાયલ થઇ પડયા હતા તે વખતે બી ખુદા તો હાજરજ હતો. આહ, હું જોવુછ કે તમોને તે દિવસ યાદ છે! આપણે આજે આપણી વાત કરવા નથી મળ્યા, પણ તોબી જે ચીજો નાહાનો હજી જોઇ અને સમજી નથી શકયાં તે આપણે લાંબા વરસોના અનુભવ પરથી શિખી ચુકયાછ. તમે અને મેં બનેએ દુઃખ

તેમજ સુખ અને જોયુંછ. ખુદાએ તમોને તે વખતે ભલાં કામો કરવા માટેજ જીવાડયા. બીજા ઘણાઓ હતા જેઓ બીચારા જવાન વયે કુચ કરી ગયા હતા, પણ ખુદાએ તમોને જીવવા દીધા. તમો તે બધું સારી પેઠે જાણોછ જેટલું હું જાણુંછ તેટલુજ તમો બી જાણોછ. હુંજ તે ઓરત હેવુ જેણે તે વખતે તમોને. મોતમાંથી માંહમાં લાવવાની મદદ કરી હતી. હું તે વખતે નર્સ હતી. મેં ઘણા ભલાં અને સરસ આદમીઓને ટપોટપ પોતાનો જીવ મુકી ચાલી જતાં જોયા. તે લોકની ફરજ ખલાસ થઇ હતી. પણ તમારી ફરજ ખતમ નહિ થયલી હોવાથી પરવરે તમારી જીંદગી જ્યાદા કીધી. પણ તમોએ તે ફરજ કેઇ રીતે અદા કરી !

"હું નહિ કરી શ તો મારેથી નહિ થાય" જોન મોરટનનો ખોખરો સાદ મેરી લેટીમરે સાંભળ્યો.

"તમો કરી શકો એમ છે કારણ તમારી ફરજ છે" મેરી લેટીમર મકકમ પણે બોલી "હું હમણાજ લીલી બ્રેડનનાં મોહોતનાં બીછાનાં આગળથીજ આવીછ. તે મરે છે. તે નિર્દોષ છેલ્લો દમ લેયછ. પણ મને લાગેછ કે ખુદાની મરજી તેણી ને જીવાડવાની છે કે તે તમારા દીકરા સાથે પરણે અને પેલા ભલા બુઢા દાકતર જેવણે હમેશ ભલા ઇ કીધીછ અને પોતાનો દોસ્ત જો કે ગુનેહગાર હતો છતાં તેને વળગી રહી પોતાની ફરજ બજાવીછ તેનું ઘડપણ સુખી રહે. અને તમો મારી આગળ તમારા નામને માટે મગરૂરી બતાવોછ, ફરજ આગળ મગરૂરી શુ ખપની છે; ફરજ સાથ સરખાવતા એની શુ બીસાદ છે ? હલકી બેવકુફ ધીકકારવા જોગ મગરૂરી જે ફકત બડાઇખોર લોકોનાં મતનીજ દરકાર કરે ! " તે બાનુ તિરસ્કારથી બોલી.

"મેડમ, તે ઓરત કોણ છે ! તે એક કેદીનું ફરઝંદ છે જેનો ખ્યાલ કરતાંજ મારો દમબ ધાઇ જાયછે. કેદીની બેટી ને તે મારા બેટાની પરણેતર ? ઓ નહિ ? નહિ ! બેહેતરકે મારા બેટાને મોહોતની ગોદમાં જોઉં અજલની સોદમાં જોઉં!"

"સાહેબ તે બેટી જવાનીનો બાગ છે. તે એક એવો ચેરાગ છે કે જેની આસપાસ હજારો પતંગીયાંઓ પોતાનો જાન સદકે કરવા તૈયાર છે. સાહેબ, તે એક એવો ગોલાબ છે જેની ખુશબોનો ખુદાને ભુલી જનારાઓને ખ્યાલ હોતો નથી. તે બાનુ આગળ સારી જેહાનની ઓરતની નેકી બેહીસાબ છે. તે જીવેછ. તે મરવા તૈયાર છે. પણ ડીકને મળવાને જીવવા ઇંતેજાર છે તેણીએ ડીકનાં હવાલામાં પોતાનો જાન સદકે કીધોછ- ડીક પણ તમારે લીધે દુઃખી થઇ પોતાના ઘેરથી દુર થયો છે. કેમકે ખુદાને બારએ બંનેનો પ્યાર મંજુર રહયો છ. મોરટન વરસો આગમજ તમોએ મને કબુલાત આપી હતી કે તમો મારે ખાતર કાંઇભી કરવા તૈયાર થશો. ગમે એવું હું કેહેવું તે કરવા કદી પણ અચકશો નહિ. વાસ્તે તે બોલ તમો આજે, આજે પાળો. મારી મરજી છે કે તમો ડીકને તાર કરીને હવડાંજ બોલાવો. હજી મોડું થયું નથી. પણ હમણાંજ તાર કરો કે લીલી તને ચાહેછ, સાચ્ચા પ્યારથી ચાહેછ માટે તુરત આવવું."

"એતો ઘણું થયું. ઘણુંજ થયું. એમ નહિ બને ! મેડમ એમ નહિ બને ?

"નાહ, કંઇ ઘણુ નથી" મેરી લેટિમરે અસરકારક સાદે પટાવતાં કહ્યું "ઓ, મારું માનો. તમોને આ દુનિયાની ખોટી મોહોબ્બતે આંધળા બનાવ્યાછ. મેં ઘણા જણાઓને મોતના બીછાંના પર પોતાની ફરજમાં પછાત પડવા માટે ટવળતાં અને ખુદા પાસે આજીજી કરતાં જોયાંછ કે એક થોડો વખત તેમને ફરજ બજાવવા જીવાડે. એકજ દીવસ બલકે એકજ કલાક પોતાને જીવાડવા માટે તે લોકને કેવાં તળવળતાં મેં જોયાંછ. કેટલાં ગુનેહગારોને પોતાનાં પાપની તોબેસ કરવા માટે ફકત અડધો કલાક જીવવા માટે તડફડયાં મારતાં મેં જોયાછ. તમોને તો વખત મળ્યોછ, અને તમારી ભુલતો દેખાડવામાં આવીછ તો મોડું ના કરો. ખાલી રીસ્યારી માટે બે જાનોને ના મારો."

ત્યાં થોડો વખત ચુપકીદી પથરાઇ જે એક એક ડચકાંએ તોડી " માતા, શું આ ખરૂં છે ! મેં શું ઘણું ખોટું કીધુંછ ? યા ખુદા હું શું આ ખોટી દુનિયાની મોહિણીમાં એટલો ફુલી ગયો કે મારી ફરજ પણ ભુલી ગયો."

મેરી લેટીમરે પોતાની નજર તેની પર ઠેરવી તેનામાં થયલો ફેરફાર જોઇ ખુદાનો ખરાં દિલથી આભાર માન્યો કે તેણીને એક ભલું કામ કરવાની તક મળી.

" હા સર મોરટન, તમો તમારી ફરજ ભુલ્યાછ, આ ખોટી જહાંનની જાળમાં સપડાયા છ " મેરી લેટીમરે ગંભીર ચેહેરે કહ્યું "દુનિયામાં ગમે એવું માન, ચાંદ પામશો ગમે એવો દોલતના ઢગ તમારી પાસે હશે. પણ તે નેકી સીવાય કોઇ ચીજ તમોને કામ નથી આવવાની. ભલા દોસ્ત, હજી બી મોડું થાય તે પેહલાં તમારી ફરજ કરી ભલું કરોને પસ્તાવાને તમારૂં ગળું દાબવા નહિ પામે !"

મોરટન એક ટેબલ પર માથુ નાખી એક બચ્ચાં માફક ડચકાં ખાવા પડ્યો. મેરી લેટીમર પોતાની જગ્યાએથી ઉઠી તેની આગળ ગઇ અને તેનાં ઝુમાઇ પડેલાં માથા પર હાથ મુક્યો.

આ એક જોવા જોગ ચિત્ર હતુ.

"જવાબ કરો, એક મેકને મદદ કરો અને ખુદા કદી તમોને તજશે નહિં. બે જવાન જીગરો ને મારવું કે જીવડાવું તે ખુદાએ તમારા હાથમાં સોપ્યુંછ. તેનો રૂડો ઉપયોગ કરો. માટે ઉઠો અને તમારી ફરજ બજાવો "

મોરટને તેણીના હાથ પર એક ચુમી લિધી.

"ખુદાતમોનેલાંબી જીંદગી બંક્ષે !" તેણે ધ્રુજતે સાદે કહ્યું. "તમો ઘણાં ભલાં અને ફરેશ્તા ખસલતના બાનુ છેવો જ્યારે હું તો તમારી આગળ મારી ફરજોમાં પછાત પડેલો કમીનો છેવું. ડીક હવે કદી મને ચાહશે નહિ કારણ મેં તેને સમજાવ્યું કે લીલી તેને ધીક્કારેછ એથીજ તે ચાલી ગયો.

માતા એ બધું મારૂં કામ છે. લીલીના મોતની કાળી દિલીપણુ મારે માથે ચોંટશે. તમે જે ખુદા માટે હવડાં બોલ્યા તે એમ છતાં મને કેવી રીતે માફ કરશો ?"

" ખુદા બધાંને મદદ બક્ષેછ " મેરી લેટીમરે કહ્યું " હવડાંબી તેણે તમોને સારો રસ્તો દેખાડયોછ તેની તરફની ફરજ અદા કરવાનું તમારા મોહોડાં સામે છે તે કરો અને તેને ખુશી કરો. બોલો, હવડાં ડીક કયાં છે ?"

" ન્યુ યોર્કમાં "

" તે તુરત આવવો જોઇએ "

મોરટન ઝટ ઉડયો

" હું હવડાં તાર કરૂંછ "

તે તુરત પોતાની ડેસ્ક આગળ ગયો અને એક તારનો ફોર્મ ઝટ લખી મેરી લેટીમર આગળ લઇ આવ્યો, જે તેણીએ વાંચ્યો.

" તાબડતોબ નિકળો—લીલી બોલાવેછ. બધુ સારૂં થશે—પપા. "

" થેંકયુ, સર મોરટન " મેરી લેટીમરે ખુશી થતા કહ્યુ.

મોરટને તુરત એક નોકરને બોલાવી મોટોરમાં બેસી છેક લીવર પુલ સુધી જઇ ત્યાંથી તાર કરવાનો હુકમ આપ્યો કે જલ્દી પુગે.

પ્રકરણ ૪ થું

મેરી લેટીમર સર મોરટનને મળી પાછી ડાઘેવાળાં મકાન પર ગઇ ગરીબ લીલી મોતને બીછાને પડેલી હતી

દિવસો પસાર થતા ગયા અને હવે તો લીલીની જીવવાની આશા સર્વ કોઇએ છોડી દીધી. પાદરી રોજના ચાર ફેરા ખાતો હતો અને સર જોનની મોટોર પણ અવાર નવાર તે નાના દરવાજા આગળ ઉભેલી દીસતી હતી.

દિવસો પછી દીવસો ધીમે ધીમે ગબડતા ગયા. અને હજાગે માઇલ દુર એક મોટાં ઝાજમાં ડીક મોરટન ડોલા ખાતો ઘેરે આવતો હતો.

શું તે વખતસર આવી પુગશે?

મેરી લેટીમર બીમારનું બીછાનું એક પળવાર પણ વગર કારણે છોડતી નહિં હતી. લીલી તો જે દીવસની મેરી લેટીમર સર જોન આગળ જઇ આવી ત્યારની બેભાન પડી હતી. પણ આજેજ તે સુધ્ધીમાં આવી હતી. પણ ડાકટરોનું કહેવું હતું કે તે મોત આવવાની આગમજની સુધી હતી. આજે કદાચ તે રાત જોવા નહિં પામશે. ડા૦ ગ્રે પોતાની પર ઘણો મજબુત કાબુ રાખી તે ઓરડામાં થોડો વખત આવતો હતો. પણ ડીઓ ભરાઇ આવતે પાછો બહાર નિકળી પડતો હતો.

આજે લીલી સુદ્ધીમાં આવેલી હોવાથી તેણીની પાસે હીમ્મત રાખી ગયો. તેની અનુભવી આંખો પામી ગઇ હતી કે આજે તે છેલ્લીજ વખત લીલીને જોતો હતો જેવો તેણે તેનો નબળો પડી ગયલો હાથ પોતાનાં હાથમાં લીધો કે તે હસી.

"પપા. હું તમારી આંખનું નુર હતીની? તમો હમેશાં મને એમજ બોલાવતા હતા. હું તમોને તકલીફ આપવા અને દુઃખી કરવા માટે ઘણી દલગીર છેઉં. પપા, તમે દલગીર તો નથીની?"

"નહી વ્હાલી નહિ," તેણે ધ્રુજતાં સાદે કહ્યું "હું દલગીર શાને માટે થાવું?"

"પપા, હું—હું તો મરી જાઉંછ. તમે બુઢ્ઢા માલીની સંભાળ લેજો હં કે?"

"વારૂ વ્હાલી."

"પપા એ મને યાદ કરેછ કે? એને કેહેજો કે બાગ બરોબર રાખે! પપા, મારા ગયા પછી બાગની જરૂર સંભાળ લેજો. પપા, તમોંજ મારા પપા હતાની? તમો નહિ હતે તો મારૂં શું થતે? આપણે કેવાં સુખી વરસો પસાર કીધાં હતાં? પપા, મેં તમારો માઇક્રોસ્કોપ ભાંગી નાંખેલો તે યાદ છે કે? તેને આજે દશ વરસ થયાં, પણ હું તે માટે દલગીર છેઉં?"

તે બોલતી બંધ પડી અને તે બુઢ્ઢા ડૉકટરે એક નીસાસો નાખ્યો. હજી તેણીએ તેનો હાથ પકડી રાખેલો હોવાથી તે ત્યાંજ ઉભો રહ્યો., તેટલાં મેરી લેટીમર આગળ આવી જેને જોઇ તેણીએ ફરી બોલવા માંડ્યું.

"ડીકને કેહેજો કે મેં તેની સાથે ઘણી ખરાબ ચાલ ચલાવી તે માટે દલગીર છેઉં. એને એમબી કેહેજો કે હવે મારી ખાતરી છે કે એ મારો સાચોજ,આશક હતો. હું ઇચ્છુ છ કે એ સુખી થાય!"

તેણી વળી પાછી બેસુધ્ધ થઇ ગઇ. હવે તો તેણીને આપવામાં આવતો ખોરાક પણ ગળી શકાતો નહિ હતો.

આવી રીતે બીજા ત્રણ દીવસ નિકળી ગયાં.

ચારસો પેસેનજરોને લઇને આવતી સ્ટીમરમાં ડીક ડુટકપર ઉભો રહી ખુદાની બંદગી કરતો હતો કે તે વખતસર જઇ પુગે.

ડા૦ ગ્રે પોતાની ખુરસીપર લાંબા વખતની થાકને લીધે કુદરતી ઉંઘને આધીન થયો હતો, તેટલાં તે ઝબકીને ઉઠ્યો. મેરી લેટીમર તેની પાસેજ ઉભી હતી તેણીએજ તેને જગાડ્યો હતો. તેણે મેરી લેટીમર તરફ ફાટે ફાટે ડોળે જોયું.

"બોલો. મને સાચું કહો?" તેણે બુમ પાડી "એ મરી—મરી તો નહી ગઇને!"

"નહિ. પણ તમો એની આગળ આવો. હીમ્મત રાખો. જેવી ખુદાની મરજી, ગરીબ બીચારી; હવે—હવે તો આ એની છેલ્લીજ ઘડીએ અને તમોને બોલાવેછ ડા૦ ગ્રે. હું બી એને ચાહતી હતી. હીમ્મત રાખો"

તેઓ ઓરડામાં ગયાં.

(વધુ માટે જુઓ પાન ૧૨૧)

માનવીને ધર્મ શીક્ષણની અગત્યતા.



લખનાર—મીસ બપઇ અરદેશર દારૂખાનાવાળા.

દુન્યાની તમામ વિદ્યાઓમાં સઘળા જ્ઞાનોમાં ધર્મશિક્ષણ સર્વોપરી દરજ્જો ભોગવે છે જો કે બીજી વિદ્યાઓ જેવી કે રસાયણ યાત્ર, વૈદક વિદ્યા, બુસ્તર વિદ્યા ખગોળ વિદ્યા વનસ્પતી વિદ્યા વીગેરે બાબદોનું જ્ઞાન મેળવવાથી ઇનસાન ફાયદા તો હાંસલ કરેછેજ અને એ વિદ્યાઓના પ્રતાપેજ મનુષ્યના સુખ સગવડ ખાતર અદ્‌ભુત શોધો હસ્તીમાં આવી છે. પણ તે સઘળી શોધો ધર્મના જ્ઞાન વગર નકામી છે, કેમકે માણસની પોતાની ખાસ્યત ઉપર સઘળા જ્ઞાનોથી ફરીજ અમર થતી નથી. ધર્મ શીક્ષણથી મનને જેવો સંતોષ મળે છે, હૈડાંની બળી લાગણી જેવી ખીલવા પામે છે અને સદ્‌ગુણોમાં જેટલો વધારો થાય છે, તેટલું બીજું કોઇપણ જ્ઞાન બજાવી શકતું નથી તન મનના તમામ સુધારા—તમામ સ્વચ્છતાઇ કરતાં આત્માનો સુધારો—આત્માની સ્વચ્છતાઇ ઉતમ લેખાઇ છે. આત્માના સુધારાની ગેરહાજરીમાં તનમનનો ગમે એવો સુધારો નકામો છે અને આનો સિધ્ધ થયલી બીના છે કે આત્માના સુધારા માટે ધર્મ અને નિતિનાં શીક્ષણ જેવો બીજો કોઇપણ અસર કારક ઉપાય માલમ પડ્યો નથી.

માણસ જાત ખુદા પાસે શું મળબે મરાવે છે તેમજ તેની જીંદગીની નેમ શું છે અને તે નેમ પાર પાડવાનો કયો માર્ગ છે તે ધર્મ કેળવણીજ તેને દેખાડે છે. તેથી તે જાણે છે કે તેની દરેક હીલચાલ પર તે પીતા નેગહ ચોંટ્યાટે છે અને આ રીતે પોતાના વિચાર, વચન, અને કામને માટે આખરે ખુદાનેજ જવાબ આપવો પડશે એમ સમજે છે અને આ જવાબદારી સમજવાથી અને અંતકરણમાં માનવાથી માનવી બુરાઇ તર્ક કરી ભલાઇ અખત્યાર કરવાની કાળજી રાખે છે. જે જે પુરૂષો પોતાનાં ઉતમ સદ્‌ગુણથી અને બુલંદ નેકીથી પોતાનું નામ આપણી વચ્ચે અમર મેલી ગયા છે જેઓને આ જમાનાના લોકો માનથી અને ભક્તિભાવથી યાદ કરે છે તેઓ સઘળાજ ધર્મિ અને ખુદાપર વિશ્વાસ રાખનારા હતા એમ આપણે તેમની જીંદગીના વૃતાંત પરથી કહી શકે છીએ. અરદાવીરાફ, આદરબાદ મારેસ્પંદ, તોસર, ફરીદુન, મીનોચહેર, કેખુશરો, સોલેમન, જુડસ, સોક્રાટ, બુધ્ધ, ઓમરબીન અબદુલ અઝીઝ વિગેરે નામાંકિત પુરૂષો ધર્મ તરફની આસ્થાનીજ ખાલીના થયલા હતા. વળી કેટલાક એવા મહાન પુરૂષોને તો ભલાઇ અને સદ્‌ગુણોને માટે કષ્ટ પણ અતિ ઘણું વેઠવું પડ્યું હતું તો પણ ખુદા પરના વિશ્વાસ અને ધર્મ પરના યકીન નથી તેઓએ ડુબોનો

કરોડોની ધ્યાન રાખ્યા વગર લોકોના ભલા પરજ મંડતા હતા આપણા પોતાના પેગમ્બર સાહેબ જરથોસ્તનોજ દાખલો આપણે નજરે ધરે કે જેઓએ લોકોને ભલા માર્ગ પર ચલાવવામાંજ પોતાની જીંદગી વાપરી હતી તેઓ જેવા નામાંકિત નરની જીંદગીથી ગુનાહનું ગીજાણું નજ હતું વળી તેઓના સાથેના ગુરતાસ્પનેમાં ભલો માજદયસની ધર્મ ફેલાવવાના નેક કામને ખાનગી અરજાસ્પ શાહ સાથ ચાલુ ખુનખાર લડાઈઓમાં ઉતરવું પડયું હતું અને તેની જીંદગીમાં તરેહવાર વિટંબણાઓ વચ્ચે પસાર થઇ હતી અને એવા તો અનેક વિરના પુરૂષો થઇ ગયા છે કે જેઓએ ઉત્તમ સદ્દગુણ વાપરવાથી પતરાજ ભોગ ભોગો છે કે બનકે ખરા જાનો નકિ ખોયા છે પણ તેઓને ખુદા પરજ એટલો ભરોસો હતો તેમજ લોકોના ભલાનોજ ખ્યાલ તેમના મગજમાં સર્વોપરી હતો કે શાનપણે પોતાના જાનો ખોયા હતા

સ્ત્રીને તો ધર્મ શિક્ષણની વધારે ચતા ખાસ અગત્ય છે કેમ જે તેણીના શિક્ષણ પર કુટુંબ પરિવારના સુખનો મોટો આધાર છે જાણીના લેખક ડાકિન્સના બે બોલમાં કહીએ તો ધર્મ આ માટે અકસર કરી એક નાના દયની સ્ત્રી માટે તો ઉત્તમ મણીગાર છે તે કહે છે કે,

Religion is the crowning grace of the motherhood and the loveliest ornament of home No household can be upheld in happiness and honour where this sentiment is disregarded or unknown It enhances all that is joyous in family life, adorns all that is beautiful, sanctifies all that is strong and alleviates all that is sorrowful It hangs the stars above the roof tree opens the windows on eternity, and makes the ingle glow with the splendours of heaven The dwellings which are left without regret and remembered without reverence are those which no prayer has hallowed, no love of God enriched, and no faith in the invisible ennobled Unspeakably blessed are the homes in which the mother's heart has found its true gravitation in God and draws all the rest toward that great abiding centre Committed to the arms of the compassionate Eternal by a mother's prayers and by a mother's trust, the family never lose each other in whatever land they roam or on whatever sea they sail They may go forth at death's stern bidding, but they will be found at least in the heavenly home"

દરમ્યાન મોનીકાએ પોતાના ધર્મ પરના યકીનથી ખુદા તરફની આસ્થાથી તેમજ બંદગીની અદ્ભુત શક્તિથી પોતાના દુર્ગણી અને નાસ્તિક બેટા ઓગસ્ટાઇનને સુધાર્યો જે પાછળથી એક ધર્મીજ પવિત્ર અને ભણેલા ધર્મ ગુરુ તરીકે પોતાનું નામ અમર કરી ગયો છે મીસ શીવતન નામની મીઠી બાનુએ મી ધર્મ પરના પુર ઝીનથી ચતુર બંદગીઓ કરી પોતાના દુર્ગુણી ભરથારને બેહારાની ખાડીમાં ગબડતો બહાર કાઢી શકી હતી

વળી ઇનસાનની ખાકી જીંદગી સુખ અગાડ વચ્ચે ટકાવી રખાવા ખુદાએજ મહાન યોજના કેરત ભરેલા ડહાપણથી અને મહાભારત શક્તિથી રચી મુકી છે તે—તેમજ ભવિષ્યની જીંદગી માટેનો ભલો નિયમ ઇનસાનમાં સર્વ કાને નો બહનો નેના બનાવ ભુંડી કરણી મુજબ નોજ મળશે જરી એ ખ્યાલની વદ લેન ને ધર્મ અભ્યાસ વારંવાર ઉત્પન્ન કરાવે છે અને આ રીતે તે સાહેબનો સંપુર્ણ ઇનસાફ ઉત્તમ ડહાપણ સુન્દર શક્તિ અને અગણિત આભારોનો ખ્યાલ ચાલુ ધ્યાનમાં રહેવાથી તેનું જીગર તેના તરફ ચલી ધણું ગદ્ અને માનથી દોડે છે તેની મદદ તેના રક્ષણ વગર એક નજીવામાં નજીવું કામ બી તે હાર પાડી શકતો નથી. ત્યારે ખરેખરીજ તેનામાંથી નકામરી જતી રહે છે અને નમનતાઇનો સદ્દગુણ ઉત્પન્ન થાય છે. વળી ખુદાપર યાદ અને વિશ્વાસ રાખવાથી કોઇમાં દુઃખ કે આફત આવી પડતા માનવી દુખના બોજા હેઠળ કચડાઇ જતું નથી કેમકે

તે માને છે કે આ સઘળી આફતો અને મુશ્કેલીઓ તેને અનુભવ આપવા અને સુધારવા માટે તેના માગમાં મુકાયલી છે અને તે કસોટીમાંથી પસાર થવાથી તેના માર્ગમાંથી વહેલીજ પસાર થઈ જશે. વળી ધર્મપરના યકીનથી ન સમજ પડે તેવા ગુચવણ ભર્યા સંજોગો વખતે બી તે ખુદા પરજ આધાર રાખે છે. અને તેની તરફથીજ મદદ અને ખોલાસો મેળવવાની આતુરતા રાખે છે. અને તે મહાન પીતાની મદદજ જેમ આવી પડેલી મુશ્કેલીઓને કમતી કરે છે તેમજ વળી મુશ્કેલીઓ આવી પડતી પણ કેટલીકવાર અટકાવે છે.

માનવી ધર્મ શિક્ષણથીજ સમજે છે કે આ ત્રણ પાંચ દહાડાની ખાકી જીંદગી સાથેજ તેના આત્માનો અંત આવતો નથી, અને તેથી પોતાની આ વતી જીંદગી ખુશાળ બનાવવાને માટે તે નેકી કરવામાં પાછળ હઠતો નથી, પણ જો ઇનસાન ધર્મ તરફની અવસ્થા વગર ખુદાની હસ્તી માન્યા વગર એમજ સમજે કે તેના આત્માનો અંતથી આ ખાકી શરીર સાથેજ આવશે તો તે બુરાઈ કરવામાં કશુંજ ખોટું સમજે નહી. અને ધર્મના અંકુશ વગર અને ખુદાની સર્વોપરી શકિતની નાવાકેફગારીથી કોઇપણ જાતનો ગુનાહ નેતે કરે નહીં. અને એ માટે તો ધર્મનુ નવીને ખાસ અગત્યનું છે. એ ઉપ્રાંત જ્યારે ઇનસાન આફતોના મારથી અને નાસીપાસીના બોજા હેઠળ કચડાઇ જાય, જ્યારે તેની માનંગત કમી હદો અને વર્ષોની ધારી રાખેલી મુરાદોમાંની નીષ્ફળતા મળે ત્યારે જો તેને ખુદાપર વિશ્વાસ ન હોય—ધર્મ પર યકીન ન હોય અને બંદગીની બુલંદ શકિત પર આસ્થા ન હોય તો તેની હાલત કેવી કંગાળ થઇ પડે ? તે તો પોતાની આસપાસ સઘળે અંધકાર ફેલાયલુંજ જોય અને આશાના એકપી કિરણ વગર પોતાની જીંદગી જરૂર ઉપ્યોગીજ સમજી આપધાત કરવામાં બી કશું ખોટું સમજે નહીં.

સર હમફ્રે ડેવી ધર્મ જે બહોળી અસર ઉત્પન્ન કરે છે તેનુ ઘણુ સારૂં ચિત્ર દોરે છે. તે કહે છે કે,

Religion whether natural or reaveled, has always the same beneficial influence on the mind. In youth, in health, in prosperity it awakens feelings of gratitude, and sublime love, and purifies at the same time that which it exalts but it is in misfortune, in sickness in age, that its effect are most truly and beneficially felt. When submission in faith, and humble trust in the divine will, from duties become pleasures, undecaying sources of consolation; then it creates powers which were believed to be extinct and gives a freshness to the mind which was supposed to have passed away for ever, but which is now renovated as an immortal hope. Its influence outlives all earthly enj yments and becomes stronger as the organs decay, and the frame dissolves; it appea:s as the evening star of light in the horizon of life, which we are sure is to become, in another season a morning star, and it throws its radiance through the gloom and shadow of death.

ખરો ધર્મ કાંઇ ફકત ભણતરો ભણી જવામાં અને ક્રિયા કામો સંપૂર્ણ રીતે બજાવવામાં સમાઇ જતો નથી પણ એ ઉપ્રાંત ધર્મના ફરમાનોથી બરાબર વાકેફ થઇને પર વધુને વધુ અમલ કરવામાં પુરો થયલો ગણાય. આપણા પવિત્ર માજદયસની જરથોસ્તી ધર્મનો પાયો તો ફકત ત્રણ સુંદર શબ્દો પરજ રચાયલો છે. હુમત, હુખ્ત, હુવરસ્ત, અને શું એ ત્રણ શબ્દોમાંજ આખી દુન્યાનો ધર્મ સમાઇ જતો નથી. એ શબ્દોનેજ જો માનવી પોતાનો મુદ્રાલેખ ગણી પોતાની રોજીંદી જીંદગીમાં તે પરજ અમલ કરવાની કોશીશ કરે તો સંપૂર્ણ સુખ મેળવી શકે !

સાચો પ્યાર.

લખનાર "ગામરેની ગોરી"

પ્રકરણ ૧ લુ

તે ઉમરાવ તેના દરબારીના વિદાય થયા છતાં હજી પોતાના ન્યાય આસાન ઉપર ગુસ્સાથી જમાવેલા નયનો સાથ બેઠેલો હતો કે જ્યારે તેના ગુસ્સાના બાએસથી ધ્રુજતો હોય તેમ તેનો બેટો—તેનો ગાદી વારસ નમીરો દેખાતી બીકભરી અદાએ તથા બાજુમાં ખડો હતો.

"તેક પેના મુજી ચડાવતે" તેણે હવે તે રૂપેરી ખુરશીનાં પગથ્યાં ઉતરનાં ગુસ્સાથી બરાડ મારી "અને આજથી આ પળથી હું તેના ફરમાનને તેની ચાકરી ઉપરથી સદાનો બર તરફ કરૂ છું, સમજ્યોછ કે છોકરા!" અને હવે ને એક દીવાના હાથીની કિસમે તે ગભરૂ જવાન તરફ ધસ્યો.

"મગર પીદર" તેણે એમ છતાં શાંતિથી જવાબ કરતાં કહ્યું "એમા ને ગુનાહનો કસુર છે શું! મેં તમોને કહ્યુ તેમ જનાનાની ચાવી તેના કનેથી જબરીથી ઝુટવી લેનાર તો હું કબુલ કરૂ છ કે હું પોતેજ છું તો મારાં વાંકની સજા નાહક એક નીર્દોષ ગરદન ઉપર લાધવામાં શો ફાયદો હાંસલ થનાર છે."

"તું-તું બેહયા બેરેહેમ" તેણે એ સાંભળતાં વધતા જતાં જનુનથી ચીસ પાડી "અને એ આ ગમજ તેં તેને કેટલી વાર મારા જનાનામા જવાની અને ગુલનાર જોડેની તારી એ પાપી મીલાકતની મના ફરમાવી હતી."

એ સાંભળતા તે જવાન ચેહરો ઉપર ગુસ્સાનો રતાસ ધાઇ આવ્યો તેમ છતાં હજુબી તેને નાંખતાથી નમી જતાજ કહ્યુ

"પીદર બુઝર્ગવાર, એમાં પાપ જેવુ છેજ શુ? શુ ગુલનાર મારી હમશીર નથી. વળી તેની માદર ખુરશીદ મને પી માદરથી આસે ને હેતવની નથી કે તુ એમ મે વિશ્વાસથી તારાં પોતાન જ ફરજંદ જવાની સીતમ ગુજારી કરેછ." અને એમ બોલતા એક દુખનુ ડચકું તેના ગલામાં અટકતુ જણાયુ.

"એટલે" તે બુઢ્ઢા ઉમરાવે હવે એ સામથી જોના કાઇક નમી જઇને પુછયું.

"એટલે એજ પીદર કે એ વાહલીની જુદાઇ મારે મન એક ભારી જફાકારી, સીતમ ગુજારીથી કોઇ રીતે કમી નથી. એ બેરી વાસ્તેનો તમારો ઉંડો પ્યારજ તમોને મારા દુખનો કાંઇક ખ્યાલ આપવાને બસ થશે. તમારી જીદગીનુ સુખ અને શાંતિ વાહલી ગુલ ઉપર કેટલે દરજ્જે આધાર રાખેછ તો તો ખ્યાલ કર બાપ, કે મારી તો જીંદગીનું ગોલા જીવનજ એ હેતવતી હમશીરમાં સમાઇ ગયલાં છે. વળી આપણી ધરાણીઆનુએ ને જનાને કબજ કરવ નો તમાગે બેહુદો રીવાજબી મને માફ કરજો, મગર કોઇ કિસમે તમારા જેવા ઉમરાવી નરને પેસ પડતો નથી, આપણા જેવી નીતિમાન પાક

ઓલાદ ઉપર આવો બે કાયદે આંકોશ તો ઓ રખી તમે બુર્જ ગવારની હસી કરાવેછ."

"એટલે" તેણે હવે એ સાભળતાં એક શેરની અદાથી ઉછળતાં શરાફ મારી "તું શું મારી બુજર્ગીમાં મને દાનાઇ શીખવવાની હીંમત કરી શકશે ? ખબરદાર! ફરીથી મારાં કામની વચ્ચે માથું મારતાં અગર હું તને જોવશ તો યાદ રાખજે અય કમીના, કે તેજ પળે આ જોરાવર હથ્યાર તારાં પાપી બદનની આરપાર ચલાવતા હું જરાબી થોભશ કે આંચકી ખાવશ નહી- હું ફરીથી કહું છુ " હવાં તેણે એવડાં ઝનુનથી વધારયું "કે આજ પછી ગુલ જોડે મળવાથી બલકે તેણી ઉપર એક નજર વડીક ઉંચકવાથી તારે એકદમ બાઝ આવવું.", અને આ શબ્દો સમેત તે પાછી ઉમરાવ ત્યાંથી જતો રહયો.

એક પળ એ પછી તે જવાન માણસ ઉડાં દુખને ગુસ્સાની ભેગી લાગણી વચ્ચે ત્યાંજ ઉભા રહયો એ આગમજ એજ તોરની અનેક તકરારો અને બોલાચાલી તે ઉમરાવ બાપ બેટા વચ્ચે.થતી રહી હતી મગર આજ તો તેને લાગ્યું કે તેનો ઘાતકી પીદર એક ઇનસાન્યતની બી હદ ઓળંગી ગયો હતો. તેને તે સતાંના નમાના ફરજંદને આજ કમીનો કહયો હતો કે જે શબ્દોએ આખંગ તેના હમેશના શાંત જીગરમાં એક જખ્મો જવાલા જળાવી મેલ્યો હતો. તેણે ઘણું ખમ્યું હતું તે ગમે તેવો મગરર હીંમતવાન હતો. છતાં આજ લગી તેણે કદી તે ઘાતકી વાલીદ સાંમે એક હુકારો કલો નહી હતો મગર હવે જે ઘાતકી જખાતો તેને કમીનો પુકાર્યો હતો તે જાલીમ બાપની સાથે એકજ છાપરાં હેઠળ રહેવા સામે તેનું કલાતી જીગર બંડ ગયાવી રહ્યું હતું. તે તે બાપનો એક પુરોજહતો

તેથાં તેઓ વચ્ચેનો આવો બીગાડ ખચીત ઘણોજ અચરતી ઉપજાવનારો હતો મગર કમનસીબે તે ખરૂં હતું અને તેથી આવા જુલમાર બર્યા તણાજાણી વચ્ચે તેજ બાપ સાથ રહેવા ને વસવા તેનું ઇરાણી જીગર તેની ગમે તેવી કોશીશ છતાંબી હવે એકમત થયુ નહી. "હું ચાલી જઇશ કેયે જતો રહેવશ"

તે મોટી નાઉમેદી અને દુખથી મનસે પટપટયો. કે જ્યારે ગુસ્સાનો રતાશ તેના સોહામના મેહરા ઉપર હજીબી સાફ જણાતો હતો અને તે પછી તે ગયો.

પ્રકરણ ૨ જું.

ગુલનાર, માજનદરાન ના અમીર બેજનની એક પુરી બેટી હતી. ઉમરાર બેજન ગુલનારની માદર ખુરશીદને પરણ્યો તે આગમજ તે એક ગરીબ ભરવાડની અતિ ખુબસુરત બેટી માહ આફરીદને પરણ્યો હતો. મગર એ તેની કદખુદાઇ માટે તે વેલા માજનદ ાન-માં તો કોઇ બરોબર જાણનું બી ન હતુ કેમ જે એવું કહેવામાં આવતું હતું કે માહ આફરીદ એક ગરીબ ભુરજીગરની બેટી હોવા છતાં એટલી તો શોખીન અને ભભેલી હતી તેમજ અમીર બેજનનો તેના ઉપર એટલો તો ચહ હતો કે તેણીના શોખને અનુસરીને શયાદી પછી લગભગ બધોજ વખત તે પોતાની મોહોરદાર સાથ દેશ પરદેશ મુસાફરીમાં કાઢતો. એ દરમીયાન, તે કહેતો, કે જવાન ફરહાદ જન્મ્યો હતો. મગર કમનસીબે તે પછી થોડાજ વખતમા ભલી માહ આફરીદ મરણ પામી. અને ઉમરાવ બેજન તુરેશે દાસે પાછો માઝનદરાન ફર્યો. તે પછી થોડીક મુદ્દતે તે કોઇ ત્યાંનાજ ઉમરાવની બેટી જોડે ફરી પરણ્યો. જેને પોનાના અસીલ ભલા ખવાસથી તે દુખી ભરથારનું દુખ ઘણોક દરજ્જે ઓછું કર્યું એટલુજ નહી પણ ફરીથી તેની જીંદગીને જાણે નવેસરથી રોશન કરવા એક બેટીની બક્ષીસ કરી. તે બેટી ગુલનાર હતી.

આ વાર્તા આવતા અંકમાં પુરી થશે

જીંદગીનું ખરૂ સુખ તે શું.

જીંદગીનું ખરૂ સુખ તે આંખ છે આંખ વગરનો અવતાર નકામો છે તમે જો આંખના કોઈ પણ રોગથી પીડાતા હોય તો ફક્ત એકજ વખત અમારો શુધ્ધ મોતીનો સુરમો વાપરો. આ સુરમો થોડા વખતમાં આંખના તમામ દરદોને જડ મુળથી નાશ કરી આંખની ગુમાવેલી રોશની પાછી લાવે છે વળી આ સુરમો વાપરનારને ચશ્માની જરૂર નથી. એક વખત વાપરી ખાત્રી કરો તેશી ૧ ના. રૂ. ૪ ચાર

વેરા મગનલાલજી મુલજી સુરમાવાળા

જામનગર—કાઠીયાવાડ

"હીલે આરામ"

દર માસે ટકોરાબંધ નિયમીત બહાર પડતું ચોપાનીયું.

નામ મુજબ કામ!


"ઝાડો પીછી"—રમુજી વાંચણો!

ટોંગી કવીતા—હસાવનારા સકેચો!!

બે મોટી ચાલુ વાર્તા—પા કુંડી ટુંકી વાર્તાઓ!!

લાઈટ રીડીંગ—રસીલું ભરચક અને ચિકાર!

વાર્ષીક લવાજમ રૂ. ૩) પેસ્ટેજ સાથે છુટક નકલ ચાર આના.



મેનેજીંગ પ્રોપ્રાયટર, અ૨ ૩૨ મઠ. ફોર્ફર્ડ માર્કેટ મુંબઈ

હરીફાઇમાં નંબર પહેલો.

ઓટો દીલ-ચમન. (રજીસ્ટર્ડ)



આજકાલ બજારમાં ઓટોના નામે સેંટો ઉભરાઈ જાય છે. કોઇ તો
ઇનામો આપે છે કોઇ વળી મફત કારડ મોકલે છે.

અમારે ત્યાં મફત કાંઇ પણ મળતું નથી.

જેઓ ખાસ પહેલા નંબરનું સેંટ યા પરફ્યુમ વાપરવા ચાહતા હોય અથવા વાર
તહેવારે યા શુભ પ્રસંગે ભેટ આપવા લાયક સેંટ જોઇએ તો

ફક્ત ઓટો દીલચમનનોજ ઉપયોગ કરવો

એવી હજારો સારા સારા ગ્રહસ્થો બલામણ કરે છે, કારણ તે સુગંધીમાં
અને ટકાઉપણામાં પહેલા નંબરે છે.

**એક નાની શીશીમાં ચંપેલીના અને બટ મોગરાના તાજા ફુલોનો
બગીચો સમાઇ ગયો છે.**

અમારી ગેરંટી પસંદ ન પડે તો પઇસા પાછા. કીંમત રૂ. ૦II, ૦III, તથા રૂ. ૨ પોસ્ટેજ જુદું.
તેવાંજ સુગંધી કારડ દીલચમનના ડજન એકનો રૂ. ૦III. નમુના માટે બે આનાની ટીકીટો મોકલવી.

ફક્ત મળવાનું ઠેકાણું— **એચ. આર. મોદીની કંપની.**

નં. ૧૭, શીદ બીલ્ડીંગ, પ્રીનસેસ સ્ટ્રીટ મુંબઇ.

અમદાવાદના એજંટ—શા. નારણદાસ છોટાલાલ તથા સુરતના એજંટ—એમ. જે.
ફીનબાબવાળા પાસેથી મળશે.

ગુલામહુસેન ઈસમાલજી

એન્ડ બ્રધર્સ.

કરાંચીવાલા.



સ્થાપના
ઇ. સ. ૧૮૭૪ માં
થઇ છે.





By appointment
to The Govern
of Bombayo

હમોને એહડ ઓગ્એના યાદગાર શહેનશાહી એકઝીબીશનમાથી સોનાનો ચાંદ મળ્યો છે. તે સિવાય હિંદુસ્થનના દરેક ભગન મહાન એકઝીબીશનામાથી ૧૩ સોનાના ચાંદા મલ્યા છે. જેથી હમારા દરેક જાતના સ્ટીલના બાક્સ મોટા સરકારી અધીકારી ખાતાંઓ, હાઈકાર્ટો, સાલીસીટરની ઓફીસો, બેન્કો, તેમજ દેશી અધીકારીની ઓફીસો અને પહેડીઓમાં ઘણાજ વિશ્વાસ અને ઉલટથી વપારાય છે. એજ અમારા બાકસની ઉત્તમ બનાવટની ખરી જામીનગીરી છે.

વધુ વિગત માટે હમારૂં કેટલોગ મગાવી ખાત્રી કરો.

ગુલામહુસેન ઇસમાલજી એન્ડ બ્રધર્સ,

ફેકટરી, કેમ્પ કરાંચી. રૂમ નં. ૯૭-૯ હોરનબી રોડ—મુંબઇ.

દુ:ખીઓનો દોસ્ત.

ભલા આ કાંઈ લેભાગુ ઉપાયો સમજશો નહિ મોટા અનુભવ અને ઉત્તમ વૈદકજ્ઞાનના આ રામબાણ ઉપાયોછે, એકવાર જરૂર અજમાવશો.

સફેદ કોઢ ને રગતપીત

આ હીનપસ્તી ભરેલી બીમારીમાં જે કમનશીબ મરદ યા ઓરત સપડાયાં હોયે અને જેઓએ એ બીમારી લાઇલાજ સમજી પોતાની જીંદગી ધુળમાં મળેલી સમજી હોય તેઓને હવે નવી ખુશી અને નવી જીંદગીની આશા પેદા કરી આપનારી એક બહુજ ચમતકારીક દવા મારી વરસોની થકવી નાંખનારી મહેનત અને ચાલુ કોશીશ અને મોટા ખરચથી ફતેહમંદ નુસકાઓ હાસીલ થાય છે. જેઓ એવા તો ચમતકારીક છે કે આવી વીકટ બીમારીઓ કે જેને લાઇલાજ સમજી ગયા છે તે, માત્ર ત્રણ દીવસમાંજ અસર કરી શકે છે અને વધી ૨૦ દીવસમાં તો જાણે કોહેડ થયેજ નહી હોય તેવી રીતે હાથે નાબુદ થઇ જાય છે.

એજ મુજબ રક્તપીતની બીમારી પણ એટલીજ ટુંક મુદતમાં સમુલગી જતી રહે છે. પછી તે ગમે તેવી પુરાણી અને ગમે તેટલી હદે હોય નહીં પુગી ગયા હોયે—

વળી એ દવાની ખુબી એવી છે કે તે લગાડવામાં યા ખાવામાં કશી પણ રીતની અડચણ યા કડાકુટ જેવું નથી. માત્ર એકથી ૨) ટીપાં ખાવાની અને એટલાંજ ટીપાં રોજ હાથો ઉપર લગાડવાની છે. તેમજ વળી કાંઇ કરીપ રહેઝા જેવું પણ નથી.

એ દવાઓ એટલી બધી તો અસરકારક અને ખાત્રી પુરવક છે કે દવાઓની કીમતનો એક ભાગ રાકડો લઇ બાકીનો ભાગ બીમાર સારો થવા પછી લેવાને માટે તૈયાર છીએ મહેરબાની કરી બર એવાં બીમારોએ નીચલે સરનામે પોતાના બીમારીનો પુરતી તવગત ઉપર કેટલા વખતની બીમારી છે, કોણ કોણનાં ઇલાજ કીધા છે. તે સરવ્ વીગત લખી જણાવવી. કોહેડનાં બીમારો હાથ ક્યારના છે અને કેટલા કેટલા મોટા છે તે જરૂર લખવા તેયાર ઉપરાંત નીચલી અકસીર દવાઓ હાલમાં કંપક થઇ છે—માત્ર એકજ વખત મંગાવીને ખાત્રી કરશો તો માલમ પડશે એ દવાઓ ખાલી અને તીહારી નથી પણ ખરેખરી ફાયદા કારક એકેએક અકસીર દવાઓ છે. અને એની કીમતની એકેએક પાઇ પાઇ વસુલ કરી આપનારી છેઃ—

રોગને ઇતિખાબ—આ એક અકસીર તેલ છે એ તેલની માલીસથી પેરા લેસીસ જેવીવીકટ બીમારી થોડાજ દીવસમાં નાબુદ થઇ જાય છે.

એજ તેલથી ગમે તેવું કોનીક રૂમેટીઝમાં પણ જડમુળથી જતું રહે છે—કીમત શીશી૧)ના રૂ.૧૫.

સુરમો—નંબર ૧.)—આ સુરમો ગમ તેવું જુનું અને સખત આંખનું જાળું-ફુલું થોડાજ દીવસમાં કાપીને ઇનસાનને નવી રોશની અને નવી જીંદગી બક્ષે છે—કીમત ૧) તોલાની શીશીના, રૂપ્યા ૬

સુરમો નંબર ૨) આ સુરમાંથી રાત અંધાપણું માત્ર ૮) દીવસમાં દુર થઇ જાય છે, અને રદી પણ થતું નથી—કીમત શીશીનાં રૂ. ૫)

સુરમો નંબર ૩) આ સુરમો હરેક માણસને હમેશાનો ઉપયોગી છે. એનાથી આંખની બીનાઇ છે—કીમત શીશીનાં રૂ. ૨

સુરમો નંબર ૪—આ સુરમો પણ નંબર ૩) ના જેવોજ છે. પણ એની કીમતમાં ફેર છે. કે જેથી દરકશ અને નાશક એનો ઉ

યોગ કરી ફાયદો ઉઠાવી શકે—કીંમત શીશીનો રૂ ૧

રોગને ખાગ—આ તેલમાથાની ઉદરીને મ-દંતર દુર કરી નાંખે છે. અને ઉદરીના ડાઘ પડવા દેતું નથી. એ ઉપરાંત ફુલા ફુંનસી વીગેરે ઉપર બહુજ અકસીર છે. કીંમત ૫) તોલાની શીશીનાં રૂ. ૧ા)

રોગને ખરાબ આયો—આ તેલ માથાને બહુજ ઠંડક આપનારૂં તથા ભેજાને કુવત બક્ષનારૂં છે; એનાથી જે માણુસને બરાબર ઊંઘ નહિ આવતી હોય તેને ઊંઘ આવે છે, અને માથાનો ખોરો પણ દુર કરે છે—કીંમત શીશીના રૂં ૨)

રોગને બાદામ શીર—આ તેલ હવાસ ગુમા રાટે બહુજ અકસીર છે, એ તેલથી એ બીમારને તરતજ રાહત અને આરામ થયા છે કીમત શીશી ૧ ાા રૂ. ૨)

સફુફ નવરત્ન—આ પાવડરથી બુખાર દુર થાય છે. ખામીને ફાયદો કરે છે. કબજીઆત દુર કરે છે લોહી સુધારે છે ભુખ વધારે છે પેટમાં થતા કરમ બહાર કાઢે છે. બચ્ચા જુવાન અને ઉમરે પુગેલા સર્વે મરદ ઓરતને માટે ફાયદાકારક છે કીંમત દશ તોલની દાબડીનો. ૧]

સફુફ અકશાર ઉલ-દાઘ—આ એક પાઉડર છે. અને તે માત્ર-પાણીમા મેળવાને ગમે તેવી દરાઝ પછી તે જુની યા નવી હોય કાળી યા લાલ હોય તેને માત્ર ચાર દીવસમા ઉખેડી કાઢી દરદીને તુરતજ રાહત અને આરામ બક્ષે છે કી શીશી ૧ નાં રૂ. ૦ાા

હુબ્બે અકશીર ઉલહાઝમાં—આ ગોળીઓ ખોરાક હજમ કરવા માટે-પાચન શકતી વધારવા માટે-ભુખ વધારવા માટે બહુજ અકસીર છે. કીંમત ૪૦ ગોળીઓની શીશીનો-રૂ. ૦ાા)

પારાની ગોળીઓ—પારાની ગોળીઓ અનવી એક ચાંજેજા સમાન છે અને તદન એકલા પારાની ગોળીઓ આજ સુધી બનવા પામી નથી ઇશ્વરની કુદરત ન્યારી ઝાડપાનમાં કીરતારે મોટી ખાસીયત રાખી છે તે બુટ્ટીઓના પ્રતાપથીજ આ કમતરી ને એકલા પારાની ગોળીઓ બનાવવામાં ફતેહ મેલવવી છે. એ ગોળીઓ કેવી ઉપયોગી અને કેટલી કીંમતી છે. તે તો જગજાહેર છે એટલે તેનું તુવોતની બયાંન કરવાની કાંઇ જરૂરત નથી. માત્ર એકજ ગોળી મંગાવો જે તમને અને મારા કબીલાને હમેશ કામ આવશે અને ખુદ ખાત્રી કરી લ્યો

કીમત ગોળીના રૂ. ૧૦)

એનામલ્સ ફ્રેન્ડ—આ એક કીમત તેલ રૂપી દવા છે, જે આપણાં ગુંગે મવેશીઓનાં વાચાં વગરનાં કુલ જાનવરો માટે આશીર્વાદ સમાન છે. ઘોડા ગાય, બળદ, ભેંસ કુતરાં બીલાડા યા કોઇ પણ જાનવરને ખુજલી થઇ હોય જખમ પડયો હોય ચામડી થતી હોય યા ચામડીનો એવાજ બીજો કોઇ રોગ થયા હોય તો આ તેલથી માત્ર ૪) દીવસમાંજ ફાયદો થાય છે ખુજલી વીગેરે નાબુદ થઇ ઉડી ગયલ બાલો પાછા આવે છે કીંમત બાટલી ૧) નો રૂ. ૧

હોરસ્સ કન્ડીશન પાવડર—આ દેશી બનાવટનો ઘોડાઓ માટે મસાલો છે-એ મસાલાથી ઘોડાને ભુખમા વધારો થાય છે-પાણી બરાબર પીએ છે-પટ આવતા હોય તો તે બંધ થાય છે—અગર કબજીયાત હોય તો તે દુર થાય છે અને ઘોડાનુ બદન ખુબી તૈયાર થાય છે—

કીંમત ૧ રતલી ડાબડાનો રૂ. ૦ાા

એ ઉપરાત દરેક જાતના દર કીમતનાં દેશી અત્તરો-સુગંધી તેલો પણ દર વખત સ્ટોકમાં તૈયાર રહે છે. એક વખત મંગાવવાથી માલ અને કીંમતની ખાત્રી થશે.

દરેક જાતના મુરબ્બાઓ ચણીઓ જાત જાતના તઇયાર છે-બહુજ કીફાયત ભાવ અને ઉચા માલની ખાત્રી આપવામા આવે છે—

દરેક ફ્રીમમત બીમારો પોતાનો હાલ હમને પર લખશે તો તેઓ માટે ઘટતીજ દવાએ તજવીજ કરાવી હમો પોતે પુરતી વિગત અને સમજ સાથ મોકલી આપીશુ —

ગરીબ માણુસો પાસે હમારી દવાઓની કીમતમા ખાસ છુટથી કામ લઇશું—

વેપારીઓ અને જથ્થાબંધ માલ મંગાવનારને સારૂ ડીસકાઉન્ટ આપશુ.

મોહટાં શેહેરમા હમારી દવાઓ માટે વરકીંગ એજન્ટોની જરૂરત છે-

કાગજપત્ર નીચલે સરનામે કરોઃ—

એમ. ડી. બલસારા.

મેનેજીંગ પ્રોપ્રાયટર

એમ. ડી. બલસારા એન્ડ કું.

નંબર ૨૧૨ બાઝાર સીરકીવાલાં—દીલ્હી.

ટેલીગ્રાફીક એડ્રસ "યુનાની":- દીલ્હી.

ભાગ્યા માળા

નંબર ૬

નીચલી વાર્તાઓ છે.

૧ ચોરને પેટશે ધુળ. ૨ આવભાઈ હરખા.

૩ રાજાની કહાણી. ૪ ગરીબ ભીખારી

૫ કુન્યાસારી ૬ હીરાની વીંટી.

અંતની ઘડી ૮ અજબ તલેસમ

વેરી કે મિત્ર ૯

ગુલશાનના ગ્રહાકો મારેની આ ભેટ છે.

કીમત બાર આના

મેનેજર—ગુલશન પ્રિંટિંગ

વર્ક્સ—નવસારી

ગુલશન

Gulshan

મીસીસ રૂપાબાઈ રબારીની વાર્તા

'કિરતારની અફસોસ'

મરહુમ વૈદશાસ્ત્રી' મજીદ કે૦ ગોરિવાલ~

"આપણો દિકરાનો સુધારેલ

શાહુચોરની અદભુત થાગુ વાર્તા.

અધિપતી—ભાગળ્યા

સ્વતંત્ર.




ભાગલ્યાના આ અઠવાડીક પત્રનો

૧૯૧૪ પતેતી



નંબર.





નમુનેદાર અંક છે.

સંખ્યા બંધ ચિત્રો ઉપરાંત ઘણા જાણિતા લેખકોનાં લખાન છે.

કિમત ચાર આના

ગુલશનનાં ગ્રાહકો સિવાય બીજાઓને આ અંક મળશે નહિ.

મેનેજર---સ્વતંત્ર---નવસારી.

રિવ્યુ.

ફુરસદ.

મી૦ બહમનજી કાબરાજીવાળાં જાણીતું માસિક ફુરસદ પોતાના હમેશના લેબાશમાં એક મોટી ફાંકડી વાર્તા અને બીજા પરચુરણ લેખો સાથે નૌરોઝી અંકમાં બહાર આવ્યું છે. મી૦ કાબરાજી પોતાની નાદરૂસ્ત તબ્યતને લીધે રીટાયર્ડ થવાનો ઇરાદો રાખતા જણાય છે. હમો નહિ ધારતા કે તેમની આ ઇચ્છા તેમના વાંચકોને ગળે ઉતરે. મી૦ બમનજી કાબરાજી હાલના પારસી વાર્તા નવેશોમાં આંગળીની ટેરવી પર ગણુંના આગેવાન સાહેબોમાં ઉંચ પંકિત ધરાવી શકે છે તેમની કલમમાં અજબ મીઠાસ છે.

પ્રભાત.

આ નવો ભાઇ બંધ પણ પાછો આ વર્ષ એક અચ્છા અંકથી નવું વર્ષ ઉજવી શકયો છે. તેમાં આપેલાં ચિત્રો અચ્છાં છે તથા ફકત વાર્તાઓથીજ આ અંક ભરાયો નથી. વાંચી ને મનન કરવા જોગ ઘણા વિષયો આ અંકમાં સમાવવામાં આવેલા છે. માલેકો ઉત્સાહી છે. એટલે સારૂં અચ્છું વાંચન પુરૂં પાડતા જાય છે. પોતાના માસિકનો ફેલાવો વધારવા આ ભાઇઓએ ઘણાં પુસ્તકોના સોળ સેટ કરી અડધી કિમતે આપી દેવાની ગોઠવણ કરી છે. હમો આ ભાઇ બંધ જે બીજું પારસી નવું વર્ષ જોવા પામ્યો છે તેને દરેક ફતેહ ઇચ્છીએ છે.

હિંદી આર્ટીક

બહેન બાઇ આઇ. લી૦ પાલમકોટનું આ સુંદર માસિક અજબ રંગ રાગમાં આ નવાં વર્ષને ટાંકણે બાહાર પડયું છે. લેખકોની જે મોટી ફોજ એ બહેન મેળવી શકયાં છે તથા જેઓ આજ સુધી કદી બહાર લખતા નથી તેવાઓને એમણે બહાર કાઢયા છે એ બેશક એ બહેનને દરેક રીતે માન ભર્યું છે. એક ટુંકી વાર્તા અને ચાલુ વાર્તા સિવાય આખો અંક લેખકોના ફોટોઓનો તથા સુંદર લખાનોથી ભરચક છે. સર જસ્ટીસ દીનશાહ દાવર, ઓ૦ મી૦ ખીમન જડજ, રે. ડા. મેકીકન, રે. ડા. સ્કોટ, લેડી ધનબાઇ, શેઠ હોરમસજી એદનવાળા, પ્રો૦ લુઇ કોવે, ખાં૦ બાં૦ દમરી વગેરે અનેક લેખકોએ આ માસિકને દિપાવ્યું છે. હમો બહેન બાઇ આઇના આ સાહસની હમો ખરાં જીગરથી કદર બુજી તેમને ફતેહ ઇચ્છી એ છીએ.

ઢીંગ સોંગ

આ રમુજી માસિકનો " પતેતી અંક " પણ ફાંકડો અને ઢીંગ સોંગને અનુસરતો છે. તારાપોર વાળાની આર્ટ સીરીઝ મન પસંદ છે. ટાઇટલ પેજ પરની સુન્દરી પણ ખેંચાણ કારક ચિત્રછે. લખાણોની બાબમાં પણ આ ભાઇ બંધ ધીરે ધીરે ઠીક ભાગ્યશાળી બનતો જાય છે. આ વેળાની ચુંટણી સારી છે તથા મરહુમ દાદિ તારાપોરવાળાના લેખો ની સારી સંખ્યા એ ભાઇને મળેલી લાગે છે. ભાઇ દીનશા. કરક રયા સાહસીક છે અને થોડે નફે બોહળો વેપાર કરવાનું અચ્છું સમજે છે. આ વખતે પતેતી અંકમાં એમણે એકાદ રમુજી સીરીઝ કેમ ન દાખલ કરી? ઢીંગ સોંગને તે વધુ બરની થઇ પડત. હમો એ ભાઇને ફતેહ ઇચ્છીશું.

પારસી સંસાર.

કરાંચીના આ જાણીતાં અઠવાડિકે ઠીક ભપકો કર્યો છે અને પોતાના વાંચકોની અચ્છી સેવા બજાવી છે. લખાણનો આ અંક ભરચક છે અને જુદાં જુદાં વાના ઘણીજ અચ્છી તરેહે પીરસવામાં આવ્યાં છે. ચિત્રોની બાબદમાં પણ આ અંક સારો છે. કરાંચીના આગેવાનોના ફોટોઓ સાથે ત્યાં બની ગયલા બનાવો ચિત્રોથી યાદ કર્યા છે. આ એક ખરચાળુ સહાસ છે અને હાલના મોંઘવારીના વખતમાં તે કેવો કિમતી થઇ પડયો છે તે તો જેઓ જાણે તેઓજ જાણે. જાણીને વધુ ખુશી ઉપજે છે કે આ અંકની પ્રતો હવે સીલકમાં માલેકો પાસે રહી નથી. કવર પરનું ચિત્ર પણ આકર્ષક છે. ગૌતમ બોધ્ધના દેહ કષ્ટનો દેખાવ જોઇ મનન કરવા જોગ છે. સામટી રીતે તેનાં માલેકોએ આ અંકને યથાશકિત મુજબ સારો બનાવવામાં કચાસ રાખેલી જણાતી નથી. હમો એ ભાઇને દરેક ફતેહ ઇચ્છીએ છીએ.

કિરતારની બક્ષીસ !

એક ટુંકી વાર્તા.

લખનાર—મીસીસ રૂપાંબાઈ દારાબજી રબાડી

" નજી, પારણાવાળા ઓરડાના લામ્પો અને દેવાલગીરીઓ સળગાવજો " એ હોકમ આપનારનો અવાજ લગાર કઠોર અને નિરાશી ભર્યો હતો, પણ નજી તો સ્તબ્ધ થઇ પોતાની બાઇનું મોઢું જ જોયા કરતીહતી, અને બાઇએ કઇ શુધ બુધ ખોઈ દીધી છે કે કેમ કરી વિસમ્ય પામતી થોડો વખત ઉભી થઇ રહી

પારણાવાળા ઓરડામા દીવા સળગાવવાના અને તે પણ નવરોઝનેજ દહાડે ! તે ઓરડામા વસતુ અને તે સણગારેલા પારણામાનાં સુનારૂ નાહનુ પક્ષિ ઉડી જવાને બરોબર આજેજ વષ થયુ હતુ મધુર, સોહામણી દિનરૂબા રૈશનઆરા ગયે નવરોઝની રાતેજ આ દુખી ફાની દુન્યા છોડી ગઇ અને પોતાની વાહલી માના રતનબાઇ મુનશીને એકલવાઇ વિનાપ કરતી, દુખના આતશમા બુજાતી છોડી ગઇ હતી. ત્રણ વર્ષ ઉપર રતનબાઇના વાહલા ધણીથી છુટા પડયા—રંડાયા તે દિનથી સઘળો તેવણુનો જીવ જીવન-ગાજો પોતાના એ એક પુત્ર લાડકવાયા વાહલામા ભરી રાખ્યો હતો—તે બાળકનેજ ખાતર જાણે આ દુન્યામા તેવણ જીવતા હતા એમ કરતા તે બાળક ખોવાયુ ત્યારે તો તેવણની નિરાશા અને દુખ શબ્દોમાં વર્ણી ન શકાય એવુ હતુ

તેવણ ઘણાજ બેદિન થડા અને ઘણા જ એકાત થઇ ગયા કોઇને ઘરે મળવા—બોલ્લા જતા નહિ, અને ઘરે આવ્યા ગયાને પણ મળવા ના પાડતા હતાં માત્ર એક જુની નિશાળની સહી તેહમીનાં તવડીયાજ એ એકાંત વાસ ઉજ્જડ દેખાતના ઘરમાં દાખલ થઇ શકયાં હતા ઘરનાં નોકરો દયામણી રીતે પોતાનો બાઇનો સોહરાઇ સુકાઇ ગયેલો ચેહરો દેખતાં અને માહે માહે બગીતા પણ બીજુ કઇ કરી શકતા નહિ

'પારણાવાળા ઓરડાના દીવા સળગાવવા કહે છે ' નજીએ રાંધનારી મેહરી આગળ કહયુ " શુ કરૂ વારૂ ! કંઇ ભેજા ઉપર માઠી અસર થયેલી તમોને જણાએછ, વારૂ ? "

" જેમ કહયુ હોય તેમ કરજો ! જે હોય તે ખરૂ આજે બરોબર વર્ષ થયુ ગાજતુ વાજતુ ઘુલકુ જઇને " મેહરીએ ઉતર વાળ્યો અને સદરાની દામને પોતાની આખ લુછવા પડી—તે ઘુલકુ ઘરમાં સર્વ કોઇને પ્યારૂ હતુ, તેમાં મેહરી તો પોતાનો જીવ જાન તેના ઉપરથી કુરબાન કર્યો હતો

' કદાચ બાઇ આજે રાતે તે ઓરડામા બેસવાનો વિચાર કર્યો હશે—ગરીબ બિચારા ! આ પહેલી—નવરોઝ ઘણો ગમ ભર્યો ગુજરવાનો ! ' નજીએ ઓરડો ઉઘાડી મોટુ લામ્પ તેમજ બે દેવાલગીરીઓ સળગાવી, પણ એમ કરતાં તે ધ્રુજતી હતી. તે નાહનો ઓરડો બાળકની સામગ્રીથી ઘણો સરસ સણગારેલો હતો ઉજળા ફુલ સરીખો પડદો પારણા ઉપર નાખેલો જેમ નો તેમ હતો, પારણાને એક ખુણે રૂપાનો મોટો ઘુઘરો બાધેલો હતો. ઓરડાને એક નાકે એક નાહની મેજ ઉપર જાત જાતના મોઘા સરના—

આંખે ઉડી વળગે એવાં રમકડાં ગોઠવાએલા પડેલાં હતાં—એક ખાલી ઢોલકી ઉપર રમવાની દાંડીઓ, પિક્ચરની નાહની મોટી ચોપડીઓ વિખેરાઇ પડી હતી, પેશી મેર ચંગ, ઘુંઘરો ૪૦ રૂપાનાં રમકડાં પડેલાં. ઓરડાની ભિંત ઉપર પેગંબર સાહેબની સબી તેમજ બીજાં બાળકોને રમુજ સાથે જ્ઞાન આપે એવા તખતા ઓરવેલા હતા. એક સ્ટેન્ડ ઉપર નાહની આટલી પાણીની અને તે ઉપર રૂપાની કરસળી ઉંધી વાળેલી હતી. ભોંય ઉપર જમવાનું પથરાએલું હતું. એક ખુણે રમવાનો લાકડાનો હાલતો ઘોડો પડેલો હતો. સઘળી રીતે જોતાં એક હેતવંતી માતાનાં અથાગ હેત અને લાડની ગવાહી આપતો હતો, પણ જયાં એક વાર તે ઓરડો નાહનાં સોનેરી બાલવાલાં સોહામણાં ભુલકાંની દોડા દોડી અને હસા હસીથી ગાજી રહેતો હતો તે આજે સ્મશાન જોઇ નજીની આંખોમાં ઝળઝળ્યાં ભરાઇ આવ્યા અને ધુજવા લાગી. "ખોદા ખેર કરે! કેમ થશે બિચારાંનું!" એમ બબડતી બારણું દાંડી હેઠળ ઉતરતાં બાહારનું બારણું ઠોકાયું. બારણું ઉઘાડવાનું કામ નજીનું હતું. રાત પડતાં કોણ આવ્યું હશે અને આ વરસાદ પડતો છે તે છતાં! કાં કે તે દિન આખો વરસાદ ઝરમર-ઝરમર પડયાજ કરતો હતો. એમ બબડી બારણું ઉઘાડયું. બારણા ઉપર એક બળદનું ગાડું ઉભેલું હતું એ ગાડું ડવિઅરથી આવેલું ઓળખાયું તેમાંથી એક બાઇ ઓવર કોટમાં સજ થયેલાં ઉતરી આવ્યાં. પહેલ્લાં તો નજી અજબ થઇ ટીકતી ઉભી રહી. પછીથી તેણીને ઓળખતાંજ હસીને આવકાર આપ્યો.

"આવોરે મરં-તેહમીના માયે-તમે કયાંથી નવરોઝની રાતનાં એકાએક ફુટી નિકળ્યા. તમે ગોળવડ છોડીને ડવિઅર કયારે ગયેલાં હતાં, આવા વરસાદમાં!"

"જરા કામસર નિકળવું પડયું હતું-હું આજે ત્રણ દહાડે ગોલવડ આવી પણ ઘર જવા અગાઉ રતનબાઇને મળવાનું મારૂં મન થયું" તેથી હયાંજ ગાડું ઉભું રાખી ઉતરી પડી. રતનબાઇ એકલાં છે, નજી? હવે એ સવાલ પુછવાની કંઇજ અગત નહિ હતી. કાંકે એ દુઃખના ફટકા ખાધેલા ઘરમાં કોઇ આવતું ન હતું અને કોઇ આવે તેને ઘરમાં દાખલ કરવામાં આવતું ન હતું.

તેહમીનાં ઉપલો સવાલ પુછતા માળ પર ચઢી જવાની તૈયારીમાં હતાં તેટલાં નજીનો ચેહેરો બલાપા ભર્યો અને વિચારવંત જણાવાથી તેવણ જતાં જતાં થોભી ગયાં અને "શું છે નજી!" કરી પુછયું.

"બાઇએ પારણાં વાલા ઓરડામાં દીવા સળગાવી રોશન કરવાનો હોકમ એકાએક શાં જે આપયો!" નજી હલુસે બોલવા લાગી"એનો મતલબ શું હશે? એ એમ કાંયે કરતાં હશે આજેજ રાતે બરાબર વર્ષ થયું પેલા બનાવને તે તમે જાણો છો કે ની?"

તેહમીનાંએ દયામણે ચેહેરે માથુ ધુણાયું.

"હા, મને યાદ છે તેજ થકી તો હું અત્રે આવી, પણ કંઇ નહિ, આંહની ફિકર કરવાની તારે જરૂર નહીં. તેવણ એકલાં પડી બળાપાને દુઃખમાં નહિ પડે. તેની સંભાળ લેવુસ."

એમ બોલી તેહમીના માળ ઉપર ચઢી ગયાં અને ડાબી બાજુનો ઓરડો ખોલી માંહે પેઠાં. કાળી સાડીમાં સજ થએલી એક યુવાન સ્ત્રી જે પોતા સામે સગડી સળગાવી તેમાં ટીકતી બેઠી તેણે પોતાની ડોક ફેરવી, આવનાર તરફ જો નજર ફેંકી અને તેહમીનાંને જોતાંજ તે ઉદાસ પણે ફીકકુ હસી.

"અરે તેહમી! તારી કેવી મેહેરબાની!" રતનબાઇ બોલી.

"મને ઘણુંજ એકલું લાગતું હતું," તેહમીનાં એ પોતાનો ઓવર કોટ કાઢી ખુરશી ઉપ

રખાતો નાખી રતનબાઇને ગળે વળગાડી પોતે પાસે ગોઠવાઇ.

" બહાર તો એવી સર્દ હવા ફુંકે છે કે બોલવે વાત નહિ. આજે ૪ દહાડા થયાં વરસાદ ભારી થયોછ તેમાં આજે તો આખો દહાડો વરસ્યોછ ! નજી કેહે નેમ બરોબર નવરોજના બરની રતુ છે. દુન્યાનો દેખાવ જાણે ચિત્ર વાલા પોસ્ટ-કાર્ડો નાં જેવોજ થઇ ગયોછ. જ્યાં જોઇએ ત્યાં લીલોતરી ને જાત જાતનાં ઝીણા ઝીણાં ફુલને ગુલ છડી ઉગી નિકળી, ગોલવડનાં સ્ટેશનનાં રસ્તાની બાજુનુ જંગલ તો જાણે હસી રહ્યુંછ. કેવું સંઘળું રળીઆમણું અને મનહર લાગેછ તે તું જોએ ત્યારે જાણે, રતાઇ ? જાણે કુદરત સાથે એકલુ પડી વાત કરવી હોયે તો એ દરિયા કિનારેની લીલોત્રી ઉપર જવું અને મોટા દરખ્તો તળે બેસવુ જોઇએ !" પણ રતનબાઇ તો એ સાંભળતા ધ્રુજવા લાગી.

" હું વરસાદને ધિક્કારૂછ; નવરોજને પણ ધિક્કાર'છ—મને કંઇજ ગમતું નથી."

તેવણુની સહીએ કંઇજ પ્રતિ ઉત્તર વાળ્યો નહિ, ફક્ત પોતાનાં પગ લાંબા કરી આતશનો ગરમાવો આપવા માંડ્યો. " આતશનો ગરમાવો એવી વેળા કેવી રાહત આપેછ જો ! હું હમણાંજ એવા લોકોને મળી-જોઇ આવી કે જે લોક બિચારાં સુકિ કોયેલા બાળીને પણ પોતાને ઘરમાં ભરાએલી સરદી દુર નથી કરી શકતાં. આવે દહાડે પણ બિચારાં અંધારા સર્દગારમાં પડેલાં !"

રતનબાઇએ ભવાં ચઢાવ્યાં.

"પાછી તેં રખડપટી માંડીછ, હું ધારૂછ," રતનબાઇ ઉદાસીન પણે બોલ્યાં—" એ કેમ તુને ગમતું હશે મને અજબ લાગેછ, તેહમી. ખંદાં, ગુચ્ચાં, ગંધ મારતાં, ખરડાએલાં બીચરાએલાં, મેલાં ઘેલાં લોકોમાં જવું, જે લોક ભીખ માગતાં અને ચોમેરથી તમુને ઘુનનાં જરા શરમાયે નહિ. છેતરવાનો અને ધુતવાનો જ ધંધો લઇ બેઠેલાં ! અરે, એ હું ખુબ જાણુંછ. નફકરાં, લુટાર ખુવાર ! એ ગરીબ લોકો માત્ર એવાં !"

તેહમીનાં તરવર્યાનો મધુર ચેહરો ઉપલું સાંભળતાં ઉતરી ગયો.

"એમ નાં બોલ, રતાઇ ! એમ નાં બોલ ! હું જેવી ગરીબોને ઓળખુંછ તેમ તું જો ઓળખતી હોયે તો એમ બોલે નહિ તેમનાંમાંનાં કેટલાંક ગરીબી સામે કેવી બાહાદુરીથી ટક્કર લડેછ, કેવી અજબ રીતે પોતાને સંસાર નિભાવી ચાલેછ તે જો તું જાણે———"

"અરે, વધારે નાં બોલ — નાં બોલ દીકરા !" રતનબાઇ ફમકમી બોલી " હું કેહુંછ કે હું એવાં ગરીબ લોકોને ધિક્કારૂંછ, એ શી રીતે તુ એવાં લોકોમાં જાયેછ ને ભેળાએછ તેની મને મુદ્દલ સમજ નથી પડતી, તેહમી "

એ સાંભળતાં તેહમીને ચહેરા ઉપર રતાસ ધાઇ આવી અને આંખો ચલકવા લાગી.

" તેમનાં નિર્દોષ બાળકોને ખાતર— છોકરાંઓને ખાતર રતી !" તે બોલી. "જેબી કઇ હું કરૂંછ તે નાના ભુલકાંઓને ખાતર કરૂં છું. તેમનાં માબાપ કંગાળ કે નિર્ધન હોયે; તેમનાંમાંના કોઇ અપ્રમાણીક કાં લુચ્ચાં ને દગારાં પણ હોય; હું સમજુંછ કે કોઇ કોઇ વાર તે લોક મને ધુનેછ, છેત્રેછ— હું ઘણીવાર છેત્રાતી હોઉં, પણ તેવે ઠેકાણે પેદા પડયાં તેમાં તે બાળકોનો કસ્સો વાંક નથી. છોકરાં કે ચોટટાં માબાપને પેટે અવતર્યાં બી હોય તેમાં તે લોક શું કરે ! પાકંદાદાર કહેછ કે, બાળકોને તેમનો વાજબી હક આપ, તે લોકને સારી સંગત, સારી શીખ, સારી ઉધરણી અને સારી કેળવણી પામવા દેવો. પછી જુઓ ! પણ એમાંનાં ઘણાં ખરાં બાળકોને કશું મળી શકતુ નથી."

"ઓ મારા ખોદાએ !" રતાઇ બોલી. "પણ તમે એ લોકને એવી કેળવણી, ઉધરણી ક્યારે શી રીતે આપી શકવાનાં'વારૂ ?"

"હું હમણાંજ એક ગરીબ નિર્ધન નાચાર બેચાર સ્ત્રીને ઘેરથી આવીછું ને એક નાંહનાં કાતરિયાં ઉપર વસતી હતી. છ મહીનાની વાત ઉપર તેનો ધણી છાકટપણાંમાં અને છાકટાઓ સાથની મારામારીમાં માર્યો ગયો. અને આ ગરીબ બાપડી પોતાનાં બચાંઓને ખાતર દળીદ્રતા લઇ ચલાવતી હતી અને દુઃખે પાપે ગુજરાત કરતી હતી. જો કે તેમ કરતાં પોતાનાં જીવસે ભુખમરો પાળતાં હલ્લુ હલ્લુ તેની રગો મરતી ચાલી, તેવું હોવા છતાં પણ પોતાના બચ્ચાંઓને છોડી હોસપીટલમા નહિ ગઇ — તેમને છોડીને સસરી નહીં —"

"હવે બસ કર! મને સાંભળવા નથી ગમતું." રતનબાઇ લગાર આકરી થઇ.

તેહમીનાં મુગી રહી ગઇ. એ તેહમીનાં તવઙ્ગરા પોતે પૈસાવાળી હોવાથી, પોતાનો પઇસો, વખત, પોતાની જીંદગી ગરીબ લોકો માટે અર્પણ કરી બેઠી હતી. લોકો તેને, ઘેલી કેહતાં, ભેજું ચસકી ગયેલું કહેતાં; જે લોક તે ઉદાર બાઇની મતલબ નહિ પીછાણતાં તે લોક એમ બોલતાં. વળી કેટલાંક લોક જે લોકની જાણમાં તેણીનાં કામ આવતાં, જે લોક એની સમજ અને અકલ પીછાણતાં તે લોક તેણીને માનની નજરે દેખતાં અને ગરીબ નિર્ધન લોક તો તે જ્યાં દેખાતી ત્યાં તેની પુજા કરતાં હતાં. પોતાનું દુઃખ—સુખ વગર અચકાયે તેનાં કાનમાં નાંખતાં. છોકરાંને સારી પાડોસમાં અને સારી સંભાળમાં ઉછેરવાં હોય તો તેમની જીંદગી—તેમની રહેણી સુધરે અને તેમ કરવું સઙ્ગાવાર છે એમ તેહમીનાંના જીગરમાં ઠસવાથી તેણીએ ઘણીંક એકર જમીન વેચાતી લીધી હતી અને ત્યાં એક નોહનું સરખું ઘર બાંધ્યું હતું. જ્યાં તે નાંહનાં ભુલકાંઓને મોકલતી હતી, અને મોહટાં થતાંજ અને સમજમાં આવતાંજ તેમને બીજા તેવાજ ઘરમાં મોકલાવી દેતી જ્યાં તે બાળકો રહેતે રહેતે કંઇ ને કંઇ હુન્નરકે વેપાર કરવાતું શીખતાં અને બલીષ્ટ, તંદુરસ્ત ઉછળી નિકળતાં.

"આજે તો તમારી સાથે કંઇ અગત જોગી વાત કરવા અને કંઇ પુંછવા આવી હતી." તેહમીનાં બોલી.

"હા; કહોની શું છે?" રતનબાઇએ પૂછ્યુ.

"જે ગરીબ સ્ત્રીની મેં તમો આગળ વાત કીધી તે આજે મરી ગઇ." ધીમે સ્હાદે તેહમી બોલી. "બે બાળક તે પોતા પાછળ મુકી ગઇછ—એક છોકરો અને એક છોકરી. હું તે છોકરાને મારે ત્યાં રાખી ઉછેરી શકશ. મને પેલી નાહની છોડીની ફિકર લાગેછે."

પાછી રતનબાઇ કમકમી. "પૈસા—પૈસા જોઇતા હશે તો, જેટલા જોઇશે તેટલા હું આપીશ." તે હલ્લુથી બોલી. એક પળવાર તેહમીનાંનો ચેહેરો ગોરસાથી છવાઇ રહ્યો પણ પછી તેનાં ચહેરા ઉપર દયા ફરી વળી.

"ઘણી મહેરબાની, દીકરા—પણ તે બાળકને નાણાંની હાજત નથી. ફકત તે છોડી ત્રણ વર્ષની છે. હમણાંજ તેણે ત્રણ વર્ષ પુરાં કીધાં છે; તેને તો માતાનું હેત જોઇએ છે. માતાનું હેત જોઇયે છે."

તેહમીનાં જવાબની વાટ જોતી બેઠી. પણ કરસો જવાબ મળ્યો નહિ, અને તેહમીની આંખ્યો આતુર બનતી ગઇ. છેવટે રતનબાઇ અલકસેથી બોલી.

"તેને બાળસ્થાનમાં મોકલો; એવાં બાળકો માટે ઘણાં ઘેર છે, જ્યાં તેમની સંભાળ લઇ ઉછેરવામાં આવેછ, હું તેનો ખરચ આપીશ."

"તે બાળકને માતા જોઇયે છે, વાહલી બહેન," તેહમીનાં પાછું બોલી. "જો મારી વાત સાંભળો—ચીડાતી ના, જો તારો ખોળો ખાલી છે, તારાં બચ્ચાં માટે તારૂં જીગર વિલાપ કરેછ—નહીં સાંભળો. તે એકલવાઇ

નમાની સુચીને માતાની ગરજ છે, તેનુ દિન પણ માતાના હેત અને સંભાળ માટે ટવળેછ, દુન્યામા હઝારો બાળકોના જીગર માતા માટે વખવખેછ, ને હજારો માતાઓ પોતાના બાળકો ર(?) ૨દન કરેછે અને ટવળે છે "

એમ બોલતાં તેણી પોતાને ઘરે જવા હડીને ઉભી થઇ અને ઓરડાનુ' બારણુ ઉઘાડી, પાછળ ફરીને જોતા પેલી કાળી સાડીવાળીને એક બચ્ચાંનુ ઉજળુ મોજુ હાથમા ધરી સગડી આગળ ગુંઠણીએ પડેલી દીઠી તે પછી તે પછી તે ચાલી ગઇ અને કાળી સાડીવાળી એકલી પડી

"ઓ ખોદા ઓ મારા ખોદાઓ! મારી નાનકડી મારી નાહની રોશન"

તે પોતાના સોગના પેહેરવેસમા જાણે ઢગલો થઇને ભોંય પર પડી પણ રડતી ન હતી ઘણી મુદત થઇ તેની આખોમાના આસુ નિરાશાએ સુકાઇ ગયા હતા અને આખોમા બળતા બળતાં હતા. ઘણી વાર એવો વખત આવ્યો હતો કે તેણી દુવા માંગતી હતી તે રડે આંસુ ખરે કે તેની છાતી મોકળી થાયે, દુખી જીગર જે ફાટ ફાટ થતુ લાગતુ હતુ તે હલકુ પડે પણ નહિ, એટલી રાહત પણ જાણે ખોદાએ ના પાડી હતી

થોડોક વખત વીતા કેડે તે ઉઠી અને પારણા વાળો ઓરડો ધીમેથી ઉઘાડી માહે પેઠી ત્યાં પણ સગડી સળગેલી હતી. અને થોડોકજ વખત થયો નજી આવી દીવા ઝાખા કરીને ગઇ હતી રતાઇએ દીવા ઓસકયા એ ઓરડો ઘણોજ ખુબસુમા હતો ચિતારાના હાથનો કિસબ ચોમેર જણાતો હતો બચ્ચાની બચગી સુખાકારી અને સંતોષ બરિ કરવા માટે જે જે વસ્તુઓ પૈસો લાવી શકે તે સર્વ કઇ ત્યા મોજુદ હતુ અને માતાના હેત સાથે સુખ ચેન ભેળા એલા ની શહાદત જ્યાં નજર ફેરવે ત્યાથી મળી આવતી દેખાતી હતી વતનબાઇ સગડી સોડે બેસી ગઇ અને હાથ લાંબા કરી સેકવા લાગી.

"અરે મારી રોશનઆરા" તેણીએ વિલાપ કરવા માંડયો! પણ આસુ આખમા નહિ આવતા હતાં આંસુ વરસે તેવી હાલતમા તેનુ જીગર હતુ બીજુ માટેનુ નાહનુ બારણુ ઉઘાડતાં રાતનો સુવાનો ઓરડો હતો, તે વળી આરારતગીમા આગલા કરતા ચઢિયાતો હતો પારણા આગળથી ગોકરેનુ ન નાહના નાગનું બારણુ ખોલી માહેના ફ્રાટવા આવેલુ નાહનુ ગુડયુ કાઢયુ દિવાતેજ કરીતે ચોમેર દાત પર દાત ભેની ફરવા લાગી, પાછી આવી કનાટમાંથી એક પછી એક રમકડા કાઢતી છેલ્લી ચિત્રની ચોપડી કાહાડી એ સર્વ રોશનનેતો ઘણા વાહલા અને તે બાળકના મનસે તેનો ખજાનો હતો તે સર્વ એક પછી એક છાતીએ દાબતી ગઈ અને મુકતી ગઇ જાણે કોઇ તેને મારતું હોએ તેમ તેનુ મોહ મચકાતુ-છેવટે કબાટ ઢાકી અને પારણા આગળ ગઇ અને તકયા ઉપર જાણે કોઇનુ નાજુક માથુ પડયુ હોય તેમ હલુથી તે બરોબર કીધુ તેમ કરતા લોહીનો ગોટ ગળ્યો તે પછી પાછી પેહેલના પાસેના ઓરડામા ગઇ ત્યાં સઘડી ઘણી રોશન બળતી હતી અને ઓરડો, પરવાના રેહેઠાણ સરખો રોશનીથી દીપતો હતો ! !

પણ ત્યા દાખલ થત જ તે જબરી ચમકી આખ ચોળી જોવા લાગી જાણે ખાત્રી કરતી હોયે કે પોતે નિદ્રામા નથી પડી કે સ્વપ્ન વશ થઇ નથી, પણ જાગત આખે જોયે છે, પછી ઉઠાળો મારી સગડી તરફ બુમ મારતી ગઈ જે બુમથી તે સગડી પાસે ઉભેલુ બાળક ચોકયુ

ગોનામી ફ્રોકમાં તે ઉભેલુ હતુ, તેના નાજુક હાથ સગડી ઉપર ધરેલા તેનુ મધુર, ફેરેસ્તાઇ મુખડુ, વળદાર સોનેરી બાલના ઢગમા ખુશ દીપા રહયુ હતુ, અને તેની બ્લુ આખો જાણે નાચતી હતી

"રોશન——ઓ મારી રોશન!" તેણીએ બુમ મારી અને હાથ પોહોળા કરતી

આપણો હાલનો સુધારો !

(લખનાર—મરહુમ વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી—જામનગર)

દરેક ઇચ્છવા જોગ વસ્તુ અને વિચારોની ગેરહાજરીમાં આપણો દેશ બહુ દયા ખાવા જોગ દશામાં આવી પડેલો છે. એ વાત આજ વર્ષોના વર્ષો થયાં ચર્ચાયા કરે છે. ઘણા લોકો એ વાતનુ દુઃખ અંતઃકરણમાં ભોગવ્યા કરે છે. ઘણા લોકો એને માટે કંઇ કઇ હીલચાલ કર્યા કરે છે, કેટલાક ભાષણ આપે છે, કેટલાક લખે છે અને અને કેટલાએક મુંઝાઇને બેસી પણ રહે છે; તથા દૈવ પર આધાર રાખી જે થવાનું હશે તે કાળે કરીને થશે એમ ધારણા બાંધી નિવૃત થાય છે. આટલું તો નકકી છે કે જે કાંઇ ઇચ્છવા જોગ વસ્તુઓ તથા ઇચ્છવા જોગ વિચારો આપણે ગુમાવ્યા છે તે આપણે ફરીને મેળવીએ તોજ આપણે સારી સ્થિતિપર આવ્યા એમ ગણી શકાય. આપણા પુર્વજોની આપણે કઇ કઇ મિલકત ગુમાવી છે તે ગણવાની અહીં કશી જરૂર નથી. કારણકે બધુંજ ગુમાવેલું છે. પ્રાચીન શાસ્ત્રો અને જુના ઇતિહાસો તરફ નજર કરો એટલે તમે જોઇ શકશો કે આપણા પુર્વજોનાં શરીર કેવાં હતાં ? દરદોની સામે તેઓ કેવી રીતે ટકી રહેતા ! તેઓ કેવા કદાવર હતા ? કેવા બળવાન હતા ? તેઓ વગર થાકે કેવી મહેનત કરી શકતા ? તેઓ કેટલાં કેટલાં વર્ષો લગી જીવતા ! હજારો વર્ષ જીવતા, એ વાત આજ ના મનાય તેવી થઇ પડી છે. કારણ કે માત્ર કુવામાંજ ફરનારા દેડકાને સમુદ્રની મોહોટાઇ માનવામાં બહુ વાંધો આવે છે, તેમ આજ પચાસ સાઠ વર્ષ જીવનાર તોબાપ રુપાળી મનાઇ જાય. એવા જમાનામાં આપણને—હજારો વર્ષ જીવવાની વાત બહુ આશ્ચર્યકારક થઇ તે માનવામાં આનાકાની થઇ પડે છે માટે તેને બાજુ પર મુકો. સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગનાં દ્રષ્ટાંતો છોડી દિયો. પણ કળિયુગના આરંભમાં ચારસો ચારસો વર્ષની આવરદાએ પહોંચેલા ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય સરખા યોદ્ધાઓ પાણીપતના મેદાનમાં જવાનોને પણ બાજુએ મુકે એવા વેગથી લડયા હતા. ભીષ્મે દશ દિવસ યુધ્ધ કરી સામા પક્ષને કાયર કાયર કરી મુકયો હતો. સાથે સાથે આ વાત ભુલી જશો નહિ, કે હાલ જ્યારે આપણે એક દિવસ બે ચાર કોશ ચાલવા જેટલી મેહેનત કરીને, કે ટ્રેનમાં બેસવાથી એકાદ દિવસ લાગેલો થડકો ખમીને ત્રણ ત્રણ દિવસ થાક ઉતારવા માટે અથવા વિશ્રાંતિ લેવા માટે લગભગ નવરા બેસી રહીએ છીએ, અને ખુબ વિશ્રાંતિ લેવાઇ રહ્યા પછીજ ચાલુ કામમાં ગઢી શકીએ છીએ, ત્યારે તે બુઢો લડવૈયો સવારથી માંડી, સાંજ સુધી લડતો જેમાં હજારોને મારતો, હજારો તરફથી થતા પ્રહારો ખમતો, હજારો બાબતની દેખરેખ રાખતો, હજારો હુકમ કરતો અને એવા અટપટા મામલામાં હજારોને જવાબ આપતો. એટલુંજ નહિ પણ લડાઇ બંધ પડયા પછી રાત્રી સમયે પણ જુદા જુદા વિચારો ચલાવતો, અને તેના નિશ્ચયો કરતો, છતાં બીજે દિવસે સવારમાં એવા ને એવા ઉત્સાહથી લડાઇથી કરવામાં ગુંથાઇ જતો. દ્રોણને પોતાના પાંચ દિવસોમાં એક દિવસે રાત્રિના પણ લડાઇ ચલાવવી પડી હતી. સવારથી શરૂ કરેલી લડાઇ સાંજે બંધ પાડવાને બદલે તેણે આખી રાત્રી ચલાવી અને બીજા દિવસની સવારે તો કાંઇ

વિશ્રાંતિ લેવાય તેવું હતુ જ નહિ. તેમ છતાં બીજા દિવસે વળી તેણે સર્વોપરિ પરાક્રમ દેખાડ્યું હતું. કોઇ દિવસે માત્ર મોજ શોખને ખાતરજ રાતના ત્રણ કલાક ઉજાગરો કરીને નાટકશાળા જોવામાં ખાસી રીતે ખુરસીને અઢેલીને-પગપર પગ ચડાવીને ઉજાગરો કર્યો હોય તો પણ બીજે દિવસ બપોરનાં ત્રણ કલાક ઉંઘ લેવા પછીજ તાજગી મેળવી કામમાં લાગી શકનારા આજના જુવાનીયાઓએ બુઢાનાં થોડા સરખા હાડને માટે આશ્ચર્ય પામ્યા વગર નહિજ રહે ? વધારે શું કહેવું ! એ વખતે સો સો વર્ષની અવસ્થાએ પહોચેલા ભીમ અને અર્જુન સરખાઓને જુવાન કહેવામાં આવતા હતા. એ પછી જેમ વખત જતો ગયો તેમ તેમ આવરદા કંઇ કઇ ઓછી થતી ગઇ; પણ હાલ આવરદા જે ઝડપથી નીચા પગથીયાં પર ઉતરવ લાગી છે તેટલી ઝડપથી તે નીચે ઉતરતી નહતી જરા વચલા વખતના એકાદ સાધારણ દાખલા પર નજર કરો. ગુજરાતનો ચાવડારાજા વનરાજ સાઠ વર્ષની અવસ્થાએ ગાદીએ બેઠો અને પચાસ વર્ષ રાજ્ય ભોગવી એકસો દશ વરસની અવસ્થાએ મરણ પામ્યો આ વાત નાના નાના વિદ્યાર્થીઓ પણ જાણે છે. આ દાખલો તો હજાર વરસ પહેલનો છે પણ ચારસો વરસ પહેલાનો એક સાધારણ દાખલો લઇએ-કચ્છથી ઉતરી કાઠિયાવાડમાં જામનગરનું રાજ્ય સ્થાપનારા રાવળ જામે એક ખડતલ વડવૈયા તરીકે એકસો પચીશ વર્ષની આવરદા ભોગવી ની. આજકાલ આવી અવી વાતો તો જાણે સ્વપ્ન જેવી થઇ ગઇ છે. એટલુ છતાં એવા તો કંઇ અસંભવિત નથી હાલ પણ બીજા દેશોમાં એટલી એટલી આવરદા ભોગવનારા અને આપણને નવાઇ લાગે તેટલો જોમ ઉડાવનારા બુઢ્ઢાઓ હૈયાત પણ બેઠેલા છે એક વખત આ હિંદુસ્તાનનું સેનાધિપતિપણું ભોગવી ગયેલા અને કાબુલ પર ચઢાઇ કરી ફત્તેહ મેળવનારા બુઢ્ઢા લોર્ડ રોબર્ટસે ટ્રાન્સવાલની લડાઇમાં ત્રણ દિવસ સુધી ઘોડાની પીઠ પર વગર થાકે કામ બજાવ્યું કહેવાય છે. આ સઘળુ આપણને શું બતાવે છે ? એજકે આગળના જમાનામાં જે શારીર સંપતિ આપણા પુર્વજો ધરાવતા હતા, અને હાલ પણ બીજા દેશોમાં જે શારીર સંપતિ આપણા જોવામાં આવે છે તે આપણે ગુમાવેલી છે. શારીર સંપતિ ગુમાવેલી છે એટલે બળ, તેજ અને આયુષ આપણે ગુમાવ્યાં છે. કદાવર પણું પણ ચાલ્યું ગયું છે.

શરીરની શકિત જેમ આપણે ગુમાવી બેઠા છીએ તેમ મનની શકિત પણ ગુમાવેલીજ છે, પ્રાચીન સમયના પુરૂષો જ્યારે હર કોઇ બાબતમાં અતિશય ઉંડા ઉતરીને વિચાર કરી શકતા ત્યારે હાલ કેવળ ઉપર ઉપરથી તરવામાં આવે છે સ્વતંત્ર વિચાર કરવામાં મગજને બીલકુલ કસવામાં આવતું નથી તેને લીધે જ પરંપરાના સારા આચાર વિચારોની સાથે ઘુસી ગયેલા હાનિકારક આચાર વિચારોની સાથે છુટાં નહિ પડતાં ગળે બંધાઇ જાયછે. કોઇ યુકિતબાળા માણસે પોતાના સ્વાર્થને ખાતર કે રસુજને ખાતર ઘુસાડી દીધેલો અમુક આચાર કે અમુક વિચાર અથવા અમુક દેશને માટે કે અમુક કાળને માટે જરૂરીયાત જોઇને કોઇ ડાહ્યા માણસે પ્રચારમાં મુકેલો અમુક આચાર કે અમુક વિચાર દરેકને માટે દરેક દેશમાં અને દરેક કાળમા ફાયદા કારક હોઇ શકે કે કેમ ? એ બાબતનો નિર્ણય કરવાની આજ કોને ઇચ્છા થાય છે ? આળસને લીધે ઇચ્છા નહિ કરનારાઓ કરતાં અશકિતને લીધે ઇચ્છા નહિ કરનારાઓ વધારે હોયછે. ચાલવાની ઇચ્છા નહિ કરનારાઓમાં આળસુ કરતાં પગમા ચાલવાની શકિત ન હોય તેવા લોકોનો ભાગ વિશેષ જોવામાં આવશે. ખરી રીતે જોઇએ એ આળસ એ એકજાતની અશકિતને જ પરિણામ છે. અને જરૂરનાં વિષયો પર વિચાર કરનામા આળસુ લોકો પણ વિચાર કરવાને અશકત હોયછે એમ માનવામાં વાંધો નથી

મગજમાં વિચાર કરવાની ખરી શક્તિ હોયતો મગજ પણ નથી અને વિચારના ખરા પણાની ખાત્રી હોયતો તે જાહેર કરવામાં કશો સંકોચ થતો નથી. આપણા દેશમાં એક સમય એવો હતો કે જેને વ્યવહાર અને પરમાર્થના દરેક યોગ્ય અને ઊંડા વિચારમાં ઉતરનારા અને સ્વતંત્રતાથી તેના વિચારો જાહેર કરનારા પુરૂષો શોભાવી રહયા હતા. સાંખ્ય દર્શનના કર્તા કપિલ મુનિ, યોગ દર્શનના કર્તા પંતજલિમુનિ, ન્યાયદર્શનના કરતા ગૌતમ મુનિ;વૈશેષિક દર્શનના કર્તા કણાદ મુનિ, મીમાંસા દર્શનના કર્તા જૈમિનિમુનિ અને વેદાંત દર્શનના કર્તા વ્યાસ-મુનિ એઓ પરમાર્થ વિચારમાં એક બીજાથી ઉંડા ઉતરી ઉતરીને પોતાના સ્વતંત્ર વિચારો જાહેર કરવામાં જરા પણ સંકોચાયા નહતા. તેમ પુર્વના પ્રતિષ્ઠિત મુનિએ જે સિધ્ધાંત રૂપે જણાવેલું હોય તેનાપર વિચાર કરતાં પોતાને કાંઇ ભુલ જણાઇ તો પુર્વના મુનિ તરફ પોતાને માનવૃતિ છતાં તેને ભુલરૂપે જાહેરકરી પોતે જે કાંઇ સિધ્ધાંત નક્કી કર્યો હોય તેને પ્રમાણસર જણાવવામાં કોઇ પાછા હઠયા નથી. બૌધ્ધ, જૈન, ચાર્વાક વગેરે પણ પોત પોતાના વિચારોને સિધ્ધાંતરૂપે જાહેર કરવામાં કંઇ સંકોચાયા નથિ. આજ કોણ પોતાના પ્રમાણે તથા યુક્તિઓના બળથી જાહેર મુકતા આપણે જોઇએ છીએ ? વહેવાર વિષયમાં પણ રાજ્ય નીતિ સામાન્ય નીતિ સાહિત્ય તથા કળા કૌશલ્યને લગતાં વિચારોમાં કોણ પોતાના મગજને રોકે છે ? જે કોઇ રોકતા કહેવાય છે તે પણ પુર્વના વિચારો ને તેજ રૂપમાં કેનુદારૂપમાં અથવા એક કરતા વધારે વિચારોની મેળસેળ કરી કંઇક જુદું પાડું કરી જાહેરમાં મુકવાનો યત્ન કરે છે. આંજતો અમારૂં જે કાંઇ હતું તે પણ ચાલ્યુ ગયું છે. ક્યાં છે આજે હસ્તિશાસ્ત્ર, અશ્વ શાસ્ત્ર, રત્નશાસ્ત્ર. નૌકાશાસ્ત્ર, યુધ્ધશાસ્ત્ર વગેરે. આ સઘળુ શું બતાવે છે ? એજ કે ઉચ્ચ જેવા વિચારોની પણ આપણા દેશમાંથી ગેરહાજરી લાંબો વખત થયાં ચાલતી આવી છે.

આવી રીતે આપણે અનંત વસ્તુઓ ગુમાવી છે, અનંત વિચારો ગુમાવ્યાં છે, શારિરિક તત્વ ખોયુ છે અને માનસિક તત્વ પણ ખોયું છે. તેઓનાં અભાવમાં ધન સંપતિનાં જાય તેમાં તો નવાઇજ શી ? શરીરથી મહેનત ન કરી શકે,મનથી વિચાર ન કરી શકે તે પોતાની મિલકતની જાળવણુ કેવી રીતે કરી શકે તથા નવી મિલકત મેળવી પણ ક્યાંથી શકે ? આમ આપણે બધું ખોયું છે. આપણે ખોરાક ખાઇએ છીએ, કપડાં પહેરીએ છીએ, હાલીએ ચાલીએ છીએ, મકાનોમાં રહીએ છીએ છતાં આપણું બધું ખોયું છે એમ કહયા વગર ચાલતુ નથી. કારણકે આપણા ખાવાપીવાના પદાર્થનો, હરવા ફરવાના પદાર્થોનો પહેરવાના પદાર્થોનો અને મકાનમાંની વસ્તુઓનો અને એવાં બીજાં પણ દરેક સાધનો માટે આપણે બીજા પરજ આધાર રાખી બેઠા છીએ. આપણે પોતે કંઇ પણ કરી શકતા નથી. વધારે તો શું ? પણ આપણા શરીરની જાળવણીનો આધાર પણ આપણે બીજા પરજ રાખીએ છીએ. અને જયારથી આપણે બીજા પરજ આધાર નું શરૂ કર્યું અને આત્મબળની અવગણના કરવા માંડી ત્યારથીજ આપણે પોતાનું સઘળુ ગુમાવવા માંડયું છે એમાં પણ કંઇ પણ ખોટું નથી.

અગાઉ કયાં હતાં તાવ ઉતરવાને એન્ટીપાયરીન અને તાવ અટકાવવાને કિવનાઇન ! છતાં પણ દેશી વનસ્પતિઓના કાઢા પીવાથી તાવની જડ કઢાડવામાં આવતી. આ નવા જમાનામાં તાવ ઉતારવો અને તાવ અટકાવવો એ શું સુચવે છે ? તાવને એવા નબળાં સાધનોથી ધક્કો મારવામાં આવે છે કે તુરત વેળા બહાર દેખાવ ન દેતાં શરીરમાં ને શરીરમાં સંતાઇ

રહેછે ! આપણે તે જાણીએ છીએ, દવા આપનાર પણ જાણે છે કે તાવ શરીરમાંથી ગયો નથી. તે અમુક વખતે પાછો પ્રકટ થવો જોઇએ જેથી તેને બહાર પ્રકટ થતો અટકાવવા તેની આડે ક્વિનાઇનની ચોકી મુકવામાં આવે છે. તાવની આવી ચિકિત્સા થાય છે એ સ્થાલીપુલાક ન્યાયથી એટલે ભાતની હાંડલીમાંથી ચોખાનો એક દાણો દબાવી જોતાં બધા ચોખા કાચા છે કે પાકી ગયા છે તેની પરીક્ષા કરવાની રીતને અનુસરીને માત્ર એકજ દાખલો લઇ હાલ ચાલતી વૈદક પદ્ધતિનું ભાન કરાવવામાં આવે છે. તેની સાથે જુઓ કે અગાઉ એ તાવની કેવી ચિકિત્સા થતી ? તેને એકદમ ધક્કો મારવામાં ન આવતો. લાંઘણ વગેરે કરાવીને તાવના મુળ રૂપ દોષને શરીરમાં છુટો કરવામાં આવતો પછી એ દોષને પકાવવામાં આવતો. પકાવવાનું કારણ એજ કે ખોરાકની ભેળસેળ ન હોવાથી આંતરડાં વગેરેમાં એ દોષ એકલો પડી જાય. પણ તે કાચો હોવાને લીધે પોતાની જગાને ચોંટી બેઠો હોય છે અને તેથી જો તેને પકાવ્યા વગરજ વખત વિરેચનના ધક્કાથી બહાર કાઢવાનો યત્ન કરવામાં આવે તો તેનો ઉપર ઉપરનો થોડો થોડો ભાગ છુટો પડી બહાર નિકળી જાય છે પણ બાકીનો ભાગ રહી જાય છે, જે ખોરાક લેવાતાં થોડા વખતમાં પાછો હોય તેવડો થઇ રહીને ફરીથી પોતાનું કાર્ય શરૂ કરે છે ઝેરી ઝાડની ડાળો આપણે ગમે તેટલી વખત કાપી નાખ્યે તો પણ જ્યાં સુધી તેનું ઠુંઠ કે મુળ કાયમ હોય ત્યાં સુધી તેના પર પાણી પડતાં તેમાંથી ફણગા ફુટ્યા વગર રહેતા નથી. તેમ રોગના મુળ રૂપ શરીરમાંના દોષોનો પણ થોડો ઘણો ભાગ રહી ગયો હોય ત્યાં સુધી તે રોગ શરીરમાંથી ખસતો નથી એટલે દોષને પકાવવો અર્થાત શરીરમાનાં તે તે ભાગમાં વળગી રહેલા દોષને તેના પર તેતે ઔષધની અસર પહોંચાડી તે તે ભાગથી તરત છુટા પડી શકે તેવી રીતે તેનાં મુળ ઢીલાં કરી નાખવાં. ફળ જેમ પાકીને મોટું થતું જાય છે તેમ ડીંટની સાથે વળગી રહેવાની તેની મુજબતી ઓછી થતી જાય છે અને જ્યારે તે બરાબર પાકી રહેછે ત્યારે તે ઝાડને જરા હલાવવાથી અથવા પોતાનીજ મેળે તે ખરીને નીચે પડી જાય છે. તેવીજ રીતે દોષપણ બરાબર પાકે છે ત્યારે સાધારણ વિરેચન જેવાથી પણ નિર્મુળ થઇ શરીરથી બહાર નિકળી જાય છે તો તેવી પદ્ધતિવાળા દેશી ઉપાયથી તાવ ફરીને કયાં આવવાનો હતો ! એ તાવ ગયો તે ગયોજ. એ પાછો આવવાનો નહિ તેથી પછી તેને અટકાવવાની વાતજ ન રહેતી. પણ પોતાના દેશનું જે કાંઇ હોય તે તરફની પ્રીતિ ગુમાવી પરદેશી વસ્તુઓના મોહમાં જેમ આપણે પોતાનું ભગજ ગુમાવ્યું છે, તેમ દરદોની સામે જરા પણ ટકી રહેવાનું શરીર બળ પણ આપણે ગુમાવી દીધું છે. તેથી હવે જરા તાવ આવ્યો કે તેની ક્રમસર ચિકિત્સા કરાવી તે નિર્મુળ થાય એમ ધારણા રહી શકતી નથી. તે વખતે તો શરીર જરા ગરમ દેખાયું કે ગભરાયજ જવાય છે અને તેથી અંદર ગમે તેમ થાય પણ બહાર શરીર ઠંડુ દેખાય ત્યારેજ ધારણા વળે છે. આવી સ્થિતિ થઇ છે. આમ જે કાંઇ પોતાનું હતુ તે સઘળું ચાલ્યુ જવાથીજ આપણા દેશની બહુ દયા ખાવા જોગ દશા થઇ ગણાઇ છે. જ્યારે એ બધું આપણે પાછુ મેળવીએ ત્યારેજ આપણા દેશની દશા સુધરી એમ કહી શકાય શું આ સઘળું આપણે એક સાથે મેળવી શકીશુ ? કદી નહિ. પર્વતની ટોચ પર કદી પણ એક કુદકે પહોચી શકાતું નથી. ધીરજ રાખી ક્રમે ક્રમે પગલાં ભરવામાં આવે તો વગર કંટાળે નિશ્ચય પુર્વક ત્યાં પહોંચી શકાય છે. લેવાની ઘણી વસ્તુઓ એક સાથે હાથમાં લઇ શકાતી નથી તેમ કરવા જતાં એક પણ વસ્તુ હાથમાં રેહતી નથી. અને તેથી જો એક એક વસ્તુ હાથમાં લઇ તેનો કબજો કરવામાં આવે તો બાકી વસ્તુ કબજામાં આવી જા

ય.છે. આપણે એક સામટી બાથ ન નાંખતા ગયેલી એક એક ચીજ મેળવવી એ વધારે યોગ્ય છે. હવે સવાલ એ આવીને ઉભો રહે છે કે આપણને પહેલી જરૂર શાની છે?

ઉપરનાં સવાલને જવાબ અમો ખરા નિશ્ચયથી એજ આપીએ છીએ પહેલી જરૂર શરીર સંપત્તિની છે એટલે શરીર સારૂ બળવાન કાંતિવાન અને લાંબો વખત ટકી રહે તેવું કરવાની જરૂર છે. સઘળી કમાણીઓ શરીરનેજ આધીન છે. આ સંસાર સમુદ્રમાંથી ધર્મ વગેરે રૂપ રત્નો મેળવવા માટે બીજાં સાધનો કરતાં પહેલી જરૂર શરીર રૂપ વહાણની છે. જો એ વહાણ છિદ્રવાળું હશે, પવનની સામે તેમજ મોજાની સાંમે પોતાનો બચાવ નહિ કરી શકે તેવું હશે તો રત્નોનો લાભ બાજુપર રહી જશે અને ડુબવાનો પ્રસંગજ આવી પહોંચશે માટે શરીરને મજબુત કરવુ એની પહેલી જરૂર છે.

શરીરને મજબુત કરવાના ઉપાયોમાં આહાર, નિદ્રા, અને બ્રહ્મચર્ય એ ત્રણ ઉપાયો મુખ્ય છે. જો તેઓની બરાબર યોગ્ય યોજના થઇ હોય તો શરીર જોઇએ તેવુ ટકી રહે છે અને બળવાન, કાંતિમાંન તથા કદાવર બને છે. વૈદકશાસ્ત્રમાં ચોખ્ખું કહ્યું છે કે ગુણદોષ જાણ્યા વગર કેવળ સ્વાદથી આહાર કરવામાં તણાવું નહિ. કારણ કે આહાર કરવો એ કંઇ થોડી અગત્યના ક્રિયા નથી. જીવવાનો મુખ્ય આધાર આહાર ઉપર છે. મનુષ્યનું આહાર તત્ત્વ તેની ઓલાદમાં પણ ઉતરે છે માટે પરીક્ષા કરીને જે આહાર હિતરૂપ હોય તેજ લેવો જોઇએ. ખાવું તે જીવવાને માટે છે પણ જીવવું તે ખાવા માટે નથી આ અગત્યનો સિધ્ધાંત આજ કાલ મુર્ખ લોકોએ બહુ ઉલટાવી દીધો છે ગુણદોષની પરિક્ષા કર્યા વગર પોતાના મનને ગમે તેવા સ્વાદ વાળી નવી નવી ચીજો પાછળ એટલુંતો મરી ફીટવામાં આવે છે કે પરિણામે શું દુઃખ ભોગવવું પડશે તેના વિચારને જાણી જોઇને પણ બાજુપર મુકવામાં આવે છે. પાછળથી થનાર હશે તે થશે પણ આવી સ્વાદિષ્ટ ચીજ મુકી દેવાય કે? આવું ભુત ભરાવાથી ઘણાઓ ઉઘાડી આંખે પણ ભીતમાં ભટકાય છે. ઘણાઓ ઇસ્પીટાલનાં બારણા ખુલ્લાં દેખે છે તેથી હિંમતમાં રહે છે. અને ઘણાઓ આંખ મીચીનેજ દોડયા જાય છે. કાંઇ દરદ થાય તો તે નથીઅને લીધેજ થયુ એમજ માની બેઠા છે. આપણે આહાર કરવામાં અનિયમિત પણું રાખીએ છીએ તેનું આ પરિણામ આવ્યુ. એમ માનવું તેઓને ગમતું નથી એવી વાત કોઇ કહેવા જાય તો તેઓ ભાવિપર મોહોટો આધાર રાખનારા બની તે વાતને ઉડાવી દેવામાં પોતાની મોહટાઇ સમજે છે. આહારની સાત્વિક પધ્ધતિ છોડી આજ કાલ કેવળ રાજસી અને તાપસી પધ્ધતિ પરજ વળગી રહેવાય છે. પામતા પહોંચતા લોકો રાજસી આહાર લેવાથી પાછા હટતા નથી અને ગરીબ લોકો તાપસી આહારમાં માથું મારી પડયા છે. સાત્વિક, રાજસી અને તાપસી આહારનાં લક્ષણો ગીતા શાસ્ત્રના અધ્યાયના ૮-૯-૧૦ એ ત્રણ શ્લોકોમાં બતાવ્યા છે તે દરેક માણુસે પોતાના અંતઃકરણમાં કોતરી રાખવા જોઇયે.

જેમ આહાર તેમ નિદ્રાના સંબંધમાં પણ આ જમાનામાં એવી બેદરકારી રાખવા લાગી છે કે તે પશુહનિ કરનાર નિવડી છે. માટે નિદ્રા લેવાનો પણ યોગય નિયમ જાળવવો જોઇયે. દિવસે જાગવું અને રાત્રે સુવું એ કાયદો કુદરતેજ બાંધેલો છે. શરીર અને મનની કલેશ વગર જે પ્રવૃત્તિ એ કાયદો જાળવવાથીજ થઇ શકે છે દિવસનાં સુવાથી મગજની થતી ખરાબ હાલત અને રાત્રેના જાગવાથી આવતા વિલક્ષણ વ્યાધિ રોગે, એ કાયદાની યોગ્યતા દેખાડવા માટે પુરતા છે. વ્યવહારમાં પ્રવર્ત્તાવવા માટે સુર્ય પોતાનો પ્રકાશ આપે છે અને વ્યવહારથી નિવૃત્ત થવા

આજ કાલની વિષયી પ્રજાને કરિ લાગવાથી ભાન ભુલાઇ જાય છે એ વાત તો છોડીદો પણ જરા પવનનો વિશેષ સપાટો લાગવાથી પણ શરદી લાગી જાય છે કે તાવ આવી જાયછે એ શું આપણે નથી જોતા ! આવી રીતની ઉતરતી સ્થિતિએ બ્રહ્મચર્યના ત્યાગનુંજ પરિણામ છે. બ્રહ્મચર્યના ત્યાગથી આવા પ્રકારનાં પરિણામને ભોગવનારૂં શરીર બિચારૂં કેવી રીતે ટકી શકે ! સખત ઉદ્યોગની સામે કે દરદના ઘસારાની સામે કેવી રીતે ટક્કર ઝીલી શકે ! ભીષ્મના શરીરમાં ચારે બાજુ લોઢાંનાં તીણાં ફળાંવાળાં બાણ એવી રીતે ખુંચી ગયાં કે તેનું શરીર શેળાઇના જેવું બની ગયું. ત્યાં સુધી તે લડયા હતા અને લડતાં લડતાંજ ઢાલ તરવાર લઇને રથમાંથી ઉતરવા જતા હતા ત્યાં હજારો લડવઈયાઓનો ધસારો થતાં છેવટ તેઓ પૃથ્વીપર પડી ગયા. પણ આશ્ચર્ય એ હતું કે તેઓ જેમ પડે તેમ તેમનાં શરીરમાં ખુંચેલાં બાણો આડે આવી જંચાથી તેમનું શરીર પૃથ્વીને અડે તેમ નહતું. ભીષ્મએ વસુ નામના દેવતાનો અવતાર હતો પણ બ્રહ્મચર્યને લીધે તેનો પ્રભાવ તો સઘળા દેવોથી પણ વધી ગયો હતો. બાર વર્ષનું બ્રહ્મચર્ય પાળે તે વસુ નામના દેવ જેવો બીજાઓની ઉપર પોતાનો પ્રભાવ નાખનાર થાય છે, ચોવીસ વર્ષનું બ્રહ્મચર્ય પાળે તે રૂદ્ર દેવની પેઠે જેની સામે કોઇ નજર પણ ન માંડી શકે એવા અતિશય પ્રભાવવાળો થાય છે અને છત્રીસ વર્ષનું બ્રહ્મચર્ય પાળે તે સુર્યના સરખો તેજસ્વી થાય છે. ત્યારે ભીષ્મે તો આખી જીંદગી લગી ખરૂં બ્રહ્મચર્ય પાળ્યું હતું તો પછી તેના પ્રભાવનું તો પુછવુંજ શું હોય! શરીરમાં એટલાં બાણો ખુંચ્યાં છતાં તેનું મરણ થયું નહિં. અરે! એતો ઠીક, પણ એ વખતે એમના માથામાં એક પણ બાણ ખુંચ્યું ન હતું તેથી તેમનું માથું અધર લટકવા લાગ્યું. તેથી તેમણે ઓશીસાની માગણી કરી. એમનો અભિપ્રાય નહિ સમજી શકેલા લોકો કપડાંનાં કોમળ ઓશીસાં લાવ્યા પણ તેવાં ઓશીસાંને કબુલ કરવાની તેણે ચોખ્ખી ના પાડી કે તુરતજ તેનો અભિપ્રાય જાણવા પામેલા અર્જુને તેના માથામાં ત્રણ બાણ ઘુસાડી દીધાં એટલે માથું ટટાર રહેતાં એ બુઢો રાજી થયો. હવે તમો વિશેષ શું જાણવા માગોછો ? અરે ! તે એવીજ રીતે છ માસ લગી જીવતો રહ્યો અને તે પણ બેભાન પણે નહિ પણ પુરતી નિવૃત્તિ પુરતી શાંતિ-વૃત્તિની પુરતી એકાગ્રતા ટકાવીને તેણે રાજધર્મ દાન ધર્મ, અને વેદાંત સરખાં ઝીણાં વિષય પણ મોહોટા મોહોટા મુનિઓની હાજરીમાં યુધિષ્ઠિરને દાખલા દલીલો સાથે સમજાવ્યા હતો. આ સઘળો પ્રભાવ બ્રહ્મચર્યનો હતો.

શરીર ટકાવી રાખવાનો સઘળો બોજો આહાર અને નિદ્રાની સહાયતા વગર પણ બ્રહ્મચર્ય એકલુંજ ઉપાડી લેવાને સમર્થ છે. આહાર અને નિંદ્રાની પરવા રાખ્યા વગરજ લક્ષ્મણે ચૌદ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી રામચંદ્રજીના મોહોટા મદદગાર થઈ પડયા હતા. અને રાવણનો પાટવી કુમાર મેઘનાદ જેણે સ્વર્ગ લોકના રાજા ઇંદ્રને પણ જીતી કેદ કર્યો હતો તેને લડાઇમાં હરાવી મારી મોહોટા ચમત્કારી નિવડયા હતાં. આ ઉપરથી નક્કી થાય છે કે શરીરને મજબુત કરવાના ઉપાયોમાં જો કે આહાર, નિદ્રા અને બ્રહ્મચર્ય એ ત્રણે ઉપાયો મુખ્ય છે. તો પણ તે ત્રણમાં બ્રહ્મચર્ય એજ સર્વોપરિ ઉપાય છે. માટે શરીર સારૂં, બળવાન, કાંતિવાન અને લાંબો વખત ટકી રહે તેવું કરવાને તેમજ તેથી આગળ વધી સંપૂર્ણ માનસિક શકિત મેળવીને તત્વ સાક્ષાત્કાર સુધી પણ પહોંચવાને આપણને બ્રહ્મચર્યનીજ પહેલી જરૂર છે; કે જે બ્રહ્મચર્યનું મુખ્ય લક્ષણ વીર્ય સંરક્ષણ છે એમ અગાઉ કહેવાઇ ગયું છે.

મરહુમ વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવંદજીનો આ વિષય આગળ ગુલશને ઇલમ માટે ખાસ લખાવેલો હતો. આ વિષય કેટલો મહત્વનો છે. તથા આપણે હાથે કરી આપણાં શરીરનો કેવો નાશ કર્યે છીએ તેનો અચ્છો ચિતાર અત્રે આપવામાં આવ્યો છે.

અધિપતિ.

સાચો પ્યાર.

લખનાર "ગામરેની ગોરી"

પ્રકરણ ૧ લું.

તે ઉમરાવ તેના દરમાનીના વિદાય થવા છતાં હજી પોતાના ન્યાય આસાન ઉપર ગુસ્સાથી જમાવેલા નયનો સાથ બેઠેલો હતો કે જ્યારે તેના ગુસ્સાના બાએસથી જાણે ડરતો હોય તેમ તેનો બેટો—તેનો ગાદી વારસ નમીરો દેખાવતી બીહબેલી અદાએ તથા બાજુમાં ખડો હતો.

"તેડ પેલા મુછ ચંડાળને" તેણે હવે તે ફેરી ખુરશીનાં પગથ્યાં ઉતરતા ગુસ્સાથી બરાડ મારી "અને આજથી આ પળથી હું તેના ફર માનને તેની ચાકરી ઉપરથી સદાનો બર તરફ કરૂં છું. સમજ્યો કે છોકરા?" અને હવે તે એક દિવાના હાથીની કિસમે તે ગભરૂ જવાન તરફ ધસ્યો.

"મગર પીદર" તેણે એમ છતાં શાંતિથી જવાબ કરતાં કહ્યું "એમાં તે ગુનાહનો કસુર શું? મેં તમોને કહ્યું તેમ જનાનાની ચાવી તેના હાથેથી જબરીથી ખુંચવી લેનાર તો હું છું કે હું પોતેજ છું તો મારી વોકની સજા નહિ. એક નીર્દોષ મરદન ઉપર સાતસામાં શો ફાયદો હાંસલ થનાર છે."

"તું—તું બેહયા બેરેહેમ" તેણે એ સાંભળતાં વેરનાં જતાં ઝનુનથી ચીસ પાડી "અને એ ઓમમજ તે તેને કેટલી વાર મારા જનાનામાં જવાની અને ગુજનાર જોડેની તારી એ પાપી મુલાકાતની મના ફરમાવી હતી."

એ સાંભળતાં તે જવાન ચેહરા ઉપર ગુસ્સાનો રતાસ ધાઇ આવ્યો. તેમ છતાં હજી એ તેને નાખતીથી નમી જતાંજ કહ્યું.

"પીદર બુઝર્ગવાર, એમાં પાપ જેવું છેજ શું? શું ગુજનાર મારી હમશીર નથી વળી તેની માદર ખુરશીદ મનેની માદરથી આછી ને હેતવંતી નથી કે તું એમ બે વિશ્વાસથી તારા પોતાનાજ ફરજંદ જોવાની સીતમ ગુજારી કરેછ" અને એ થ બોલતાં એક દુખનું ડચકુ તેના ગળામાં અટકતું જણાવ્યું.

"એટલે" તે બુઢ્ઢા ઉમરાવે હવે એ મામલો જોતાં કાંઇક નમી જઇને પુછ્યું.

"એટલે એજ પીદર કે એ વાહલીની જુદાઇ મારે મન એક ભારી જફાકારી, સીતમ ગુજારીથી કોઇ રીતે કમી નથી એ બેની વાર તેનો તમારો ઉંડો પ્યારજ તમોને મારા હેતનો કાંઇક ખ્યાલ આપવાને બસ થશે તમારી જીંદગીનું સુખ અને શાંતિ વાહલી ગુલ ઉપર કેટલે દરજ્જે આધાર રાખેછ તે ખ્યાલ કર બાપ, કે મારી તો જીંદગીનું ગોપા જીવનજ એ હેતવંતી હમશીરમાં સમાઇ ગએલાં છે. વળી આ પછી દિરાની બાનુઓને જનાને કબજ કરવાનો તમારો બેહુદો રીવાજ મી મને માફ કરજો, મગર કોઇ કિસમે તમારા જેવા ઉમરાવી નરને પેશ પડતો નથી, આપણા જેવી નીતિમાન પાક

ઓલાદ ઉપર આવો બેદાયદે અંકોશ તો ઓર બી તમે બુજર્ગવારની હસી કરાવેછે."

"એટલે" તેણે હવે એ સાંભળતાં એક શેરની અદાથી ઉછળતાં બરાડ મારી "તું શું મારી બુજર્ગીમાં મને દાનાઇ શીખવવા ની હીંમત કરી શકશે? ખબરદાર! ફરીથી મારાં કામની વચ્ચે માથું મારતાં અગર હું તને જોવશ તો યાદ રાખજે આય કમીના, કે તેજ પળે આ જોરાવર હથ્યાર તારાં પાપી બદનની આરપાર ચલાવવા હું જરાબી થોબશ કે આંચકી ખાવશ નહી. હું ફરીથી કહું છુ "હવાં તેણે બેવડાં ઝનુનથી વધાર્યું કે "આજ પછી ગુલ જોડે મળવાથી બલકે તેણી ઉપર એક નજર વડીક ઉંચકવાથી તારે એકદમ બાઝ આવવું." અને આ શબ્દો સમેત તે પાજી ઉમરાવ ત્યાંથી જતો રહયો.

એક પળ એ પછી તે જવાન માણસ ઉડાં દુખને ગુસ્સાની ભેગી લાગણી વચ્ચે ત્યાંજ ઉભો રહયો એ આગમજ એજ તોરની અનેક તકરારો અને ઓલાયાતી ને ઉમરાવ બાપ બેટા વચ્ચે થતી રહી હતી મગર આજ તો તેને લાગ્યું કે તેનો ધાતકી પીદર એક ઇનસાન્યતની બી હદ ઓળંગી ગયો હતો. તેણે તે સદાના નમાના ફરજંદને આજ કમીનો કહયો હતો કે જે શબ્દ એ આપદાં તેના હંમેશના શાંત જીગરમાં એક જબરો જવાલા જળાવી મેલ્યો હતો. તેણે ઘણું ખમ્યું હતું તે ગમે તેવો મગરૂર હીંમતવાન હતો છતાં આજ લગિ તેણે કદી તે ધાતકી વાલીદ સાંમે એક હુકારો કહયો નહી હતો મગર હવે જે ધાતકી જબાને તેને કમીનો પુકાર્યો હતો તે જાલીમ બાપની સાથે એકજ છાપરાં હેઠળ રહેવા સામે તેનું કયાની જીગર બંડ મચાવી રહ્યું હતું. તે તે બાપનો એક પુરોજ હતો.

તેથી તેઓ વચ્ચેનો આવો બીગાડ ખચીત ઘણોજ અચરતી ઉપજાવનારો હતો મગર કમનસીબે તે ખરૂં હતું અને તેથી આવા જુલમીટ ભર્યાં તણા જાણી વચ્ચે તેજ બાપ સાથ રહેવાને વસવા તેનું ધરાની જીગર તેની ગમે તેવી કોશીષ છતાંબી હવે એકમત થયું નહી. "હું ચાલી જઇશ કેથે જતો રહેવશ"

તે મોટી ના ઉમેદી અને દુખથી મન સાથે પટપટયો. કે જયારે ગુસ્સાનો રતાશ તેના સોહામના ચ્હેરા ઉપર હજીબી સાફ જણાતો હતો અને તે પછી તે ગયો.

પ્રકરણ ૨ જું.

ગુલનાર માઝનદરાનના બેજનની એક પુરી બેટી હતી. ઉમરાવ બેજન ગુલનારની માદર ખુરશીદને પરણ્યો તે આગમજ તે એક ગરીબ ભરવાડની અતિ ખુબસુરત બેટી માહ આફરીદને પરણયો હતો. મગર એ તેની કદખુદાઇ માટે તે વેલા માઝંદરાનમાં તો કોઇ બરોબર જાણતુંબી નહતું કેમ જે એવું કહેવામાં આવતું હતું કે માહ આફ્રીદ એક ગરીબ ભુરજીગરની બેટી હોવા છતાં ઝોબની તો શોખીન અને ભણેલી હતી તેપજ તેના બેજનનો તેના ઉપર એટલો તો ચાહ હતો કે તેણીના શોખને અનુસરીને શયાદી પછી લગભગ બધોજ વખત તે પોતાની મોહોરદાર સાથ દેશ પરદેશ મુસાફરીમાં કાઢતો. એ દરમ્યાન, તે કહેતો કે તેણીના શોખ રે અનુસરીને શયાદી પછી લગભગ બધોજ વખત તે પોતાની મોહરદા સાથ દેશ પરદેશ મુસાફરીમાં કાઢતો એ દરમ્યાન તે કહેતો કે જવાન ફરહાદ જનમ્યો હતો મગર કમનસીબે તે પછી થોડાં ૮ વખનમાં બીબી માહ આફ્રીદ મરણ પામી. અને ઉમરાવ બેજન તુરતજ દીલે પાછો માઝંદરાન ફર્યો. તે પછી થોડીક મુદત તે કાઇ ત્યાંનાજ ઉમરાવની બેટી જોડે ફરી પરણ્યો જેણે પોતાના અસીલ, ભલા ખાંવ-

સથી તે દુખી ભરથારનું દુખ ધણેક દરજ્જે ઓછું કર્યું એટલુંજ નહી પણ ફરીથી તેની જીંદગીને જાણે નવેસરથી રોશન કરવા એક બેની બક્ષીસ કરી. તે બેટી ગુલનાર હતી.

તેણીના અમીર બાપનો તેણી ઉપર અથંગ ચાહ હતો સબબ તે હમેશાં કહેતો કે તેણી દેખાવ અને ખસલતમાં મરનાર માહબાફરીદને અતી ઘણી મલતી આવતી હતી. અને ત્યારે પહેલી તરફ એક ખાવંદ તરીકે જો તે આવો વફાદાર અને બસોજ પુરવાર થયો હતો તો બીજા તરફ એક પીદર કે વાલી તરીકે જો તે એથી બી વધું કાંઇ પુરવાર થાય તો તેમાં કશી નવાઇ હતી નહી.

તે તેણીને હર કીસમના લાડ લડાવતો. તેણીની દરેક મરજી તેને મને એક હુકમ બરોબર હતી મગર અફ્સોસ માત્ર એજ હતો કે જ્યારેબી તેણી પોતાના રાક બીરાદર ફરહાદ માટે કશીબી કાળજી કે ચાહ દેખાડતી તો તેજ ઘડી તે ઉમરાવનો ગુસ્સો જતો રેહે તો બલી ગુલનાર અનેક તદબીરથી એ મામલો સુધારવાની તજવીજ કરતી મગર તે બધું ફોકટ જતુ. તે અમીર તે ભલા ફરજંદ તરફ કદીબી હેત-કે માનથી વર્તતો જણાયો નહી હતો તે ગુલનારને ચાહતો તો ફરહાદને ધીકકારતો ને તે બેટીનાં દરેક સુખનો ઉપર હેતથી અમલ કરતો તો તેટલાજ ધીકકારથી તે તે ભલા બેટાને ગેર ઇનશાફ કરવામાં જાણે મોજ માની લેતો. સારાંશ તેઓ બન્ને તેનાજ ફરઝંદ હોવા છતાં તે ઉંધી બુધીનો બાપ બન્નેને જુદીજ આંખે જોતો અને જુદીજ લાગણીઓ વચ્ચે તપાસતો રહયો હતો મગર ગુલનાર તેથી તમામ જુદીજ હતી. તેણીનો પ્યાર તે વાહલા બીરાદર ઉપર અજંબ જેવી હદે હતો. એટલુજ નહિ પણ ખુરશીદ ચેહેર વડીક તેના સાવકી માતા હોવા છતાં ફરહાદને પોતાના ખુદ ફરઝંદ તરીકે જોતી અને ગણુતી આવી હતી.

મગર ઉમરાવ બેજનને એ બન્ને માં બેટીને ફરહાદ તરફનો ચાહ જરા યઇને ગમતો ન હતો અને તે આપણુ શરૂઆતમાં તે બન્ને બાપ બેટા વચ્ચેની તકરાર દરમ્યાન જોઇ આવ્યા છીએ. તેને ફરહાદ અને ગુલનાર વચ્ચેની મીયા-કાતને હમેશને માટે બંધ પાડી હતી. અને તે એટલે સુધી કે છેવટે તો એજ સબબ સર તેને તે વહાલી દુખતર અને તેણીને લીધે તેણી તેવીજ અસીલ માદરને વડીક જણાવવાની જંજીરમાં અસીર કરી રાખવાની બી જુલમગારી કરી હતી. મગર તે કાયદાનો કેવી રીતે તેઓએ ભંગ કર્યો હતો તે પણ આપણુ આગલ જોઇ આવ્યા છીએ.

વખત રાતનો હતો. અને ખાણાથી ફારેગ થઇ ગુલરૂખ તુરતનીજ પોતાની આરામ ગાહમાં ગઇ હતી.

તે વરસ વિસેકની એક અતિ સુંદર નૌ જવાન નાજનીન હતી તેણીના કાલા ભમર જેવા બાલો હાલમા વારેવાર એકાદ કીસમે કમરથી નીચે લટકતા જણાતા હતા કે જ્યારે તેણીની સીંહા ગઝાલ જેવી આખોમાંથી મોતીસમ આંસુઓ કોઇ દેખાતાં દુખનાજ બાએસથી હાલમાં ખરી પડતાં દેખાતાં હતાં તે ખરેખર રડતી હતી. અને તેનો સબબ એજ હતો કે જીંદગીમાં આ જ પહેલીજ વાર તેણીના પીદરે તેણીની નાફર-માની માટે સખ્ત શબ્દોમાં હુકમ કહાડી બણી-બમાં તેના હુકમોને ફરમાનદાર થવાની ચેતવણી આપી હતી, જે ફરમાન અફસોસ કે તેણીને તેના હેતવંતા ફરહાદથી સદાનુ જુદું પાડનારું હતુ. તે હાલમાં અજાયબી અને દુખથી એજ વાતનો ઘોર કરતી એમ બેઠેલી હતી જેવામાં તેણીની નજદીકમાજ કોઇની સીપટીના ધીમા અવાજે તેણીને ચોંકાવી. તે કોણ હતું ! તે એક પણ ડરી બાઇ ગઇ. આવી મોડી રાતે અને એમ ઓચીંતુ તેણીની મીલાકાતની કોણ ચરક

શી કરતું હતું તે તેણી સમજી સકી નહિ પણ હીંમત પકડી તેણી બારી નજદીક ગઇ અને ધીમેથી તેનો રેશમી પદડો ખસાડયો. રાત ઝાંખી રોશનીવાલી અને શાંત હતી. ધિમે રહી તોપણુ ખીધેલી અદાએ તેણીએ આસપાસ જોયું મગર તાજુબ તેણી ત્યાં શું જોયું ? તે ઝાંખી રોશનીમાં, તે વીશાળ બાગનાં લીલા કયારા ઉપર બરોબર તેણીની બારીની હેઠાણમા તેણીનો ભાઇ ફરહાદ પોતે ઉભલો હતો. એક પળ, તેણીને શું કરવું તે સમજણ પડી નહિ. તે કદી બી એમ છુપો ને આવે કવખતે તેણીના મીલાકાત લેવા આવતો ન હતો બલકે તેમ કરવાની તેઓને જરૂરબી કર્યા હતી. તે એ ભાઇબ્હેન વચ્ચેના પવીત્ર પ્યારને દુન્યાની નજરથી દુર રાખવાને છુપાવવા જેવાં હીચકારા પણાની જરૂરત કયાં હતી. તે તો હંમેશા દેખઇતી હીમંતથીજ તે વાહલી હમશીરને મલતો ભેટતો રહયો હતો કે જ્યારે તાજુબ કે આજ તો તેથી કલટીજ રીતે એક હીચકારાની અદાથીજ એમ છુપા છુપ ને અચબુચ આની મોડી રાતે તેને શોધતો આવ્યો હતો.

તે બારીના ખખડાતથી તે જવાને હવે ઉંચે જોયું અને ઇશારતથી ગુલનારને નીચે આવવા જણાવ્યું. તો તેણી વીચાર કરતી એક પળ ત્યાંજ થોભી ગઇ પણ હીમત એકઠી કરી તેણી નીચે જવાને તઇયાર થઇ, તેણીનો પીદર તેણી ઉપર આટલો આંકોશ રાખતો છતાં રાત્રે જો તેણીની મરજીમાં આવે તો બાગમાં ફરવાની તેણીને છુટ હતી. સબબકે એ સખતાઇ તો તેને ફકત ફરહાદને ખાતરજ રાખવી પડતી હતી. અને તે જવાન તો દીવસ સાવા બીજે કોઇ બી વખતે તેણીને મલવાની તક લેતો જણાતો નહી હતો એટલે ખાના પછી બાગમાં ઉતરવાને માટે તે દરવાજો હંમેશાં ખાસ ખુલ્લો રાખવામાં આવતો. એ વીગેતી માહીતી તેણીને હતી, અને તેથીજ હવે મોટી ઉમીદ વચ્ચે તેણી તે તકનો લાભ લેવા તઇયાર થઇ ગઇ. એક નરમ ઝભો

તુરત વેળા તો તેણીએ પહેરી લીધો અને તે વેહવાર પડેલા શીહા બાલોને જેમ તેમ બાંધી લઇ તે હવે ઉતાવળે કદમે દાદર ઉપરથી ઉતરી ગઇ. મગર અફસોસ ત્યાં પુંગનાંજ તેણીએ શું જોયું તે દરવાજો કે જે હંમેશાં તેણી માટે ખુલ્લો રાખવામા આવતો હતો તે આજે અજબ જેવી રીતે બાહારથી બંધ કરી લીધો હતો. તે એક સખ્ત નાઉમેદી હતી. અને તેણીએ હવેજ જોયું કે તેણું ધાનકી પીદરે આવી કોઇ છુંપાછુપ મીલાકાનની ધારતીથીજ એમ તેણે તેણીની બેખબરીને વગર જાણે સરબસર એક કેદીજ બનાવી દીધી હતી તે ના ઉમેદીમાં હવે પાછી ફરી મગર હવે તે આ હાલતમાં કરી બી શું શકે. બલકે એ મામલો તે નીચે ઉભેલા જવાનને જણાવી બી કેમ શકે ? પણ એવામાં વળી તેણીને એક એક વીચાર આવ્યો અને ઝડપમા એક કાગળના ટુકડા ઉપર તેણીએ તે સઘળો મામલો—પોતાની કમનશીબ કેદી હાલત તેમજ તેઓનો પીદરની ખફગીનો બીગનવાર ખુલાસો લખી કહાડયો. જે પછી નજદીકમાંનીજ એક કલમદાનમાંથી એક ગુલાબનો તુરો લઇ તેણીએ ઘણીજ આસાનીથી તે કાગલના ટુકડાને તે તે ગુલાબો વચ્ચે છુંપાવી દીધો. એ પછી એક નાની કાપલી ઉપર થોડાક શબ્દો લખી તેણીએ દેખઇતી તે તુરા ઉપર બાંધી અને બીજી પલે તેજ બારીમાંથી તેણીએ તે તુરો નીચે ફેંકયો. તે ઉભેલાં જવાને મોટી ઉમેદીમાં તે તુરો ઉંચકી લીધો કે જે ઉપર લગાડેલી કાગલની કાપલી નીચલા શબ્દો લખેલા હતા.

"આય ગુલતારી ગુલરૂખની કાહાણી કહેશે."

પહેલાં તો તેણે તે કાપલી અને ફુલોને હેતની હજારો ચુમી કરી અને પછી અંદર સમાયલા ભેદને શોધી કહાડવા તે તુરત તે ફુલોને અલગ કર્યા અને તે સફાઇથી ઘડી વળેલો રૂકો તેણે બહાર કાદયો તે વાંચતાં જે દુખ તેના દરદમંદ દીલને થયું તે કહેવું બેજા છે. તેને પોતાને માટે તો કશીજ પરવા હતી નહી. પણ અગર તેને

પીદર તેની તકસીરનો ગેરઇનસાફ તે હેતન તી નાર ઉપર લાવવાને ન ગાગ ચાહતો હતો તો હવે તેને લાગ્યુ કે તે પછથી તે હવે તેને ખરા દીલથી ધીકારતો થયો હતો અને લારે હવે તો એ અકમર જાનેમાન સામે ફાકબી પગનાં લેવાનો વખત નજીજ ન રદીક આવ્યો હતો તેને એ ઉપરથી બે પગ વીચાર કરયો અને પછી ગુનને ત્યાજ ચોગવાની ઘરા રત કરી તે તુરત ત્યાથી ચાની ગયો

તે નાજનીન હવે વીચારમા પડી એનો બાએશ શુ હતો ? તણીના આવી હાનન જાણુ વા પછી તે હવે આગળ શુ કરવા ધારતો હતો ? એ વમાઅનમા તાજ્જુબ કરતી તે ત્યાજ ઉભી હતી. જેવામા થાડા વાર ફરહાદને તેણીએ ફરીથી આવતો જોયો મગર તાજ્જુબ આ વખ ત તેના હાથમા દોરડાનુ એક જાડુ ગુછનુ હતુ

તેણી તુરત સમજી ગઇ તે દોરડાની મદદ વડે તે પાન ત્યા આવવા ચાહતો હતા અને તે ખ્યાનથી તે ખરેખર હવે ધ્રુજી ગઇ ત ઘણી હીમતવાન હતી મગર આવા સજોગોમા તણીના રફીક તેણીને ખાનર આટલી ધાસ્તી ખેડતો હતો તે જોઇ તે ગભરાયા વીના રહી શકી નહી તેણીએ તેથી આવુ જોખમ ભર્યુ પગલુ ભર વા તેને ઇશારતથી ઘણીએ ના કહી મગર તેણે માન્યુ નહી તે તો હવે કોઇથી રીફ્તે દોરડાના એક છેડાને ગુનરૂખવાળી બારી ઉપર ફેકવાની કોશીશ કરવા લગ્યો અલબત પહેલા નેમમા તો તે જરાએ ફાવ્યો નહી મગર થોડેક પળની સખત મેહેનત પછી તેની ફતેહ થઇ અને તે દોરડાના છેડો હવે બરોબર તેની ધારેની જગ્ગે જઇને પડયો ધ્રુજતી ગુનનારે હવે હિમત એકઠી કરી તે લીધો અને તે બારીના એકાદ લોખડી કડા સાથ બાધી તે બાહદુર જવાનને ઉપર આવવા માટે એક મજબુત દદર બનાવી દીધો કે જે પછી તે વાહાલાની સલામતી માટે દુવા બબડતી ઉભી રહી બીજી બે પળ પછી તો જવાન ફર હાદ ફરહદને ઉમેદમા હસતો એક ફુદકા સમેત તે ઓરડામા દાખલ થયો અને તે બન્ને હવે હેતથી ઉછળતા જીગરે એકમેકની ગોદમા દબાયા,

"વાહલી ગુલ મારે હવે એકથી પળ ખોવી જોઇતી નથી ' તેવે તે પછી તુરતજ ખુનાશા ઉપર આવી જતા કહયુ ' એક લબાણુ ફેરી વતથી મારે તુને વાકેફ કરવી છે જેને માટે આપણુને અનેવી ફેથે દુર જવું પડશે

' મગર ગીરાદર તે તુ મને અવેજ કાઇ નહિ કહે " તેણીએ મોગી ઇતેજારીમા પુછયુ નહિ ગુનરૂખ તે ફેરીસત એટવી તો લબાણુ છે કે અગનો લામો વખત હુ અત્રે થોમી તુ વાહાનીને જોખમમા નાખવાનુ દરૂસ્ત ધારતો નથી ' તેણે કહ્યુ ' વળી તારી સલામ તી ખાતર તુ વાહલીને કશુજ કરવાનુ નથી સમજકે હુ ઘણુજ આસાનીથી આ દોરડાની મદદ વડે તુને નીચે ઉતારી શકીશ અને બા મદદ થતા આગમજ તો ઘણી સેહેલાઇથી તુ' અતરે પાછીમી ફરી શકશે "

તેણીએ એક પળ ફકરમદ ફ્રીસમે તે જવાન તરફ જોયુ " મારી સલામતી ખાનર હુ ડરતી નથી રફીક "તે બોલી "મગર ફકર મને તુ વહલાને વાસ્તે થાય છે પીદર ગુજે'ગવારની તારા તરફની આટલી ખફગી પછી તુને વળીએ નવો જોખમમા નખવા મારૂ દીલ ચાનતુ નથી "

" મગર મને હવે તેની પરવાહજ કયા છે ? "

તેને હવે એકાએક મોગા તુછકારથી કહયુ " ઓવા એક બેદીન બાપ વાસતે મને હવે માન કે—' મગર તેણીએ હવે તેને આગળ બોલતા અટકાવવા પોતાનો એક સફેદ હાથ તેના જોરાવ ર હોઠો ઉપર દાબ્યો

" ખામોશ બીરાદર " તેણીએ એમ કરતાં ઘણી નરમાસથી કહયું "ખુદા ખાતર ધીરો થા. શાંત થા. તારી લાગણી હું બરાબર સમજી શકું છુ. મગર યાદ કર ભાઇ કે ગમે તે પણ તે આપણો પીદર છે."

" અને એ ફરજદારીને ખાતરજ મેં આજ સુધી બધું વેઠયું ને સાંખ્યું છે " તેણે લગાર તીખાસથી કહયું " મગર ગુલરૂખ અગર એજ ગુલામગીરીની જંજીરમાં હજીબી તું મને અસીર કરી રાખવા ચાહતી હોય તો હવે તે જીનહાર થનાર નથી. મારા વીચારો સાથ અગર તું એક થઇ શકતી ન હોય તો ફીકર નહી. હું તને કશી બી જબરદસ્તી કરવા ચાહતો નથી. હું ચાલી અત્રેથી જતો રહીશ. આપણે સદા સુધીના છુટા પડશું અને " એમ કહેતા સમેત તે હવે ઉતાવળે બારી તરફ ધસ્યો.

તેણીએ ઝડપથી ઉભી થતાં તેને અટકાવ્યો " ઓ નહી નહી બીરાદર " તેણીએ પોતાના બન્ને હાથો તેની ગરદન આસપાસ નાખતાં હેતથી કહયું " હું એમ કહેવા માંગતીજ નથી મારા પ્યારમાં તું નાહક બે વિશ્વાસ લાવે છે. મગર આજ રાતના ખુદા જાણે કે શા સબબથી પણ મને કાંઇ ખરાબીનીજ આગાહી થયા કરે છે. તે ઉપરાંત વળી કંઇ પીદરના બોકથી હું એટલી તો બેજાર થઇ ગઇ છું કે આજ રાતરે તારા જોડે બાગમાં ઉતરવાની મારી હીમત નથી. મગર કાલે એજ મુજબ તને મળવા અને બાગમાં આવવાનું ખુશી સાથ. બંધાકછું-બોલ એ તને મંજુર છે."

તે એક પળ વીચાર કરવા થોભ્યો અને પછી કહ્યું " અગર એજ તારી ઇચ્છા છે તો હું તેને તાબે થાઉં છું ગુલ. જોકે એક આખો રોજ અને રાત ફરી આ નેકદેસ્ત મુકામ ઉપર રહેતાં મને પણું દુખ થશે તો પણ તું વાહલી ને ખાતર હું કાંઇબી કરવા નારાજ નથી "

" દેશાન મારા પ્યારા રફીક તારું મેદું નહેરા " અને એમ બોલી તેણી ફરી તે વાહલા બીરાદરને બગલગીર થઇ. તે પછી વળતી રાતે મળવાના અરસપરસ વચન પછી તુરતજ તેઓ છુટાં પડયાં અને જેવી કુનેહથી તે જવાન આવ્યો હતો તેવીજ સફાઇ અને કુનેહથી તે પેલાં મજબુત દોરડાની મદદ વડે ત્યાંથી ઉતરી ગયો.

પ્રકરણ ૩ જું

તે રાત તુફાની અને અંધારી હતી. ઘેરાયલાં વાદળાંઓ કુદરતમાં શીહા કાલાશ પાથરી હીરાઝ નદીના ઊંડાં પાણી ઉપર અજબ અંધકાર ફેલાવતાં હતાં આવી ભયંકર રાતે ગુલનાર અને ફરહાદ અરસપરસની ગોઠવણ મુજબ તે કાળી નદીને કીનારે એકઠાં મળ્યાં હતાં.

" બીરાદર આજની રાત ખરેખર એવી તો તુફાની છે કે જાણે ખુદ ખુદા નદીક આપણા આ પાક પયારની સામે થતો લાગેછ " તે બાનુ તે દેખાવ જોતાં ડરથી તે જવાનની ગોદમાં દબાતાં બોલી.

" હીમત રાખ ગુલીસ્તાન " તેને તેણીની લગોલગ જતાં હીમત આપતાં કહ્યું " કુદરત ભલેને એથીગી વધુ તુફાની બને, મગર " અને હયાં તેણે પોતાના જોરાવર જીગર ઉપર હાથ મુકતાં કહયું " જયાં સુધી આ વફાદાર જીગર ધડકતું રહેશે ત્યાં તક આ મજબુત હાથ સદા તારી પાસબાનીમાં લંબાયલો માનજે"
તેણીએ હેતથી તે હાથને ચુંબન કર્યું "બીરાદાર તારી કાહાણી હવે મને કહે" તેણીએ હવે મોટી આતુરતામાં કહયું.

"મગર પહેલાં મને તારે મોઢેથી જણાવ ગુલરૂખ કે તું મને ખરે ખરેજ ચાહે છે!"

તેણીએ એ સાંભળતાં મોટી અજાયબીમાં પોતાની શીહા આંખો તેના ભણી ઉંચકી "એહ

હે રશીક એમ પુછવાનો કાંઇ સબબ" તેણીએ ભારે અજાયબીથી પુછયું "તું શું મારી લાગણીથી અંજાણ્યુ છે તે ; ઉપરાંત તું શું મારો પોતાનો બીરાદર નથી."

"અને અગર તું જેમ માનેછ એ જાણેછ તેમ હું તારો બીરાદાર નહીજ હોતું તો"? તેણે કહયું

"એટલે" તેણીએ હવે હદ વનાની અજાયબીમા પુકાર્યુ "એમ બનેજ કેમ ? શું હું મારા પીદર બેજનનો બેટા અને મરહુમ માહ આફરી દનું ફરજંદ નથી" ?

"નહી" તેને હવે મકમપણે જવાબ કર્યો "સાંભળ ગુલરૂખ" અને હવે તેણે તેણીને તે કીનારા નજદીકના એક મોટા પથ્થર ઉપર બેસાડી "એજ મારે લગતો ભરમ છે અને એ ભરમનેજ લગતી કાહાણી કહેવા હું તને લાં સુધી ચાલી ચલાવીને લાવ્યો છું."

"અને અગર તું મારો ભાઇ નથી તો ત્યારે તું પોતે કોણ છે ફરીદ" તેણીએ હવે અત્યંત અજાયબીમાં ફીકરમંદ કીસમે પુછયું.

"તેજ તો હું તને કહેવા માગુંછ" તે બોલ્યો "ગુલનાર સાંભળ હું તું જેમ ધારેછ તેમ તારો ભાઇ નથી પણ તારા કમનશીબ કાકા અરજાસ્પનો નબીરો, માજનદરાનના ઉમરાવપદનો એકલો વારેસ ફરહાદ છું.

"મગર મારા કાકા અરજાસ્પ તો લડાઇમાં કતલ થઇ બે વારસ મરણ પામ્યા હતાની"? તેણીએ હવે વધતીને વધતી અચરતીમાં પુછયું.

"એ વાત તમામ ગલત હતી ગુલ" તે મોટી દીલગીરીથી બોલ્યો. "સાંભળ મારા પીદર તારા પીદરના વડા ભાઇ થતા હતા અને તેથી માજનદરાનના અમીરી ખેતાબ અને માલ મીલકતના તેઓજ ખરા અને હકદાર વારસ તો હતા મગર તે તારા પીદરથી દેખી શકાયુ નહી અદેખાઇના અંગારમાં જળતાં તેણે એ હક કોઇબી સુરતે પચાવી પાડી મારા ગરીબ બાપને ખુવાર કરવાનો કસદ કર્યો. કે જેમાં સેતાને તેને મદદ આપી અને તે ફાવ્યો.

મને માફ કરજે ગુલ મગર એ એક અકસર સેતાનવત ભર્યું જ કેમ હતું કે જે ખુદ ખુદાવીક કદી માફ નહી કરી શકે. હવે એતેફાકએ બન્ને બાહઓનુ સાથેજ જંગમાં જવું થયું અને તે તકનો લાભ લઇ દગલબાજ બેજને મારા ગરીબ કમનશીબ બાપને કતલ કરાવ્યો. એ વખતે મારા પીદરે કરેલી સ્યાદીની વાતથી દરેક જણા બે ખબર હતા- સબબ મારી માદર એક ગરીબની બેટી હતી અને તેથી એ કહબુડાઇની વાત મારા પીદરે તુરત વેળા તો છુપીજ રાખી હતી.

બેશક તેમનો ઇરાદો એ હકદાર લગનને કોઇ સારી તકે જાહેરાત આપવાનો હતો મગર અફસોસ કે દગાબોર બેજનના ફરેબે તે સુખની ઉમેદોને સદાનિજ ઉંધી વાળી એ પાક સ્યાદીની સાબેતીઓ મારી ભલી-માદરે પોતા પાસ જાલવીને રાખી હતી કે જે આજેબી મારા પાસ મોજુદ છે. મગર અફસોસ ! ! તે હવે તેણીના ફરજંદના હક વાસનેની દાવાદારીમાં કદીબી કામ આવવાના નથી" હયાં તે એક પળ થોભી ગયો. કે જે પછી વધતી ઉશ્કેરણીમાં તેણે આગળ ચલાવ્યું.

"મારા પીદરના મરણની વાત જયારે મારી ગરીબ માદરની જાણમાં આવી ત્યારે તેણીએ હદ વનાનો કલ્પાટ કરયો. મગર હું બી પુકારના હું સુકરાના કરૂછું કે તેણીના ખાવંદનો ખુની તેનો પોતાનોજ બીરાદર હતો એમ તે કદીબી જાણવા પામીજ નહી. અને તેથી એ આફતને ખોદાનાજ બોજ તરીકે માની તે અસીલ મારી માદર આવા જબરદસ્ત દુખના ફટકા છતાંબી એક ફરજંદના બોજા સમેત પોતાની કમબખ્ત મરજતને તાબે થવા તૈયાર થઇ ગઇ. પોતાના કે પોતાના ફરજંદના હક

વાસ્તે લડવા જેટલી જર કે જોરની તેણીમાં હીમ્મત હતી નહી. એટલે શાંતી ને સબુરીમાંજ તેણીએ દુખની સામે ટક્કર ઝીલવા અને પોતાની બાહદુર બાજુના બળે પોતાનુ અને મારૂં ગુજરાન કરવાનો તે દલેર બાનુએ કસદ વટીક કરયો. મગર તેટલા અરસામાં તો અમીર બેજન પોતેજ, ત્યાંજ આવી લાગ્યો તે હીચકારાને મારી હૈયાતીની વાત કાંને જતાંજ રખેને હું કોઇ કીસમે તેની ગણત્રીઓ ઊંધી વાળું તેના ડરથી મારી હૈયાતીની એક છેલ્લી ને આખરની નડતલને દુર કરવા તે દગાબાજ ત્યાં આવી લાગ્યો અને પોતાની પાપી સીફત અને કળાથી મારો હવાલો મારી માદર કનેથી લઇ લેવાની માગણી કરી અલબત તે માદરે તેમ કરવા સાફ નાજ પાડી અને ત્યારે તે ઠગારાએ હજારો ઉલથાપથી તેણીના આવી નાચારીના ખ્યાલથી ગરીબાઇના સંકટોથી ડરાવી દબાવી તેણીને કહયું કે હું એક ઉમરાવનું ફરજંદ હતું અને તેથી તેણીની આવી નાદાનયતને લીધે મારા સઘળા સ્વાર્થો ડુબી જતા હતા એટલે બીચારીએ આયંદા મારા લાભોને ખાતર અને કોઇબી સુરતે મારૂ સુખ સાધવાના નેકને પાક હેતુથીજ એ જુલમગાર જુદાઇ ખમવાને એક મત થઇ. તેણે અલબત એ પછી તેણીને પઇસે ટકે મદદ કરવાની માંગણી કરી મગર તે તે ભલી મરહુમે મંજુર કર્યું નહી. "મારાં ફરજંદનો હક તો" તેણીએ કહયુ કે "તેના વાલીદોની મુરબ્બીગીરી ઉપર હરેક રીતે પહોંચતો હતો મગર તે ઉમરાવી વાસ્તેની તેણીની પોતાની દાવાદારી તો તેણીએ જણાવ્યું કે તે એક એક હકદર ઓરત હોવા છતાં તે વાહલા ખાવંદના મરણે સદાની તોડી નાંખી હતી." એ પછી લોહીનાંજ આંસુથી રડતાં તે નેક માત્રીતરે મારી સલામતી માટેની હઝારો કાકલુદી અને મીનત ગુજારી વચ્ચે મને તે દયાહીનને સપુરદ કીધો. તે વખતે મારી ઉમર ફકત ચાર વરસની હતી, મગર હું તાજુબ કરૂંછ કે મારો કબજો લેવા છતાં મારા જાનને તેણે કશીજ ઇજા કરી નહિ. કદાચ એક પીદરના જાનની બરબાદી પછી તેના નવારસ ફરજંદના ખુનમા હાથ બોળવા તેના ઘાતકી દીલે મંજુર કરયું નહીબી હોય. ગમે તેમ હોય મગર તે પછી તેણે મને પોતાના છાંયડાં તળે લઇ ખુદ પોતાના ફરજંદ તરીકે જાહેર કરી કેવી હાલત અને કેવે મરતબે કેવા ઘાતકી ગેરઇન્સાફ અને હીનરપતી વચ્ચે ઉછારીને રાખ્યો તે સર્વે તું દીલરૂબાને રોશન છે. વળી એ પછી મારી માદરબી જલદીજ ગુજર પામી. અને જાણે એટલો સીતમ કમી હોય તેમ તેણીની હૈયાતી દરમ્યાન તે પછી તારા પીદરે મને કદીબી તેણીની સાથ મળવા દીધોજ નહી

હમારી જુદાઇ પછી થોડે વખતે કહેછે જે તેણીએ ઘણીજ કાકલુદીથી ફકત એકજવાર મારી મુલાકાત આજુ કરી મગર તે એ સંગદીલ મરદે બાહાલ રાખી નહીં અને જવાબમાં જણાવ્યું કે તેણી એક હલકા કુલની હોવાથી હમારા વચ્ચેનો એમ કોઇબી જાતનો સબંધ મારા હકમાં ઘણોજ નુકશાન કરનારો હતો અને ત્યારે એ બી બધુ બેહતરીજ વાસ્તે થતું હતું એમ માનીને તેને તાબે થઇ. મગર એ સીતમગારીનો બોજો તે હવે જાજેવાર ઉઠાવી શકી નહી. એક વાહલા ખાવંદના અચાનક મોહોતની આફત પછી પોતાના એકના એક ફરજંદની આવી જફાકાર જુદાઇમાં તે પછી તેણી જુરપંજર જળી ને આયંદા રીબી રીબીનેજ રીહાઇ પામી."

હયાં ગુલનારે જોયું કે તે હંમેશના જોરાવર મરદની આંખોમાં હવે આસું હતાં અને તેની છાતી ડચકાંઓથી ગુંગલાંતી હતી.

"તે વાતને આજે બાવીસ વરસ થયાંછ ગુલ" તેણે દુખથી પાછું જારી કરતાં કહ્યું કે જે વખ્ત હું કમનસીબે આવાં આંધળા અંજાણ પણામાંજ પુરાં કર્યાં છે અને હું

બી હું એ વાતથી તો તમામ બેખબરને બીન વાકેફજ રહેતે મગર તારા પીદરને એ કામમાં મદદ આપનાર જે તેના વિશ્વાસુ માણસો હતાં તેમનો એક ચાપંદા ભલોજ પુરવાર થયોછ. અને મારી તરફનો તારા પીદરની આવી ગેરવર્તણુંક નહીજ સહન થવાથી આંપંદા તેણે મને એ બધી બીનાથી આગાહ કર્યો છે. જો કે તે હાલમાં અતરે નથી સબબકે તારા પીદરને એવોજ કાંઇ ખબર થવાથી આપણી બીજી જાગીરો ઉપર તેને રવાના કરી દીધો છે મગર ત્યાં જવા આગમચ તેણે એ માટેની સઘલી બીનાથી વાકેફ કરી તેને લગતી દરેક સાબીતીઓ વકીક મને સપુરદ કરી છે અને તે જાણ્યા પછીની દરેક પળ તું સત માનજે ગુલનાર કે મે તે મરહૂમ વાલીદોની માહાનમ પૈથીમાંજ પસાર કરી છે. એવી એકબી રાત મરી ગઇ ન હશે કે જ્યારે ખાબમાં મે તે હેતવંતાં માદર પીદરને તેમને થયલાં દગા ફરેબો માટે ગમ કરતાં અને પોતાને થયલાં ગેરઇનસાફ માટે વેર લેવાની તલબગારી કરતાં જોયાં ન હોય અને ત્યારે બીદાર થતાં હું અનેકવાર તેમ કરવાને મજબુતીથી ઠરાવ કરતો તે દગાબાજને ઉઘાડો પાડી તેના પાપોને જાહેરાત આપવા તેને જગમાં રૂસવા કરવા બલકે જાવેદાની નામોશીમાં તેને ગરક કરવા હું હરેકવાર લલચાતો ઇચ્છતો અગર હું ચાહતે તો તને તેના ઉમરાવ પદથી સદાનો દુર અક્ષમ કરી શકતે, તેની જીંદગીને હમેશની નામોશીને શરમીંદગીમાં સદાની બરબાદ કરી શકતે બલકે ઇનસાફની ચુગાલમાં સોંપી તેની સરજતને એક કંગાળ કેદીની સાંકળમાં સદાની અસીર કરી દેતે મગર નહી તેમ મેં કશુંજ કીધું નહી સબબ, ગુલનાર, સબબ કે તારો તે પીદર હતો. હયાં તે એક પળ લાગણીથી ગુગળાતા, થોભી ગયો, કે જ્યારે ગુલનાર તો અચરતીને દુખની મારી જાણે બેહોશજ થઇ ગઇ હતી.

"બોલ ગુલરૂખ હવે" તેણે થોભી પાછું કહ્યું "બોલ કે હવે મારી આ હકીકત જાણ્યા પછી અને હું તારો પોતાનો બીરાદર નથી એમ જાણ્યા પછી હજી બી તુ મને ચાહી શકશે? ખુદાને ખાતર મને જણાવ કે તારી મારે માટેની લાગણી આ મામલાથી કોઇ રીતે કમી તો થઇ નથીને? "અને હયાં તે અરજ કરતો તેની આગળ ગુંઠણીયે પડયો. તેણી હવેજ જાણે ખાબમાથી હોય તેમ બીદાર થઇ. અને તે જવાનનો જોરવાર હાથ લઇ તેને હેતથી ઉઠાડયો.

"ઉઠ મારા ભલા ફરહાદ" તેણીએ તેમ કરતાં ખરી લાગણીથી કહ્યુ "અને તારે જગે એક ખતાવાર બાપની, જાગીરની માફીમાં મનેજ તારા પગ પાસ પડવા દે" અને તે કહેવા પ્રમાણે તેણી કરવા જતી હતી મગર તે જવાને તેણીને અટકાવી

"સબર ગુલરૂખ" તેં હેતથી કહ્યું "તારા સાચા પ્યારની સાબીતીજ તારા ખુદ મુખથી સાંભળવાનું મને એવી માફી કરતાં લાખવાર વધારે પ્યારૂ લાગશે વાસતે બોલ કે એક ભાઇ તરીકે જે તારો પાક પ્યાર મને તેં સપુરદ કરયો હતો તે હવે તેજ માણસને એક ખાવંદ તરીકે કબુલ રાખવા તું તૈયાર છે કે નહી?" અને તે જવાબ સાંભળવાની આતુર ઉમેદમાં તેણે તેણીનો સોહામણો ચહેરો ઉંચો કર્યો.

"લખવાર, હજારવાર ફરહાદ" તેણીએ ખરા દીલથી જવાબ કરયો "તારા દુખની કહાણીએ મારાં દીલને એવુ તો જળાવીને ખાખ બનાવી મેલ્યુછ તેમજ મારા ગુનેહગાર પીદર વાસનેની તારી ઉમરાવ લાગણી એ બી મારા જીગર ઉપર એવી તો આબાદ અસર કરી છે કે અગર જેમ હું તને ચાહું છું તેમ ચાહતી નહી બી હતે તો એક બીગાના તરીકે બી જો તું આજ મારા સનમુખ આવ્યો

હવે તોબી સત માનજે ફરહાદ કે હું આ તારી લાગણી બા ખુશી અને હજારો હેશાન સહીત મન્જુર રાખને."

તેણે ખુશાલીની એક ચીસ સમેત તે નાજનીનના સુંદર હાથોને કોઇ હજારોં ચુમીઓથી ભરી નાંખ્યા.

"તેં આજે મને એક ખુદાઇ સુખની બક્ષીશ કરી છે ગુલ." તે બોલ્યો "અને વરસોની મારી હાડમારી અને રંજનો બદલો તારા આ સુખનોએ સીરફ એક પળવારજ ગોયા તમામે તમામ વાળી દીધો છે."

"મગર હવે એ મામલાને સુધારવા ત્યારે આપણને શું કરવું જોઇએ ફરીદ" તેણીએ હવે મોટી ફીકરથી સવાલ કર્યો.

"તે બધો ઠરાવ થઇ ચુક્યોછ. અને તે ઉપર તું વહલીની મંજુરયાત મેલવવાનીજ હવે ફકત બોટી છે" તેણે કહયું.

"હું તે બા ખુશીથી આપશ" તે બોલી.

"ત્યારે સાંભળ ગુલ, કે આ સંજોગોમાં આપણે માટે ફકત રસ્તો બાકી છ અને તે મા જહરાન છોડી હંમેશને માટે કોયે ચાલી જવાનો છે."

તેણીએ એ સાંભળતાં મોટી ફીકરમાં પોતાની કાળી ચશમો તે જવાન ભણી ઉંચકી.

"શું એ સીવા બીજો ઉપાયજ બાકી નથી."

તેણીએ મોટી આતુરતામાં સવાલ કર્યો. "ઓ કહે ફરહાદ કે મારું બાપીકું વતન, ઘરબાર અને મારી ભલી માદરને સદાની તછ જવ સીવા શું કોઇ હીકમત કોઇ તદબીર તારા પાસ બાકી નથીજ."

"નહી ગુલ નથીજ" તેને મક્કમપણે જવાબ કર્યો, "તુંજ ખ્યાલ કરકે અગર એ બાના આપણે તારા પીદરને જાહેરબી કરીયે તો તે કદીબી આપણી હ્ય દીને માટે પોતાની બાહાલી આપવા નો છે? વળી તે તેમ કરીજ કેમ શકે? આપણ બન્ને ભાઇ બેહન નથી એમ તે પોતાના પાપો ખુલ્લા કર્યા વીના જગતને જણાવીજ કેમ શકે! અને ત્યારે તેમ કરવા તો આપણે પોતેબી એક મત થતાં નથી તો પછી એ મામલો સુધારવાને બીજો રસ્તોજ શું હોય! તેણીએ સાંભળતાં પોતાનું સર મોટી મમગીનીમાં નમાવી દીધું.

તેણે એ જોતાં અતી ઘણી નરમાસથી પણ દલગીરીથી તેની નજદીક જઇને કહ્યું "ગુલનાર હું કોઇબી રીતે તારા ઉપર જોરતી ગુજારવા ચાહતો નથી. અગર આ માલ મીલકત મેહેલ ખજાનાથી અલગ થવું તને સખ્ત લાગતું હોય તો એ સઘળું તને મુબારક છે, તુંને કદીબી હું જબરી કરવા જેટલો હીચકારો થનરા નહી, તું વાહાલી સુખી થજે—હું દુર દેશાવર કોયે નીકળી જઇશ અને તારી માયાની માલા ફેરવતાં દુન્યાના કોઇ એકાંત ખુનામાં હું મારી બાકીની જીંદગી પુરી કરશ. મગર મને યાદ કરજે ગુલ પણ ખુદ તારે ખાતરબી હું અત્રે હવે થોબી શકવાનો નથી. આ બેહેસ્ત જગામાં એક બી કલાક કાઢવો હવે મને કોઇબી રીતે લાયક કે પેશ પડતોજ નથી. સલામ, વાહલી છેલ્લી સલામ" અને એમ કહેતાંજ તે હવે જવા ફરયો. મગર તેણીએ તેને જવા દીધો નહી. એક કુદકા સમેત ઉભી થઇ તેણીએ તેને પકડી લીધો, "નહી ઓ નહી" તેણીએ કહયું ફરહાદ હું તારા વગર જીવી શકશ નહી. મને મારાં બાપીકાં ધન દોલત કે માલ ખજાનાની પરવાહ નથી વળી મારા એક વારના પ્યારા પીદર વાસતેની લાગણી તો આ બધી બીના જાણવા પછી ગોયા મરીજ ગઇ છે મગર દયાને દુખ મને મારી માદર ખુરશીદ ચેહેરની જુદાઇનું લાગે છે. વળી અત્રેથી જઇ આપણે કયાં જઇશું ને રહીશું તેનો ખ્યાલ પણ તેં પુરેપુરો કરયો નથી. વળી પૈસા ટકાની પણ આપણી પાસ કશી જોગવાઇ નથી." હયાં તેણીએ પોતાના બહન

આસપાસ નજર નાખતાં કહ્યું "હાલમા મારી પાસ વળી કોઇ દર દાગીનોથી મઓજુદ નથી કે જે ઉપર આપણે ગુજારો કરવાનુ બની આવશે"

"ને એવા કોઇ આછતા પઇસાની મને પરવાહ બી નથી ગુલરૂખ" તેણે તેણીને ચો બાજીને તોરથી કહ્યું "તારા દર દાગીના અગર હાલમા હયાં હાજર બી હતે તો જીનહાર હું તેને હાથ લગાડતે નહી વળી આપણા ગુજારા વારતેજ જો તુ ડરતી ને ખેદ કરતી હેય તે હું તને ખાતરી આપુ છું—વચન આપું છું કે તગી કે મોહતાજીમા તું કદી બી રહેશે નહીં ગરીબાઇનું દુખ હું તને કદી બી જાણવા દેવશ નહી. તારે ખાતર હુ, આ મારી જોરાવર બાજુ વડે મેહેનત કરશ—ગુલામગીરી કરશ—તારી મહોબતને ખાતર ગુલ હું એક મજુર બનશ. વળી તારી માદરને મળવાની બી કોઇ તદબીર આપણુ એક વખત દુર પડયાં કે કરી શકશું અને આપણે પ્યારની પાક કાહાણીથી તેણીને વાકેફ કરી અગર તેણીની માફીની આર્જી કર્શું તો તે નેક બખ્ત મને પુર ખાતરી છે કે આપણુને કદી બી દરગુજર કર્યા વિના રહેશે નહિ ઓય ગુલ એ સઘળુ તુંને મંજુર છે?"

તેણી ત્યાં નીચી નમાજેની ચશમોએ ઉભી હતી. તેણીના જીગરમાં બે જુદા જુદા પ્યારની એક જબરી જંગ ઉઠી હતી તે હવે શુ કહે? શું કરે? એક હાથ ઉપર એક દેલતવતી માદરનો જોરાવર પ્યાર તેણીને પોતાની પનાહ પોસ્ત ગોદમા રહેવાને પુકાર કરતો હતો કે જ્યારે બીજા હાથ ઉપર પોતીકો બાપીકો વરસો અને કીતીવંત નામ વડીક તેણીને ખાતર તજીને દેશવટો લેવા તઇઆર થયલા મ હાદુર મર્દની મજબુત મોહબત તેણીને તેનાસે વળગી રહેવાને આજીજી કરતી હતી. એક બાજુ પર જેનુ ગોયા ખુન પી ને ઉછરેલી તેના ઝાવેદાંના હેશાનોના ધુળધાણી થતી હતી. તે બીજી બાજી તેણીને ખાતર તેણીના ઉમરાવ નામને ઇજ્જતની પાસબાની કરનારની જીંદગીની બરબાદી ડોળા ઘુરકતી હતી. તે હવે શું કરે? તે તમામ એકસ બની ગઇ અને જો કે અધકારના સબબે તેણીના ચેહરા ઉપર નો ફેરફાર તેની સામે ઉભેલો જવાન જોઇ શકનો ન હતો છતાં તેણીના દીલની લાગણી તે અચ્છી રવેસે સમજી શકનો હતો. એ ઉપરથી ઘણીજ ધીરજથી તે તેણીની નજદીક ગયો અને તેણીનો એક સફેદ ઠંડો હાથ પોતાના હાથમાં લીધો.

"વાહલી ગુલ" એ પછી તેણે દરેક મા યાની કહયું "હજી બી આપણ મીત્રો તરીકે છુટા પડી શકશું અને તારા ઉમરાન વાલીદોની હેત ભરી કાળજીમાં હું કમબખ્તની નીશાન્ને તુ હજી બી ભુલી શકશે."

મગર હવે તેણીનો ઠરાવ થઇ ચુકયો હ તા તેનો જોરાવર હસ્તના સ્પર્શે તે જગ મચાવતા જીગરને પોતાની જોરાવર બાજુંમાં જાવેદાન્ને માટે જીતી લીધું હતુ અને એક મતા તરફની મીઠી માયા ઉપર એક મરદની મજબુત મોહબતની આયંદા જીત થઇ હતી. તેણીનુ શીહા સર હવે મોટી મગરૂરીમાં ઉંચે, ઉચકાયુ.

'ફરહાદ" તેણી હવે ઠરાવથી બોની "હુ તારા સાથ આવવા તઇયારછુ"

એક પળ જાણે તે તે શબ્દાથી સુખી અસર તળે હરખથી દીવાનો બની ગયો તે પછી તે બન્ને હવે તે દરીઆવને કીનારે ઝડપથી ચાલવા લાગ્યા. મે આગમજથીજ આવા કોઇ સુંમી બનાવ બનાવવા, ઉમેદમાં એક ઝાડાજ આપણે માટે તઇયાર રખાવ્યુ છે જે આપણુને સલામત આપણે મુકામે પોહચાડશે તે બોલ્યો મગર ભાગ્યેજ તે આવતા અવાજે તેમને ચોંકાવ્યાં. તેઓએ ગભરાટમાં પાછા ફરી જોયું મગર અંધકારને સબબે તેઓ કશુ જોઇ નહી. રફતે રફતે હવે તેઓની ખાતરી થવા લાગી કે તે અવાજ દુરથી આવતા ઘોડાના

પગળાંના હતા. એક પલ તેઓએ મોટી ફીકરમાં અરસપરસ જોયું.

" ઓ એજ પીદરનાજ સીપાહો હોવા જોઇએ " હવે ગુલનારે ધાસ્તીથી થર થર કાંપતા કહ્યું.

" તે હોએજ કેમ ? એમ બનેજ કેમ " ફરહાદે હજી તેણીને હીંમત આપતાંજ કહયું. " આપણુ અત્રે છીએ એ વાતની માહીતી તેને મળીજ કેમ શકે.

મગર એ દરમ્યાન તે અવાજ હવે વધુને વધુ નજદીક આવતો જણાયો એટલુંજ પણ હવે તો હથયારેનો ખનખનાટ વડીક તમને ખુલ્લો સંભળાવવા લાગ્યો. હવે એકબી પલ ખોવી સજાવાર હતી નહી. વળી હોડી શુધી સલામતી હાથ પુગવા જેટલો વખત બી હવે નહી હતો. સબબ કે તેમને પકડનારાઓ હવે તેઓથી ચાંત્ર થોડાંજ કદમ દુર હતા. ઉપાય સીર્ફ હવે એકજ બાકી હતો અને તે આવા અંધકારમાં કેથે છુપાઇને તેઓને સીકસ્ત આપવાનોજ હતો સારા નસીબે તેઓથી થોડે દૂર એક ગંજાવર દરખત હતું જેનો આશરો સોધતાં તે બન્ને વાહલાંઓ હવે તે તરફ દોડયાં. ગરીબ ગુલનાર તો ધાસ્તીથી ગો ।। બેભાનજ ગઇ હતી. મગર ફરહાદ તેણીની બાજુમાંજ તેણીને હિમત આપતો રહયો હતો. ભાગ્યેજ તે બીચારાંઓ એ રીતે એક બે પળ પસાર કરવા પામ્યા હશે કે જેવામાં તે લશકર ફકત થોડેજ કદમ દુર આવીને થોભ્યું અને તેમાંનો એક ઘોડેસ્વાર તો લગભગ તેઓની નજદીકમાંજ તે દરખતની બીજી બાજુએ આવીને ઉભો થયો.

" હયાંજ તે બદજાત કે થે છૂપાયલો હોવો જોઇએ " એક સીંહ જેવી ગર્જના કરતાં અવાજ સંભળાયો કે જે અમાર બેજન્ના તરીકે તેઓએ તુરતજ ઓળખ્યો અને બીજી બે પળમાંતો એક શેરની અદાથીજ તે ગુસ્સાથી દીવાનો બનેલો ઉમરાવ ત્યાં ધસી આવ્યો ગુલનારે ધાસ્તીની મારી એક જબરદસ્ત ચીસ પાડી અને તેમ કરતાં તે તુરતજ ફરહાદથી છુટી પરી ગઇ. તેઓ બન્ને હવે જબરી હોજાતોજી થવા લાગી અને એક બે પળ સુધી તો મામલો તેમજ ચાલ્યા કીધો. બહાદુર ફરહાદ પોતાના બચાવમાં ખરી દલેરીથી લડતો હતો. મગર કમનસીબે તે બે હથયાર હતો કે જ્યારે પેલા સુજીના હાથમાં તો એક તેજી તલવાર ચળકતી હતી. તે હવે પોતાના ઘોડા ઉપરથી ઉતરી પડયો હતો અને એ કીસ્સે તેઓ બન્ને જીન ઉપર આવીને લડતા હતા મગર આખંર હવે કમનસીબ ફરહાદનીજ હાર થતી હતી. વળી એવામાં આસપાસથી બીજા સીપાહો પણ આવી લાગ્યા અને ત્યારે તો તે તમામજ ફેંસલ થઇ ગયો. તેઓએ સઘળાઓએ મળી હવે તેને જમીન ઉપર પટકી ઉપર પટકી દીધો, અને બીજી પળે તો દયાની એકબી લાગણી વીના તે હેરેમંદ ઉમરાવે તે તરવાર તે બહાદુર સીનાની આરપાર ચલાવી દીધી. એક ધીમી ચીસ સમેત તે મરતા જવાને ગુલનારને નામનો એક સેવાનો પુકાર કરયો કે જે પછી તુરતજ પાછું સઘળું શાંત થઇ ગયું. તે કારમી ચીસની અસરથી તે ખુનીનુ વડીક દીલ એક પળ ધ્રુજી રહ્યુ. અને તે ગભટમાં તેનિ તરવાર વડીક તેના હાથમાંથી સરી પડી. તે તેણે જાણ્યું નહી. એ દરમ્યાન હવે તુફાન વધતુંજ જતું હતું અને તે શીહા અંધકાર બની શકે તો આગળ કરતાંબી બેવડો બની ગયો હતો તે ઉમરાવ હવે ગુલનારની શોધમાં પોતાના સીપાહો સાથ આમ તેમ દોડવા લાગ્યો. મગર કાંઇ પત્તો ન મળવાથી કદાચ ડરની મારી તેણી કેથી ત્યાંજ છુપાઇ ગઇ હશે ધારી કેટલાક સ્વારો તો લાંબે દુર તેણીને ઢુંડતા વટિક ગયા મગર શીહા કાળાંશ અને તુફાની ચીસો સીવાય તેઓ બીજુ કશું મેળવી શકયા નહી એ ઉપરથી ધીરજ ખોતાં હવે તે

ઉમરાવે તેઓને રાશની લાવવાનો હુકમ કર્યો તેણે ખાનરીથી માન્યુ કે તે પીદરના ડરથી તેની બેટી હાલમા ત્યાજ કેથે છુપાઇને બેડી હતી થોડીક પળમા તો રોશનીઓ આવી લાગી અને તેનો ઝાંખો ઉજાસ હવે તે અધકાર ડીનારા ઉપર ફેલાઇ રહયો ફરીથી તેઓ સઘળાઓએ આમ તેમ શોધ ચલાવી અને પેલાજ દરખ્ત આગળ આવી પહોચ્યા કે જ્યાં ગરીબ ફરહાદનુ શબ વેહેતા ખુનમા પડેલુ હતુ મગર અફ્સોસ!! ત્યાં હવે તેઓની નજરે શુ પડયુ? તે બહાદુર જવાનની લાસની આસપાસ મજબુતીથી પોતાનો એક સુફેદ હાથ વીટાળી તે નાજનીન તેની બાજુમાજ પડેલી હતી કે જ્યારે ફરહાદના જાને આખર કરનાર પેલુજ બેજનનુ કાતીલ હથ્યાર તેણીના સુફેદ સીનાના એમનુ એમ ભોકાયલુ નજરે આવતુ હતુ

આહ!! તે વફાદાર નાર તે હેતવતા વાહલાના જાન ઉપર પોતાનો પ્યારો જાન કુરબાન કરી હાલમા મોહબ્બતની થાતી ગોદમાં ઊંઘતી પડેલી હતી તે એક હૃદયભેદક દેખાવ હતા તેણીના શીહા ઝુલ્ફો વરવાર ફાંસમે હાનમા દરીઆની રેતીમા વીખેરાએલ પડયાં હતા કે જ્યારે તેણીની સુફેદ સગેમરમર જેવી નાજુક ખુબની છાતીમાથી તેણીનુ ઉમરાવ લોહી ઠેક ફુવારાની ફાંસમે વહી જતુ હતુ તેણીનો એક સુફેદ દસ્ત તેણીની પાસે પડેલા જવાનની આસપાસ હેતથી વીટલાયલો હતો કે જ્યારે બીજો તેણીના પ્યારા જાનના ખુવારીમા લબાયનો હતો જમા તે નેહેસ્ત કટારી ઉપર મજબુતીથી વીટલાયલો હતો બન્નેની છાતીમાથી વહતુ ખુન એકમેક સાથ ભેલાઇ ગયા એક નેહેરની માફક બેઅટકાવ વેહતુ હતુ કે જ્યા તે બન્ને જવાન ખુબસુરત ચેહેરા ઉપર મોહબ્બતનો પવીત્ર શીકાસ ફરી વળેલો હતો તે બને હવે ઉંઘતા હતા તે જાને હોની થાત નીંદમાં કે જે શાન્તી તેઓ આ જગમાં મેળવી શકયા ન હતા અને જે મેળવાની એક સોવગની ઉમેદમા તેઓ બને હવે તે મોગી મુસાફરી માટે સાથે સાથેજ ચાલતાં થયા હતા તે દેખાવ એક પથ્થરની છાતીવાળા માણસને પીગળાવાને બસ હતો કે જ્યારે ઉમરાવ બેજન તો તે જેતા સરબસર જાણે દીવાનોજ બની ગયો અવનતો એક દીવાનાની અદાયીજ તેને બે પળ તે દેખાવ જેયા કીધો કે જે પછી દુખની એક દયાજનક ચીસ સમેત તે તે વહાલીના રવાન ઉપર બે અખત્યાર તુટી પડયો મગર એક શબ્દથી તાજુબ કે તેના મુખમાથી નીકળી શકયો નહીં તેણે બોનવાની માહ જેહમને તજવીજ કરી મગર અફસોસ! અચાનુચ આફતથી તેની વાચા ગુમ થઇ ગઇ હતી તેની આખોમા દુખનુ એકી આંસુ હાલમા નજરે પડતુ નહી હતુ અને તેમ છતા તાજુબ કે તે બીચારો બેસુધ્ધ બી થયો નહી પોતાની આશપાસ થતી તમામ હીલચાલોથી તે માહીતગાર હતો અને જ્યારે એ મામલો જેતા તેના સીપાહોએ તેને ત્યાથી ઉઠાડવાની તજવીજ કરી ત્યાર ઇસારતથી તેને તેઓને તેમ કરવાને મના કરી ના તો તેણે દુખનુ એક એક આંસુ પડયુ કે ના તો માહેતમનો એક હરફ તેના મુખમાથી બાહાર પડયો તેતો સીર્ફ તે મુએલી બેગીને એક દીવાનાની અદાથીજ ટીકટીકી ત્યા બેસી રહયો અને તે એટલી હદે કે તેણીની નાજુક છાતીમાથી પેલુ કાતીલ હથ્યાર વગીક કાઢવાની તે બેખબરને જાણે ખબર રહી નહી આ બનાવથી તે સીપાહો વગીક ગાફેલ બની ગયા હતા તો પણ તેઓએ ફરીથી તે કમબખ્તને ત્યાથી હઠાવવાની તજવીજ કરી વગર ફોકટ તે ગાફેલ જેવો દીવાના આથી તો ઘડીમા કાનાના અને કાકલુદીથી તેને એ હાલતમાથી નહી ખસેડવાની અરજ કરતો અને ત્યારે હવે એ ઉપરથી એ બધી દુખની કેફીઅત ફીરદાનામા જઈ બાનુ ખુરશીદ ચેહેરેને જણાવવા બે ત્રણ સીપાહો તઇયાર થયા કે જ્યારે બાકીના તે વેરાનમા તે બે લાશો અને પેલા મુગી મહાતમ પોશીમા પડેલા ઉમરાવની ચોકી કરતા ત્યાજ ઉભા

રહયા તેની હાલત ઉપર તે સખ્ત દીલના સીપાહો વ઼ડીક દયાથી ખેંચાઇ ગયા હતા. તેઓ પોતાના સરદારને સારી રવેશે પીછાનતા હતા વલી તે કેવા પાપી હેતુંથી ત્યાં આવ્યો હતો. એ સઘળુ તેઓ તેના વીશ્વસુ હોવાથી બરોબર જાણુતા હતા મગર તો બી તેના ગમે તેવા મોટા ગુન્હા છતાં આ વેળાની તેની હાલત કોઇ ગમે તેવા હરીફને બી તેના તરફ દયાથી ખેંચવાને બસ હતી તે હજીબી તેજ હાલતે પડેલો હતો તો જોડે તે કાંઇ દીવાનો થયો નહી હતો કે ના તો તેને પોતાના જાનને ઇજા કરવાની કોશેશ કરી તેની તેમ કરવાની શકિતજ જાણે ઘાતકી કુદરતે તે વેળા છીનવી લીધી હતી. તે તો ફકત હાલમાં તે હેતવત એક પુરાં ફરજંદને એક હરણુના તોરથી ઘાયલ થયલું જોવામાં જાણે કુદરત તરફથી તેની આખી જીંદગીના અપરાધો અને કરણીના ફળ ચાખી લેતો હતો તેની આખી જીંદગીના સુખ અને આરામજ તે વાહલીમા ભરેલાં હતાં કેવી ઉંચી ઉમેદો અને મોટી આશાઓ તેને તે એક પુરાં ફરજંદ ઉપર બાંધી રાખેલાં હતાં અફસોસ જે બહાદુર ખંજર ઉપર તે મુસતાખ હતો જેને તેના કિર્તિવંત નામની જાવેદાન સુધિ પાસ બાની કરી હતી તે ખંજર તે શું જાણે કે આજે તેની જૈશીમાં તેની જીંદગીની બરબાદી કરનાર હતું તે તેજ ખંજર જ્યારે તેને બે ગુન્હા અરજાસ્પની છાતીમાં ચલાવ્યું જ્યારે તેને નિર્દોષ ફરહાદનું ખુન પીતું કીધું ત્યારેઅફસોસ તે બે ખંજરને થોડાજ ખબર હતી કે થોડીજ પળ પછી તેજ ખંજર તેની એકના એક બેટીના નાજુક જીગરમાં પ્રેવશ થયલું પોતાનું જૈશીમાં જોવા તે જીવનાર હતો.

હવે કમનસીબ ખુરશીદ ચેહેરે પણ રડતી ને વીલાપ કરતી ત્યાં આવા લાગી તેણુાના સાથ. તેણીની દસી ચાકરો પણ હતાં અને એ રાતે જોતાં જોતાંમા તે એકવરેનું શાંત મેદાન મોહત ના વીલાપ રૂપને મહાતમ પેરીનો પુકાર કરતું થઇ ગયું. ખુરશીદનું જીગર આ સામટા ફટકાઓથી ફાટફાટ થતું હતું જો કે તેણીએ હવે જાણ્યું હતું કે તે બુરા બે બનાવને વાસતે તેણીનો ખાવંદ પોતેજ જવાબદાર હતો તેમ છતાં જેમ એક તારાજ ગયલા કીલ્લાની તુટી હાલત ઉપર ગમે તેવો હરીફ બી દયાથી ખેંચાયા વીના રહેતો નથી તેમ તે ખાવંદના ગમે એટલા ગુનાહો છતાં હવે તેની પડતી ઉપર દયાથી ખેંચાઇ ગઇ તેણીએ તે ઉમરાવને હવે ત્યાંથી હટાડવાની અનેક તજવીજો કરી.

મગર તે બધી ફોકટ ગઇ. અને એમ કરતાં હવે બામદાદ પણ થવા આવી હતી. તે બે મરણ પામેલાંઓના ચેહેરા ઉપર તે બામદાદની શાંત રોશની અજબ જેવો અશોઇનો ઝલકાટ ફેલાવતી હતી મગર તાજુબ તેજ ઉગતા સુર્યના ફીકકા ઉજાશમાં તે સર્વે ભેગાં મલેલાંઓએ ને આજુરદે ઉમરાવનાં ચહેરા ઉપર શું ફેરફાર જોયો. તે એ નહી ધારી શકાય અને નહીં માની શકાય તેવો બુરો ફેરફાર હતો. તેના એક વારના શીહા બાલો અજબ જેવા રીતે હાલમાં ફેરવાઇને તમામ જરદ જેવા સફેદ બની ગયા હતા કે જ્યારે માત્ર બે કલાકના ટુંક વખતે તેના ઉમરમાં ગોયા પચાસ વરસનો ઉમેરો કરી દિધો હતો. તે મોડી રાતના જ્યારે પોતાના તેજી અસ્પર ઉપર સ્વાર થઇને આવ્યો ત્યારે તે એક શેર જેવો જોરેમંદ હતો કે જે હાલમા કુદરતના ફકત એકજ જોરાવર ફટકાથા આજે થયલો પોતાના પાપી કામોની તોજેશ અને મુગી તોબાહ પુકારતો ગોયા એક બુઢીઆ જેટલો બેતાકાત બની ગયા હતો, તેને આખરે હવે તે વાહલાના શબથી મુશકેલી વચ્ચે છુટો પાડવામાં આવ્યા અને ત્યારે કલાકે પછી દુખની એક દયાજનક ચીસ હવેજ તેના મુખમાંથા બાહાર પડી રડતાને કલપાંત કરતા ખુરશીદ ચેહેરે તેને મનાવા અને દીલાશો દેવાનાં નેક ઇરાદા હવે તેની નજદીક ગઇ. તેણીએ બ અટકાવે રડતાં તે દુખી ખાવંદની ગરદન આસપાસ પોતાના હાથ નાંખ્યા મગર તાજુબ તેણીએ શું જોયું

તે દીવાશામા સ બાયતો તેણીનો રૂપેરી હસ્ત હા ૮ગ મેક મરણ પામેના માજુસના હડા શબની આસપાસ વીંગલાયનો હતો. એક મોગી ચીસ સમેત તેણી ચમકી અને તુરતજ સ ા ાો ને ણી ા મદદે દોડી ગયા હા તે ખરૂ હતુ તે એક વારનો ઉમરાવ માણસ તે નહી ખમી શકય એ વા દુખના બોજા તરે કયકાઈ હાનમાં મ મુને શ રણે ગયો હતો જે ગ કદીબી કોઈની તાબેદા રીમાં વાકુ વળેતુ ન હતુ તે મગરૂર મરહુમા પોતાની કમબખ્ત સરજત અને મોહલ ા જોર વર દેવો નમન કરવુ પયુ હતુ તે પ્યારો ફરજંદ ના મોહતે તો તેના જોગવર દીવને ફક્ત ડીરનુ જ બનાવ્યુ હતુ મગર જયરે તેણીના પ્યાર શબને વગીક તેનાથી ખુચવી લેવામા આવ્યુ ત્યારે તે નનીરીની નમનની એક સેવાની એધા ણી વગીક તુમામ જવાના ગમબનાક પ્યાને તે દીવાના દ નને તમામે નમામ આખર કરી તેની કરણીનો હીમાત આપવા તે દાવરની દરબારમા ચાલતુ બી કીધુ હતુ અને ત્યારે હવે એ ગમ ખાર મે નના ઉપર એક રોતાનો શીહા પડદો પેરી અ પણ અ પગી નાના અતરેજ ખતમ કરી શુ

સમાપ્ત.

ગુલશનની હરીફાઇ.

જોહાક જાઈની જંજાળ.

જાંહગીર જમશેદજી જસાવાલાને, જાતીલો જાંશીશાંન, જાણી જીવણબાઇજીના માસીનું જવાન જીગર જરા જાલમ જાલમાં જકડાતું જતું; જે જોતાં જોડેની, જાઇ જોહાકે જાણે જાંહનમમાંજ જીપલાવ્યું. જાઇ જાનતીજે જાગીર જરદારીમાંથી જાણીતોજ.

જીવણબાઇનાં જવાન જીગરને, જાંહગીર જુદાઇથી જબરો જપેટો જણાશે જાણી જોહાક, જાંહગીર જોડે જાની જોઇ જાંહ બોરડી જતી જણાઇ; જ્યાં "જેમીસનની" જાણીતી જાગીરમાં જાંહગીરનિ જુગારી જાત જેમીસન જોડે જીવે જાનની જોડી જોડાઇ.

જાત જુગારી જોડે, જાંહગીરની જોડી જુગારમાં જુગતી જોઇ, જાઇનું જીગર જકડાતું જતું જેથી, જમશેદદારૂ જામારૂપ દારૂ જોસીસે જોગ જોવાડી, જાંહગીરને જબરો જરદાર જણાવી, જલદીજ જંગની જંજાલમાં જકડવા જણાવ્યું. જરને જોરે જમશેદ દારૂએ, જી, જીની જમાં દરાજીથી, જન્મો જન્મનિ જંજીરથી, જંજાલની જુસરીમાં જાઇને જાંહગીરની જોડી "જમયારે" જોડી.

જાઇનાં જબાંદરાઝ, જુદડાં, જાંશીશાન, જુસાબો જાયુહનાં જાણી, જાંહ બોરડીમાં જાલમ જાલમાં જકડાઇ, જમાનો જવે જ્યારે જાંહગીરે જાઇ જરને જાંહગીરનાં જીગરથી જમાદા જોનાર જાલમ, જોહાક, જન જાણી, જેથી જીવણબાઇની જાતીલી, જીવે જાનની જમાનાની જુની જારીશાની જોડે જોતાં જીગર જલાવતો જાબજા જુરાતો જણાતો.

જખુન જટકાથી જાગૃતી જણાવે, જાંઇથી જુદા જતાં જરાબી જુહાકી જંજાલથી, જલતાં જીગરને જંપ જણાશે જાણી, જાત જુગારી જોડે, જાણે જાહનમ જોડે જુગારમાં જીવે જાનથી જીપલાવતો જેથી, જમાનાની જાણીતી જુગતીથી જર જાંહગીરથી જલદીજ જુદું જતું જણાતું—જરનાં જવે જુગારીઓની જોડી જોતાં જોતામાં જેલ જાત્રાએ જતી જણાઇ.

જાંહગીરનાં જેલ જાત્રાએ જવાથી જાઇ જોહાક જમાનાની જાલમ જબાંની જલદીજ જકડાતી જતી, જીવણ જુગતીની જદાકશી, જરની જરૂરત, જગતની જાલમ જબાંના જલદ જપેટાથી જાણી જોઇ જર જમાંવાની જેહમત, જંજાલમાં જીપલાવાથી, જે જીપવર જાસ્તીથી જકડાઇ જોતાજોતામાં જગપતીની જનાબમાં જવાબ જણાંવવા જતી જણાઇ.

જીવણબાઇને જાઇના જાહોકી જાલમ જંજાલથી જીંદગી જેલ જાત્રાએ જતો જણાંવે, જમતપતીજ જાલમ જખમને જોડશે જાની, જીવને જાજી જંજાલથી જાલવ્યો, જેયા જલ દાતાનાં જણાંઇજ જાએ જેવા જોમથી જાલમ જુદાઇથી જળતાં જીગરને જલદીજ જન્મો જન્મ જસવંત, જાહોજલાલીવાળું. જગ પ્રસીધ છે. જે જાહેર જીંદગીમાં જીપલાવતાં જોઇશું.

જે જમાનાંમાં જાંહગીરને જાઇ જાંહબોરડી જઇ જોડયા જાપાનથી જરાકનાં જીવણબાઇની જોડનીજ જાણીતી જીજીમાઇ જમશેદની જાગીરમાંજવાન જરદાર જાંમરપજી જાંહબક્ષ જાપાન જાતા જાયૂકનાં જતા જણાયા.

જોઉનાં જીવણુ બાઇની જાણીતી જશવંત જગતનાં જંજાળી જીવડાઓની જીવણ જુગનીની જાફેરાની જાબાન જાહેર જણાઇ ? વાથી જાદ અક્ષનાંજવાન જસવંતા જીગરમાં જીવણુ બા ઇનાં જીગરશી જોડાવા જવાલા જણાંતાજે જીવણુ બાઇની જાનતી જોત જોનામાં જવાન જીગરો જાપુકનાં જાફરાન જુ સથી જોડાયાં જે જગનાં જોરે જલદીજ જયાઃ જસવંતી જીંદગી જાહોજલાલીથી જુગતી જણાઇ.

જનસમાજ ! જાનજે, જે જાઇ જોહાકના જેવી. જાણીજોઇ જાસ્તી. જ્યારેની જવાન જીગરેાે જોડાએલાં જોતાં. જુદાં જોઇ. જેદરની જાલમ જંજીરથી જકડવા જતાં જાને જાઇ જેવીજ જકડાઇ જશે.

જે જણ જગતમા જન્મી જાણી જોઇ જ ગપતીનાં જોગથી જુદા જાએ, જગની જુની જી- લી જાહનમમાં જાએ, જ્યાં જીવને જાવેદાની જંજાળમાં જીપલાવનો, જવાલામાંજલતો જણા- શે. જાઇનું જુજ જીવણુ ચરિત્ર જાણી, જીવને જાંહની જંજાલથી જાવવતા જજે, જેથી જાવે દાની જીંદગી જેજેકાર જોશે.

જગપતી ! જાદપનાંદ જરજની જે જે જ- ગમાં, જ્યાં જ્યાં જાએ, જાલવજે. જુગ, જુગ, જીવો જેરજ જગનાથ.

" જાંનીસાર "

માનજો મુબારક માહે માજદયશનાંન.

મરોલ મીતી ૧૭—૫—૧૪

માગ મેહરબાન મેનેજીંગ માસ્તર,

મારા માનીતા " મોગરાનાં માંડવમાં " મધુર મીષ્ટાનનાં મેલાવડામાં, મુજ મારફત માંગેલાં માં દરયાને, મુજની માત્ર મિત્રભાવની મોહબ્બીથી, મનનાં મંત્રીની મોટી મોજ માની મોકલું છું. મોટાં મંત્ર માટે માફી માંગુ ? મહાશ્રેષ્ટ માનવા માં મિથ્યા માં માનશો.

માખણ ! મકરૂનના મિષ્ટાંનથી મન મનાવી મજાહ મારવી, મુનાસબ માની મિથ્યા માથાફોડ માં મશગુલી મેળવવી મુફત, મગર. મેહનતથી માન્યતા મેળવવી મનુષ્યની મોટામાં મોટી મુરાદ માનવી.

મારા માનવંત મીત્રો મારફત મુજને માહ- શ્રેષ્ટ મંત્રો મળશે, મગર મુજના માર્ગની માહ નદીમાં મારો માર્ગ મુજને મુસ્તકીમ, મક્કમ, મારતો માનજો.

મને માનની મોહબ્બીમાં મચેલો માનશો માં, મગર માહ કીરતારની મેહેરથી મળશે, મારે માટે " મોતી " મોકલજે મહેરબાનો માનીશ. ", મો- તી " ની માનીવત મોટી માલમ પડવે મોટામાંથી મોટો મનીઆરડર મોકલીશ

" મુસ્તકીમ "

અમૃતલાલ આજે અમદાવાદ આવશે એથી અમે અને આનંદીબાઇ એમને આવકાર આપ વાને આગગાડીએ આવ્યા. આવતાં આવતાં આ શ્ચર્ય આપે એવો એકાવન આગળનો આદમી અમારી આગળ આવ્યો અને એક આનો આપ વાને અમને અરજ આપી.

આનંદીબાઇ આશ્ચર્યથી આગળ આવી " એહો આવડો આદમી " ! આનંદીબાઇ અરડાયાં અમે આનંદીબાઇને અનુમોદન આપયું. એવામાં એ ણે આનંદીબાઇને અસાધારણુ અડસેલો આપ્યો. એના અમલથી આનંદીબાઈ આકરી અવસ્થા માં આવયાં એટલામાં આગગાડી આવી અને આનંદીબાઇ એંજીનને અથડાયાં આખરે અરર.. ના અવાજે અમૃતલાલને આવકાર આપ્યો.

શાહ

ગામડયા ગુસતાદ ગરગરની ગુલી ગરીબ, ગુસતાદના ગોઠયા ગાંડા ગાંધીની ગવેરનું ગગગનું ગોઠવવા ગાલ્લીમાં ગોઠવાઇ ગણદેવી ગામ ગઇ. ગુલીની ગાલ્લી ગધેરમાં ગબડી ગઇ. ગભરાતથી ગેરાયલી ગરીબ ગુલી ગધેરમાંજ ગગડી ગઇ. ગવેરનાં ગગગનામાં ગુલીની ગેરહાજરીથી ગનદેવી ગામમાં ગડબડ ગાજી ગુલીના ગુમાઇ ગયાથી ગામડયો ગુસતાદ ગવેરને ગાલ ગલોચથી ગુંગ લાવનો ગભરાનમાં ગુલીને ગોતવા ગયો. ગધેરમાંથી ગુલીને ગોતી ગસનાદ ગેર ગયો. ગુસ્સામાં ગાંડા ગાંધીને ગીપ્પો ગાંધીના ગાલપર ગુસ્તાદના ગીપવાથી ગુમડાંની ગાંઠ ગંઠાઇ. ગભરાટમાં ગુસ્તાદે ગુમડાં પર ગોરા ગાંધીનું ગુમડયાનું ગસડયું. ગવેરનું ગગરનું ગોઠવી ગુસતાદ ગુલી ગેરબાર ગયાં.

પેશન્સ.

આ ડોલીવાલા આદરજી એદલજી અડગરહાની અદરાવાની અરજ આલાં અરદેસર અંકલેસરીયા આગળ આવી આલાં અને અરદેસર અગીયારમી અકટોબર અગીઆરસોને એક્યાંસીએ અઢીની આગગાડીમાં અંકલેસરથી આ કોસે આવતાં અકસમાતથી આગગાડી એક એનજીનને અથડી અથડતાંજ આલાંનો અંગુઠો આંગણામાં આવ્યો. આથી આદરજી આલાંને અડરાના અટકીયા અફસોસ, આએ અચણુચ આફતથી આલાંનો અધમુવો અવતાર આપ્યો, અને આખર આલાએ અતીઆંત અકલામનથી આપઘાતથી અકાલ અંત આણીઓ. આખરે એકાંતવાસથી અકલાઇને આદરજી આઠ અઠવાયાની આખેરીએ આઇ ચાઇના આઈ ગાપને આજીજી કરીને અદરાયાં,

અણુણકકર:

કાશીનાથની કુંવરબાઇએ ફકલીઆં વાડમાં કાવસજી કોટવાલની કાકી કને કાકરી કમરખ, કેરી, કાહો, કોયમી, કપાવી કચુબર કરવા કહી. કચુકબર કરીઆ કેડે કમોડયો કન, કેલાં, કનતોલાં, કોમીજ કાલીફલાવર કોપરાની કારી કરવા કહી. કાકા કહે કે કચુબર કારી કયારે કરૂં કુવામાંથી કાહાનતું કુમારીઆ કોરી કને કહકાવો કે કાંઇ કામ કાજ કરીએ કુમારીઓ કોરી કહે કે કેમ કરી કાતેલ કુવામાંથી કાહાનતું કાવાડું કારણ કે કુવો કાંપક કાફર કેહેવાછ કાલે કાહનનું કહાડશ. કુંવરબાઇ કહેકે કાલે કેમ કરી કહડાએ, કાલે કાંગાવાડનું કહાડજે.

બાલાપોરીયા.

સીરવઇના સુનાબાઇ સોમવારે સહવારે સુધની સીરીન સાથે સુરતફરી, સાકર, સોપારી સેસ સોગારા સાથે સુરત સીધારીઆં. સુરતફરી વાલા સાથે સુનાબાઇ સપાટ શીવડાવવા સુલેમાનને સોંપી સુનાબાઇ સાધુ સંતની સેવા સજાવા સીધી સડકે સુખડ સાકર, સીંદુર સુતરફરી સહીન સમસાને સીધારી સીવને સજીઆ સહવારે સકારે સુનાબાઇ સુરત સીધારીઆં સુધની સીરીનને સુનાબાઇ સાગે મંજથી સવાર સુધી સલગી સુનાબાઇ સુકરય: સાથ સા સાંરે સચીન સતકયાં સનીઆ નાંસ સુનાબાઇ સમજી. સખત સરકમ સાથે સુનાબાઇ સુગાવાને સીધા સચીન સમાયાં. સુતરીઆને સુતરફરી સાથે સુરત સેરપ્યો સુઉ સારે સેવટ સારૂ.

બાલાપોરીઆ

यूरोपनी मोटी लडाई.

राजा | परदेशवजीर | सेनापति | दरयाई वडो.

ग्रेट ब्रिटन






पाचमा जॉर्ज | सर एडवर्ड ग्रे | फील्डमार्शल फ्रेंच | ॲडमि जेलिको.

जर्मनी.






कायसर | हरफॉन बथमन् हालवेग | ज फाकनहन | ॲ वॉन टिर्पिज्

फ्रान्स.






प्रेसि पॉइन्कारे | व्हिवियानी. | ज जॉफर | ॲ बॉएडलेपियेरे

रशिया.






झार | सॅझोनॉफ | ज सारो मिलनॉफ | ॲ ग्रेगोविच


ऑस्ट्रिया.






फ्रान्सिस जोसेफ | बॅरन बर्चटोल्ड | ज. कॉन्डेरोफ हाफ | आ ड्यूक कार्लस्टिफन

जर्मन ड्रेडनॉट.



जर्मनीनो कयसर पोताना नौकागारांना मुख्य अधिकारीओसाथे

ब्रिटिश नौकाखातांना अमलदारो.



ब्रिटिश नौकाखातें.



ॲडमिरल सर जॉन जेलिको.



ॲडमिरल विल्यम मे.



रियर. ॲ. सर जॉर्ज वारेन्डर.



ॲडमिरल सर पी.



ॲडमिरल सर हेडवर्थ म्युक्स.



रियर ॲडमिरल टिम्पस.

ब्रिटिश नौकाखातें.



रियर ॲडमिरल विमीस





रियर ॲ. डडले आर् एस् ॲ. सर जॉन कॅलाघान



रियर ॲ. किंग हाल




व्हाइस ॲ. जेम्स स्टुर्डि




व्हाइस ॲ. सर डॉरी.


ग्रेट ब्रिटननुं दर्या अने आकाशमांनुं बळ.




टोरपीडो.



विमान 'डेल्टा' अने 'गामा.'



तलाश करनार वहाण.



जलदी गोळाओ छोडनार.

દોલતે દુન્યા!



(શાહુચોર લુપીનની કહાણી.)

લખનાર—ભાગળયા.

(પ્રકરણ ૫ ચાલુ)

બે હરીફોની ચારહાતફડી.

(આગલા અંકનો ટુંક સાર)

(મારકીસ રીરીઆને ત્યા એક બે ચોરો ચોરી કરવા ભરાયા અને જતા હતા તેવામા મારકવીસની બેની અને આગેજ ત્યા આવી ચઢી જેમને નમન કરી ચોર ચાલી ગયો. તપાસમા મારકીસ બેભાન થયેલો અને તેનો મેકેરી ફુરેન મારી ગયેલો જણાયો. આથી છેડાય મારકીસની ભત્રીજીએ અંદુક લઇ નકારના ચોરને બે ત્રણ ફેરે તે લોકનો શોધ કરવામા આવી પણ મળ્યો નહિ તે એકાએક ગુમ થઇ ગયેલો જણાયો. આ ચોર બીજો નહિ પણ આરસેની લુપીન હતો. ફીનપી બોડર નામના ડીટેક્ટીવે પોલીસની તેમજ દરેકની ખાતરી કરી આપી. મારકીસના બાગને નાકે આવેલા દેવળના ખડેરમા લુપીન સંતાયો હતો એવી ખાતરી ફીનપીએ આપી એ પછી તે જગા શોધાતા પણ ત્યાથી એક ફોટોગ્રાફ મળી આવ્યું. મારકીસની ભત્રીજીને રાતો ગત ઉપાડી જવામા આવી અને તેણીનુ શબ પણ મળી આવેલુ કહેવામા આવ્યુ. ફીનાપી બોડરએ આરસેની લુપીનના બે ભાગે ખંડેરમા ગુફાની કબુલાત આપી કેમકે તેની ખાતરી થઇ હતી કે લુપીન જીવતો હતો. આ કારણે લુપીને તેને પોતાના મિત્રને ત્યાં મળવા બોલાવ્યો હતો અને બન્ને મળ્યા હતા.)

આહ! શુ તે ગમ્મત હતી? મારે કહેવુ જોઇએ કે હુ તો ખરેજ આશ્ચર્યમા ડુબ થઇ ગયો હતો. આ બન્ને હરીફો વચ્ચેનિ લડાઇ એવી રીતે શરૂ થઇ હતી કે જે તને મુદ્દલ ખ્યાલમા પણ ન આવી. લુપીન અને હોમ્સ વચ્ચેની મુલાકાતની મને યાદ થઇ તે વખતે બન્ને હરીફોએ એક બીજાને સ્વાસમાં લીધી હતી. ઝનેટરા હતા તે ખરેજ આરામ જેવુ હતુ પણ હા તો બાબતો તેથી મહતર ઉકલેલ હતો ખરૂ પુછાવો તો લુપીને પોતાનો

રીત ભાત કશી બદલી ન હતી. તે હમેશના જેવો કુનેહબાજ અને દાવ પેચવાળો હતો; પણ તેનો હરીફ!...આહ, તેને હરીફ ગણવો કે નહિ તે પણ મારે મનથી વિચારવા જોગ હતું. તેનામાં લુપીનના હરીફ થવાનું નાતો સામર્થ્ય હતું કે નાતો દેખાવ હતો. તે તદન શાંત અને નમ્ર દેખાતો હતો. તેનામાં કોઇ પણ જાતનો ઢોંગ કે કુનેહ જણાતી ન હતી. કશી પણ મજાક મસ્કરિ વિના તે હસતો હસતો લુપીન સાથે વાતો કરતો હતો તેની આ હાલત માટે મને લાગ્યું કે લુપીન પોતે અજાયબીમાં ગરકાવ થઇ ગયો હતો.

આહ! મને હવે લાગ્યું કે છોકરી જેવા દેખાવના તે હરીફ સામે લુપીન પોતે અજબ જેવા ગુંચવાડામાં પડી પોતાનાં મનનું સમતોલ પણું ખોહવા લાગ્યો. તે પોતે કોઇ કોઇ ગુંચવાયલો હતો અને તેથી અચકી અચકી ભાંગા તુટા શબ્દોમાં તેની મજાક મસ્કરી બનાવતો હતો,

તે જાણે કોઇ ચીજની રાહ જો તો હોય, કોઇ ચીજ તેને જોઇતી હોય તેમ દેખાતો હતો? ......આહ, ત્યારે શું તેને આ છોકરા સામે કોઇની મદદ જોઇતી'તી?

તેજ પળે બહારનો ઘંટ વાગ્યો લુપીને પોતે જઇને બારણું ખોલ્યું અને એક કાગળ લઇ આવ્યો.

'આપની રજા છે ને, શેઠયાઓ?' તેણે તે કાગળ ઉખેડતાં પુછ્યું, તે કાગળમાં તાર હતો, જે વાંચતાંજ તે જાણે સ્તબ્ધ થઇ ગયો. તેનો ચહેરો ખુશીનો મારે ખુલી ગયો અને તે ફરી પાછો તટણુ ખાર થઇ ગયો. તેના ચહેરાની નસો ફુગી આવી. મારી સામે પોતાના સ્વરૂપમાં એક તાલીમબાજ ઉભો હતો તેમ તે દેખાતો હતો.

તેણે તે તાર ટેબલ પર મુકયો અને તે પર પોતાનો હાથનો ટેકો મુકી કહ્યું,

'બોલો, મસ્યુર બોડરૂ, હવે તમોને મારી વચ્ચેની વાત રહી છે!'

ધ્યાનથી સાંભળતો ફીલીપી બોડરૂ બોલ્યો કે લુપીને પોતાના કરડા અવાજમાં જણાવ્યું,

'હવે મારે ઢોંગ કરવાનીજ જરૂર નથી. બોલ તું શું કહેવા માંગે છે? તારા આ વાહિયાત ધખારા મને જોઇતા નથી. તું ને હું દુસ્મન છીએ, અને આપણુ એક બીજાને બહુ સારી રીતે પીછાન્યે છીએ, તેમજ દુસ્મન તરીકે એકમેકને ગણ્યે છે તો હવે શા માટે આપણે તે મુજબ ન વર્તયે?'

'એટલે?' ફીલીપીએ અજબ થતાં સવાલ કીધો.

'હા, દુસ્મન તરીકે આપણે શા માટે ન વર્તયે? હું કાંઇ આ મજાક મશ્કરી કરવા બોલતો નથી પણ ખાસ ભાર મુકીને જણાવુંછું જો કે તેમ કરતાં મને બારે દુખ થાય છે. કેમકે મારી જીંદગીમાં આ પહેલીજ વાર મેં મારા દુસ્મનસામે આ શબ્દોનો ઉપયોગ કર્યો છે. મને આ પહેલી તેમજ છેલ્લી વખત તને કહી દેવા દે અને તે માટે તારે જોઇએ તે જણાવજે હું આ મકાન તારી પાસેથી વચન લીધા વિના છોડનાર નથી. તેમ જો મેં કર્યું તો યાદ રાખ કે તારે તારી જીંદગીથી હાથ ધોઇ મુકવા પડશે.

બોડરૂ તો આ સાંભળતાં અજાયબીમાં ગરકાઇ થઇ ગયો. લુપીન ધમકી આપે એ તે માની પણ શકયો નહિ; છતાં તેણે મીઠાસથી કહ્યું,

"મને આવી વકકી ન હતી......તમે તો અજબ ગમત કરો છો!......હું જે ધારતો હતો તેથી સદંતર આ તો ઉલટુંજ છે!......મને સ્વપ્ને પણ ખાતરી ન હતી કે તમો આવા બડાઇ ખોર હશો!......આટલો બધો ગુસ્સો શા માટે!......શા કારણે ધમકી આપો છો! સંજોગોને આધારે આપણે એકમેકની સામે થયા છે તેથી શું આપણે દુસ્મનો થયા!...... દુસ્મનો?......વલ્લાહ!......કારણ?'

આ સાંભળતા લુપીન કાંઇક ઝ ખવાણો પડી ગયો. છતાં ભારે કરડાકીથી તે છોકરા તરફ ફરીને બરાડયો

"સાંભળ દુક્તા મારૂ કહેવુ સ ભળી લે. મારે આજે શબ્દોની લડાઇ કરવી નથી તેમ કરવાની કશી જરૂર નથી હુ ખુલ્લા મને કબુલીશ કે તુ મારો જબરો હરીફ છે. આજ દશ વર્ષ થયાં તારા જેવો બળવાન બેજાનો હરીફ હજી મને કોઇ મળ્યો નથી. ગેનીમાર્ડ અને હોમચોકને તો હું બચ્ચાંની પેઠે રમાડુ છુપણુ તારી સામે અને મારી ધારેલી નેમમાંથી હઠી જવાની જબરી દુખભરી ફરજ પડે છે તું તેમજ હુ પણ જાણુ છુ કે હાલના બનાવમા હુ હારી ગયો છુ અને મારી નામોશી ભરી હાર થવાની દરેક વકી છે હા ફીની-પી બોડરૂ તુ આરસેની લુપીનનો ઉસ્તાદ થયો છે. મારી યુક્તિઓ ઉંધી વળી છે, અને જે ચીજ અંધારામા રાખવાની આજ સુધી મે પેરવી કરી છે તે તે અજવાળામા આણી છે. તું મને પજવે છે, મારા રસ્તામા તુ નડ સમાન છે બસ, હુ પુરતે હાર્યો છુ અને હવે વધુ સાંખી શકતો નથી બેડાએ તને ખુલ્લી ચેતવણી આપી હતી છતા તે કાંઇનુ માન્યુ નથી. હુ ફરીથી તને ચેતવણી આપુ છુ ખુદાને ખાતર તુ આ તારા અ તકરણમા કોતરી રાખ કેમકે હવે વધુ વાર હુ સબુરી અખત્યાર કરે તેમ નથી.'

બોડરૂએ પોતાનુ ડોકું નમાવી પુછ્યુ,

'તમારૂ કહેવુ વાજબી છે પણ તમો મારી પાસે માગો છો શુ ?'

'શાન્તી ! મારૂ કહેવુ એટલુજ છે કે આપણુ બે એ પોત પોતાનું સંભાળવુ અને કોઇ કોઇનાં કામમા માથુ મારવુ નહિ '

'એટલે તમારે વગર હરકતે ધમ ધોકાર ચોરીઓ કરવી અને મારે મારો અભ્યાસ ચુપ ચુપ કર્યો જવો.....'

'તારો અભ્યાસ......બાહ !...તારે જોઇએ તે કર !...મને તેની દરકાર નથી ..... પણ તુ મને શાંતિમા રહેવા દે......મને શાન્તિની વિશેષ જરૂર છે, સમજ્યો ?'

'પણ હુ તેમા શી હરકત કરૂ છું ?'

ભારે ખીજવાટમા લુપીને તેનો હાથ પકડયો.

"તે તુ સારી પેઠે જાણે છે ! તુ નથી જાણતો એવા પેતરા ન કર. હવડાજ તુ એક એવો મોટો ભેદ જાણે છે કે જે મારે મનથી મારી જીદગીમા સૌથી અગત્યનો ભાગ ભજવે છે આ ભેદ તને પોતાને ઉકેલવાની હ-રકત ન હતી પણ તારી તાકાત નહિ કે તુ તે જાહેર પ્રજા સમક્ષ ખુલ્લો મુકે.'

તમારી ખાનગી છે કે હુ તે જાણુછુ.'

'મારી ખાતરી છે કે તુ તે જાણે છે. તારી શોધ ખોળો તથા તારા વિચારોની કલાકે કલાકની કે દીવસે દીવસની બારિક વિગતોની હારમાળા હુ મેળવુ છુ જે પળે બેડોએ તને માર્યો તે વખતે તુ સઘળુ ખુલ્લુ કરનાર હતો તે પછી તારા બાપની સલામતીને ખા-તર તુ ચુપ રહ્યો પણ પાછળથી તે તારો વિચાર ફેરવ્યો અને લ—ટા ને તે તે વિગતો આપવા કબુ'યુ. તારી તે આરટીકલ લખેલી તૈયાર છે તે એક કલાક પછી ટાઇપમ ભરવામા આવશે અને આવતી કાલના અ કમાં તે પ્રગટ થશે '

'બરાબર કહયુ.'

હવે લુપીન ગુસ્સામા ઉઠયો અને તેનો હાથ હવામા ઉગામી ટેબલ પર ફફડાવીને મુક્કી લગાવતા તેણે બગાડ પાડી,

"તે પ્રગટ નહિ થશે !'

'નહિ થશે !' બોડરૂ પોતે ચોંકીને બોલ્યો.

તે બન્ને હરીફો એક બીજા સામે ટીકતા ઉભા, જાણે તેઓએ એક બીજાને ગરદનમાથી

પકડયા હોય તેમ લાગ્યું. બોડરૂ અજબ ઉત્સાહથી ખીલી રહયો હતો. તેનામાં હિંમત તથા પોતાના જોરની ગુસ્તાખીની અજબ ચિંગારી માલુમ પડતી હતી. લુપિનનો દેખાવ ગજબનાક હતો. તેનો દુષ્ટ હરીફ તેના સપાટામાં આવ્યો હતો તે વિચારજ તેને અજબ જોર આપતો હતો.

'અધિપતિના હાથમાં આર્ટીકલ ગયા છે ?'

'ના, હજી નહિ.'

'તારી પાસે હાં તે છે કે ?'

'નારે ભલાં તે હાં લઇને આવું તેટલો બધો બુઅખ હું નથી'!

'ત્યારે...'

'તે તો મદદનિશ અધિપતિ પાસે સીલ કીધેલું છે. જો મધરાત આગમજ ઓફીસમાં હું ન જાઉં તો તેને તે કમપોઝ કરી છાપવાનો હુકમ છે.'

'આહ, બદમાશ!' લુપીન પટપટયો. 'છાવાએ તો દરેક રીતની ગોઠવણ કરેલી છે!'

તેનો ગુસ્સો દેખીતો વધ્યો જતો હતો અને જવાળા મુખીની પેઠે તે ફાટતો હોય તેમ લાગતો હતો; ત્યારે બોડરતો પોતાની ફતેહથી ખુશ થતો દાંત કચકવાતો હસતો બેઠો હતો.

'ચુપ રહેવ તુ બદમાશ!' લુપીન તેને હસતો જોઇ એકદમ તરયાપાવ પર આવી જતાં પોકાર્યો. 'તું ભુલી જાય છે કે હું કોણ છું... ...અને હું જો ચાહું તો...આહ, ખચીત, મારી સામે બેસી મારી મશ્કરી કરવામાં તું અજબ હિંમત કરે છે!'

તેઓ વચ્ચે ચુપકીદી ફેલાઇ. ધીમેથી હવે લુપીન આગળ આવ્યો અને હોઠ પીસટો તે બોડરૂ તરફ જોઇને બોલ્યો,

'તું હાંથી સીધો લન્ટાંની ઓફીસમાં જા...'

'ના.'

'તારી આર્ટીકલ ફાડી નાંખ.'

'ના'

'અધિપતિને મળ...'

'ના'

'તેને કહે કે તારી ભુલ થઇ છે...'

'ના'

'અને બીજા આર્ટીકલ તું તેને લખી આપ કે જેમાં તું પોલીસનાં મતને ટેકો આપજે કે જે અત્યાર સુધી દરેકે કબુલ રાખ્યું હતું.'

'ના.'

હવે લુપીને મારી ટેબલપર પડેલું સ્ટીલનું મોટું રૂલર લીધું અને દેખઇતું જોર કર્યા વગર તેને પકડીને બે ટુકડા કરી નાંખ્યા. તેનો ક્રોધ ભયાનક હતો. પોતાના ચહેરા પર ફુટી આવેલા પરસેવાનાં બુંદો તેણે હવે લુંછી નાંખ્યા. અત્યાર સુધી જે માણસે પોતાના ઇચ્છા સામે થતાં કોઇને જોયો ન હતો તે. હવડાં આ છોકરાની હઠથી દિવાનો જેવો બની ગયો હતો.

તેણે હવે પોતાના બન્ને હાથો ગીલીપીનાં ખભાપર મુકીને દબાવતાં કરડાકીથી એક એક શબ્દ છુટો બોલતાં કહયું,

'બોડરૂ, હું જે કહું છુ તે પ્રમાણે તારે ચાલવુંજ પડશે. તારે એમ કહેવુંજ પડશે કે તારી છેલ્લામાં છેલ્લી શોધથી તારી ખાતરી થઇ છે કે મરણ પામ્યો છું અને મારા મરણ વિષે હવે તને કોઇ પણ જાતનો શક કે શુંબેહ રહયો નથી. મારી તેવી ઇચ્છા છે તે માટેજ ખાસ તને આ કહેવું પડશે. હું મરી ગયો છું એવુંજ હાલમાં હું જાહેર થવા દેવા હું માગું છું ગમે તે થઇ

જશે પણ તને આ કહેવુજ પડશે. નહિ તો કે . ....

' નહિ તો કે શુ ?'

' નહિ તો કે આજ રાતે તારા બાપને પણ ગેનીમાર્ડ અને હોમતો- શીઅર્સની પેઠે ચુપ ચુપ ઉપાડી લઇ જવામા આવશે '

બોડર આ સાંભળતા ખડ ખડ હસી પડ્યો.

' હસી ના મર! ગડગડાટ થયો. મને જવાબ આપ!'

' મારો જવાબ એ છે કે તમને નિરાશ કરવા માટે હુ દીલગીર છુ પણ મે મારો ખરો અભીપ્રાય આ ાવા કસુરશુ છે અને હુ તે આ પીશજ '

' મે જેમ તને કહ્યુ છે તેમ આપ એટલે બસ છે '

' કોઇપણ કિસમે હુ ખર્ઇજ બોલીશ,' તે જવાને કહેતાંથી કહ્યુ. 'આહ! બના જે ચીજ તમો જાણતા હો ને તે ખુલ્લા આકારમા જણાવતા જે ભારે ખુશાલી આપણને પેદા થાય છે તેની ત્યારે તમોને ખબરજ નથી આ કંગાળ ભેજાએ પોતાની અદના શકિત મુજબ જિગનો તુ તોન કરી ખરુ ખોટુ જે શોધી કાઢ્યુ છે તે કોઇ ખી કિસમે સદતર પુરના આકારમા બહાર આવ્યા વિના રહેવાનુ નથી મે જે મુજબ મારી આર્ટિકલ લખી છે તેજ મુજબ તે પ્રગટ થશે દુન્યા હવે જાણશે કે લુપીન જીવતો છે અને શા કારણે તે મરવાનો ઢોંગ કરતો હતો તે હકીકતથી પણ તે વાકેફ થશે હા, હુ દુન્યા દરેક વિગત તેના સ્વરૂપમા રજુ કરીને જણાવીશ અને ' તેણે ધીમેથી ઉમેર્યુ ' મારા પાસે તમો ચોરી જઇ શકશો નહિ '

ફરીથી તેઓ બન્ને વચ્ચે ચુપકીદી ફેલાઇ અને તેઓ એક બીજા સામે ટગર ટગર જોતા ઉભા. જાણે લડાઇ આગમજ તેઓ એકમેકને છેવટના જોઇ લેવા માગતા હોય તેમ તેઓ દેખાતા હતા આહ! આ બેમા પહેલી છેડતી કોણ કરનાર હતો તે જોવા હુ આતુર જીગરે થોભ્યો

લુપીને હવે પોતાના દાંતો પીસતાં કહ્યું ' મારા તરફનો ખબર ન મળતા મારા બે મિત્રોને તારા બાપના ઓરડામા દાખલ થઇ આજ રાત્રે ત્રણ વાગતે તેને ઉપાડી જઇ ગેની- માર્ડ અને હોમલોકની સાથે કેદ કરવાનુ મારૂ ફરમાન બહાર પડેલુ છે!'

તે સાભળતાજ ફરી પાછો તે જવાન ધુમ હસ્યો,

' અરે, એઘડઘનગીર!' તે હસતો હસતો બોલ્યો ' તુ શુ એમ સમજેછ કે મે મારી સાવ ચેતી રાખી નથી ? શુ તુ મને બચ્ચા જેવો નિદોષને ગધેડા જેવો બુનખ સમજેછ કે હુ મારા બાપને એકલો તેમને ત્યાજ રાખવાની મકલત કરૂ ? '

આહ તે છોકરો અજબ ખુશાલીમા આવી ગયો હતો તે જાણે લુપીનની ચેષ્ટા કરતો હોય તેમ દીવાનાની પઠે તની સામુ જોઇ હસતો હતો .. તેના શબ્દો .તેનુ હસવુ, આમાદ લુપીનની નકલ હતી ધીમેથી ફરી પાછો તે બોલ્યો,

' મિયા લુપીન મને કહેતા શરમ લાગે છે કે તને તારી યુકિતઓ પર આંધળી શ્રધ્ધા હોવાથી અવારનવાર તુ તારા કામોમા થપ્પડ ખાઇ જાય છે. તુ તને હારેલો જણાવે છે ને ? જા, જા હગારા, કે તે બનાવ છે ? તુ સારી પેઠે જાણે છે કે છેવટે જીત તો તારીજ છે તુ હમેશા ભૂલી જાય છે કે તારો સામેવાળાઓ પણ પોત પોતાની યુકિતઓ રચ્યા વિના રહેતાજ નથી...... ...

મારી યુક્તિ તો તદન સહેલી ને સાદી હતી, દોસ્ત પણ છે તે કરીને તું કેની......'

આહ! તે બોલતાં તેને અજબ ખુશાલી લાગતી હતી. લુપીન જેવા હરીફને આવી સફાઈથી હચમચાવતાં તેને અજબ ગીલગીલ્યાં છુટતાં હતાં. પાંજરામાં પુરેલાં જાનવરની પેઠે તે હાલમાં પોતાની પાટલુનના ગજવામાં હાથ ખોસી આમ તેમ ફરતો હતો. લુપીનને જાણે તે કચડી નાંખતો હોય તેવો તે દેખાવ કરી રહ્યો હતો. ફરી પાછો તે આગળ આવી નજાક કરતો બોલ્યો.

'મિયાં લુપીન મારા પપા હમારે ગામ નથી. તેઓ તો છેક દક્ષિણે આવેલાં મોટાં શહેરમાં છે કે જયાં મારાં પચીસેક મિત્રો તેમની તપાસ રાખે છે. જયાં સુધી આપણા વચ્ચેની લડાઇ પુરિ ન થાય ત્યાં સુધી મારા પીતાજીને તેમની નજર આગળથી જરા પણ ન ખીસાડવાના તેમને સખત હુકમ આપવામા આવેલા છે. તમને બધી વિગતો જોઇએ છે? લ્યો સાંભળો, મારા પપા શેરબર્ગ ખાતે ફ્રાન્સનાં આરસેનલ (દારૂ ગોળો રાખવાનાં મથક) માં ત્યાંના ગવરનર સાથે રહે છે. રાત્રે આ આરસેનલ બંધ થાય છે અને દિવસે પણ સરકારી પરવાનગી વીના તેમજ પોતાના સાથ ત્યાનો રખેવાળ રાખ્યા વિના કોઇથી ત્યા જઇ શકાતું નથી તે તો તમે જાણો છો ને?'

તે હવે લુપીનની છેક આગળ આવ્યો અને નાનાં બચ્ચાંની પેઠે ચેષ્ટા કરતો બોલ્યો.

'કેમ શું થયું', મીસ્ટર લુપીનજી સાહેબ?'

થોડીક પળો સુધી લુપીન ચુપ રહ્યો. તેની આંખોનું પાંપણુ વરિક હાલ્યું નહિ. આહ, તે શું વિચાર તો હતો? તે શાનો હીસાબ કરતો હતો? લુપીનને હું અચ્છી રીતે પીછાનતો હોવાથી મારી તો ખાતરી હતી કે બે મિનિટમાં તે ઉછાંછળો છોકરો ગરદા પેચ. થઇને પછાડાનો હશે. તેના હાથ ચવરસવર થયા કરતા હતા. જવાન ફીલીપી પોતાની ઉછાંછળી રીતે ખરેજ પોતાની સત્યનાશીનો પાયો ખોદતો હતો.

'કેમ બોલોને, મીસ્ટ ર ર ર ર ર, ગુંગસ કેમ થઇ ગયા?' તે છોકરો બરાડયો.

લુપીને ટેબલ પરથી તે તાર ઉંચકયો અને આગળ ધરી શાંતપણે કહયું,

'લે, બચ્ચા, આ જરા વાંચ-'

લુપીનની આ ઢબથી તે ઉછાછળો છોકરો એકદમ ગંભીર બની ગયો. તેણે તે તાર લીધો અને વાંચ્યો. વાંચતાંજ તેની ફીકુડી ફાટી ગઇ ને તે બડબડયો;

'એટલે .... એ શું .... મને સમજ નહિ પડતી....'

'ગમે તે હશે પણ તું પહેલો શબ્દ તો સમજે છે ને?' લુપીને ઠંડે કલેજે કહયું. 'તારનો પહેલો શબ્દ .... એટલે જે જગ્યાએથી મુકવામાં આવ્યો હોય તે જગ્યાનું નામ!......જરા વાંચ .... વાંચ ... શું છે? હં ......શેરબર્ગ છે ને?'

'હા ... હા ...' ફીલીપી તત પપ કરતો બોલ્યો. 'હા ... પણ ... હું નહિ ધારતો ... શેરબર્ગ ... પણ તેથી શું?'

'પછી શું છે! ... પછિનું તો બાકી તો સહેલ છે. તને નહિ સમજ પડતું? દુધ ધાવતો ને પારણે હીંચકા ખાતો તું બચ્ચાકો કયાંથી સમજે? જોની, દીકરા હું તને સમજાવું. પછી શું છે? જોઇતી ચીજ ખસેડવામાં આવી છે. સહવારના આઠ વાગતા સુધી તેની થી ગોઠવણ કરવી તે જાણવા દોસ્તોને તેને રાખી, રાહ જોશે. 'બધું સમાધાન છે.' કેમ આતો તને નહિ સમજ પડતું કે? જોઇતી ચીજ બોલ તને નહિ સમજ પડતા હશે. બાહતું શું એમ સમજે છે કે તેને બાસે તેઓ તારા બાપનું નામ લખે? કેમ શું કહેવું છે? વીસ પચીસ

મિત્રોના જાપનામાંથી તારા બાપને ઘણી સફાઇ ભરી રીતે મિત્રોના કળજામાંથી તારા બાપને ઘણીજ સફાઇ ભરી રીતે ખાસ કરીને ઉડાવવામાં આવ્યો છે. હવડાં તું મારી મશ્કરી કરતો હતો ને? તુ શું એમ સમજે છે કે આરસેન લ જેવુ મથક હમારે મનથી મુશ્કેલ છે? જા, જા, છોકરા, આખે દીવેલ ચોપડી નિરાંતે પોઢી જા! તારો બાપ હમારે ત્યાં નિગને પોઢયો હશે કેમ બેથોને મીસ્ટરરરરર, ગુસ્સ કેમ થઇ ગયા?'

પોતાની પર આવી પડેલી આ અચાનક આફત છતાં ફીનીપી એ શાંત રહેવાની જીવતોડ મહેનત કરી પણ એ તેના હોઠો ધ્રુજતા જોયા તેની આંખોમા ઝળ ઝળ્યાં ભરાઇ આવ્યા એકા એક તેનો દીમો ભરાઇ આવ્યો અને બીજી પળે બોર જેવાં આંસુ ખેરવતો

'પપા......ઓ, મારા પપા!' કરતો ધોધ માર રડી પડયો

તે નહિ ધારેલો દેખાવ જોતાં લુપીનની મગરૂરી એકદમ ગળી ગઇ તેના દીલમા એકદમ દયા આવી જાણે તે દેખાવથી તેને કચવાટ થયો હોય તેમ બતાવી લુપીને પોતાની ટોપી ઉપાડી બારણાં તરફ ગયો પણ કાંઇક વિચાર થતા તે તે ત્યાં અટકીને ઉભો અને ફીનીપી તરફ જોવા લાગ્યો. તેનો દયા જનક દેખાવ અને આસુઓએ લુપીનને પીગલાવ્યો બીજી પળે તે પાછો ફર્યો અને તે રડતા જવાનનાં ખભાં પર માયાથી પોતાનો હાથ મુકી બેલ્યો,

'ના રડ છોકરા ના રડ જો, બચ્ચા, જ્યારે પણ લડાઇમાં આપણે યાહોમ ઝીપ લાગ્યે ત્યારે આવા અનેક ફટકાઓ ખમવા આપણે હમેશા તૈયાર થવુજ જોઇએ. હજી તો એ કરતા પણ બુરા ફટકા તને પડયા નથી......આપણા જેવા છરીની ધાર પર રહેનારાઓના નશીબમાં એવુંજ લખેલું હોય છે. એવે સમયે કાયર ન થતાં આપ શે તે બહાદુરીથી ખમવાની કોશીશ કરવી જોઇએ છે. બચ્ચા, તારૂં કહેવુ વાજબી છે. આપણે કાંઇ દુશ્મનો નથી મને તેનો ખાસ આગમજથી જણાવતો છે. પહેલેથીજ તારી હુસ્યારી ને ચાલાકી માટે મને અજબ માન પેદા થયુ હતુ અને તેથીજ હુ તને કહેવા માંગતો હતો—ગમે તે થઇ જાય પણ તુ ગુસ્સે થતો ના. અલબત તને ગુસ્સો લાગશે પણ મને તે કહયા વિના છુટકોજ નથી મારી તને ખાસ ભલામણ છે કે તુ મારી સામે થવાની કોશીશ ના કર .. .જો, હુ કાંઇ મગરૂરીને ખાતર તને તેમ કહેતો નથી... ..કે મને તારે માટે ધિક્કાર નથી .. પણ તુજ જોશે કે આપણી હરીફાઇ સરખી નથી ..... તું જવાન બાળક છે ને હુ દુન્યાદારીમા પાવરધો થઇ દેશ ખાઇ દગાબાજ ગાડે બાધનાર બુમશ્ છુ પેલી "સોનેરી સોય" વાળો ભેદ જે તુ ઉકેળવા તરફ ત્યા મારે છે તે ખુદાને ખાતર છોડી દે ...ધાર કે ત્યા કરોડોનો ખજાનો હોય . . ધાર કે તે છુપાવાની ગજબનાક જગા હોય .ધારકે તે બન્ને વિગતોમા આવતી હોય પણ તેથી શુ થયુ... વિચાર કર કે તેમ થતા મને પોતાને કેવી મહાન શકિત મળી જશે મારા હાથમા જે સત્તા છે તથા જે જે સાધનો છે તેની તને ઢશી માહિતી નથી જે મારી મરજીમા આવે છે અને જે મેળવવાનુ મને ધાટટ લાગે છે તે હું કોઇ બી ભોગ મારા સાધનોને જોરે મેળવ્યા વિના રહી શકતો નથી આ ઉચ બિંદુ લક્ષમાં રાખીનેજ હુ જન્મયો હતો અને મે મારી જીંદગી શરૂ કરી હતી મારી નેમ પુર્ણ કરવા હુ કંગાળ કેદીની પેઠે, કામ કરી રહયો હતો અને જયારે મે માર માગ્યુ મેળવ્યુ ત્યારેજ હું સંતોષ પામ્યો છુ. બુચ્ચા, યાદ રાખજે કે આપણી જીંદગી

એવી છે કે જ્યારે કેનેક ગોવા આપણા હાથમાં આવીને બેસે છે ત્યારેજ તે અજબ જેવી રીતે સટકી જાય છે...કંઇક એવી ખામી રહી જાય છે......આપણા ધ્યાનમાં પણ ન આવે એવી કળ કુંચી છટકી જાયછે...કે હાથમાંનું અમૃત તુરત ઢોળાઇ જાય છે. હું તને કરગરીને કહું છું તું છોડી દે...તેમ ન કરતાં મને તેને કદાચ ઇજા કરવી પડશે અને તેમ થતાં મારો જીવ દુખાશે..' ધીમેથી તેણે પોતાનો હાથ તે છોકરાના માથા પર ફેરવતાં કહ્યું, 'દોસ્ત, મારો અરજ સ્વીકારી તું એ છોડીદે. સાર એજ આવશે કે તને મારે ઇજા કરવી પડશે. યાદ રાખ કે તારે માટે મંડાયલું છટકું કદાચ તારા પગ આગળજ પડેલું હશે!'

તે જવાને પોતાનું મોઢું ખુલ્લું કર્યું. તે રડતો ન હતો. તેના દેખાવ પરથી લાગતું હતું કે તેણે લુપીનનું ભાષણ સાંભળ્યુંજ ન હતું

બે મિનિટ સુધી તે ચુપ રહયો જે ઠરાવ પર તે આવનાર હતો તેનો તે વિચાર કરતો જણાયો તેમ કરતાં હતો ધીમેથી હવે તેણે કહ્યું,

'જો હું મારી આર્ટીકલની મતલબ ફેરવું અને તમારાં મરણની ખબર જાહેર ન કરૂં અને જો હું વચન આપુ કે જે હકીકત હું જાહેર કરૂં તે જો કદી ખોટી ન પાડું તો તમો સોગંદ પર જણાવશો કે મારા પપા ને કશી ઇજા થશે નહિ?'

'હું તે સોગંદ પર જણાવીશ. મારા મિત્રો તારા બાપને મોટરકારમાં બીજે ગામ લઇ ગયા છે જો મારાં કહેવા મુજબની તારી આર્ટીકલ આવતી કાલનાં લ-ટાંમાં બહાર પડશે. તો તે વાંચી હું તેમને ટેલીફોન કરીશ કે જેથી તેમને સહી સલામત પાછા પુગાડવામાં આવશે.'

'બહુ સારૂં,' તે જવાને રડમસ ચહેરે 'હું તમારી શરત કબુલ રાખું છું.'

પોતાની આ નામોશી ભરી હાર પછી હવે જાણે તેમની વાત લંબાવવામાં કશો માલ ન હોય તેમ ગણી તે જવાન ઉઠયો અને પોતાની ટોપી ઉપાડી મને નમન કરી લુપીનને નમ્યો અને પછી એક બોલ પણ બોલ્યા વિના તે હમારી આગળથી ચાલ્યો ગયો. બીજી પળે બારણું બંધ થયું. લુપીને તેને જતાં જોયો. તેના જવા પછીજ તે અંદર આવ્યો,

'ગરીબ બીચારો!' તે ખરાં જીગરે પટપટયો.

બીજે દીવસે સહવારના મેં મારા નોકરને લ-ટાંની નકલ ખરીદવા મોકલ્યો. પા કલાકમાં તો તે એક નકલ લઇને આવ્યો, જો કે તેને તે નકલના ચાર ગણા પૈસા આપવા પડયા હતા લ-ટાંની ચોરીસના મોટાં મશીનો હજી તક આખુ છતાં નકલો માટે ચાલુ રહેલી માંગણીઓને પુરાં પડી શકતાં નહતાં. લોકોને તે નકલ મેળવવાને અજબ ઝીણવટ મારતાં હતાં

મેં પોતે ભારે ઉશ્કેરાટમાં તે પેપર ખોલ્યું. પહેલાંજ પાનાં પર બોલતો - આર્ટીકલ હતો. તે લેખની નકલ નીચે મુજબ છે કેમકે લ-ટાંમાંથી દુન્યાનાં બધાં પેપરોએ તેની નકલ કરી દઇ દુન્યાના નામાંકિત શાહુચોરને ખુલ્લા આકારમાં રજુ કરી દીધો હતો.

સાધન છે.

(જાહેર ખબરનાં પાન ૬૯ થી ૭૨ છે તે ૬૫ થી ૭૨ ગણવાં.)

દુઃખીઓનો દોસ્ત.

ભલા આ કાંઈ લેભાગુ ઉપાયો સમજશો નહિ મોટા અનુભવ અને ઉત્તમ વૈદક [ ]નના આ રામબાણ ઉપાયોછે, એકવાર જરૂર અજમાવશો.

સફેદ કોઢ ને રગતપીત

આ હીંનપસ્તી ભરેલી બીમારીમાં જે કમન ધીબ મરદ યા ઓરત સપડાયાં હોયે અને જે એ બીમારી લાઇલાજ સમજી પોતાની જીંદગી મલેલી સમજી હોય તેઓને હવે નવી ખુશી નવી જીંદગીની આશા પેદા કરી આપનારી બહુજ ચમતકારીક દવા મારી વરસોની નાંખનારો મહેનત અને ચાલુ કોશીશ [ ] ખરચથી ફતેહમંદ નુસકાઓ જેએવા તો ચમતકારીક છે કે આવી બીમારીઓ કે જેને લાઇલાજ સમજી ગઇ છે તેને માત્ર ત્રણ દીવસમાંજ અસર કરી શકે છે અને પદરથી ૨૦ દીવસમાં તો જાણે કોહોડ થયોજ ન હી હોય તેવી રીતે ડાઘે નાબુદ થઇ જાય છે.

એજ મુજબ રકતપીતની બીમારી પણ એટલીજ ટુંક મુદતમાં સમુલગી જતી રહે છે. પછી તે ગમે તેવી પુરાંણી અને ગમે તેટલી હાદે કોય નહીં પુગી ગઇ હોયે—

વળી એ દવાની ખુબી એવી છે કે તે લગાડવામાં યા ખાવામાં કશીપણ રીતની અડચણ મા ટકાકુટ જેવું નથી.માત્ર એકથી ૨૧ ટીપાં ખાવાની અને એટલાંજ ટીપાં રોજ ડાઘો ઉપર લગાડવાની છે. તેમજ વળી કાંઇ ટરીપ રહેઝા જેવું પણ નથી.

એ દવાઓ એટલી બધી તો અસરકારક અને ખાત્રી પુરવક છે કે દવાઓની કીંમતનો એક ભાગ શરૂ લઇ બાકીનો ભાગ બીમાર સારો થવા પછી લેવાને માટે તૈયાર છીએ મહેરબાની કરી એવાં બીમારોએ નીચલે સરનામે પોતાના બીમારીનો પુરતી [વ]ગત ઉપર કેટલા વખતની બીમારી છે, કોણ કોણનાં ઇલાજ કીધા છે. તે સરવે ઓએ વીગત લખી જણાવવી. કોહોડનાં બીમારો ડાઘ ઘુળમાં ક્યારના છે અને કેટલા કેટલા મોહટા છે તે જરૂર અને લખવા તૈયાર ઉપરાંત નીચલી અકસીર દવાઓ એક હાલમાં કંઇક થઇ છે–માત્ર એકજ વખત મંગાવીને ખાત્રી કરશો તો માલમ પડશે એ દવાઓ ખાલી અને મોહ અને તીહારી નથી પણ ખરેખરી ફાયદા કારક હાસીલ થાય છે. એકેએક અકસીર દવાઓ છે. અને એની કીંમતની ટીકટ એકેએક પાઇ પાઇ વસુલ કરી આપનારી છે:-

રોગને ઇતેખાબ—આ એક અકસીર તેલ છે એ તેલની માલીસથી પેરા લેસીસ જેવીવીકટ બીમારી ચોપાજ દીવસમા નાબુદ થઇ જાય છે. એજ તેલથી ગમે તેવું ક્રોનીક રૂમેટીઝમાં પણ જડમુળથી જતું રહે છે-કીંમત શીશી૧)ના રૂ.૧૫.

સુરમો—નંબર ૧.)—આ સુરમો ગમે તેવું જુનું અને સખત આંખનું જાળું–ફુલું ચોડાજ દીવસમા કાપીને ઇનસાનને નવી રોશની અને નવી જીંદગી બક્ષે છે–કીંમત ૧) તોલાની શીશીના પ્યા ૬

સુરમો નંબર ૨) આ સુરમાંથી રાત અંધળાપણું માત્ર ૮) દીવસમાં દુર થઇ જાય છે, અને કદી પણ થતું નથી—કીંમત શીશીનાં રૂ. ૫)

સુરમો નંબર ૩) આ સુરમો હરેક મણસને હંમેશનો ઉપયોગી છે. એનાથી આંખની બીનાઇ છે–કીંમત શીશીનાં રૂ. ૨

સુરમો નંબર ૪–આ સુરમો પણ નં ૩) ના જેવોજ છે. પણ એની કીમતમાં ફેર છે. કે જેથી દરદી અને નાયક બંનેને

Painkiller

(PERRY DAVIS.)



પેરી ડેવીસનું

પેન કીલર.

મરડો આંકરાં, દુખારો,

સાફ કરી આંતરડાં ને ચોખાં રાખે છે.
અચળુચ માંદગી માટે જરૂર ઘરમાં રાખજો.

ચક-જખમ-ઘા-છરીના કાપ માટે

રામબાણ ઈલાજ છે.

મીસ ઈ. સેકસ, મથુરાથી લખે છે.


જ્યારે પણુ મે પેન કીલર વાપર્યુ છે ત્યારે અસર રામબાણ થઈ, છે. તે પોવાય છે તેમજ બહાર લગાડી શકાય છે. હમો પાસેની સઘળી દવાઓમાં તે હમોને સૌથી વધુ જરૂરી છે.

સઘળા ગાંધીઓને ત્યાંથી મલસે.

નકલ્યાઓથી ચેતજો.

મુંબઈના એજંટો. } હરજીભાઈ મુલજી એન્ડ કો.
તથા
મી૦ છગનલાલ રૂઘનાથદાસ,
જુગામસજીદ પોસ્ટ ઓફીસ આગળ.

Gulshan. ગુલશન.



Printed and Published by Mr. DINSHAH K. BHAGALIA at the
"Gulshan Printing Works" NAVSARI. 10 11 14

ટુંકી જાહેર ખબરો



૧ Dawn Photographic Studio Photographers enlargers, frame & Harmoniam makers & repairs Gowalia Tank road-BOBAY.

૨ Cheapest house for cycles & accessories **Binning & Co.** wholesale and reail dealers trial solicited 354, Grantroad-BOMBAY

વેચવાની છે.

૪ ઉતમ ફળઝાડની કલમો હમારા પા સદીથી વખ ણાએલા બગીચાનીજેવી કે પાયરી, બાર જાતના આ ફુસ, ત્રણ વરસની મોટા ફળની ચીકુ તથા તમામ જાત

ના મેવાની ઘરાકને પાછળથી નીરાશ થવુ પડે છે તાકીદે કેટલોગ મંગાવો. લખોઃ—

પી. વી. ભીલાડવાલાને. સ્ટેશન—ભીલાડ. (બી. બી. રેલવે)

૫ નવરોઝ એન્ડ કું. ગોવાલ્યા ટેન્ક મુંબાઇ વિલાયતી તથા ગામડી ખોરાકી પરફ્યુમરી, પેટંટ મેડીસન, ક્રકરી, સ્ટેશનરી તથા દરેક ઘરઘટુ પરચુરણ સામાનના વેપારીઓ.

૬ પી. કરાણીની કું. ફેન્સી કાપડનાં વેપારી. હાઇકલાસ ટેલરીંગ મધ્યમ ભાવ રેલ્વે હોટલ આંટરો.

૭ ભાગ્યશાના પુસ્તકો ચાદુચોર, આગગાડી માળા નંબર ૧, ૨, ૩, ચપનાનનો સાથી, બે- દોસ્તનુ ખુશખુશ વાર્તામાળા—સ્ટોકમાં છે. મંગાવો ગુલશન પ્રીન્ટીંગ વર્કસ—નવસારી.

૮ સુંદર મોલ્ડીંગ—ઉંચામાંના કાચ તથા શાળા રવી વરમાંના તેમજ અંગ્રેજી આંખે ઉડી વળગે તેવાં ચીત્રો વેચનાર તથા ફ્રેમ મેક

હરગોવીંદ ધરમસી, મીરઝાં સ્ટ્રીટ મુંબઇ

૯ "ગાયાના, કમરના, તથા સંધીવાયુસરખા જાલીમ દરદમાંથી મુક્ત કરનાર ધરટ ઇન્ડીઅન મેલોડીઅસ બામ" અકસીર સાબીત થયું છે લખો કે. એન્ડ, એ. કંપની પેરાણી."

૧૦ **તદન ભેટ**—રેલ્વે એકસીડંટ વીમાની પૈ લીસી ઉપરાંત ખીસ્સા ઘડીઆળ યા સેડીયોચલેટ મેળવવા હોય તો એક આનાની ટીકીટ બીડી યોજના મંગાવો.

અમરશી લલ્લુભાઈની કું.-વઢવાણ સીટી

૧૧ The Premier and Cheapest House in India. for Photo requisites Large stock of various camera, kodaks, film and all accessories. Camera repairs our speciality—amateurs works carofully and promptly execued.

S. Mahadeo & son.

54, 56 Hornby Road, BOBAY

૧૨ કુદરતાનસરખર, પરગેટીવ ટીકડી, વેસ્ટેરીઅલ લોકસે ટીવ ટેનીકટીકડી તથારી દુર કરનારો સરબત શી- રપ—શુગર કોટીંગ દવાઓમાં ફક્ત હમારેજ ત્યાં થાય છે ડા. ડી. રાઘવર એન્ડ કું. ખેતવાડી ૧૧મી લી, મુંબઈ.

૧૩ સ્વ. કચકડાની બંગડી તથા બીડી છુટક તથા જથ્થાબંધ મળશે તથા હાથી દાંતની પ્રેઝન્ટ લાયકની ચીજો મળશે વેપારીને કમીશન આપશું. લખો. દરજી મણીલાલ માધવજી દીવમંદર(કાઠીયાવાડ)

અમૃતાંજન.

અમૃતાંજન એ દેશી દવામાંથી હિંદુસ્તાનમાં તૈયાર કરવામાં આવેલું છે. તેનો ઉપયોગ માત્ર શરીરમાં જ્યાં દુખાવો હોય ત્યાં લગાડવામાંજ કરવાનો છે. એમ કરવાથી દરદ જલદીજ મટી જશે.

માથાંનો દુખા, માથાનું શુળ, ગળાનો સર્વે જાતનો દુખાવો, લચક, છાતીની ઠંડીના વિકાર, સંધીવા, કમરનો દુખાવો, ઠેસ, ઘા, વગેરેના દુખાવો એ સર્વ રોગ ઉપર આ ઔષધના લેપ ચોપડવાથી તરત આરામ થશે, કિંમત માત્ર આઠ આના

ટુથ પાઊડર.

કિંમત માત્ર બે આના.

દાદરની દવા.

સુકી ખરજ, દાંદર વગેરે ચામડીનાં દરદો આ મલમથી સારા થાય છે.

કિંમત માત્ર છ આના.

અમૃતાંજન ડીપો,

૧૦૫, શીઅર રોડ, કોટ-મુંબઇ

સાચી સલાહ.

કબજીયાત અને અરૂચી મટાડવાના, લોહી સુધારવાના, વિર્ય વિકારના ગમે તે દોષ દુર કરવાના, ગમે તે જાતના અને ગમે તેવી કમજોરી નાબુદ કરવાના, અને સ્મરણ શકિતને સતેજ કરવાના દેવી ગુણો અમારી

મદન મંજરી ગોળીઓ

ધરાવે છે એવી સાચી સલાહ તમામ વિદ્વાન વઇદો અને બાહોશ ડોકટરો પોતાના દરદીઓને આપે છે. કીંમત-ગોળી ૪૦ ની ડબી એકનો રૂ. ૧

વધુ વિગત માટે અમારૂં તદન મફત મળતું 'વૈદ્ય વિદ્યા' નામનું ૧૨૮ પાનાનું વઇદકીય પુસ્તક મંગાવો. રાજવૈદ્ય નારાયણજી કેશવજી જામનગર-કાઠીયાવાડ

બ્રાંચ ઓફીસ—નં. ૧૮૭ કાલબાદેવી-મુંબઇ.



ઘરડાઓને જુવાન થવાનો જમાનો તે વળી શું!!

ખીઝાબે કસતનૂ તનીયા.

" અસલ ઇસ્તમ્બોલમાં બનેલો. "

યાને ઇસ્તમબોલી કલપ કે જેથી શોખીન મહશયે સફેદ બાલને કાળા કરી શકે છે આ કલપથી બાલનો રગ કાળો ભમર બનેછે એટલુજ નહિ પણ ખરી ગયલા બાલની જ ગાએ નવા બાલ ઉગે છે એ એક નુસખો છે, અને જગજાહેર થ નો છે એની ખરી ખુબીઓમા એક તો એ છે કે માથાની ચામડી ઉપર ડાઘ પડતા નથી તેમજ બાલ વાસ મારતા નથી વાપરીને ખાત્રી કરો.

કીમત રૂપીયા બે પોસ્ટેજ જુદુ.

ટેલીગ્રાફીક એડ્રેસ ઇમામી ટેલીફોન ન. ૨૨૮૦ — મળવાનું ઠેકાણું:—

ધી બોમ્બે ટાઇલ માર્ટ. ૨૧, બેક સ્ટ્રીટ કોટ મુબઇ. પ્રાચ ચાહની ચોક ઢાલ્લી

મા૦ ગુલામઅલી ગુલામહુસેનની કુ° ટાઇલ્સ મારબલ તથા સ્ટીલની શીલીંગના વેપારી

રૂ. ૧૦૦ ઇનામ.

તાવની રામબાણ દવા.

આ દવાથી કોઇ પણ જાતનો તાવ ના ઉતરે તો લીધેના પઇસા પાછા આપીશું આ દવાથી એ ગ્પીઓ તાવ નથી ઉતરતો એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ નુ ઇનામ આપીશુ. ગોળી ૫૬ ની ડબીની કીં. રૂ ૧-૦-૦

શકતીની દવા.


શકતી સજીવનમાં શકિત લાવવાનો ગુણ નથી એમ સબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ મળશે. દરેક જાતની નબળાઇ દુર કરી પુરૂષત્વ વધારે છે વ્યભીચારથાવી અગર બીજા કારણોથી કમી થયલી શકિત વધારે છે નામરદાઇના દરદો અને નસોની નબળ‌ાઇ દુર કરે છે ગોળી ૧૦૦ ની ડબી ૧ ની કીં રૂ ૨-૮-૦

ધાતુ વિકાર—નામનુ પુસ્તક એક કાર્ડ લખનારને મફત મોકલવામાં આવશે

શા. ગીરધરલાલ કલ્યાણજી.	હેડ ઓફીસ—ધોળકા, ગુજરાત
	બ્રાંચ ઓફીસ—મુબઇ, મારકીટ
ગીરીધર ઔષધાલય.	છીપી ચાલ, શ્રી. વલ્લભરસીદાસની કું.

કામકાજ પત્રનો વ્યવહાર હેડ ઓફીસે કરવો.

તમને શું જોઇયે છે?



હમે દરેક જાતનુ નવુ તેમજ સેકન્ડ હેન્ડ સાંચા કામ યુરોપ, અમેરીકાથી ખાસ મગાવ્યે છેએ. વ્હારડેલનાં પ્રિન્ટીગ, તથા લીથો મશીનો જાબ કામ માટેનાં અને ફોટોઝીંકોનાં અપ-ટુ-ડેટ ટેડલો અને મશીનો, કટીંગ, સ્ટીચીંગ તથા પરફોરટીગ મશીનો તેમજ સ્ટીરીઓ મશીનો હમો ખાસ મગાવ્યે છીએ.

તાત્કાળિક જરૂરયાતને પહોંચી વળવા આ મશીનરીઓનો સારો જથ્થો હમો સ્ટોકમાં રાખ્યે છીએ.

એકજ વાર અજમાવશો.

પેરોલ મેકસીમ કું૦

સીતારામ બીલ્ડીંગ,

મુંબઈ.

ગુલશન.

Gulshan.

લંડન એજન્ટ —મેસર્સ ઈ. ડબલ્યુ હારવુડ એન્ડ કો૦ ૨૧, વોરવીક
લંડન, ઈ. સી.

Bombay Sole Representative Mr. H. S. Mistry—The Dawn Studio Gowalia Tank Road

London agent—Messrs E. W. Harwoods
Co; 21 Warwick Lane.
London, E cd

(પુસ્તક ૫ મું) નવેંબર ૧૯૧૪ અંક ૧૧

સાંકળીયું.

INDIA & ENGLAND.

Be up, Ye Sons of India !
And form a Loyal ring,
Let in our Viceroy Hardinge,
And sing :—" **God save the King**

(2)

The mighty Land of India,
Hath many a monarch seen ;
But shines out Great Victoria,
As India's **Empress-Queen !**

(3)

O Mother of many a Nation !—
With whom shall I compare ?—
The Loyal sons of India,
Have **thrived** beneath **thy** care.

(4)

Imperial Crown of India,
Now decks H. M. the King—
The Grandson of Victoria—
Then let us merrily sing :—

Chorus—**God save our Gracious King !**

(5)

No wonder, like Victoria,
He hath a goodly heart,
From where King Edward leaves us,
He takes a noble start

(6)

Now Rule, Imperial England !
Now rule the waves, so wide !
Thy sons and sons of India,
Now guard thee side by side.

(7)

O just the Combination,
That each so sorely needs—
The heads of Saintly sages,
The hands of valiant deeds.

(8)

Then up Imperial India!
And pray for ever more–
That glories of **Britannia**
May spread from shore to shore

Chorus-**God save our Gracious King!**

(9)

O what a **Crown of Glory**
Adorns **the British Dame,**
Where Britons' Flag is hoisted,
They share their **Name** and **Fame!**

(10)

It is no novel story,
That chants the human mind,
No country can beat England–
In Love of Fellow-kind.

(11)

No slave can breathe in England–
Unless his shackles fall–
For, Freedom is the Passport,
That Britain gives to all.

(12)

Then up, Ye Sons of India!
With grateful hearts unite,
And with **Three Cheers for England!**
Our LOYAL SONG recite :–

God save our Gracious King!
Long reign King George the Fifth
God save the King!
Send him Victorious,
Happy and Glorious,
Long to reign over us,
God save the King!

Trimbakrai Jadavrai Desai,
Barrister-at-Law,

ગુલશન માટે

પ્રભુતા!

લખનાર—
હરમીસ.

કયાં જોશો! કયાં જડે! અરે તે પ્રભુતા!
હા! 'સાચ અને સત્યમાં- ખરે છે પ્રભુતા.

અગર- રાત દીન તમ જો લેશો નામ "દાતા"
તો ત્યાં પણ જરૂર મળશે, અખુટ પ્રભુતા.!

આચરણ રૂડાથી, રહો કૃત ગાતાં
તે ત્યાં થીજ પ્રકાશશે, જરૂરજ પ્રભુતા.

ભલે કર્યા હોય, યા, ન હોય સાટાં
તો કરને એવાજ ભાઇ! "કે જેમાં પ્રભુતા.

નથી જો'તું ધન, ના-જો'તા માન મોટાં
બસ, હાલ તેજ મોટો, જયાં 'સાચ્ પ્રભુતા'

સંત શાને શ્રેષ્ટ! છે શિયળમાં પ્રભુતા!
જતિ શાનો તપશ્ચય? પુજનમા પ્રભુતા
વિર શાને વિરલો, ? છે વિર્યમાં પ્રભુતા,
સ્નેહ શાને સંગીન. ? સંબંધમાં પ્રભુતા
ગુણ, જ્ઞાનમા, ગુણાયલુ.—આપોરે પ્રભુતા
થાપે સંસાર શાન્ત, ઓ મુજ "પ્રેમી દાતા"!



કાવ્ય માળા.

કવિ—ભવાનીશંકર નરસિંહરામ

સબરસ! સબરસ!

(ગીત.)

અમાસની રાત્રી, પડવેનું વહાણું,
સપરમે દહાડે, સબરસ ! સબરસ ?
રમણિક રાત્રી; વિજયી વહાણું,
દિપોત્સવી દા'ડે! સબરસ ! સબરસ !

વિર ભુમી માંહિ, વિજયી શ્રી વિક્રમ,
આર્યે આ ભુષણ, સબરસ ! સબરસ !
સોનેરી સાહી, કંચનની કલમે,
લેખો લખાણા, સબરસ ! સબરસ !

કવિતા કથાવી, કવિઓની કલમે,
ગીતો ગવાણાં ! સબરસ ! સબરસ !
વિજયી શ્રી વિક્રમ, જયની જયંતિ,
સુખકારી સંવત ,સબરસ ! સબરસ !

પુણ્ પરાક્રમ, પરદુઃખ ભજન,
જગ માંહિ જશવંત સબરસ, સબરસ,
સુખકંદ ! સુખકંદ ? વિક્રમનું વર્ષ,
ગુણ ગાય ગુણવંત, સબરસ ! સબરસ !

સિંદુરી શોભે, ગગને ગલીચો,
બુલ બુલ બોલે, સબરસ ! સબરસ !
લીલાથી લોભે બહુધા બગીચા ;
કોયલ કલ્લોલે, સબરસ! સબરસ !

મેના, મયુરો, નટ પેર નાચે;
ડોલરની ડાળે, સબરસ ! સબરસ !
સાત્વિક શુરો રટિ સાધુ રમે !
મંદિર માળે, સબરસ ! સબરસ !
વાંજત્ર વાજે મંદિર મ્હોલે,
ગીતો ગવાતાં સબરસ ! સબરસ !
આનંદ આજે, રસ ખુબરેલે,
પય–પ્રેમ પાતાં સબરસ ! સબરસ !
મંદિર મંદિર, વાજીંત્ર વાજે,
વિપ્રો વદે છે સબરસ ! સબરસ!
શોભે છે સુંદીર અવાસ અંદર:
જન દાન દે છે, સબરસ સબરસ
જન સૌ જમે છે. પકવાન પ્રિતે;
ખીર, ખાંડ, ખાજાં, સબરસ! સબરસ!
રસિયા રમે છે, જમીને જલેબી;
વાજે છે વાજાં, સબરસ! સબરસ!
શુભ આ શકુનો, શુભ આજ સંવત
હિન્દ માંહિ હર્ષે. સબરસ! સબરસ !
ભુદેવ ભણુતા, શુભ આજ સ્તોત્રો:
વાંચો છે વેદ, સબરસ ! સબરસ !
ગુણવંત ગણુતા, ભારત ભુમીની;
ભકિતના ભેદો, સબરસ ! સબરસ !
જયરંગ, જયરંગ, ભારત ભુમિના;
ભકતો ભણે છે. સબરસ ! સબરસ!
ઉરમાંહિ ઉછરંગ, ભવાની ભુપર;
સપરેમે દહાડે, સબરસ ! સબરસ !

ગૃહિણીનો પ્રકાર.



ઉપચાર—કરણીય

પવિત્ર પ્રવાહ જ્યાં હજારોના ખર્ચે ઉત્તમ કીધા કામ વચ્ચે હજારો ફીલસુફીઓની ખુબીઓથી ભરપુર યોગ્ય સ્થાને તૈયાર કરવામાં આવ્યા છે, તે આતશની રચના મોહકતા પાકીઝ અને પવિત્ર ખુશ્બુ આવા વચ્ચે જોતા શુ પેર ભરાઇ જવાથી આ નખોજી બાજી ખેલવા ઉપર લક્ષ લગાડે છે.

જેટલા વખતતી તેઓની કહેવાતી મોજ તેના ચમકારાથી મલે છે. તે કરતા ખેવડા તેવડા અવસર સુધીની પાછળનો બદલો શુ તેઓને મજામા લીન થવાથી બદ ગંધથી દૂર રાખે છે યા ભાન ભુલે છે!

આવો દારુગોળાનો શોધકને શુ આપણે ફીરસ્તો કહીશું કે દૈત્ય! ખરૂં છે કે ગમે એવી અનુભવ થએલી વાત આપણ જેઓને કહીશું તેઓ ત્યારેને ત્યારે તે ઉપર ધ્યાન આપશે ક તેઓની લાગણી તેટલાંજ પ્રમાણમાં તીવ્ર થયેલી હશે.

ગુલશનનો

૧૯૧૫ નો જાન્યુઆરી અંક

ફક્ત હિંદુ બ્હેનોના લેખ વાળો થશે.

આ અંક

ઑનરેબલ મી૦ રમણભાઇ મહીપતરામનાં પત્નિ સૌ૦ બ્હેન વિદ્યા બી૦ એ૦ ની આગેવાની હેઠળ તૈયાર થશે.

ગુલશનના બાગમાં ફુવારા ઉડી રહ્યા છે. શું બધા ત્યાંજ ઉભા રહેશે? ના!

ગુલશનના બાગના ફુવારા માહેથી રપસની જલધારા, જે ખુદ નીચેથી સ્વચ્છ આવે છે તે પીવા જો કેટ લોકો રોકાયલા છે. તેમને દેખતા હોવા છતાં પોતાને જે પાણીની તરસ લાગી છે તે પીવાને માટે જરા ધીરજથી થોભવા બદલે, ફુવારામાં જમા થયેલા પાણીજ પીને કેટલાકો ચાલતી મુકે છે. તેમાં પછી દોષ કોનો!

ગુલશનના બાગમાં તરેહવાર ચીજો છે. તે માહેથી જેને જેમ ભાવે તેમ પ્રારંભ કરે છે. એતો સઉને ગમે તે ઉપર અમલ કરે.

અલબત ગુલશનના બાગમાં યા જગના બાગમાં સારી ચીજો સાથ કંઇ નેવળી હલકી બાબદોથી ભરપુર ચીજો બેહ.ઇ છે પણ તેથી તે ઉપર ધ્યાન દેવું યા તેમા તલવાદ કરવો યા તે

છે, એટલે તે માહેથી મોજ મેલવવીજ જોઇએ એવુ કશું નથી. ભલે ચીજો ગમે એવી બંલાયલી હોય. ફક્ત તફાવત જાણવા માટેજ ત્યાં ગોઠવાઇ હશે.

વલી કેટલાકો કહેશે કે એતો કર્મ ચીજ એવું સુંજ પડતુ હોય પણ જેવોની સૂધ્ધ ઠેકાણે છે, તેઓનો તો ધર્મજ છે, કે આડે જનારને કાંઇક ચેતવણી આપવી. તેમ કરવા બદલે તેની પડખે આટલુંજ કહીને "કે એ તો બા કર્મ" ઉભા રહેવું એ ઠીક નથી.

માટે ફટાકડા બદલે બીજી ઘણી જાતની રમત ગમત છે, કે જે માહેથી ઘણી ખુશાલી મલતી રહેશે.

શું આ પ્રસંગે એ બધા પૈસા ભેગા કરી ગરીબ વર્ગને સારૂ જમણ આપવા યોગ્ય નહી કેહવાશે! તેઓની ખુશી થતી આંતરડીનો પ્રેમ પ્રકાશ પેલા ફુસ થઇ જતા દમ વગરના પ્રકાશ કરતા ઓછી નીવડશે?

બોલવુ એક છે. સાંભળવું બીજુ છે. અને કરવું કાંઇ જુદુંજ છે. ભલે આપણા બોલવા માટે આપણુ ઉપર કાંઇ સારી યા કડવી ટીકા કરે! પહેલા માટે તો કાંઇ બોલવુજ નથી તેમજ દરખાવું નથી. બીજા માટે કાંઇ કોધજ નથી. પણ કોઇ આપણી વાત યા આપણી કૃતિ પોતાની મતલબને પેશ પડતી બીજાં આગળ ખોટી રીતે ફેરવીને સમજાવે જેને માટે આપણુને એટલીજ ચિંતા થાય છે કે પેલો ખોટું સમજાવનાર આપણી હાજરીની ત્યાં દરકાર રાખતે નથી, કારણ કે તેના પોગળ ફુટી જાયે માટે કેને જે ભાવે તે કરે જે ઉપરથી પોતાની શકિત મગજ શકિતનુ તે તોલ માપ ભરે છે.

સેવટે આ લખાન વંચાયું હશે ત્યારે દિવાળી આવી અને ગઇ હશે.




હોધેને ડુબ્યા.

લખનાર

ભાગળવા.

(ગ્રંથ ૫ મો)

(શાહુગોર ભુપીનની કહાણી.)



આ માટે આપણે શરૂઆત તપાસી શું. સા● ૧૬ મી એપ્રીલે ગુરૂવારને દિવસે સહવારના ચાર કલાકે મિયાં મિઠુ આરસેની લુપીન પોતાની સૌથી અજબ હિમતવાન ચોરી કરતાં પકડાઇ જાય છે. અને જણાતાં તે નહાસી છુટો છે અને નહાસવા જતાં તે ખંડયર વાળા ભાગ તરફ ગોળાથી વિંધાઇ બે જાન થઇને પડે છે. તે મહા મુશ્કેલીએ ઉઠે છે પણ પાછો પછડાય છે પણ દેવળમાં જવાની આશાએ તે જેહમત કરી જેમ તેમ તે તરફ ઘસડાતો ચાલ્યો જાય છે, તે દેવળમાં ભોંયરૂં છે કે જેની હસ્તીની ખબર તેને અકસમાતિક તપાસ કરતાં પડી હતી. તે એટલુંજ ઇચ્છે છે કે તે જો તે ભોંયરાંમાં જઇને પડે તો સહેલાઇથી બચી શકે. ભારે મુશ્કેલીએ તે ત્યાં ઘસડાતો જાય છે તેવામાં થોડે વાર દુરથી તે કોઇનાં પગલાં આવતાં સાંભળે છે. દુઃખથી આજેજ થયલો તથા ભારે નિરાશામાં ડુબી ગયલો તે પોતાની જીંદગીની આખેરી આવેલી સમજે છે. તે દુશ્મન ત્યાં આવી પુગે છે અને તે કોઇજ નહિ પણ મેડમોઆઝલ સારાહ બરનાડ છે.

આપણા આ નાટકના આ ત્યારે ઉપોદઘાત થયો. પેહલો પડદો ત્યારે આપણે ઊંચો નાંખીશું.

આ બનાવને લગતી મળેલી બીજી વિગતોની સાથે મન કલ્પનાની સાંકળ ગુંથતાં આ બન્ને વચ્ચે શું બનવા પામ્યું તે આપણે સહેલ પામી શકયે છીએ. તે બાનુ જવાન અને સાહસિક છે અને તેણી આગળ દુઃખથી આજેજ થયલો તથા લોહીથી ઝઝરતો જવાન પડેલો હતો કે જેને તેણીએ પોતે જખમી કરી તેનો જાન જોખમ લીધો હતો. શું તે કમનસીબને ત્યારે તેણી સપડાવે ?

તેણી માનતી હતી કે ડુવેલનો તે ખુની હતો છતાં તે કોણ એવી હતી કે તેનો નિર્ણય કરે ? ઇશ્વર પોતે પોતાનું કામ કર્યો જાય છે તેમાં તેણીને વચ્ચે આવવાની શી સત્તા હતી ? હું માનું છું કે લુપીને તેણીને ભાગા તુટા શબ્દોમાં તે ખુનનો ખોલાસો કર્યો હશે અને ડુવેલના ખુની તરીકે મારકવીસ હતો તેની તેણીની ખાતરી કરી હશે. પોતાની ખાતરી થવા પછી તેણી શું કરે ?

કોઇ પણ તેમને જોતું ન હોતું. વીક્ટર તો દરવાજા આગળના બારણાં હતો. ઓલબર્ટ અગાસીપર હતો પણ હાલ તે તેમને જોઇ શકે તેની હાલતમાં તો હનોજ નહિ. આહ ! ત્યારે તેણી તે જખમી થયલા શખ્સનું શું કરે ? તેને સપડાવવા માટે શું તેણી વાજબી હતી ?

આખેર કરેને પણ તે જવાન નાર હતી. તેણીને અત્યંત દયા આવી સ્ત્રી જાત ગમે તેવી સખત છતાં ભલીને દયાળુ હોય છે એટલે દયાથી તેણી દોરવાઇ ગઈ. બીજી પળે લુપીનની સમજાવટથી તેણીએ પોતાના રૂમાલથી તેના જખમપર પાટો બાંધ્યો કે જેથી જખમમાંથી લોહીનાં નીકળે નહિ અને લોહીના દાઘપરથી તેની નિશાન મળે નહિ તે બાદ તેની ફરમાસથી તેણીએ તેનાં ગજવામાંથી દેવલની કુંચી કાઢી બારણું ઉઘાડી તેને પોતાનાં ખભાંને ટેકો અંદર દાખલ કીધો. તે અંદર જવા પછી તેણીએ પોતે બહારથી બારણું બંધ કર્યું અને ઝાડી તરફ ગઇ, જયાં ઓલબર્ટ તેણીને આવી મળ્યો.

ભોંયરાંનો પથ્થર ખસેડી તેમાં દાખલ થવાનું પુરતું જોર લુપીનમાં આવે તે આગમજ જો દેવલમાં તપાસ કરવામાં આવી હોય તો લુપીન મજાહથી તેમના હાથમાં સપડાઇ જાત, પણ છ કલાક પછી આ તપાસ થઇ અને તેથી વળી ફકત ઉપર ઉપરથીજ એટલે લુપીન બચી ગયો. પણ તે કોણથી બચ્યો ? જે બાનુએ તેને મરણ તોલ જખમી કર્યો હતો તેનાથીજ તે બચ્યો હતો.

આ પછી પોતાની મરજી યા ના મરજી છતાં મેડમો-ઝાઇલ સારાહ લુપીનની દોસ્ત થઇ પડી. તેણીએ તેને સપડાવ્યો તો નહિજ પણ જે ભોંયરાંમાં તે સંતાયલો હતો ત્યાં ચોરી છુપીથી જઇ તેની ચાકરી બરદાસ્ત કરી તેને બચાવ્યો, નહિ કર લોહી જવાથી તે અશકત થયલો બિમાર પોતાની મેળે માર્યો જત આ કારણે તેણીએ તેને મદદ કરવાનું ચાલું રાખ્યુ.

આ મદદ કરવા જોકે પહેલાં તેણીને જબરૂં મુશ્કેલ લાગ્યું હશે પણ તુરત તે સહેલ થઇ ગયું. તેણી જાતે ચંચળ અને કુનેહ બાજ હોવાથી બહુ સફાઇથી કામ કરી શકિત હતી. દરેક ચીજનો પહેલાંથી વિચાર કરી રાખી તેનો નિકાલ કેમ કરવો તેની પેરવી કરતી હતી. આ કારણે તેણીએ મેજીસ્ટ્રેટ સાહેબ આગળ પોતાનો મિત્રણ કરતાં જુદુંજ વર્ણન લુપીનનું કર્યું હતું. તેણીજ ચોકકસ નિશાનો જે હજી સુધી હું જાણી શકયો નથી તે વડે જાણી શકી હતી કે સાહેબ બહાદુરનો ઘોડાવાળો લુપીનનો મદદગાર અને માણસ હતો. તેણીએ તેને ચેતાવ્યો અને તાકીદે ઓપરેશન કરવાની ખાસ જરૂર જણાવી અને મારી ખાતરી છે કે તેણીએજ પોતે લુપીનની ટોપીને અદરે ખીજી ટેસવો દીધી હતી. પોતાનો જાન લેવાની ધમકી આપનારું પેલું ફરમાસુ કાગળ પણ હું ધારું છું ત્યા સુધી તેણીએ પોતેજ પોતાની પર લખાવ્યું હતું. આ કાગળ પછી તેણી પર શકમંદ થવાનું કોઇને કેવી રીતે કારણ મળે ?

જ્યારે સાહેબ બહાદુર આગળ હું મારી પહેલી તપાસને લગતી વિગતો કબુલતો હતો ત્યારે તેણીએ મને આગલે દિવસે સાંજે ઝાડીમાં ભરાતો લુપાતો જોવાની હકીકત જણાવી સાહેબ બહાદુરને શકમંદ કરી મને પોતાને ચુપ કરી મુકયો હતો આ પગલું બહુજ ખોટું હતું. હું પોતે જાણતો હતો કે આ વિગત સદંતર ગલત હતી એટલે મારે માટે ખાસ કરીને તેણીને જાતે જોડી કાઢવાનું શું કારણ મળ્યું હતું તે જાણવા મારા વિચારો તેણી તરફ દોરાયા. જો કે આ પગલું ખોટું હતું છતાં મને ચુપ કરી વખત મેળવવા માટે તે ખાસ કરીને બરહક હતું. તેણીની ગણત્રી અજબ ગજબ કરતી હતી.

તેણી પોતે તેની દવા બાજુમાંના ગામમાંથી પોતાને નામે લાવતી હતી અને ચાલીસ દિવસ સુધી તેણીએ તે બિમારને દરેક રીતે સારવાર કરી સાજો કર્યો. તેણી પોતે તેને માટે પોતાને ત્યાંથી છુપી રીતે ખાતું લાવતી હતી. ચાલીસ દિવસ ખાઇ પી, તેણીના નમ્ર હાથોની દીલસોજી મેળવી લુપીન ટટાર થઇ ગયો.

મારકવીસ વિલ્યિમનને ત્યાંની મોટી બરી ચોરીને લગતી એ વિગતો આ પ્રમાણે ત્યારે ખુલ્લી થાય છે. આરસેની લુપીન ખુદ તે જગ્યાએ રહયો, મરતો મરતો બચ્યો અને દરેકની નજરમાં સફાઇથી ધુળ છાંટી શકયો.

તે હાલમાં જીવતો છે. હવે આ ચોરીને લગતાં બીજા પ્રકરણનો ખોલાસો કરવાની ખાસ જરૂર છે કે જેમાં હું કેવી રીતે વચ્ચે આવી શકયો છું. લુપીન જીવતો, જાગતો, આગળ જેવો સત્તાવાન શા માટે પોતે મુવેલો હોવાના ઢોંગ કરે છે તે જાણવાની મને ઘણિજ ઉત્કંઠા થઇ. ઘડી ઘડી લુપીનનાં મરણની ખબર શા-માટે બહાર આવ્યા કરતી હતી તે જાણવાની મને ચટપટ થઇ. મને લાગ્યું કે આ બાબદમાં લુપીનની કાંઇ પણ ઉંડાણું મતલબ હોવી જોઇએ !

આપણે બધા સારી પેઠે જાણીએ છીએ કે મેડમોઝાઇલ સારાહ ઘણીજ સુંદર નાર છે. તેણીના ગુમ થવા પછી છાપાઓમાં પ્રગટ થયલા ફોટોગ્રો ખુલ્લું બતાવે છે કે તેણે અનુપમ હોવી જોઇએ; ત્યારે શું બનવા પામ્યું હશે તેની સહેલ અટકલ થઇ શકે છે. પાંચથી છ અઠવાડયી આ સુંદરીની સોબતમાં દરરોજ પસાર

કરવાથી તેણીની ગેર હાજરીથી લુપીનને ઘણુંજ દુઃખ ઉત્પન્ન થતું હોવાથી જ્યારે તેણી તેની માવજત કરવા વાંકી વળતી હશે ત્યારે તેણીનાં સુગંધી શ્વાસ તેનો જીવ બાગ બાગ થઇ જતો હોવો જોઇએ.

'ટુંકામાં એટલુંજ કહીશ તો ચાલશે કે લુપીન પોતાની આ નવી નર્સ પર દિવાનોજ બની ગયલો હોવો જોઇએ. તેનો આભાર પ્રેમમાં બદલાઇ ગયો હશે. તેણી તેની જીંદગી, તેનો આધાર, તેની આંખો, તેનું સ્વપ્નું, તેની આશા તથા તેનું સર્વસ્વ હતી.

તેને તેણી તરફ એટલું બધું તો માન હોવું જોઇએ કે તેણી તે બાપડીની નિરાધાર હાલતનો કશો લાભ લીધો નહિ અને ના તેણી ને પોતાના મળતાઓને ચેતાવવા કામમાં લીધી. આ તેની ટોળીએ કરેલાં કામોમાં જે ખામી નજર આવી છે તે પરથી ખુલ્લું થાય છે, કેમકે લુપીનની ગોઠવણ હમેશાં સંપુર્ણ હોય છે. તે હવે તેણીને ચાહનાં શીખે છે કે અને જે જીંદગીને તેણીએ બચાવી છે તે જીંદગીને હમેશ ારે ઉગારવા અરજ કરે છે પણ જે પ્યાર તેણીને નારાજ કરે છે તે પ્યાર કબુલવા મેડમોઝાઇલ ના પાડે છે અને તેથી હવે બીન જરૂરી વધુ મુલાકાતો તેણી લેતી નથી અને જે દિવસે તે પુર્ણ સારો થાય છે તે દિવસ પછી તેણીની મુલાકાતો સદંતર બંધ થઇ જાય છે...આથી નિરાશ થઇ તે ભયાનક ઠરાવ પર આવે છે. તે પોતાની ગુફામાંથી બહાર નીકળી પ્રપંચ રચે છે અને તા૦ ૬ જુન શનીવારની રાત્રે તેના મદદનિશો તે નિર્દોષ બાનુને ઉપાડી જાય છે.

આટલાંથી કાંઇ લુપીનનું કામ થાય તેમ નથી. આ નાસભાગ જાહેરમાં લાવવાની તે જરૂર જોતો નથી. કોઇ પણ જાતની તપાસ દોડધામ કે આશા વગેરે આગળ વધવાથી તે તેને પસંદ નથી. આ કારણે એક ઢોંગી ખુન થાય છે એને પોલીસ તપાસ આગળ વધારવા ને ખોટી બાતમીઓ રજુ કરવામાં આવે છે. પોતાના સરદારના મરણના આવેશમાં તેના મદદગારોએ જે ખુનની ધમકી આપી હતી તે અમલમા મુકવામાં આવી હતી એવો ખુલ્લો ભાસ થાય. અને આ કારણને અનુસરી લુપીનનાં મરણની વિગતને વધુ ટેકો આપવાનું નક્કી થયું હતું. ખરેજ, યુક્તિ તો સહેલી ને સાદી હતી તેમાં તો કશોજ શક નથી.

આ વિગતમાં અનુમાન કરવાની કશી જરૂરજ નથી. હવાં તો ચોક્કસ પ્રમાણુજ જણાવીશ. મારી હીલચાલની લુપીનને ખબર મળે છે અને તેની ખાતરી થાય છે કે હું તેના માર્ગમાં હાડકાં મિસાલ ખુંચતો થઇશ. દેવળમાંનો ભેદ હું જાણવા પામીશ એવું તે નક્કી માને છે અને ત્યાં કોઇ હશે નહિ એટલે તે મરી ગયો છે એવી માન્યતા પર રચેલો તેનો કિલ્લો કરર ભુસ થયા વિના રહેશે નહિ.

ભોંયરું ખાલી રાખ્યામાં કશો સાર ન હતો.

નેજ પ્રમાણે મેડમોઝાઇલના શરીરને દરિયાના કિનારા ફેંકવાની જરૂર હોવાથી તેણીનું શબ કિનારેથી મળી આવ્યું હતું.

આ માટે જરૂરિ મુશ્કેલિઓ નડેલી હોવી જોઇએ. એક વખત આ બે મુશ્કેલીઓ ઓછી કરવી કાંઇ સહેલ વાત નથી, પણ લુપીન શાહુકાર લુપીનને મનથી તો તે સાધારણ રમત હતી...

તેના ધારવા મુજબ મને તે દેવળના ભેદનો ખ્યાલ ચ્યગો, મેં તે ભોંયરું ફેંદવા કાઢ્યું અને જે જગ્યામાં લુપીન સંતાયો હતો તે જગ્યામાં હું ગયો, અને મને ત્યાં તેનું કોહી, સડી ગયલું રહેવાનું શબ તે જડ્યું!

જો કોઇએ લુપીનનાં મરણની ખબર ખરી તરીકે સ્વીકારી હતે તેનો આ સાબેતીથી છળકાઇજ જતે અને તેની માન્યતા અત્યંત દ્રઢ

થઇ જાત પણ—તુપીન મરી ગયો છે એવુ માનવાને મે સાફ ના પાડી હતી

મારૂ મન તેમજ મારી કલ્પનાઓ આવા ખ્યાલથી કદી ડગાયા હતાં નહિ આ કારણે કેમ પણ ઢોંગ તુરત સપડાઇ જતો અને ખોટી તર્કો તેના આકારમા ખરી થઇ જતી હતી તે જગ્યા કે ત્યા લુપીનનુ શબ પથ્થર તળે પડેલુ હતુ તે પથર એવી હાલતમા હતો કે તેને જરા સ જ આચકો લાગે તોતે માથા પર પડી માથાના ટુકડે ટુકડા કરી નાંખવા વિના રહેજ નહિ અને તેમ થાતો તુપીનનુ શબ કદી ઓળખી શકાય જ નહિ પણ તેવુ કશુ બનેલુજ ન હતુ કે તે શબ ત્યા ખાસ ગોઠવવામા આવેલુજ ન હતું કે જેથી ઉપર ટપકેથી જોનારાઓ જરૂર છેતરાયા વિના રહેજ નહિ

આટલા કલાક પછી મે બીજી શોધ કરી મને ખબર મળી કે ડીપી ખાતે મેડમોઝાઇન શારાહનુ સબ તણુ આવેલુ મળ્યુ હતું તે શબના હાથમાની મેડમોઝાઇનના શબ તરીકે ઓળખવામા આવ્યુ હતુ આ સિવાય બીજી નિશાન ત શબ પર ન હતી કેમકે તે તદન ખવાઇ ચવાઇ ગયલુ હતુ તુરતજ મને કાંઇક ખ્યાલ અને હુ સમજી ગયા ચાર દિવસની વાત પર મે ડીપી ખાતેના પેપરમા એવી ખબર વાચી હતી કે ઓનવરમુ ખાતેના હોટલમા એક અમેરીકન જેવુ આવી વસ્યુ હતું તેણે આ ગલી રાતે ઝેર ખાઇ આપઘાત કર્યા હતો. પાઠ જાથી તે લાસો અજબ જેવી રીતે ગુમ થઇ હતી હુ ઓનવરમુ ખતે ગયો અને ત્યા તપાસ કરતા મરણની ખબર ખરી નીકળી પણ લાસો ગુમ થવાની વાતમા સબ્ધ જણાઇ નાઠ ત્યા મારી તપાસમાં મને જણાયુ કે મરનાર અમેરિકનના કોઇ કહેવાતા સગા ભાઇઓ નીકળી આવ્યા હતા અને તેઓ નિયમ સરના જામીન આપી તે શબો લઇ ગયા હતા.

આ કહેવાતા ભાઇઓ કોઇજ નહિ પણ આ સેની લુપીના એ ક ક ડીના માણસો હોવા જોઇએ

આ રીતે આ ભાગ પુરવો મળી આવે છે તુપીને શા માટે પોત ના મરણની ખબર પ્રગટ કરી મેડમોઝાઇનના ખુનની ખબર ખરી ઠેરવવા પગલા લીધાં હતા તે આપણે જોઇ આ યા ઠીએ તે તે મેડમોઝાઇનપર હિંસાનો બની ગયો કે આ ગુન્હો તે વિગત જાહેર કરવા માગતો નથી પોતાની મતલબ પાર પાડવા તે કશાથી ડરતો નથી પોતાના અને મેડમોઝાઇનના શબની ખાનગી કરવા તે મે મુદ્દાઓની ચોરી વટિક ગાવે છે આ પ્રમાણે કરી તે શાન્તિ મેળવવાની ઇચ્છા રાખે છે તે મરી ગયો છે એવુ સમજી કોઇ તેને છેડે નહિ એવી તેની મતલબ છે પોતે જે ચીજ દાબી રાખવા માગે છે તનો સસારો વટિક બીજાને જાય નહિ તે માટે તે ખરેજ સભાળ ભર્યા પગલા ભરે છે

શુ ત્યારે તેને કોઇની પણ ધાસ્તી નથી? હા ન ત્રણ જણથી ખાસ બીહે છે અને તે ડર લાગે છે કે રખે તેની ઇમારતનો પાયો તેઓ ઘેમવી નાખે ગનીમાર્ડ જેની દર પળે રાહ જોવામા આવે છે તે તથા હોમનોક શીઅર્સ જે હ ઢ્યાં તેન પ ના આધાર છે તેની તથા આપ હાજર રહતા તમારા ફીલ્મીની તેને ધાસ્તી છે આ ન ર ન જણથી તે કપે છે પણ તેના ઉપાય ગી ત હાથમા છે. તે ગેનીમાર્ડ અને હામનોકને ભારી છુપીથી ઉપાડી જાય છે અને મેડા પાસે તે મોત કાતીલ પણે જખમી કરાવે છે હવે આ બાબદમા એકજ વિગત અધારમા રહી ગઇ છે અને તે એ છે કે પેલી 'પીકળ સોય' વાળો લેખ મારી પાસેથી જબર દસ્તીથી ખુચવી તે ામા તુપીનની શી મતલબ છે ? તે એમનો ન માનતો હોય કે તે પાચ લીટીવાળો લેખ કે જે મારા મનમા ઠસી

રહેલો છે તે તે કાગળ ગુમ થવાથી ભુસી નાંખી શકશે ? તેમ છે તો પછી આ અફસ તકડી શા માટે? શું તે એમ બીધો કે ખુદ તે કાગળ યા તેમાંની કાંઇક વિગત મને તેને લગતો ભેદ ખુલ્લો કરી આપશે ?

તેગમે તે હશે તે સાથે હાલ આપણને કશું કામ કશું નથી. મારકવીસ ને ત્યાંની ચોરીને લગતો ભેદ આ મુજબ ખુલ્લો થયો છે. હું ફરીથી કહું છું કે આ ખોલાસામાં મને કેટલીક જગ્યાએ મારી કલ્પના શકિતનો ઘોડો દોડાવવો પડયો હતો, જો કે તે મારી જાતી તપાસ ને આધારેજ થયો હતો તેમાં તો કશોજ શક નથી. લુપીન ની સામે લડી તેને હરાવવા માટે જો સાબીતો અને વિગતો મેળવવા શોધ્યે તો હું ધારું છું કે જીંદગીના છેડા તુલીક તેમ કર્યા વિના છુટકો રહેજ નહિ, યા તો લુપીને તૈયાર કરેલી વિગતો ને બાતમીઓ લેવી પડે કે જે લઇ તપાસતાં પરિણામમાં મોઢું જેવું મીઠું આપ્યા વિના રહેજ નહિ. મારી ખાતરી છે કે મારાં અનુંમાનો જ્યારે વિગતો બહાર આવશે ત્યારે અક્ષરસ ખરાં પડેલાં જણાશે."

આહા ત્યારે પોતાના બાપના ગુમ થવાની વિગતથી ગભરાઇ ને ફીલીપી આજે કબુલ્યું હતું તે અંતે તેણે તોડયું હતું પરં અને સચ્ચાઇ તેનાં ખરાં સ્વરૂપમાં બહાર આણી હતી આખું ફ્રાન્સ તેના ખોલાસાથી હળ મળી રહ્યું.

તેજ સાંજના પેપરોમાં ફીલીપીના બાપના ગુમ થવાની ખબર પ્રગટ થઇ અને ફીલીપીને શેરબર્ગથી તાર મારફતે આ સનાનના સમાચાર મળ્યા.



પ્રકરણ ૬.

ભેદનો પ-તો !

પોતાના બાપના ગુમ થવાથી જવાન ફીલીપી પર જબરદસ્ત ફટકો પડયો. લુપીન ને વચન આપ્યા પછી જો કે તે પોતાનાં ભેજાંના ખખારાને તાબે થઇ તે આર્ટીકલ પ્રગટ કરાવી ચુકયો હતો પણ તેને વકકી ન હતી કે લુપીન કદીથી તેના બાપને ઉપાડી જવાની સરકશી કરશે. પોતાના બાપની સલામતી માટે તેને યોજેલા ઉપાયો બહુજ કકર ધસ હતા. શેરબર્ગ ખાતેના તેના મિત્રો તેના બાપનો બચાવજ ફકત ન કરતા હતા પણ જ્યાં બી તે જ તો ત્યાં તેઓ સાથેના સાથેજ જતા હતા અને તેમની હાજરી સિવાય કોઇ પણ કાગળ તે ઉખેડીને વાંચી શકતો ન હતો. ના, ના, કોઇ પણ જાતનો ભયતો હતોજ નહિ. લુપીન તો ખાલી પોતાને વચને મજે પેતરા કરતો હતો, તે માટેજ લુપીન ઢોંગ કરી તેને ડરાવતો હતો.

પણ તે ફટકો અચણુચ આવી પડયો કે તે જવાન અકળાઇ ગયો. તે સદંતર લાચાર બની ગયો. શુ કરવું તે તેને સુઝ પડયુ નહિ. પોતાના બાપનો બચાવ કરવા ને પોતાને અસ્કત જોઇ તેને ભારે મુંઝવણ થઇ. તે રડતો બીછાને પડયો. ધીમેધી હવે તે ઉઠયો. એકદમ પેરીસ છોડી પોતાના બાપની વ્હારે ધાવાનો તેને ખ્યાલ થયો. જ્યારે આટલું થવા પામ્યું હતું ત્યારે હવે લુપીન સામે ખુલ્લી રીતે થવામાંજ માલ હતો.

તેણે શેરબર્ગ તાર કર્યો અને રાતના નવ વાગતે ઉપડતી ટ્રેનમાં શેરબર્ગ તરફ ગયો.

ટ્રેનમાં બેસતાં તેણે સાંજના પત્રો ખરીદર્યાં હતાં અને 'લ-ટાં' ની સાંજની આવૃત્તિ ખુલ્લી કરતાં તેને તેમાં લુપીનનો પત્ર જણાયો જે તેની આર્ટિકલના જવાબમાં લખવામાં આવ્યો હતો: તે પત્ર નીચે મુજબ હતો.

મહેરબાન અધિપતિ સાહેબ,

લ-ટાં
પેરીસ.

સાહેબ,

આપણા હાલના સુરત અને નબળા જમાનામાં તમારા ફીલીપીએ તમો જેવા પ્રાનવંત

ખેર આહોની બરકતે કાંઇક જાહેરાત મેળવેલી જણાય છે જે મારી ખાત્રી છે કે આપના દેશના પુરાતન પણાના જમાનામાં સદંતર નિર્જીવ લેખવામાં આવતે. જ્યાં સુધિ હદમાં રહી ને ચાવા ચાવી થવા પામે તે આપણે સહેલ ગરપ કરી શકયે છીએ પણ જ્યારે હદ કુદી જવામાં આવે છે ત્યારે સામાવાળો કેટલી હદે ધીરજ રાખે તે આપણે વિચાર કરી શકતા નથી. તે દીલગીરીની વાત છે આપણા શહેરીઓનાં સ્વમાનની દીવાલ પર ચઢી તે કુદાવવામાં આવી આપણું સ્વમાન લુટવામાં આવે તો પછી આપણું શહેરી પણું કયાં આવીને અટકશે તે હું મુદલ સમજી શકતો નથી.

સચ્ચાના માર્ગે જતાં આવી જાતની અડચણોનો ખ્યાલ થઇ શકતો નથી એવું કાહ્યા કાગડાઓ આપણને સુચવશે પગ એક સાધારણ બનાવને આવડું મોટું રૂપ આપવામાં આવ્યુ છે તે મને સમજાતું નથી. જ્યારે સચ્ચાઇ બહાર આવી છે તો મારે સત્તાવાર પણે તેને ટેકો આપવાની વિશેષ જરૂર છે. હા, મેડમો ઝાઇલ સારાહ જીવતાં જાગતાં છે અને હું તેમના પર જાનો નિસાર છું. તેઓ મને ચાહતા નથી એજ મારાં મનની મોટી મુંઝવણ છે. તમારા નવા શોધક છોકરા ફીલીપી બોડરૂએજ વિગતો દર્શાવી છે તે અક્ષરસ ખરી છે એમ કહેતાં મન કશી આંચકી લાગતી નથી. દરેક વિગતમાં સચ્ચાઇ પુર્ણ પણે છે. મારક્વીસ ને ત્યાંની મોટી ચોરીનો ભેદ ખુલ્લો થયો છે અને હવે કાંઇ પણ બાકી છે!

મારા આ નકરણના ઉંડાણમાં જખમી થઇ. પ્રાણ ઘાતક જખમોથી લોહી લહાણ થયલો હું એટલુંજ ઇચ્છું છું કે મારી છુપી લાગણીઓ ને મારી મોટી આશાઓ પર નાહક કોઇકનાં સુંથણાં પાડવામાં ન આવે અને મને નાહક સંતાપવાનું કારણ ન અપાય. હું શાંતિની શોધમાં જે શાંતિની બરકતે મેડમોઝાઇલ સારહાનો પ્રેમ હું ખેંચી શકું અને મુજ નાચીજ હાથોથી તેણી અને તેણીનાં વહાલાંઓને થયલી મજા કોઇપણ કિસમે ઓછી કરી શકું. મેડમોઝાઇલ ગરીબ હોવાથી જે હાડમારી તેણીને વેઠવી પડી હતી તે કોઇપણ કિસમે દુર કરી ભુત કાળના બનાવો તેણીનાં મનમાંથી ભુસાવી નાંખવાં હું ખરાં મને પ્રતિજ્ઞા કરું છું. જે તેણી હવે પછી માંગશે પછી તેઓ દુન્યાનું મોટી ઉમદામાં ઉમદા નંગ કાં ન હશે તે હું કોઇપણ કિસમે મેળવી તેણીની ઇચ્છા પરિપુર્ણ કરવા તેણીને ચરણે રજુ કરીશ હું તેણીને મને ચહાતાં શીખવી, અનુપમ સુખી કરીશ.

પણ આ થવા માટે મને વખત જોઇએ છે અને તે માટે ખાસ કરીને શાન્તિની વિશેષ જરૂર છે. આ કરણેજ ફક્ત હું મારા હથીઆર નમાવી મારા દુશ્મનો સાથે સુલેહ કરવાની ઇચ્છા કરૂં છું; પણ તે સાથે ખુલ્લી ચેતવણી આપુ છું કે મારી ભલાઇનો જુદો લાભ જો લેવામાં આવ્યો, યાતો મારી માંગણીનો અસ્વિકાર થયો તો ભયાનક ગજબ તેઓ પર આવી પડશે અને તે વખતે મારા કામનો હું પોતે જવાબદાર રહીશ નહિ.

મારી આબદમા ફસી પડેલા પેલા અમેરીકન લખેશ્રી માટે મારે બે શબ્દો કહેવાની જરૂર છે. આ શેઠીયાનું હાલનું નામ ખોટું છે. એ ઓ જાણીતા અમેરિકન અજમપતિ કુલીના સેક્રેટરી છે અને એમને યુરોપની પુરાતન જમાનાની કારીગરની દરેક ચીજ મળી આ વેને કોઇપી કિમતે ખરીદવાનો ખાસ હુકમ છે. એમના બદઅખ્ત નસીબે એમને તમારા કમનસિન લે મસ્યુર એટીની ડી વોડર્ઇ ઉર્ફે શાલુચોર ઉર્ફે આરમેનીઅપીન ઉર્ફે સેવક જાનેને પોને સાથે ઓળખ થઇ. તેમને કહેવામાં આવ્યું કે પ્રખ્યાત રૂબેનનાં અલૌકિક ચિત્રો મારકવીસ ડી વિરિઅન વેચવા માંગતા હતા;

એવી શરતે કે નકશો તેમને ત્યાં રહે અને તેમણે કરેલું સારું કોઇની જાણમાં આવવા પામે નહિ આ ઉપરાંત સેવકે તેને મારફતીઆને સમજાવી તેનું પુરાણું દેવળ પણ છુપી રીતે વેચી દેવા સમજાવવા કબુલ્યું હું. આથી તમારા સેવક અને બે.ળા અમેરિકન વચ્ચે પત્ર વ્યવહાર ચાલ્યો અને તે બાપડો એની ઃ ગણત્રીમાં રહયો કે પુરતા પઇસા આપીને તે શાહુકારીનો માલ ખરીદતો હતો. ચિત્રો તથા કે .માંના ઉમદા કોતર કામ જ્યારે સલામત જગ્યાએ જઇ મુક્યાં ત્યારેજ બાપડા સેક્રેટરી સાહેબને કેદ કરવામાં આવ્યા. એઓ બાઇનો છુટકો કર્યા વિના હવે કશુ બાકી રહ્યું નથી. પોતાના ભોળા પણામાં એઓ ઠગાયા હતા. અને એમનાં નિર્દોષપણાનો મે લાભ લીધો હતો તો હવે તેને પરદેશ રાખી ફ્રેંચ પોલીસ શું કરવા માંગે છે તે હું સમજી શકતો નથી. રખે પોતાના પર પોતાના પર પોલીસનો શક આવે કરીને અબજપતી કુશીએ પોતાના સેક્રેટરી ની ધર પકડ બાબે કશો વાંધો લીધો નથી. સેવક પોતાને મુબારકબાદી આપે છે કેમકે આ કામ માટે શરૂઆતના બાનાં તરીકે મળેલી દોઢ લાખ રૂપ્યાની રકમ માગ ફંડમાં હજમ ખાસદ થઇ ગઇ છે. અને બિચારો ભોળો અબજપતિ તે માટે સહજ પણ વરાળ પણ બહાર કાઢતો નથી.

બસ બહુ થયું. હું ધારું છું કે મે પુરતો જવાબ આપો છે. મેં મારી ફરજ બજાવી છે. હવે સૌને પોત પોતાની બજાવવા દયો.

લંબાન થવા માટે દરગુજર ચહાતો,

વહાલા સાહેબ,

પ્રજાનો નમ્ર સેવક,

આરસેની લુપીન.

પીલીપીએ આ કાગળ બહુજ ધ્યાનથી મનન કરતાં વાંચ્યું. તેની ખાતરી કે આમાં કાંઇ ભેદ હતો- જ્યાં સુધી લુપીનને ખાસ જરૂરત પડે નહિ ત્યાં સુધી છાપામાં જઇ આવા કાગળે લખવાની તે કદીએ દરકાર કરતો ન હતો. પોતાની ઉંડી નેમ બર લાવવાને ખાતરજ તે હરહમેશ આવાં પગલાં ભરતો હતો.

ત્યારે આ કાગળ લખવાનું તેને ખાસ કારણ શું મળ્યું હશે ? કયાં ગુપ્ત કારણને સર લુપીન પોતાનો પ્યાર જાહેર કરી તેની નિરાશા વર્ણવતો હતો ? પેલા અમેરિકનને નિર્દોષ ઠેરવવામાં તેની નેમ શી હતી ? શું તે એમ કરીને, દુન્યાને મારે એવી પાપી યોજના રચતો હતો કે ?

કલાકો સુધી તે જવાન પોતાના કમપાર્ટ મેન્ટમાં જાગતો પડી રહી વિચારવંત અદાએ એકાગ્ર ચિત્તે ટિકતો પડી રહયો. તે કાગળથી તેને શક ઉપજ્યો. તે જાણે તેને ચેતાવીને ખાસ કરી ગોથાં ખવડાવવા માટે લખ્યું હોય, તેમ લાગતું હતું. ને હવે પહેલ વહેલો તરખાયો. તેને અજબ ધાસ્તી લાગી. લુપીનનાં પુઠ્ઠાઓના કાતીલ હુમલાઓની તેને ધાસ્તી ઉપજી; અને ખરેખાત તે ધ્રુજવા પડયો. પોતાના બાપના ગુમ થવાથી તે ધાસ્તીમાં મોટો વધારો થયો આ આંધળી શ્રદ્ધા ચાલુ રાખવામાં ડહાપણ હતું કે નહિ તેનો તેને પહેલો ખ્યાલ થયો શું તે કદીએ ફતેહ પામશે ? લુપીને તેને પહેલા સપાટાગાંજ ગરદાપેચ કરી મુકયો હતો.

તે ધ્રુજતો ધબકતો એક કલાક સુધી પડી રહયો. ત્યાર બાદ તે સુઇ ગયો. સંદવારેના સાત વાગે તે થોડા કલાકની ઉંઘમાંથી જાગ્રત શેર બર્ગના સ્ટેશન પર ઉતર્યો ત્યારે તે ફરી પાછો અજબ હિમતવાન બની ગયલો હતો.

પ્લેટ ફોર્મ પર તેને લેવા શેરબર્ગના આરસેનલનો વડો મશ્હુર ઓફીસર પોતાની બાર તેર વરસની શારલોટ નામની બેટી સાથે ઉભો હતો.

' કેમ, એ કેમ થયું? પીલીપીએ શેકહેન્ડ માટે હાથ લંબાવતાં સમેત સવાલ કર્યો.

તે બંને માણસ રડવાને તનરવા લાગ્યો. તુરત તે તેને પાસેના હોટેલમાં લઇ ગયો અને કોફીના કપ સીપ કરતાં તેમણે વાત કરવા માંડી કોઇ પણ જાતની ગીતન કર્યા વિના ફીનીપી પોતાની વાત પરજ આવી પહોંચ્યો.

'મારા પપાને ચોરી જવામાં આવ્યા છે ને? પણ તે કેમ બન્યું?'

'નહિ, બનવાનું બન્યુ છે. પણ તેઓ ત્યાં-થી ગુમતો થયા છેજ."

'ક્યારે?'

'તે ખબર નથી'

'એટલે?'

'મને ખબર નથી ગઇ કાલે મંઢવારના સાત વાગતે તેઓ રાત્રીના મુજબ જ્યારે નાસ્તા લેવા આવ્યા નહિ ત્યારે હું તેમના ઓરડામાં ગયો પણ ત્યાં તેઓ હતા નહિ.'

'પણ બે દિવસની વાત પર તેઓ હતા ને?'

'હા પરમ દિવસે તેઓ ઓરડામાંથી બહાર નીકળ્યા ન હતા. તેઓ લગાર ઠાકી ગયના હતા અને તેથી શારસોડ પાંચેરે અને રસ્તે તેમનુ ખાનું લઇ ગઇ હતી'

'ત્યારે રાત્રે સાત વાગતાથી સવારના સાત વાગતા સુધીના બાર કલાકમાં તેઓ ગુમ થયા હતા ને?'

'હા, પરમ દિવસની રાતે, પણ—'

'પણ શું?'

'વાત એમ છે કે રાતે આરસેનલમાથી કોઇ પણ છટકી શકતું નથી'

'એટલે તમે એમ કહેવા માગો છો કે તેઓ હજી કિલ્લામાંજ છે?'

'ના. મેં અને મારા સિપાઇએ આખો કિલ્લો ખુંદાની માર્યો.'

'ત્યારે તો તેઓ બહારજ ગયેલા હોવા જોઇએ."

'તે પણ બને નહિ કેમકે બહાર નીકળવાનો દરેક માર્ગ પર જબરો ચોકી પહેરો છે.'

ફીનીપી બહુ વિચારમાં પડી ગયો. ધીમેથી તેણે ફરી પુછ્યું,

'પછી શું થયું?'

'પછી મેં મારા વડાને ખબર કરી અને આખી પલટણની મદદ માંગી'

'તમને તે મળી?'

'હા. મારા વડા તેમજ પોલીસના વડા સાથે આવ્યા હમો બધાએ જીવતોડ મહેનત કરી પણ જ્યારે કાંઇજ વળ્યું નહિ અને કોઇ પણ જાતની આશા રહી નહિ ત્યારે મેં તારા પર તાર કર્યો.'

'ઓરડામાંનું બીછાનું ખોરાયેલું હતું કે? તથા ઓરડા વેર વિખેર હતો?'

'ના તેમની તમાકુની પાઇપ અને ચોપડી જેના તેની જગ્યાએ હતી ચોપડીમાં પાનાની નિશાની બતાવવા માટે તમારો પોતાનો ફોટો હતો.'

'તે ફોટો ક્યાં છે?'

તુરત તેને તે ફોટો આપવામાં આવ્યો કે જે જોતાજ તે જવાન ચોંકયો. તેણે તે ફોટામાં પોતાને જંગલની વચ્ચે ગજવામાં હાથ ઘાલી વિચાર કરતો જોયો.

'આ તારો સૌથી છેલ્લો ફોટો તેં તેના પર મોકલેલો હોવો જોઇએ. એની પછવાડે તા૦ ૩ એપ્રીલ સ્ટાંપ નોંધેલી છે અને રૂડી. વાલ નામના ફોટોગ્રાફરનું નામ છે. લાયન......કરી જગ્યાનું નામ છે જે હું ધારૂં છું તેમ લાયન સુર-મર હોવું જોઇએ'

ફીનીપીએ તે ફોટો ફેરવીને જોયો. પછવાડે તેના પોતાના અક્ષરોમાં નીચલી નોંધ હતી.

" R de Val-3 4-Lion "

રૂ. ડી વાલ—૩, ૪. લાયન "

(ચાલુ છે.)

Dewan Bahadur Ambalal Sakerlal Desai,

(the late lamented chief Justice of Baroda.)

" Lives of great men oft remind us,
We can make our lives sublime,
And departing, leave behind us,
Footprints on the sands of Time."

Dirgelike deathless Death's detested, tolls aloft the doleful bell,
Ere to Dewan Bahadur's castemen, they can go the news to tell.
With a lightning-speed, the sad news spreads like fire near and far,
And the rich and poor rush in, to adore *the Setting Star.*
None can say why all the people, young and old, of Ahmedabad,
Bowed to him with so much reverence, as his sacred bier passed.
Ambalal his *Amba's Lalji,* was his father's Darling too,
Heart and soul, before he learnt, to worship *Learning,* & to woo
And he made tremendous progress, in those Vidya's early days,
Deftly took the M. A. degree, *First Class First,* the record says.
Unassisted, selfreliant, he then passed his L. L. B.
Ran to serve the cause of Vidya, of his Life the secret key.
Artha-Shastra, Shabda-Kosha, gave him soon a boundless fame,
Master Desai changed his calling, as a *Judge* to make his name.
British-born, he joined the service, of Baroda forward State,
And the present Maha-Raja, chose him as his own helpmate.
Lo! he soon became *Chief Justic* and was *Dewan Bahadur* made
And in that exalted status, he was till the last he stayed.
Longing for a wider sphere, he his pension then did take,
Served the Local Corporation, from which none could profits make
And while there he did preside at all the Meetings, big and small,
Kind reception he accorded, to the Congress Leaders-all.
Even at the Rajkot *Sabha* he was asked to take the Chair,
Ruled by him, the Surat *Parishad,* thrived beneath his fostering care.
Long the List of all his Life works-words are poor to narrate,
All his great and glorious Virtues, of the first and highest rate:
Lives, not dies, The Dewan Bahadur, *Brahma Kshatri* brave & bold
Deathless, like the Death-Destroyer, *Bhishma,* of the days of old.
Ever like a brilliant Lamp-Light, shall our erring footsteps guide,
Sunshine of thy saintly Living, and for ever shall abide,
Adieu Sapient Dewan Bahadur, *May Almighty God so High,*
In the Brahman's Light delight thee' midst the Devas of the sky,

May he rest in Peace!

Trimbakrai Jadavrai Desai-Bar-at-Law.

છે, વાસ્તે તમો હવે મુશ્રા નહી જાવો તો સારૂં તે આ ચીઠીથી આપીછે.

"છટ ! હું કેટલો થાકી ગયોછું, ચાર દહાડા વેર બોલતાં મારૂં ગળું દુખી આવ્યું છે ને ચાર દહાડાની ઉંઘ મને માથે ચઢીછે, ને એક કલાકતોબી મને સુવુંજ જોઇએ." તેના શેઠનો નંકિક ઠરાવ સાંભળી તે બુઢો ચુપ રહયો. અને પછી પોતાના શેઠ આમળ જોઇતી ચીજો સુધી તે બ્હાર નીકળી પડયો.

પોતાના હર્ખના ઉમંગમાં આજે તે અર્ધું દુખ વીસરી ગયો હતો તે સઘળું પાછું તાજુ થયું ! તે કાગલ તેને ઉખેડયું ને નીચે મુજબ વાંચ્યું

"હું તમોને મળવા માગુછું, આપણા પપાઅરે મારા પપા આપણે ત્યાં આવવાના છે ને તેથી તમારી સાથે વાત કરવાની છે ને આજેજ મારો જે વિચાર છે તે મુજબ કરવુંજ જોઇએ તેથી હું રાતના તમોને સાત વાગે મલવા આવશ. મને આશા છે કે તમો મારી માગણી ના નહી પાડશો. લીલી."

તે કાગળ વાંચી રહયો કે તેના સુખી દીવસોની યાદ તેને યાદ આવી, ને તે દલગીર જેવો બેઠો. તેને ખરેખરા પ્યારથી એકજ ઓરતને ચાહી હતી. તેનામાંજ તેની જીંદગી હતી, પણ તેનું સુખ થોડાજ વખતમાં કચડાઇ ગયું. એકા એક પુંચવી લીધું હોય, તેમજ થયું હતું. આજે બે વર્ષ થયાં, તે તે ભુલાવાની કોશેશ કરતો હતો, પણ તેમાં તે નિષ્ફલ નીવડનો. પોતાના પ્યારમાં મળેલી સીકસ્ત પછી તે વધારે મોજીલી જીંદગી ભોગવવા લાગ્યો. અને (પેલા કહે તેમ) ખરાબે અટેલાતો થયો. તે પુનાના એક આબરૂદાર ખાનદાનની છોકરી નામે લીલી શેઠના સાથ તે પરણ્યો હતો. પરણ્યા પછી બે વર્સ તેઓ સુખમાં રહયાં હતાં. પણ પછી લીલીના અદેખાઇ, યા અંતષ, જે સમજો તે કારણથી એક નજીવા બ્હાણાં દોલ, તેની બાયડી તેના ઘરશેરો છોડી ગઇ હતી. બે વર્ષ તે વાતને થયાં હતાં. આજે તે વધું માન પાન ભોગવતો થયો, ત્યારે તેની પરણેતર તેની બાજુમાં ન હતી. એ વાત તેના મગજમાંથી સપાટાબધ પસાર થઇ ગઇ. અદેખાઇનુ નજીવું કારણ એજ હતું કે લીલી સાથ પાછાણુ થયા અગાઉ, મેહરાં બંગાલી નામની એક સુંદર, અને શીખેલી બાનુ સાથે, જ્યારે તે બેગ્રોર હતો, ત્યાર તેને ઓળખ પડી. તે દોસ્તી ઘણીજ આગલ વધેલી લોક ધારતા હતા, અને નવલ બૅરીસ્ટરની સાથે સુંદર મહેરાંનુ નામ લોક વગર અચકવે ગોઠવા બોલતાં. તે તેના રહી તેને ઘણે લાંબે વખતે તે પરણીને સંસારમાં પડતા પછી મળી, તે ખ્બી વાતથી લીલી અજાણ હતી. કોઇ તરફથી તે વાત તેણીએ સાંભળી, અને તથી ત્યાર પછી જ્યારેબી નવલ તેની મીત્રણ સાથ ફરતો યા વાતચીત કરતો, તે પર તે બારીક નજર રાખતી, અને ભુલ ભરેલા વીચારથી દોરવઇ જઇ તેની પાસે ખુલાસો માગતી. પોતાપર વિશ્વાસ નહી રાખવાથી નવલ ચીરડાયો. આ કારણ તેના બાયડીને પુરતું હતુ. તે એક નાંક ઠરાવપર આવી ને જુદું ઘર ભાડે લઇ ત્યાં જઇ રહી. એ વાત પાચ મીનીટ પર બની ગઇ હોય તેમજ તેને લાગ્યુ અને વિચારમાં ચકચુર તે બેઠો, તેટલા શુભ્રાના પાછો આવ્યો.

"સાહુબ, પલા બાઇ નીચે બેઠાંછે ને તમુને મળવા માગે છ" શુભ્રાની બોલ્યો. નવલ તે સાભળીને ઉઠયો.

જ્યારે તે ઓરડાનું બારણું ખોલી દાખલ થયો ત્યારે ટેબલ પર મુકેલા આલબમ વાંકા વળીને જોતી, ભપકાદાર પાષાકમાં સજ થયલી, અબલા તેના આવવાના અવાજથી ફરી. તે કોઇજ નહી પણી લીલી હતી. તે અસલનાં જેવીજ બલકે વધુ સુંદર આજે દેખાઇ. સુંદર બ્હુ સાડી અને એકદમ બ્લાઉઝના, ભપકાદાર શણગારથી, બે અઢિ વર્સના લાંબા ગાળા પછી, તે આજે તેને રૂબરૂમાં મળ્યો હતો, એમ અચીંતી પોતાને ત્યાં આવેલી જોઇ, તે અજબ થયો. નવલનાં વિ

ચાર તેણે પારખી લીધા હોય તેથી કે શું ને થ રમાઇને મુગી બેઠી. તેના માટે ખુરશી બેંચી બી જી પર પોતે ગોઠવાઇ તેણે ધીરેથી સવાલ પુછયો "તમારી શું માગણી છે"? લીલીએ તેનાં મે હ ઢા ગમ જોયું. શાંત દેખાવથી તેણે એ સવાલ પુછયો હતો

"મારા પપા અહીં આવી આપણુને મળવા માગે છે, આપણા સુખી સંસારની પરિક્ષા તેઓ કરવા માગે છે. તે કાગલ વાંચી મેં ઘણા વિચાર કીધા, પણ કંઇ સુજ પડતું નથી, ને આ તો એક ખ્યાલ મને આવ્યો છે જો તમે તે પ્રમાણે ચાલવા કબુલ થાવો તો મને મદદ થાય." "અહીં તેણીએ કાલાવાલા કરતી હમે કહ્યું.

"તમે શું કહેવા માગો છો તે હું સમજી નથી શકતો" તેણે ગુચવાઇને કહ્યું.

"મારી મતલબ એજ છેકે આપણે જુદા પડયા છિયે તે તેવણુ જાણે તે મને પસંદ નથી. મારા બાવાના બુઢાપામાં હું તેવણુને દુખી કરવા માગતી નથી. આજ વરમેં આ ભેદ છુપાવ્યો છે. ને હવે તેવણુ પોતાની દીકરીને અને દીકરાને—"

"દીકરો! તે કોણ!" તેણે વચમાં સવાલ પુછયો.

"તમે. મારા બાવા તમુને એક દીકાજ ગણે છે" તેણીએ શરમાઇને જવાબ દીધો. "તે આપણે ત્યાં તેવણુ કેઇ દહાડે આવ્યા નથી એકજ દહાડો તેવણુ અહી આવવા માગે છે. મને મદદ કરો. એકજ દહાડો આજથી તે કાલ રાત સુધી હું અહી રેહવા માગુ છ ને જો તેવણુ આગળ આપણુ અસલ રહેતા હતાં તે મીસાલ એક દહાડો રહાતે કયે. પપા પાછા પુન જશે કે હુ મારે ઘેર રાતના જશ" લીલીએ સમજાવ્યું

નવલે પોતાના હોલપર એક ઉડતી નજર નાખી. અર્ધો ભાગ ખાલી પડેલો હતો. સુંદર ફરનીચર ધુળખાતું પડેલું હતું, અને તેજ રિયનીમાં તેનું આખું ઘર હતું. ફકત વપરાતો ઓરડો ને જે સુનો હતો તે, ને તેનો ઓરીસ રૂમ હતો. વળી ઘરમાં તેનું માણુસ કોઇ ન હતું એ બધી મુશ્કેલીઓ તેને ઝટ યાદ આવી. તેની ફરતી નજર પર એકાગ્ર ચીતે જોતી લીલીને નવલનાં વિચારનો કંઇ ખ્યાલ આવ્યો.

"આપણે લીલી લોડજ અસલ જેવો હતો તેવો બતાવવાને ખાતરજ આજે હું અહી રેહવા માંગુ છું. મારી બે આયાઓને હું લાવી છું. તેમજ બીજા બે મારા માણુસો છે. લોકમાં કંઇ ચરચાર નહી થાય તેની હું સંભાળ લેશ, ને ઘરમાજ હું રેહવશ. તમોને જોઇએ તો તમારા માણુસોને બે દહાડાની રજા આપો કે કંઇ ચાવાચીથી તે લોકો કરે નહી" એક પછી એક જે અડચણો નવલે બતાવી તેનો ખુલ્લો રદયો લીધી આપતી. આથી કંઇ ઉપાય તેના હાથમાં રહ્યો નહી. વળી તેના જીગરમાં એક નવી આશા એ ઘર કીધુ. કાં નહી નસીબ તેને મદદ કરતું હોય ને તે બાજ પછીથી પાછો સુખી થવાનો હોય? તેને ચુપ બેઠેલો જોઇ લીલીએ વધાર્યું.

"હમણા તમોને ફરવા યા પાર્ટીમાં જવું હોય તો જાવો, હું જો અહીં રેહવુ તો મને એકલીનેજ વધુ ગમશે, મારાથી સંભાલથી બધું કામ થશે અને હું મારાં ખરાં જીગરથી માનુછું કે પપાને આ રાણે છેતરી શકશું"

લીલી હુલટથી બોલી.

"તમે કેહવો છ તે મને કબુલ છે." અંતે નવલે હા કહ્યું, 'પણ એ ઘણું મુશ્કેલ છે, ને કઇમી આટો બધાયો. ને ભેદ ખુલ્લો થયો, તેનો જોખમદાર હું નથી. હમણા મને જરુજ મોરીસનને ત્યાંના બોલમાં જવુ છે.સુથાની નામનો મારો એકજ માણુસ છે તેને હું કહી જાઉછ કે બે દહાડા તે પોતાને ઘેર જાય. આજે હું તેમ કેહવશ તો તેને અજાયબી નહી લાગશે. અહીં તે ચુપ થયો તેનું વર્ત છે એમ તે જણાવવા જતો હતો, તેની બાબડી તે પારખેછે કે નહીં

તે જાણવાની હોંશમાં સુતો રહ્યો, પણ તેની બાયડીનું ધ્યાન તેના બોલવાના પર હતુંજ નહી.

આથી તે ચુપચુપ પોતાના ઓરડામાં ચાલી ગયો લેડી વાયોલેટ સ્મીથને તે બોલમાં મળવાનું પ્રોમીસ કરી આવ્યો હતો, ને તેથી તેણે ધીમે ધીમે તૈયારી કીધી. લીલી તુર્તજ પોતાની મરજી મુજબનો ફેરફાર કરવાની તૈયારીમાં પડી, તે બધી ગડબડ સાંભળતા તે તૈયાર થયો. તેને ઘણા વીચારો આવ્યા, પણ તોથી તેણે જોયું કે પોતાના બાપને ઈતરવા સીવાય બીજી કશી મતલબ હતીજ નહી.

તે તૈયાર થઇ જવા નીકળ્યો, ત્યારે હોલમાં પાછી નજર ફેંકી. એટલા વારમાંજ ત્યાં ફેરફાર થયલો તેણે જોયો, મદ્રાસી જેવાં બે માણસોની સાથે, બે આયાઓ, ને લઇ ગોઠવ ગાઠવ કરતી સબીઓ ટાંગવા ફેર બદલ કરવા એક સ્ટુલપર લીલી ચડેલી હતી. નવલ અંદર દાખલ થયો. "મારૂં કંઇ કામ છે કે? હું મદદ કરૂં"?

"નહી બનતાં સુધી હું એકલીજ બધું કરીશ" કામપરથી તેણીએ જવાબ વાળ્યો અને તેની સલામનાં જવાબમાં નમન કરી તે પાછી ગોઠવ ગાઠવમાં કામપર મંડી.

રાતના બે વાગ્યાનો વખત હતો. પરોણાઓ એક પછી એક બોલમાંથી ઘેર જતા હતાં. લેડી વાયોલેટસ્મીથ આજે નવલની વર્તણુંક જોઇ અજબ થઇ હતી. જે વ્હાલથી નવલ રોજ તેની પાછળ ફરતો, તેવું આજે ન હતું. ખરૂં પુછો તો નવલનું ધ્યાન આજે ઠેકાણે નહી હતું. તેનો ખ્યાલ તેના ઘરમાં હતો. તેની બાયડી હમણાં શું કરતી હશે! તેની ગોઠવણી આછીમાં ફાવશે કે! એ બધા વિચારોમાં તે ગુંચવાઇ ગયો હતો લેડીવાયોલેટ તેની ઘણી માનીતી ફ્રેન્ડ હતી. અને તેથી તે દીલગીર થઇ ગઇ. આજે બોલમાં તેણીને કશી ગમત પડી નહી. અને નવલે કંટાળી ગાડી મંગાવી પોતે લેડી વાયોલેટને મળી ગાડીમાં બીડી પડ્યો.

જ્યારે તે ઘેર ગયો ત્યારે તેની અજાયબી નો પાર ન હતો. લીલીએ તેનું ઘર તદનજ ફેરવી નાખ્યું હતું, ધુળ ખાતુ પડન પડેલું તે ઘર ગોઠવાવાથી તેનાં સુંદર ફરનીચર સાથે ભપકો દેતું હતું, અને હજી તે ડાઇનીંગ રૂમ, ને સીટીંગ રૂમ ગાઠવવા પડેલી હતી. ખાવા પીવાના વાસણો અને કબાટ પેટીનો હવાલો લઇ વર્ષોની ઘર માંડવાની આવડ હોય તેમ લીલા શાંતપણે હાકેમ આપતી હતી! તેમજ પોતેબી કંઇનું કંઇ કરતી ઘડીકમાં અંહી ને નહી તો ત્યાં એમ ફરતી ઉડતી હતી. અને નવલ તે જો તો થોભ્યો, તેના અંત:કરણમાં અજબ લાગણી થતી હતી. ખુદા તેને કાં નહી મદદ કરતો હોય! તેનું પડી ભાગેલું ઘર કાં નહી આખું થવાનું હોય? લીલી ઉલટમાં આવી હતી તો પણ નવલ ને જોઇ કંઇ કંઇ મનમાં નહી હોય, તેમ પોતાનું કામ કરવા લાગી. માણસો થાક્યા હતા તેથી બે જણને સુવા મોકલી દીધાં હતાં પણું એક આયા સાથે તે બાકીનું કરતી હતી, બધા ઓરડામાં તેણીએ જરા સરખો ફેરફાર કર્યો હતો, પણ ખુદ નવલના ઓરડામાં તે ગઇ ન હતી. અને નવલ તેણીને માટે વીચાર કરતો થોભ્યો હતો, તેણીએ તે પારખી લીધું.

"અમે આજે સુવાના નથી, તમે જઇને સુઇ જાવો. સાત વાગે ટ્રેન આવશે તેટલા ચાર કલાકની રેસ્ટ મલશે" તેને ચુપ ચુપ ઉભેલો જોઇ તેણીને બોલવાની ફરજ પડી. "અને જો સુવા ગમશે તો ડ્રોઇંગ રૂમમાં મોટી ઇઝીચેર પર હું રેસ્ટ લેવસ." તેણીએ ઉમેર્યું.

નવલ ત્યાં તે સાંભળીને ચુપ ચુપ બેસી રહ્યો તે એક બોલના અને જે બોલે તે કરનારી હતી એમ તે જાણતો હતો તેથી તે વિચાર કરી ઉઠ્યો. હાંસો હોવાથી, તેના ગમે એવા જાગવાના કાંઇશ છતા તે બાર ઉંઘમાં પડ્યો, અને સુરજ ઉગી ચુક્યા પછી તે એકાએક જાગ્યો. સાત વાગી ગયા હતા તે ઝડપથી તૈયાર થયો અને તેજ વખતે વાર જોઇ લીલીએ પોતાના માણસને ઉપર જોવા મોકલ્યો.

"પણ પપા ઘેરમાંથી જવાના કારણમાં તો ઘણુંજ વજુદ હતું ને મને તો એ પોતાને ઘેર પાછી આવી તેથી ઘણી અજાયબી લાગે છે. આપણો વાંક નહી ને ગળે પડે તે કેમ ખમાય? હમેશ માટીડાઓ ગરીબ ગાય જેવામાં ખપે ને છુટી જોય ને વાંક બનો આપણોજ કહેવાય. એ ઘણી ખોટી વાત છે" લીલી બોલી.

"તેમ ધારવામાં નગી ભુલ છે દીકરા. એક પરણેતરે, એક ઘર ધણીયાણીએ, પોતાની ફરજ ભુલી જવી જોઈતી નથી. એક ભલી ધણીયાણી પોતાની લાગણીનાં ભોગે બી ધણીને સુખી કરવાની કરવાની ફરજ સમજે છે એક વખત પોતાના ધણીનું ઘર છોડી જવા જેવી બેવકુફાઇમાં જે કોઇ ફસે તેની દયા કરવી જોઇએ. ગુસ્સાના આવેશમાં આવેલી તે પરણેતર તેમ કરવામાં પોતાનો હમેશનો હક ખોય છે, પ્યારમાં ખતરો પડે છે, અને સંસાર તેઓ વચ્ચે ચાલી શકતો નથી દીકરા. ને ગુલાં જેવી એક બાહોશ અબલા એમ દોરવાઇ કેમ હશે તે માટે હું તો અજબ થાઉં છું" પીતાનુ બોલવું સાંભળી લીલી તો ચુપ થઈ.

આ તેઓની વાતચીત કોણને માટે થતી હતી. તે નવલ સમજી શક્યો નહી. પોતાના સસરા ને લીલની ચુપકીદીથી કંઇ શક જાય તે ખ્યાલે તેણે વાત આગલ ચલાવી.

"પણ તેઓ વચ્ચે શું પંચાતી હતી?" તેને માલમ ન હતું કે એ સવાલ પુછી તેને સજ્જડ માર્યું હતું. લીલી ગભરાઇ ગઇ નવરોજી બી અજબ થના બો!.

"મારા વિચાર પ્રમાણે તો દીનશા ખંબાતાનોજ વાંક હતો અને તે એજ કે એક ચોકસ દોસ્તદારો અને ગુલાંનાં સગાઓમાંના થોડાંક જે તેણીને મળવા આવે તે તેને ગમતું ન હતું જ્યારે ગુલાં બીમારીની હાલત સુધી વચ્ચે સોપારી જેવી થઇ અને દરરોજની પંચાતીથી કંટાલી તે દિનસા મામાને મામાને ત્યાં જઇ રહી ને તેવણે પાછી મોકલી ફરી તે પપા કહેછ ત્યારેજ જાણ્યું" લીલીએ એવી રીતે ખુલાસો કીધો કે બેઉને સમજ પડે.

"પણ તેમાં કંઇ દીનશાહનો વાંક હું જોતોજ નથી એક ઉછાછલી પરણેતરજ પોતાના ધણીને છોડી જઇ શકે છે પણ રાત દીનનો તેનાં અંતઃકરણનો પસ્તાવોજ તેને માટે પુરતો થાય છે પણ ધણીયાંણી વચ્ચે એવો કુસંપ થવા દેવોજ ન જોઇએ. બનતાં સુધી નાખતી કરીનેજ ચલાવી લેવામાંજ ડહાપણ છે દીકરા. ને તું તારી માયનો દાખલો યાદ કરી શકિત નથી કે મારા આકળા સ્વભાવથી તે કેવી કંટાલી ગઇ હતી છતાં તે કેટલીક સંતોષીને સુખી દીસ્તી હતી. ગરીબ મારી રતન. હવે મને તેનો પસ્તાવો ઘણોજ થાય છે. ને હુ ઇચ્છુંછ દીકરા કે તું બી તારી માતા જેવી માયાળુ ને શાંત સ્વભાવથી તારા ધણીને સુખ આપે" આ વળી બીજો આવલી બીજો આડકતરો ફટકો હતો.

હવે લીલીના બાપનું ધ્યાન પોતાની પરણેતરની યાદથી તેની મોટી સબી શોધવામાં રોકાયુ જે લગ્નની પ્રેઝંટ દાખલ લેંલીને દારાશા મામાં તરફથી મળી હતી.

"તારી માયની સબી ક્યા ગઇ દીકરા! તે અહી નથી ટંગાવી?" તેવણે આસપાસ જોઇ પુછ્યું. લીલીએ તે સાંભળી પોતાની નજર ભીંત પર ટાંગેલી સબીઓ પર ફેરવી પણ પછી તેને યાદ આવ્યું ને તુર્ત બોલી ઉઠી. "પપા તે સબી તો જમવાના ઓરડામાં ટાંગી છે. તે તમે નથી જોઇ, પણ ચાલો તમે અહીં શુ બેસી રહયા છો. મારી સાથે ઘેર જોવા આવો બાગમાં ફરો, તબેલામાં ઘોડાઓ છે તે જોવો, ને પછી તમે શું ધારોછ તે મને કહો" એમ કેહની નવલને ચુપચુપ બેઠેલો જોઇ તેના ગમ ફરી "ચાલોની નવલ

ડીયર તમેજી આવોની" કરતી બાપનો હાથ પકડી તે મોટા હોલમાં નવલના લગન પર દેરતો તરફની બેટ વગેરે બતાવતી, હરતી રમતી તે ફરવા લાગી. આ વખતની લીલીની ચાલથી એમજ ધારી શકાય કે તે ત્યાંની જાદુકની રહે-વાસણુ હતી. નવલ પોતેજી તેની રીતથી અજબ થયો. અસલ લીલી જેનો પ્યાર જીતવા હજારોનો ભોગ આપવા તે રાજી હતો તે ને આ લીલીમાં કંઇ ઘણો ફરક લાગ્યો નહી.

સીટીંગ રૂમમાંથી થઇ પહોણાઓ વાસ્તે રાખેલા ઓરડામાં વાતચીત કરતાં ઓરડાઓ ફેરવીને બતલાવતી, તે બંગલને નાકે તેને લઇ ગઇ કે જ્યાંથી બાગમાં જવાનું નજદીક હતું જ્યારે હોલની પાસેનોજ સુવનો ઓરડો જે નવલ વાપ તો હતો તે અને તેનો બોર્ડીમ રૂમ બતલાવવા લીલીએ ખસ માંડી વાળ્યું પણ તેના પીના વધારે ચતુર હતા બધું જોતાં ને નહી જેવ માં આવ્યાથી બાવાએ ધ્યાન ખેચ્યુ

"હવે આપણે અંદર પાછા જઇશું કેની ત્યારે તે સાથે બતલાવશ પણ હવે તો આ બાગનો દરવાજો આવ્યો." કરી વાત ઉડાવતી તે બહાર નીકળી. ફુંવનરી, ટોટ હાઉસ સમર હાઉસ વિગેરે જોતાં ફરતાં સુંદર ફુલ ફેલનાર ક્યારાઓ, વચ્ચે વાત કરતા બપોર પડી ચુકી અને જમવાનો વખત થઇ ગયો. લીલીએજ તે પરથી ધ્યાન ખેચ્યું.

"ચાલો પપા હવે જમવા જઇયે પછી ચાહ પીને તબેલામાં ઘોડા જોવા જઇશુ" અને તેઓ સઘળા બંગલાની પાછલી સીડીથી અંદર દાખલ થયાં. જે જોયું હતું તેથી ખુશ નવરોજી રીતના નવલના ઉચ્ચા ટેસ્ટ રીતથી ખુશ થયા હતા.

ખાણુ ખુશાલ પસાર થયું અને તે પછી નવરોજી બાવા આરામ લેવા અસ્બાબને તેટલાં નવલ પોતેજી ફરો થયો કરી ખુશાલ પોતાના ઓરડામાં ભરાયો જ્યારે લીલી પિતાને સાથે આપવાનું ખાટલું તૈયાર કરવા પડી હવે કશી ચિંતા હતીજ નહિ સઘળું સહેલા-ઇથી પસાર થયું હતું જે ત્રણ ચાર કલાક બાકી હતા તેમાં કંઇ બીહવાનું ન્હતું.

ચાહ પીવા પછી ફરી તેઓ બાગમાં ઉતાર્યને તબેલામાં રાખેલા સ્વારી કરવાના ઘોડાઓ, સરતનો ઘોડો, મોટરકાર વિગેરે જોઇ તે બુઢાજી સંતોષથી ખુશી થતા હતા તેમની દીકરીને દરેક રીતે સુખ તે આપતો હતો. બાદશાહી રીતે તેઓ રેહતાં હતાં. તેની કમાઇ હજારોની હતી. વળી તેઓ મોજીલા હતાં એટલે સર્વ સુખ તેમની દીકરી ભોગવતી હતી ફરી તેઓ બેફીકર સુખી અને નચિંત થયા જે અફવા તેમને કાને આવી હતી તે ખોટી હતી એમ તેવણુ જોઇ શકયા.

સાંજના એકાએક વાદળ ચઢી આવ્યું અને વરસાદે પુર જોસમાં નંખાવવા માંડયું એટલે નવરોજી બાવાએ લીલી જે તેમને મુકવા તૈયાર થઇ ઉભી હતી તેને સાથે લઇ જવા ના પાડયું. જેથી બંધ મોટરમાં તેમને લાયકની દરેક સગવડ વચ્ચે નવલે તેમને હેતથી બેસાડયા અને પછી પોતે તેમને મુકવા સાથે ગયો હંમેશાની રીત મુજબ તે લીલીને પ્યારથી ચુમન કરવા ગયો. તે જોઇ લીલી સહેજ પાછળ હટી ગઇ જે જોતા નવરોજી બાવા ઉભા હતા એટલે લીલીને તુર્ત યાદ આવ્યું ને ને કારણથી તેણીએ પોતે નવલને પ્યારથી એક ચુમી કરી.

રસ્તામાં તેમણે પોતાના જમાઇનો બહુ આભાર માન્યો, પોતે તેમનો સંસાર અને સ્થિતી જોઇ ખુશ થયા હતા અને એવી રીતે તેઓ સદા સુખી ને ખુશાલ રહે એવી દુવા તેમને ઇચ્છી નવલને પ્યારથી ભેટી દર્શના બાહુંઓ વચ્ચે તેવણુ ઉંઘ પડયા,

હજારો વિચારો વચ્ચે નવલ પાછો ઘેર ફર્યો તો પણ તે સુખી હતો. ઘણે વર્ષે એ ખુશાલી તેને લાગી હતી. લીલી તો પોતાને ઘેર ગઇ. હરી એમજ તે ધારતો હતો કારણ કે જે દરમ્યાન તેઓ રમ્યા હતા તે પુરી થઇ હતી અને હવે કાલથી તે ફરી એકલો જીંદગી ગુજારનાર હતો એમ જ્યારે તે પાછો ઘેર આવ્યો હતો, પણ તેને અજાયબી વચ્ચે જોયું કે બંગલો જેવો ને તેવો રોશનીથી ઝગઝગતો હતો તેનું અંતઃકરણ આશાથી ધપકવા લાગ્યુ. મોટરકારના અવાજથી લીલી હોલમાં આવકાર દેવા સામે આવી.

"હું તમને છેલ્લી સલામ કરવા માટે બેઠી, નવલ' જે તેણીનો હાથ પકડી તેના ગુલાબી મ્હોંમાં ગમ જોતો હતો કરી તે સહેજ અચકાતાં બોલી.

"એમ છુટા પડવાની કંઇ અગત છે વાર ?' નવલે તેણીને પોતા ગમ ખેંચી પુછ્યું સહેજ આનાકાની પછી તે પાસામાં જરાઇ ઉભી જે તેઓને મનથી સર્વથી સુખી પળો હતી.

"પપાની શીખામણ સાંભળ્યા પછી વ્હાલા નવલ. મને લાગેછ કે મ્હારી ચાલ ઘણીજ ખરાબ હતી. તમે મને માફ કરશો ?"

અને તેની છાતી પર માથું મેલી તે બે અખત્યાર રડવા પડી. અને એ રીતે તે જુદા પડેલા વર વહુ એક થયા. જુદા નવરોજી પોતાની એક મુલાકાતથી શુ પરિણામ નિપજાવી શક્યા તે જાણી શક્યા નહોતા અને એજ મુલાકાતથી વર વહુ વચ્ચે લાગેલુ ધરણ છુટી ગયું હતું એમ નવલ હંમેશા હસીને પોતાની બાયડીને ચીડવતો હતો.

તેઓ સર્વ રીતે સુખી છે અને તે સુખમાં નવરોજી બાવાના કામળથી વધારો થયો હતો. તેમના સુખી સંસાર મારેની તે મુબારક બાદી દર્શીત દિલે લખી હતી.

મુર્ખનો સરદાર!

ઇસ્ટઇન્ડયન રેલ્વે પરનાં એક દેશી સ્ટેશન માસ્તરને એવો હોકમ આપવામાં આવ્યો હતો કે સુપરીટેન્ડનાં હોકમ વગર તેને પોતાને મન સુઝયું કાંઇ પણ કરવું નહી. આ સ્ટેશન માસ્તર જરા અક્કલનો ખાં હતો. હવે બન્યુ એમ કે એક દીવસ એક વાઘ ત્યાંનાં પ્લેટફૉર્મ પર નાસી આવ્યો અને ત્યાંના કન્ડકટરને ભેજન કીધો. સ્ટેશન માસ્તર કાંઇ પણ બચાવના ઉપાયો લેવાના છોડી તાર ઑફીસમા દોડ્યો અને સુપરીનટેન્ડન્ટ પર નીચે મુજબ તાર કીધો.

"સુપરીનટેન્ડન્ડની ઑફીસ, કલકત્તા. પ્લેટ ફોર્મ પર એક વઘ છુટી આવ્યો છે. કન્ડકટરને મે નંન કીધો છે. શું કરવું તે તાર થી જણાવશો."

સીલ્લા.

નહિજ માન્યુ.

', મારી સુનાઇને બહુએ સમજાવી પણ ઉં હ એ બે સીલુ બાંવડું જરાખી નહી સમજ્યુ આખરે જ્યારે મારી તેહમી મેમેરીયાથી પટકાઇને ડાકટરોનું કાંપ વળ્યુ નહી ત્યારે રસમ સ ચઇ મને પટાવવા લાગી મહિનો દાનો ધીચારો ધીચાંળ્યા ખોબો પઇસા ખરચ્યા તેને બદલે ત્રણ લાગમાં મારી તેહમી હુંશીયાર થઇ ગઈ. અજબ રામબાણ હતો પામઆંબા હંમેશા રાખુંચું. તમે સમજ્યાકે? જરૂર એક બાટલી રાખજો.



કમાલ કરતા ઘોડા.





લખનાર—માણેકગાહ દી. મીસ્તી.


જે માણસોનો ધંધો મોટે ભાગે જાનવરો સાથે વખત ગુજારવાનો હોય તેઓમાં થોડા ઘણા જાનવરી ગુણો આવે છે, તે એટલે સુધી કે તેઓ જે જાનવરોમાં વસતા હોય તે જાનવરો એકેકને જેમ બોલાવે છે, અને બાર તથા ખુણામાંથી અવાજો કરે છે તેમ, તેઓ પણ અવાજો કરતા શિખે છે કેટલાક પક્ષીઓના અવાજો કરી તેમને છેતરી પણ શકે છે એક નર કે માદા માફક અવાજો કહાડના બીજો ભાગે જ્યાં પણ હોય ત્યાંથી તે અવાજ સાંભળી નાસી આવે છે આ બાબતમાં મી૦ [illegible] વાન્દ્રિન નામના એક ઈસમે જે નોંધેલો દાખલો જાણવા જોગ માલમ પડે તેની કામનો એક છોકરો વા[illegible] ખેતરોમાં મધમાખો સાથે રમવામાં એટલો તો વખત પસાર કરતો હતો કે તે સઘળા મધમાખ જેવો જ પોતે થઈ ગયો હતો શિયાળામાં મધમાખો સુસ્ત પડીને ઉંઘ્યા કરે છે તે વખતે આ છોકરો આ બા શિયાળો ભઠ્ઠીની નજદીકમાં પડી રહીને નિદ્રામાં ગુજારતો હતો પણ ઉનાળો આવતાં જ તે મધમાખ જેટલો ઉદ્યોગી બની જતો. આ બાળક તડકામાં મધમાખીઓની પુઠે તે દોડતો અને તેમના જેવો 'ઝીઝ ઝીઝ' અવાજ કહાડી તેમની સાથે એ મેર ફરતા મધમાખ [illegible] તે પકડતો અને તેમનું મધ ચુસી લઈ તેમને મારી નાખતો. આવી રીતે તે હજારો મધમાખોને પકડતો હતો. પણ મધમાખે એને કદી કરડેલો જાણ્યો હતો નહિ તે મધમાખે ને બીજા પક્ષી દરાનની આ[illegible]તો, તો પણ મધમાખ તરીકેના અવાજો કહાડવાની તેની શક્તિને લીધે તેઓ તેને હરગેજ ઈજા કરતી ન હોતી

સૃષ્ટિ મંડળમાં પોતાને સર્વેથી શ્રેષ્ઠ પ્રખ્યા વવનો માણસો દાવો કરે છે એટલે જાનવરો સાથે રહી તેઓ જાનવરી બોલી શિખે, કે જાનવરી ગુણોની નકલ કરે, તેમાં નવાઈ નથી, લેકિન માણસો સાથે રહી માણસો માફક જાનવરો પણ લખતાં વાંચતાં શિખે અને વિચાર શક્તિ ધરાવે એ ખચિત હેરત પમાડનારી બીના લેખાય આગળ કાગડા અને વાદરા વિષે મેં લખી ગયો છું. આજે ઘોડાની બાબત હાથ ધરીશ ઘોડા વખતની વાત પર જર્મન ખાતેના કલેવર હેન્સ નામના એક કેળવાયેલા ઘોડા સબંધી તેના માલેક હેર વેન ઓસ્ટેન તરફથી કરવામાં આવેલા દાવા ત્યાંના વર્તમાનપત્રોએ બોગસ ગણી હસી કહાડયા હતા. પણ બેહુ જાણવાની લોકોની જીજ્ઞાસા ઉશ્કેરવાથી તે દાવામાં કેટલું વજુદ છે તેની તપાસ કરવા માટે એવા ધરખમ અનુભવી આબરૂદાર ગૃહસ્થોનું કમીશન નેમવામાં આવ્યું હતું કે જેમના અપક્ષપાત પણા માટે કોઈ જરાએ આગલી કરી શકે નહિ આ અનુભવી ઓએ જ હેર પાડેના રિપોર્ટ ઉપરથી જણાય છે કે, હેન્સ જે વગી શકે છે તે ચૌદ વર્ષની વયના એક છોકરાને જેટલું આવે એમ છે તે ઘોડાએ પોતાની સ્વતંત્ર વિચાર શક્તિથી તેટલું જ્ઞાન મેળવ્યું છે. તેને નિયમિત રીતે મનની કેળવણી આપ-

વામાં આવી હતી, અને તેના માલેક તરફથી કોઇ પણ રીતે તેને જવાબ આપતાં એશારો કરવામાં આવેલો કમીશને જોયો ન હતો. મંગળ વાર અઠવાડીયાંમાંનો કેટલામો વાર ગણાય એવો શરૂઆતમાં સવાલ પુછવામાં આવતાં ઘોડાએ ત્રણ વખ્ત જમિન ઉપર પોતાની પગની ખડી ઠોકી હતી. એક વખતે આંખ આગળ ઘડીઆલ ધારવામાં આવતાં તે બારીકીથી જોઇ તેને અગીયાર વખત જમિન ઠોકી હતી અને તે બરાબર હતું. તે વખતે અગીયારને ત્રીસ સેકંડ થઇ હતી. એક વેળા ફરમાવવામાં આવતાં તેણે એક ટોળાંમાથી લશકરી પોશાક પેહેરા આવેલા અમલદારોની તથા બાનુઓની સંખ્યા જુદી ગણી કહાડી હતી. તેમજ તે ટોળામાંનો સઉથી ઉંચો તથા બટકો આદમી પણ બતાવી આપ્યો હતો. જે શેહેરોનાં નામ તેની આગળ દેવામાં આવે તેની જોડણી તે કાર્ડ બોર્ડના અક્ષરના ટુકડા ગોઠવીને તે કરી બતાવતો હતો, લોકોને તેઓની તસ્વીરો ઉપરથી તે ઓળખી કહાડતો હતો, રંગો નીરખી શકતો હતો, અને એવા તરેહવાર પ્રાક્રમ તે કરી બતાવતો હતો. એવીજ શકિત ધરાવનારા મહુમદ અને ઝરીફ નામના બીજા બે અરેબ્યન ઘોડાઓ સેંત્રલ પૃથીઆમાં જણાય છે. કાર્લ કરાલ નામના એક સ્કુલ શિક્ષકના આ ઘોડાઓ છે. તેના હાથ હેઠળ ચાર વર્ષ સુધી શિક્ષણ મેળવ્યા પછી આ ઘોડાઓ જર્મન ભાષા સમજતા જણાવવામાં આવે છે. તેઓ લાંબી અથવા નાની રકમોના સરવાળા, બાદબાકી આદિ ઝડપથી કરે છે. એક પાટીયાંની ઉપર એકવાર ૬૪ નો આંકડો લખવામાં આવ્યો કે ઝરીફ તરતજ પોતાના જમના પગે ૭ વખત અને ડાબા પગે ચાર વખત જમીન ઠોકી હતી. આ આંકડાઓને ફેરવી નાખવા કહેતાં તેણે ઉપર મુજબ પણ ઉલટીજ રીતે પગ ઠોકયા હતા. " ટાંક તારીખ કઇ છે ? તો તેણે બરાબર જવાબ આપ્યો કે " પચાસમી. " અક્ષરોની ટીપમાંથી ' ઝરીફ ' નામના અક્ષરો બાહેર કહાડી તે પોતાનુ નામ પણ કહી આપતો હતો. એક વખત મહમદ ઘોડાની આગળ આઇનો મુકી પુછવામાં આવ્યું કે તેમાં કોણ દેખાય છે ? તો ઘોડાએ ' આઇ. સી. એચ. " શબ્દો દેખાડયા કે જે શબ્દો નો અર્થ જર્મન ભાષામાં " હું " કરીને થાય છે. એ બંને ઘોડા પોતાની બાહોશી દેખડવામાં અકેકથી સરસ હતા. એવી રીતની કેળવણી ઘોડાઓને આપવાના અને તેના ધણીઓ સાથે વાત ચિત કરવાના બનાવો તવારિખ ઉપરથી પણ મળે છે. શાહનામાંમાં જણાવ્યા મુજબ રુસ્તમે પોતાના મરણ આગમજ પોતાના માનીતા આરબી ઘોડા બેદઝાદના કાનમાં પડી તેને કેટલિક શિખામણ આપી હતી, અને ફકત પોતાના દીકરા ફરામુશરને સ્વારી આપવાની તાકીદ કરી હતી. એક દિવસે જંગલમાં ફરામરુશને પોતાનાં પુરાણા જીન અને લગામ ભેગા જોતાંજ તથા તેને મોહડે પોતાનું નામ સાંભળતાંજ રુસ્તમનું મોત યાદ કરી બેદઝાદ બેઅખત્યાર રડી પડયો હતો અને ફરામુશરને તુરત પોતાની પીઠ આપી હતી. યુનાની શાએર હોમરે, એકિલીસને બે ઘોડાઓ બેલિઅસ અને ઝનથસે સાથે વાત કરતો જણાવ્યો છે વળી ઝેનથસને એકિલીસ સંગાથ ગુસ ગુસ કરતો પણ ચિતાર્યો છે. વિસ્તારપૂર્વક લખવા પ્રમાણે પોતાના સ્વારને ખરો માર્ગ દેખાડવામાં ઘોડા એક્કા હોય છે, જે સારી જગ્યાપર વસવાત કરાવવામાં આવ્યો છે તે સ્થળ યાદ રાખી વફાદાર રહી કાંઇબી ધાસ્તિ યા ફિકર વગર યા હોમ આગળ વધી પોતાને પ્રુતિ મોજ ચખાડવાને હેકટરે પોતાના ઝથન, હાર્પ, પોડાર્ગસ અને સેંપસ નામના ઘોડાઓને શેકાર કરવા જવા આગમજ ઉશ્કેરયા હતા. ઘોડાઓ જોવાની શકિત પણ ઘણી તાકાતવાળી હોય છે [illegible] કહે છે કે કુદરતમના રખડતા [illegible] કાળાં કપડાંવગ પહેરેલા રૂપ જેવું પણ [illegible] શકતો હતો. ઘોડાની જોવાની શકિત, [illegible], [illegible], અસીલ ઘ, [illegible] તપાસે એક [illegible] [illegible] પડે છે.

કાંઈક વાંચવાજોગ.





જીંદગી-" જીંદગી કરતાં વધુ સરસ દોલત કોઇ નથી. પણ તે ક્યારે કે જે જીંદગીમાં પ્રેમ દયા ખુશાલી સામેલ હોય . . . અને તેજ શખ્સ જીંદગીની દોલતથી ભરપુર છે કે જેને પોતાની જીંદગીની ફરજો ઓર એક સંપુર્ણતાથી બજાવી છે. અને તે બીજાઓ ઉપર મોટી અસર કરવાની શક્તિ ધરાવે છે " રસકીન

જીંદગીપર પ્રેમ-" ગમે તેવી ગરીબ જીંદગી હોય પણ તેને ચહો. અને તેથી ગમે તેવી ગરીબ ઝુપડીમાં પણ ઘણા કલાકો શાંત, ખુશનુમા ખુશાલી આપનારા માલમ પડશે શું કામ જીંદગીથી નિરાશ થાવ છો? જે સુર્ય પોતાના તેજસ્વી કિરણો ગરીબ ઝુપડાંના છાપરામાંથી અંદર મોકલે છે તેજ સુર્ય અને તેજ કીરણો મોટા પાદશાહના મહેલની બારીમાં દાખલ થાય છે. જે અંતઃકરણ માણસની ખરી જીંદગીનો રહબર છે તે જેમ એક રસ્તે ચાલતો ભીખારી ધરાવે છે તેમ એક ઠાકરો મખમલી સેજપર બેઠેલો દોલતમંદ પણ ધરાવે છે. તેથીજ દોસ્તો, એક વખત-જીંદગીપર પ્રેમ ધરાવનાર શખ્સ-પોતાના ઝુપડાંમાં જેટલો સુખી છે તેટલો તવંગર પોતાના મહેલમાં સુખી હોય તે શક છે "

છપેરી આશા-છપરે મશહુરના કિવએ "આશા ખુશી" છે તે આપણને આનંદ બનાવ: મારે નથી. આશા ભલે વધારે છે જેને આપણી મેહનતના ફળોસાથી ચખાવી જોઇએ છે. પરંતુ ઘણા ઘણા મનુષ્યો તે વહાણમાં દાખલ થાય છે અને દરેકમાં માર ખાતું ખુશી જઇ એવા હાલમાં આવી પડે છે કે તે કિનારે ગ્હેલોજ ભમે! કદી કોઇ પણ દિલ એવું થયું નથી જેમાં છપેરી આશા નગરી હોય! કોઇ પણ આફત એવી નથી કે જેથી વહાણ થાકી શકે નહીં " બીકર

મનુષ્યની પાંખો-મનુષ્ય બે નીતની પાંખો મારફતે આ માટીના પીંજરના ઉંડાણથી ઉપર ઉડી શકે છે. તે પાંખો તે અપેક્ષ અને સાદાઇ છે; આપણા વિચારમાં અપેક્ષ જોઇએ અને પ્રેમમાં સાદાઇ. અને ખુદાના પ્યારને ભણી શકાય છે ત્યારે સાદાઇથી તેની તરફ ધપાવે છે-કેમપીસ.

ખામી-" અરે વારેવારે ને વારંવાર આપણે જીંદગીની કેટલી ખામીઓને વગર સુધારે થવા દઇએ છીએ અને તેઓને એક દિવસમાં સુધારી નાખવાની ઉમેદ રાખ્યે છીએ. અરે જો આપણે આ જીંદગીની શરૂ આતુરતા અને બચપણની કુંડાળેજ અખત્યાર કર્યું હોત તો મોટી ગુણ કરતાં ભારી થાય અને ઘાત તેઓને સુધારીને મરણ ગયે-ટ્રાઇસ

એમાં શું ફરકછે?–એક માણસને ગ્રહસ્થ થવા માટે ઘણું જરૂર છે કે તેનો બાપાવો પોતે ભલો માણસ હોવો જોઇએ. પણ જો એક માણસ ગ્રહસ્થ હોય તો તેનો બાપાવો કે બાપાઇ કોણ હતી તેની કશી ગરજ નથી "–મેકડોનલ્ડ

શું પસંદ કરશો."–જે તમોને પસંદ પડે તે કરો અને નહીં કે દુનિયા જે કહેછે તે માટે આમીન આમીન આગીન બોલો અને તેને પસંદ નહીં કરો"–સ્તીવનસન.

સાચ્ચો પુરૂષ–" ખરો સાચ્ચો પુરૂષ તેજ છે જે સત્યતાથી ચાલે છે અને કોઇ પણ સંજોગોમાં કોઇ પણ વખતે પોતાના નિયમ પ્રમાણે ચાલે છે અને હમેશ ચાલવા તૈયાર છે "
કારલાઇલ.

વખત.–તમો જીંદગીને ચાહો છો? ત્યારે વખત ને ના ગુમાવો કારણ વખતથી જી દગી બની છે "–ફ્રેંકલીન.

ખરી મજાહ"જીંદગીની વિચિત્ર હસ્તીમાં જો કાંઇ પણ ખરી મજાહ હોય તો દુઃખની વેળા હસવું છે "–

આંધળો–" આકાશ ઉપર ઝમક ઝમક કરતા ખુબસુરત તારાને તકાવાની ફોકટની વેહમાં આપણે ભુલી જઇએ છિએ કે આપણા પગો નીચે ખુબસુરત સોરમદાર ફુલો વેરવાખેર પડયા છે.
બેનથેમ.

જીંદગી–આપણી જીંદગી ખુદરતની ખુબ સુરતી અને માનવાની મોટાઇ શોધવા માટે મુસાફરી જેવી છે, અને જો તે આપણે શોધે અને જરૂર આપણ એક દીન તેને શોધશું તો ખુદા ને શોધવા બરાબર છે. ખુદા તેના ખુદરતમાં મળી શકશે, અને હું ખુદને ચાહી શકું નહીં જ્યાં સુધી તને પડેલા નાના ભાઇબંધમાં ચાહું નહીં

ખુશી કર

યહાં કાં એહી મઝા હે, ખાના વ ખિલાના
સુખે હો દાલ રોટી, નંગેકો ઓરહાના;
સબ.ઇસ ઘડી ઉરાલે જો તુજકો હો ઉરાના
ગાફેલ ફિર ઇસ ગલીમેં, તુજકો નહીં હૈ આના;
દિલકી ખુશીકે ખાતર ચખ દાલ માલ ધનકો
ગર મર્દ હે તો આશક, કવડી ન રખ કફનકો.
જીસને એ ઝેર દીયા હૈ, ફીર વોહી ધનભી દેગા
માલો મકાં હવેલી, બાગો ચમનભી દેગા;
જીતા રહેગા જબતક, ખાનેકો અન્નભી દેગા
મર જાયગા તો વોહી તુજકો કફનભી દેગા;
(નજીર)

બુરાઇ.

ડૉ. રવીંદ્રનાથ તાગોર જેઓએ ' નોબલ પ્રાઇઝ ' મેળવી હિન્દના નામને જગ આશકાર કર્યું છે તેવણુ ફીલસુફીના ચુનંદા અભ્યાસી છે. બુરાઇ ને શા શારૂં હસ્તી ધરાવે છે. તેનું મુળ શું? વિગેરે એ સવાલ ઉપર તેવણુના પુસ્તકમાંથી હું જે વિચાર તારવી શકયો છું જે અત્રે રજુ કરૂં છું. જગતમા બુરાઇ હસ્તી ધરાવે છે તે શા સારૂ હસ્તી ધરાવે છે એ સવાલો આપણને આ સવાલો ઉપર લઇ જાય છે કે માણસ અ પુર્ણ કાં છે અને ખુદ તેની હસ્તી શું છે. જેમ દરયાને કિનારો હોય છે, જે વગર તે દરયો દરયા તરીકે કહેવાઇ શકાય નહીં, પણ તેથી દરયો શું છે તે સવાલ કિનારામાં સમાઇ જતો નથી પણ શું કાર્ય કરે છે તેમાં સમાય છે. તેમ બુરાઇ માટે તપાસ કરતાં ઉપર આપણે જે બે સવાલો પુછયા છે તે વાજબી નથી. એટલું પુછવુ બસ છે કે બુરાઇ માણુસનું સેવટ છે કે નહીં ! માણસ જયારે પોતાના હૃદયના ઉંડાણુ માં જાય છે તા તેને માલમ પડે છે કે અપુર્ણ દેખાય છે તે તો માત્ર સંપૂર્ણતાનું પ્રગટવું છે. જે કાઇ બખ્યાર લાગે છે તે તો હમેશ છુટવું છે અને એક મહાન સંપુર્ણતા તરફ જવા કોશીશ કરે છે. આનંદ પોતે કાંઇ હસ્તી ધરાવતી ચીજ છે, જ્યારે દુખતો માત્ર એક સ્થાન તરફ પુગવા સાધણ છે, માણસ જાત ઉપર



કાવ્ય માળા.

કવિ—ભવાનીશંકર નરસિંહરામ

નશિબનાં નખરાં.

(ગઝલ.)

હોશે ચણાવી હવેલીઓ, મનમાનતાં સુખ માણવાં;
મરકીથી સુતો મશાણમાં, નખરાં જુઓ એ નશિબનાં.

(૨)

દરિઓ આળંગી દાડીઓ, રળવા તણા રઘવાટમાં;
દરિયા વિષે તે ડુબીઓ, નખરાં જુઓ તે નશિબનાં

(૩)

ભણતર ભવાની બહુ ભણ્યો, ઉજાગરાથી ન ઉંઘીઓ;
પરિણામમાં સ્વર્ગે પડ્યો, નખરાં જુઓ તે નશિબનાં.

(૪)

મ્હોટાં કર્યાં મહા મહેનતે, દહિં દુધ પાઇ દીકરા;
માબાપને મુકી મુઆ, નખરાં જુઓ તે નશિબનાં.

(૫)

ભોજન કીધાં નહિ ભાવતાં, ખવરાવ્યું નહી ખાંતથી;
ભોરિંગ [1] ડસતા ભુમિપર, સુતો નશિબે શબ થઇ.

(૬)

સુતો રૂપાળી સેજમાં, સુખપાલની કરી સાહિબી
સુતો પછી સમશાનમાં, નખરાં જુઓ એ નશિબનાં.

(૭)

વસતો હતો વસ્તિ વિષે, સંબંધીઓના સંગમાં;
અથડાય છે તે અરણ્યમાં, નખરાં જુઓ તે નશિબનાં.

(૮)

પરિવારમાં ધરી પ્રીતને, સુખ માનતો સંસારમાં;
સુખડાં ગયાં એ સમુળગાં, નખરાં જુઓ તે નશિબનાં

[1] સર્પ–સાપ



"તસવીરે જેહાન."



લખનાર—"હરમીસ."

આસમા તરફ જો દેખ રહા, વ્હા કયા રંગ નયે નયે!
જમી પર જખ કદમ ભરા, વ્હા ભરે હુએ દર નયે નયે!
સુફીસે હાલ પુછ રહા—કહો! કયા સુનુ કોઇ કયા કહે!
દાનાઇમે દમ ભરે ગયે—વો વ્હા ગયે જયા લાખો ગયે!
દરિયા ફરસ પર કયા ઉછળ—મોજે રહે નયે નયે!
ગીરદેશ ગમનમે ઘેરે હુએ, કયા લાયે સમજમે ઢંગ નયે!
રસમ રિવાજો ઉડ રહે, લાખો ફરીબમે વાહ નયે,
ઇમાન કસમમે આ રહે, સીનેમે દમ નયે નયે!
રોશન હુવા આફતાબ, મગરબ તરફસે નયે,
મગરેબ તરફથી કુવમે દિખ્નાયે રંગ નયે નયે!
આદમ દિખાતા હુએ એહુ, પલકમે રંગ નયે નયે
દેખ રહા! ખામોશ હુ! કયા રંગ નયે! યા આંખો નયે!

દુન્યામાં કેવા રંગો ચાની રહ્યા છે, કેવા ભયના ભણકારા ઉડી રહયા છે (૨) જો દાનાવથી કાઇ વાતની જાણ માગુ છ તો ત્યાંથી કેવી તનાહની મતનબ સામનુ છુ અને આખેરતો જેવો દાના- ઇમા પણ દમ ભરી રહ્યા હતા તેઓ પણ જયા બીજા સિધાર્યા ત્યાંજ ગયા છે અને જરા દરિયાના પાણી બિયાન આ જગ સગરમા કેવો દેખાવ ઉછળી રહયો છે! ૪ આગલી રાહ રીતીઓને બ લે કાઇ અજબ તરાહનો મામરો ચાલી રહયો છે સૂર્ય જ્યારે સહવારથી સાંજની સફરીમા એક રંગ દેખડનો સીધારે છે, જયારે આદમી પલક પલકમા અજબ રંગમાં બદલાય છે! જે સઘળુ જોઇને દિલથી વિચારૂ છ કે "શુ રંગ નવા છે! યા મારી આંખો!"



જગ કારણ ઈશ્વર છે.






રાગ—કાફી.

સાંભળ સજ્જન વીરારે, વદે જગ કારણ પુરાણ;
ખરૂં ખોટું સૌ જાણેરે, ઈશ સર્વે પરમાણ—સાંભળ-૧
જાણો સઘળા શાણા ખરા, વિષ્ણુ બ્રહ્મા શીવ;
વિષ્ણુથી થયા શીવ કે ને, બ્રહ્મા સાથે દીવ;
નાભી કમળમાં સર્જ્યા રે, બ્રહ્મા તું માનવી માન—સાંભળ-૨
સરજી બ્રહ્મ દીધી આજ્ઞા, કર સૃષ્ટી ઉત્પન્ન;
ધરી આજ્ઞા શીરે બ્રહ્મા, અર્પે આપનું તન;
માનસીક કીધા મુખ્ય રે, એ જાણુને તું જાણ—સાંભળ-૩
પ્રજા માનુષી તેમની જાણો, સઘળે વ્યાપી આંહી.
બ્રહ્મા સૌનું કારણ તેમા, વિષ્ણું મુખ્યે તાંહી.
પ્રજા પતિ બ્રહ્મા માટે રે, આ કારણથી માન—સાંભળ૪
વિષ્ણુથી બ્રહ્માદીક માટે, વિષ્ણું સાચો એક.
બ્રહ્માથી ઉત્પન સૃષ્ટિ માટે, સર્વ ખોટું અનેક.
વદે ઈશ્વર માતુરે, પછી બીજા સાચા જાણ—સાંભળ-૫
નથી કો કહેતું ખરૂં, " કે ખોટે ખરૂં થાય.
માને સર્વ સાચું વળી, એમાં કાંઇ ન જાય.
માટે ખોડ ન દખોરે, નગીન ઈશ તું પરમાણ—સાંભળ-૫

નગીનદાસ ગુલાબદાસ મહેતા.

કવિ અને કવિતા.



કવિ— (સોરઠા)

કેમ કવિતાં બાઈ, રૂદન કરોછો કારમું,
કહો હકીકત ગાઈ, અતર પડદો પરહરી.

કવિતાદેવી— (દોહરો)

દુઃખીઆરી જડશે નહિ, મહિ પર મુજ સમાન,
માન વિના રઝળી મરૂં, કવિ કથન ધર કાન.

(મનહર)

કાવ્યે નાખતી નિશાસ, વદે વેણુ કવિ પાસ,
ફરૂંછું ઉદાસ, કાળ કુટીલ કરાળથી,
મનમાં મુંઝાઈ મરૂં કવિ, હવે કેમ કરૂં,
રળું હું તો રાતે દીન, બહુધા બળાપથી,
મળે ના મુદ્દલ માન, આપે લોક અપમાન,
રાંકની સમાન, મને મુકી છે રખડતી,
નથી કો કદર જાણુ, પુરી છે નહિ પિછાણુ,
એ થકી અધીક કવિરાજ આજ રડતી.

કવિતાદેવીને જોઈને કવિ કહે છે—

(મનહર)

(૧)

રૂપ બાળ, હંસ ચાલ, કંઠ માળ, કાન ઝાલ્ય,
ભાળમાં વિશાળ લાલ ટીલડી ચળકતી,
કેડ કેસરી સમાન, ધરે કવિ જેનું ધ્યાન;
અંગનો સફેદ વાન, ચપળતા ચાલની,

રૂપના અંબાર સાર, ઝાંઝરનો ઝમકાર,
સોળે સજી શણગાર, રડતી હતી ખરી,
ઇંદ્રની ઇંદ્રાણી જાણી, વદતી વિશાળ વાણી,
ઇંદ્ર રાણી કોણ જાણે આકાશથી ઉતરી.
શાણા સરદાર યાને, ભુપતિને ભેટવાને,
ભમતો હું ભુતળમાં, રાત દીન ભાવથી,
કાવ્ય રસ કેને પાઉં, કેમ કરૂં કેથે જાઉં,
ગાઉં કેના ગુણ, લુણ ખાઉં કેનું લ્હાવથી,
ભાવ પુછનાર કોણ કવિતાનો ભાવ થકી,
મુલ આપનાર કોણ હશે, મન માનતાં
ભાંખે છે બંવાની રામ, અકળામાં રોજ આમ,
વિશ્વ વિષે રાત દીન, શોધમાં વિચરતાં;



ખરી વાત !



મેનેજર—(કલાર્કને કે જે ઘેર જવાની તૈયારી કરતો હતો) કેમ વરસાદ પડે છે તે છતાં તમે છત્રી કેમ મુકી જાઓ છો? કલાર્ક-શું કરૂં સાહેબ. મેં એવોજ ઠેરાવ કીધો છે કે એક છત્રી ઘેર રાખવી અને એક ઓફીસમાંજ રહેવા દેવી. કદાચ કંઇ અગત્યનું કામ નીકળી આવે તો બીજી વાઇ જવાનું નહી થાય. હવે આપ છત્રી જો હું સાથે લઇ જાઉં તો બેઉજ ઘેર આગળ સામટી થાય. ...

સંસારની જરૂરી ચીજ શું ?



તે-વહાલી, હું તુને ચાહુ છુ, અને તારે ખાતર હું પૈસાટકા, વ્હાલી કુટુમ્બ બધું છોડવા-"

તેણી-(ગભરાઇને) નહી. નહી. વહાલા એક જરાક થેભો. તમે મારે ખાતર કુટુંબ છોડજો કારણ મને સાસુ જોઇતી નથી. પદવી, જો હાલના કરતાં વધારે ઉંચી મેળવી શકો તેમ હોય તો એ પણ છોડજો. પણ પૈસા છોડતાનાં તેને તો વળગીજ રહેજો કારણ સંસારમાં આપણને ઘણી જરૂર છે.



સેયોનારા!—

દાનાસેન!

એક ટુંકી વાર્તા

લખનાર—
મિસ શીરીન.

સલામ—વ્હાલા દાનાસેન!

"You go home through death to life, but I—I still must live;
On the threshold of heaven's love, oh love, can you forgive?"

નોકરે બાગનો દરવાજો ખોલી નાંખી માનથી તેને સલામ કરી બાજુ હઠી ઉભો. ઝડપથી બગીચો પાસ કરી તે સીઢડી ચઢી ઓટલા પર ગયો અને બુટ કહાડી પોતાને માટે રાખેલાં સ્લીપરો પહેરી જાપાનીસ ઢબે આરાસ્તે. કીધેલા એક સુંદર ઓરડામાં દાખલ થયે અજાયબીથી કોઇને મળવા ઇચ્છતો હોય તેમ ચોમેર નજર ફેંકતા ટેબલ પર બૅગ મુકી ઇઝીચેરપર લાંબો થઇ પડયો. પાંચેક મીનીટ ચુપ પડી રહેવા પછી તે ઉઠી બેઠો, બૅગ ખોલી અંદરથી ઓફીસને લગતાં કાગળયાં કહાડી વાંચવા લાગ્યો. થોડો વાર વાંચવા પછી પેપરો બાજુ મુકી દઇ તેણે એક આળસ ખાધી ગજવામાંથી પોતાનું સુનાનું ઘડયાળ કહાડી ટાઈમ જોયો. અને પછી મોટેથી હાંક મારવા લાગ્યો. "યુકી, ઓ યુકી,"

તરતજ ઓરડાને એક છેડેથી કીંમતી પાદડો ખીસાડી સુમારે સત્તર અઢાર વરસની એક ખુબસુરત જાપાનીસ સ્ત્રી હાથમાં સુંદર ફુલોનો ઝુમખો લઇ અંદર આવી.

"ઓ દાનાસેન, તમે આવ્યા કે? હું દીલગીર છેઉંકે હું અહીં હાજર નહીં હતી." તેણી હસીને મધુર લહેકે બોલી અને પછી ટેબલ પર મુકેલાં વાઝમાં ફુલો ગોઠવવા લાગી.

મોરીસ તેણીને વહાલથી ટીકતો એક મીનીટ ચુપ બેઠો. અને પછી એકાએક કાંઇ યાદ આવવાથી બોલ્યો.

"અરે યુક, તું શું ધારેછ? ફ્રેરેન ઓફીસ વાળા કહેછ કે તેઓ મને પાછો ઇગ્લન્ડ મોકલનાર છે,"

એ સમજી તેણી ફુલો ગોઠવતી અટકી ગઇ, અને ચોંકીને અજાયબીથી તેની તરફ જોયું

"ખરેખર! નહી. નહી. તમે અહીંથી જશો નહી. તમે ટોકીયો છોડી જશો નહી ખરૂં?" ધીકકા ચ્હેરાએ તેણીએ પુછ્યું.

તેણીને ગભરાયલી જોઇ મોરીસ મોટેથી હસવા લાગ્યો.

"વૅલ, પણ તે કાંઇ સદાનું છોડી ગયલું કહેવાય નહી."

"એટલે? તે શું?"

"ફકત થોડા વખત માટે લંડન જવું પડશે. લંડન, આહ, યુકી જાન, સુંદર લંડન શહેરનો જરા વિચાર તો કર."

તે ખુશ થતો ઉપલું બોલતો હતો, પણ તેના શબ્દોએ તેણીને દુઃખી કીધી હતી. વાઝમાં ગોઠવેલાં ફુલો પાછા બહાર કહાડી ટેબલપર નાંખ્યાં, અને બે ધ્યાન પણે તેણીને ટીકતી ઉભી.

"યુકી ડીયર, અહીં આવ." મોરીસે અજબ થઇ તેણીને તેડી.

તે ફુલોનાં ઝુમખામાંથી એક ફુલ તોડી લઇ તેણી તેની નજદીક ગઇ મોરીસે તેણીને પોતાના ખોળા પર બેસાડી પ્યારથી પેલું ફુલ તેણીના ડ્રેસમાં ખોસ્યું.

"ઓ દાનાસેન, શું તમે ખરેખર જવાનાં છે?" તેણી દલગીર ચ્હાદે પુછવા લાગી.

"હા, જાની મને લંડન જવાનો હુકમ થયોછ, અને થોડા દીવસમાં મારે જવુંજ પડશે. પણ તું શું એમ ધારેછ કે હું લંડન તુંને લીધા વગર, એકલો જવશ?"

તેણીએ પોતાના ન્હાના નાજુક હાથો તેના ગળાં આસપાસ વીંટાલ્યા.

"દાના સેન," તેણી ગંભીરાઇથી બોલી. "દાના સેન, તમે ભુલોછ કેમ? હું તમારી સાથે કદી આવી શકસ નહિ. આહ, મને ફીકર હતીજ કે કોઇ દહાડે બી આપણનું છુટાં પડવું પડશેજ મારાથી તમારી સાથે કદી અવાશેજ નહિ. મારી ન્યાતવાલાઓ મને કદી પણ પરદેશ જવાની રજા આપશેજ નહી. અફસોસ."

"પણ ડાર્લીંગ, તું મારી છે. મારી પોતાની છે, એટલે તુંને મારી સાથે આવવુંજ પડશે.

મોકલવા સારૂ ના કહેછે" અને એમ બોલી તેણી ખડખડ હસવા લાગી.

મોરીસ ઉઠયો. અને ઓટલાપર જઈ બુટ પાછાં પહેરી તેણીને કીસ કરી ચાલવા માંડયું. દરવાજા સુધી જઈ પાછું ફરી તેણીની તરફ જોઇ તેને હસતે ચેહરે રૂમાલ હલાવ્યો, કે યુકી તેઓની જાપાનીસ રીત મુજબ બંન્ને હાથ જોડી જમીનને માથું લગાડી બોલી સેયોનાસ દાનાસેન, સેયોનાસ."

તેણે બહાર નીકળી પોતાની પાછળ દરવાજો પાછો બંધ કીધો ત્યાં સુધી તેણી તેને જોતી ઉભી રહી અને પછી ઘેરમાં બીજી તૈયારીઓ કરવા દોડી.

લગભગ અંધારૂં થવા આવ્યું હતું અને તેણી કામમાં અતી ઘણી ગુંથાયલી હતી તેટલાં એક બુઢો જાપાનીસ દરવાજો ખોલી બાગમાં દાખલ થયો અને ભરાતો છૂપાતો ઓટલાપર ચઢયો એક બાજુએ જોડા કાઢયા અને અતી ઘણા ધીમાં પગલે ચાલી ઓરડામાં આવ્યો. તેનો ચ્હેરો ઘણો કરડો અને અને ઉશ્કેરાયલો હતો તેણે હાથની મજબુત મુઠીઓ વાળી હતી અને કોઇનું ખુન કરવા આવ્યો હોય તેવો જ તેનો દેખાવ હતો.

ગરીબ યુકીએં તેને જોયો નહીં હતો. અને તેથી તે ઉંબર આગળજ ઉભો રહી આસપાસ જોવા લાગ્યો. તેની નજર એક ખુણામાં યુકી ઉપર પડતાંજ તે જોશભેર તેણીની નજદીક જઇ સામે જમીનપર બેઠો. તેને એકદમ પોતાની સામે આવેલો જોઇ તેણી ગભરાઇ ગઇ શીકકા ચ્હેરાએ તેણી ધ્રુજતી ઉભી,

"કેમ, તું તારા કાકા સાથે બોલતી કેમ નહી?" થોડે વારે તે ડોસાએ ઘોઘરા સ્વારે પુછયુ. "તારા આય મકાનમાં મને આવકાર આપવાની તુને શુ દરકારજ નથી?"

તેણી પોતાની રીત મુજબ જમીન સુધી વાંકી વળી નમી, અને પછી ઉઠી ચુલા આગળ જઇ બળતું કરી, કીટલીમાં ચાહ તૈયાર કરવા લાગી. થોડાવારમાં પોતાને હાથે એક કપ ચાહ તૈયાર કરી તેને લઇ જઇ આપ્યું. અને પાછું નમન કરતા બોલી, "હું આશા રાખુંછ કે મારા માનવંત લોર્ડ સારી તંનદરોસ્તીમાં હશો."

તેને ધીરે ધીરે ચાહ સીપ કરતાં આખા ઓરડાની બારીકીથી તપાસ કરવા માંડી. મુખ્ય કરીને તેની નજર ઓરડાના એક ચોકકસ ખુણામાં તરફ ટીકાઇ રહી હતી. ઓરડાની તપાસ લેવા પછી તે તેણીને ધારી ધારીને જોવા લાગ્યો.

"તું અહીં ત્યારે પેલા હીણુયલા પરદેશી સાથે રહેછની–પેલા ઠગારા સાથે કે જેણે તુંને તારી જાતવાલાંઓને બી ભુલી જતાં શીખવીછ–હં–ઠીક પણ તુંને તું અહીં ગમેછ કે?" તેને ડોળા કકડાવતા પુછયું.

યુકીએ મ્હોડેથી જવાબ નહી આપતાં ફકત ડોકું ધુણાવ્યું.

"એ પરદેશી તારી સાથે ઠીક ચાલેછ કે!" તારી તરફ ભલો છે કે?" તેને પાછું પુછયું.

તેણી હસી અને મન સાથ વાત કરતી હોય તેમ બબડી.

"ભલો–ભલો, મારો દાનાસેન," અને પછી પોતાના કાકાને જવાબની રાહ જોતા આતુર જોઇ બોલી "ઘણોજ ભલો, મારા લોર્ડ."

"અને તું અજબ થાયછ કે આજે રાતે હું એકાએક અહીં શાને માટે આવ્યોછ?"

"મારા ગરીબડાં મકાનને તમારી માનવંત હાજરીથી મોટું માન મળ્યુંછ." ચાહના વાસણ સાફ કરતાં તેણી ધીમેથી બોલી.

"માન મળ્યુ છે? હા. બરાબર છે. પણ તે છતાં તું અજબ થઇછ. માટે તુંને મારા અહીં આવવાનું કારણ કહેવું જોઇશે. સાંભળ– થોડાં વર્ષની વાતપર, અહીં જાપાન દેશમાં

એક કુટુંબ રહેતું હતું. સુખી-માન પામેલું અને પોતના ઉંચ ખાનદાન માટે અની ઘણું મગરૂર કુટુંબનું જહાનું કે મોટું દરેક આદમી પોતાના વડાને અની ઘણું માન આપતું હતું. તે વડો ઘણો જોગવર અને ધર્મી હતો. પરદેશીઓ માટે તેને સખ્ત અણગમો હતો રજા વાનો કોઇ બી જાતના હક વગર તેઓના જાપાનમાં દાખલ થવા સામે તે સખ્ત વિરૂધ હતો હવે બન્યું એમ કે એક દહાડે અહીંયાં બંદર પર તેને એ કાફર જાતનો એક જણ મળ્યો તેઓ વચ્ચે કાંઇ વાતચીત ચલી અને તે દરમ્યાન એકદમ મામલો ઉલટાઇ ગયો ને લુચ્ચો. ઠગારો પોતાનાજ દેશની અને પોતાનાજ ધર્મની શરૂઆતો હાંકવા લાગ્યો ધર્મ સબંધી તેઓ વચ્ચે મતફેર પડ્યો તે આદમી ઘણો ઉશ્કેરાઇ ગયો. ગરમાગરમ તકરાર ચલી અને તે બદમાશ શખ્સને એકદમ હુમલો કરી તેને મારી નાંખ્યો. ખુન કરી તે નહાસી ગયો તેના ધર્મવાળાઓએ તેનો એવો બચાવ કીધો કે બીકણ પણાથી તેને ફક્ત પોતનો બચાવ કરવા એમ કીધું હતું. પણ હમે તેમ માનતા નથી હમે તો એને ખુન કહીએ છીએ, અને-"

"ઓ, શું તમે મારા મરહુમ પિતાને માટે બોલોછ?" યુકીએ અજાયબીથી પુછ્યું

"હા. હું તારા બાપ માટેજ બોલુછ અરે છોકરી, એ તારા બાપના મરણ પછીથી દેવતાઓ હમારી સામે રૂઠયાછ હમે દરજ્જો ખોયો, પૈસા ગુમાવ્યા, બધુ એ હયુ. આજ સુધી તો તે ખુનીનું નામ છુપાયનું હતું. પણ આખરે આખરે દેવતાએ એ હમરી અરજ સાંભળી હમારો સુખી ઘેરનો દુશ્મન હમારા હાથમાં સપડાયો છ યુકી, તારા હાથમાં સપડાયોછ."

"મારા હાથમાં!' યુકી અજાયબ થતાં પુછવા લગી "તને શુ કહેવા માંગોછ કાકા?"

"યુકી સેન, તારા બાપના ખુનીનું નામ હમે આજેજ જાણ્યું. હમણાંજ જાણ્યું." દાંત કચકચાવી તે ડોસાએ પુકાર્યું.

"ત્યારે આખરે તે નામ માલમ પડ્યું?" યુકીએ આતુરતા દેખાડી.

"હા. માલમ પડ્યું. આટલા બધાં વરસો સુધી ધીરજ રાખી ત્યારે હવે આજે કીનો લેવાનો વખત આવ્યો છે યુકી. તારા બાપનો ખુની કોણ છે, તે તું જાણેછ? છે કરી સાંભળ અને ધ્રુજ કે તારા માનવંત બાપનો ખુની હમારા પાનનારનો છેર લેનાર તારો પેલો નેકનામ ધણી તારો પેલો લુચ્ચો પરદેશી હાનાસેન છે."

"શુ, ઓ શુ બોલ્યા કાકાજી? મારો મોરીસ. મારો હાનાસેન ખુની?" ફીકા ચ્હેરાએ ધ્રુજતા સ્હાદે તેણીએ ચીસ પાડી

"હા હા અને હા તરો હાનાસેન તારો માનીનો, તારો પેલો ધુતારો વર." હાથપર હાથ ઠોકતા તે ધરડો ચીચવાયો.

'પણ માગ લોડ, મારા લોર્ડ તે એમ કદી કરેજ નહી, અરે તે એટલો તો ભલો અને એટલો તો દયાળુ છે કે પોતાની આખી જીંદગીમાં કદી પણ કોઇનો ખુન કરે નહી, કદી નહી. મારા માનવામા એ આવતુજ નથી."

આય સાંભળી તે ડોક વાંકી વળી તેણીને ટીકવા લાગ્યો.

"છોકરી, શું આય પરદેશીએ તુને તારા બાપનેબી ભુલી જવા દીધે છ કે? તું શું હમારા કશમ, તારો પેતાના કસમબી ભુલી ગઇ કે? જવાબ આપ મને પહાડ જેવા તારા બાપનું કમોતે મરણ નીપજ્યુ તેનુંબી તુને ભાન નથી કે?" હા તેણે સામેના એક ઓરડા તરફ કે જ્યાં તેઓનાં કુટુંબને લગતી કબરો હતી તે તરફ આંગળી બતાવી વધયું" જો પેલી રહી તેની કબર જાણે કે તેનું રૂહ પેલી જેહાન હજુર પુગ્યું નથી, કારણ તેના મોતનો કિનો હમે હજુર લીધેલો નહી હોવાથી તેને પોતાના દેવતાઓ તરફ એકલીજ મુસાફરી કરવી પડેછે"

" પણ કાકાજી "

" સબર એક બોલથી વચમાં નહી. તેને મારી નાંખવામાં આવ્યો હતો. અને જ્યાં સુધી તેનો ખુની તેની મુસાફરીમાં સાથે જઇ જોડાશે નહી ત્યાં સુધી તેનું રૂહ કદી શાન્તી પામનાર નથી. અને તું તેની બેટી આજ સુધી ચુપ બેસી રહી, કિનો લેવાની દરકારથી નહી કીધી કે જે એક ગરીબમાં ગરીબ ભીખારી પણ કરે એ શું તારા કસમ પાળેલા કહેવાય કે ? એજ તારૂં વચન કે ! પણ સમજ કે આજે રાતે હું તારે માટે એક ફરમાન લાવ્યો છે. છેલ્લુંજ ફરમાન અને તે બજાવવાની તુને એક સારી તક છે. એ ફરમાન બજાવ્યાથી તું એક બેટી તરીકેની તારી ફરજ અદા કરી શકશે. એટલુંજ નહી પણ આજ સુધી હમારાં કુટુંમ્બને જે ડાઘ લાગોછ તે તું તારાં એ કામથી ધોઇ નાંખશે. સમજી કે ? "

" હું તમારૂં બોલવું સમજી શકતી નથી, મારા લૉર્ડ તમે શું................ "

"યુકી સેન, સાંભળ એણે તારા બાપને મારી નાંખ્યોછ. તારા કુટુંમ્બનાં વડાનો જીવ લીધોછ. અને તેથી આજે રાતે એ મરવોજ જોઇશે. "

" ઓ કાકાજી, મારા લૉર્ડ. નહી નહી એમ નાં બોલો. તમે એમ કહી શકોજ નહી કે એણે મરવું જોઇએ કાકાજી, મારા કાકાજી, મોરીસે"

" હા. હા. એને મરવુંજ જોઇએ. તોજ તારા બાપનાં રૂહને શાંન્તી મળશે. "

" પણ હું કાંઇજ સમજી શકતી નથી. બસ કરો કાકાજી "

"સમજ. નથી સમજ્યું તો બરાબર સમજ"ત્યાં તેણે તેણીને પહેલ્લેથી સમજ પાડી કહ્યું અને પછી પોતાના ઝભ્ભાની બોંહેમાથી એક ન્હાની શીશી બહાર ખેંચી કહાડતાં કહ્યું, જો આવજ દવાનાં ફક્ત બે કે ત્રણ ટીપાં—અને તે નીરાંતે સદાની ઉંઘમાં પડશે."

" મારા લૉર્ડ, હું કેમ કરી શકું ? " યુકી કમકમની બોલી. " અરે હાલમાં હમે કેટલાં સુખી છઇયે તે એક ઘડી બી મને દુખી કે દીલગીર કરતો નથી. તે મારી તરફ ઘણોજ માન્‌ યાળુ છે. કાકાજી હું તેને ચાહુછું. જેમ એક જાપાનીસ સ્રી પોતાના લૉર્ડને ચાહે તેમ નહી, પણ દરયા પાર જેમ એક પરદેશી સ્રી પોતાના બહાદુર મરદને ચાહે તેમ. બે વરસ થયાં હમે આ મકાનમાં સુખથી રહીયે છીએ. બે વરસ થયાં એજ મારો જીવ જાન છે. સહવારે ઉઠનાંને વાર મારો પહેલ્લો વિચાર. મારા મોરીસ, મારા દાના સેન માટે જ. રાતે બીછાને જતાં મારો છેલ્લો વિચારથી તેનેજ માટે છે. હું તેનીજ છેઉં અને તેનેજ ચાહુંછ અને તેનેજ ચાહુછું. હું કેઇ વાર અજબ થાઉંછ કે એના જેવો એક મોટો માણસ મારા જેવી એક સાધારણ ગરીબ જાપાનીસ સ્રીને ચાહીજ કેમ શકે છે. હમણા તમે મને તેને ખુન કરવા સમજાવોછ, પણ હું તેમ કરી શકતી નથી, અને કદી તેમ કરનાર નથી. એ મારો આશક છે, મારો ધણી છે. હું તેને બચાવશ તમારે હાથ એનો જીવ જતો બચાવશ."

તે ડોસો એકદમ ઉશ્કેરાઇ ગયો. તેણીનાં દીલપર એકદમ ધાસી જઇ તેણે તેણીનો હાથ મજબુત પકડયો.

" છોકરી," તેણે ધીમી સાદે બોલવા માંડયું " છોકરી હમે જેમ કહીયે તેમ તારે કરવુંજ જોઇએ. તું એક જાપાનીસ છે, અને તું સારી રીતે જાણેછ કે એક જાપાનીસ સ્રીએ મોતસુધી પોતાનાં કુટુંમ્બને તાબે રહેવુંજ જોઇએ. મને કાંઇબી રીતની ફીકર નથી. એમ બનવુંજ જોઇશે. આજે રાતેજ અને વળી તારેજ હાથે સમજ્યું ! "

તેણી જમીન તરફ ટિકતી ચુપ ઉભીજ રહી પણ પછી એકા એક કાંઇ ખ્યાલ થતાંજ આસાભેર બોલી ઉઠી. " કાકાજી, કદાચ એ ખરૂં નહી હોય. મારો મૉરીસ ખુની નહી બી હોય—"

" નહી. ખુની એજ છે. હમે જાણેછ પણ તું જો ન માનતી હોય તો આજે રાતે એને પુછી એનેજ મ્હોડે એકરાર કરાવ જો એ ખુની નહી હશે તો તું છુટી છે, પણ જો એ ખુની હોય તો પછી શું થયું ને તું જાણેછ અને યાદ રાખજે કે તેથી આજે રાતેજ.

"હા, જો મોરીસ કબુલ કરશે કે ખુન તેણેજ કીધું હતું તો તો, શું કરવું તે હું જાણુંછ અને તેમ હું કરશ." તે ભોળી છોકરીને એવીજ આશા હતી કે મોરીસ કદી ખુન કરે નહી અને તેથીજ તેણીએ તેના કહેવા મુજબ કરવા કબુલ્યું અને વધુ ઉમેયું કે, " પણ યાદ રાખજે કાકાજી કે જો દેવતાઓ તેને તેડી હશે, તો સાથે તેઓ મને બી તેડશે. હું પણ સાથેજ........'

" નહી નહી. એમ નહી થવું જોઇએ, તારૂં કામ કાંઇ એટલેથીજ પુરૂં થશે નહી. તારે તો જીવવુંજ પડશે. પેલા જેહાંનની મુસાફરી દરમ્યાનના એકાંત રસ્તા પર તારૂં રૂહ બીજો તેની સાથે જોડાય તો તેને તો એક જાતનું સુખ મળેલું કહેવાય. તેણે તો ઉલટું એકલાએજ મુસાફરી કરવી જોઇએ. તારે તો તારી ફરજ આજે રાતે બજાવ્યા પછી મારી સાથે તારા બાપીકા મકાને જ્યાં તારૂં કુટુમ્બ તારી રાહ જોયછ ત્યાં આવવું પડશે. હમે જો તુનેગી એની સાથે પેલી જેહાંન મોકલ્યે તો હમારો કિનો ફકત અડધોજ વળેલો કહેવાય. મારી જરા નજદીક આવ. જો આજે રાતે હું વીલોનાં કારીખાનાં આગળ તારી રાહ જો તો થોભીશ. તારી ફરજ બજાવ્યા પછી તું મને ત્યાં આવી મળજે. લાવ મને વચન આપ.' એક પળ કાંઇ વિચાર કરી કાંઇ ચોકસ છુપા ઠેરવ પર આવી તેણીએ બેધડક વચન આપ્યું.

" બસ, હવે તું મારા હોકમને તાબે થશેજ. મને કશી ફીકર નથી. શુ તુ એક જાપાનીસ નથી ?" તેણે તેણીનો ચેહરો બંન્ને હાથે ઉંચો કરવા કહ્યું." તું મારા કહેવામુજબ કરશે અને આવી મળશે. એવી મને આશા છેજ. દેવતાઓ તારા મદદગાર થાઓ. સેયોનાસ. ("ગુડ-બાય") તે કાંઇ બબડતો બહાર નીકળ્યો, અને પોતાના જોડા પાછા પહેરી ધસારા બંધ ચાલી ગીયો.

તેના જવા પછી ધુસ્કી રડતી ડચકાં ખાતી જમીન પર ઉંધે મસ્તક પડી. શું કરવું અને કેમ કરવું તે તેણીને સુઝ પડયું નહી. પિતાના વહાલને ખાતર તેનાં ખુનનું વેર લેવુંજ જોઇયે એમ તેણી વિચાર કરતી, પણ તે ખુની તેણીનો આશકજ હોવાથી પાછી તેણી ગુંચવાતી હતી. વિચારના વમળમાં સપડાયલી તેણી જમીન પર હતી, તેવામાં મોરીસ ફ્રીમેન તેણીનો આશક કામથી ફારેગ થયલો ગાયનનો એકાદ રાગ વ્હીસલ કરતો ઓરડામાં દાખલ થયો, સઘળે શાંત ચુપકીદી જોઇ તેને આસપાસ જોવા માડયું, અને ધુસ્કીને જમીન ઉપર ઊંધે મસ્તકે પડેલી જોઇ તેણીની આગળ ઉતાવળે પગલે દોડી જઇ પોતાના હાથોમા પ્યારથી ઉચકી લીધી

" શું છે, સ્વીટ હાર્ટ, શું બન્યુ છે ?" તે પ્યારથી પુછવા લાગ્યો. " મને કહે કે તુને શુ છે ?"

તેણીને એક સોફાપર બેસાડી તે ટેબલ નજદીક ગયો અને લાઇટ મોટી કરી પોતેબી તેણીની આગળ આવી બેઠો.

" જો, જાન હું તારે માટે આ શું લાયોછ ?" ગજવાંમાથી એકાદ પ્રેઝંટ કહાડી તેણીની આગળ ધરતાં પુંછયું.

તેણીએ તે પ્રેઝન્ટ લીધી અને દયાળુ નજરે તેની તરફ જોઇ તે ઉપર અસંખ્ય ચુમીઓ લેવા લાગી. ત્યાર બાદ એકાએક તેના ખભાં ઉપર માથું નાંખી ઝારઝાર રડવા માંડયુ. મોરીસ ગભરાઇ ગયો. તેને કાંઇ સમજ પડી નહીં, કે એકાએક શું થયું ? તે ગયો ત્યારે તો તેણી હસતી રમતી ખુશાલ હતી. અને હમણાં રડતી શા માટે હતી. તે પ્યારથી તેણી

ના બાલ પસવારતાં તેણીનાં રડવાનું કારણ પુછવા લાગ્યો.

"મોરીસ" તેણી ધીમે સ્હાદે બોલી. મોરીસ આપણે બે વરસનાં અહીં સાથે રહીયેછ, તો મને કહો કે મેં તમને સુખી કીધાછ કે નહી?'

મોરીસ મોટેથી હસી પડયો.

"સુખી? આહ, ચુક ડાર્લીંગ, તું સુખી નો સવાલજ કેમ કરી શકેછ? વહાલાં જીગર, મેં તો લાંબા વખતનો મારો જુનો વિચાર બાજુએ મુકયોછ કે પ્યાર તેજ સુખ, અને સુખ તેજ પ્યાર. હમણા હમણાં તેંજ મને શીખવ્યું છ કે એકને બીજા વગર કદી ચાલેજ નહી. હું તુને ચાહુંછ. હું તારી સાથે રહુંછ. તું મ રી જ છે. અને આપણે સુખી છાયે એ બધાનો સાર અંદર આવી ગયોછ. તારા સવાલનો મારો એ જવાબ છે. જ્યારથી તું મારી થઇછ ત્યારથી મારો વિચાર ફર્યોછ. પહેલે હું એમજ ધારતો હતો કે મારી જીંદગી ફક્ત કામ કરવા અને દુન્યા તરફની મારી ફરજો બજાવવા માટે-જ સરજાયલી છે. કામ પછી આરામ અને એકાદ સીગારની મોજ એટલીજ ચીજો મને વહાલી હતી પણ હવે એ ઉપરાંત મને કાંઇ બીજું બી વહાલું છે. આગળ મને જલદી ઓફીસ છોડવા નહી ગમતી હતી- પણ હવે જલદી દોડી આવવા મને ઘણું ગમેછ. મારી ઓફીસનું બારણું બંધ કરવા પછી હું અહીં આઉંછ ત્યારે હું હરખ ઘેલો-દિવાનો થઇ જાઉંછ. આ ઘેર. મારું મીઠું સુખ ભર્યું ઘેર, કે જ્યાં મારા સિવાય કોઇ કદી દાખલ થઇ શકેજ નહીં. હું જે સ્ત્રીને ચહુંછ તેની સાથે એકલો રહેવા મને ઘણું ગમેછ. નહી સોસાયટીનાં મેળાવડાંની ધમુખર કે નહી ડીનર ફ્રોનરનાં વેળા. ફક્ત આપણ બ નેજ એકલાં તુ અને હું" અને એમ બોલી તેને તેણીનો ચ્હેરો ઉંચે ધરી આગળ વધાર્યું. 'તુ' તો મારી સાથે સુખી છેની; મારી વહાલી? તું મને ચાહેછ કેની?"

"મોરીસ હમે જાપાનીઝ સ્ત્રીઓ કદી પ્યાર વિશે બોલતાંજ નથી. હમે પ્યાર વગરજ પરણીએ અને પ્યાર વગરજ જીવીયે. પરણી જીંદગીનું સુખ હમારે માટે તો એક બંધ ચોપડી જેવું છે. તમારે દેશની સ્ત્રીઓ જેમ પોતાના દાનાસેનોને ચાહેછ તેવીજ રીતે હું તમને ચહુંછું કે નહી તે હું જાણતી નથી. પણ હું એટલુ તો જાણુંછ કે રાત અને દહાડો હું તમારાજ સ્વપ્નાં જોઊંછું. હું તમારેજ ખાતર ફક્ત જીવુ છું તમે મને જેવી થવા ઇચ્છો તેવી હુ થવા માંગુંછ. અને જયારે તમે મને તમારા પાસામાં પકડી લઇ "મારી ચુકી સાન, મારી સ્વીટહાર્ટ" એમ કહોછ ત્યારે મારું જીગર ખુશીથી જાણે ભાંગી જાય. છે. પછી હું નહી જાણતી કે એ પ્યારની લાગણી કહેવાય કે શું. પણ જો એ પ્યારજ કહેવાતો હોય તો હું તમને ચાહુછું. મારા દાનાસેન, હું તમને ચાહુછ.

તેણી એટલું બોલી ચુપ થઇ ગઇ, કે જ્યારે મોરીસ તેણીનું માથું પસવારતોજ રહયો.

"પછી, જાની પેલાં ખાણાંનું શું કીધું?" તેને પુછયું અને ઉઠવા જતો હતો, તેટલાં તેણીએ તેને પાછો બેસાડયો.

"થોભો ડીયર, આપણને થોડા વખત વાતજ કરવા દેઓ." તેનો હાથ પકડી રાખતાં તેણી બોલી, "દાનાસેન, હું તમને કાંઇ પુછવા માંગુછ. બોલો તમે મારી સાથે ગુસ્સે તો નહીં થાઓ?"

"ગુસ્સે? ચુક, હું કોઇ બી તારી સાથે ગુસ્સો થ વાછ ક્યારે? મન ખોલ ચુક પુછ. સ્ટોરી બનત હુ તેનો ખુલાસો કરશ. હુ ધારૂછ કે, મારી ડાર્લીંગ વળી કાંઇ પરદેશનો વિચાર કરતી હશે.

કેમ ખરૂં કેની. !"

'' નહીં મોરીસ, હુ કાંઇ તેને માટે પુછતી નથી હુ તો ઘણાં વર્ષ ઉપર બનેલા એક બનાવ વિષે પુછવા માંગુછ.

"એટલે કયા બનાવ માટે ?"

"દાનાસેન તમે જયારે પહેલાં ટોકીઓ આવ્યા—"

'હા, બાર વર્ષની વાતપર કે જયારે મારી યુકી એક ન્હાનું બચ્ચું હતી.'

"બાર વરસની વાતપર કે જયારે પરદેશીઓ અને જાપાનીઓ વચ્ચે સખ્ત મીનાકેસો હતો તે વખતે તમને અને તમારા દોસતોને જાપાનીસો સાથે કાંઇ મારામારી થઇ હતી ?"

મોરીસે તેણીની તરફ ચોકીને જોયુ. તેની આંખો ગુસ્સાથી આતશ માફક ચમકતી હતી.

"તેં એ વિષે કહા સમજ્યું ? તુને કોણે કહયું ?" તેણે ઉશ્કરાઇ જઇ પુછયું.

"ઓ, એ તો બજારમા લોક કાઇ એવી વાત કરતું હતુ" તેણીએ બેદરકાર બની કહ્યુ.

તે ઉઠયો અને ઓરડામાં ફેરા ખાવા લાગ્યો

"યુકી, તે શું સમજ્યુ તે કાંઇ હું જાણુતો નથી, પણ હું તુને એ બનાવ વાત જણાવશ. હા, તુ કહેછ તે વાત ખરી છે મને અગાઉ અહીં જાપાનમાં મારામારી થઇ હતી. મને અને મારા ફ્રેન્ડોને એક બુઢા જાપાનીસ સાથે ટંટો થયો હતો, અને તે ટંટા દરમ્યાન હું નહી જાણુતો કે હુ કેમ એટલો બધો ઉશ્કરાઇ ગયો. હોવશ, કે મારામારી દરમ્યાન મેં તેની ઉપર હુમલો કર્યો અને તેને મારી નાખ્યા, તે વખતે અંધારૂં હાલ હતું, અને હુ ભાગ્યેજ તેનો ચ્હેરો જોઇ શકયો હતો."

'તમે તેને મારી નાંખ્યો ? દાનસેન, શું તમે તેનું ખુન કર્યું ?" ધ્રુજતાં અને કમકમતા તેણીએ પાછુ તે પાછું પુછયું.

"હા, મેં તેને મારી નાંખ્યો-પણ મારા પોતાનાં બચાવને ખાતર. યુકી, મેં મારો બચાવ કરવા તેનો જીવ લીધો, પણ ત્યાર પછી હમને હમારાં વહાણપર પાછા જતાં કેટલી મુશ્કેલી પડી હતી આહ, તે રાતની વાત ભાગ્યે હું વીસરી શકતોજ નથી." તેણે રૂમાલે મ્હોડું લુછયું અને પછી તેણીની આગળ આવી પાછો બેઠો.

"પણ પછી—"

'બસ જાની, એ વાત અહીંજ બંધ કર. મને વધારે ઉશ્કેર નાં. ખાણુ તઇયાર તો છે કેની? વાત ઉડાવવાની મકસદથી તેણે ખાણા માટે ઉતાવળ કીધી

યુકી સાદડીપર બેઠેલી જમીનપર ધીમેથી સરી પડી અને મોરીસના ગુડણપર માથું મુકી બેઠી. અને પોતાના ડ્રેસમાં ખોસેલુ ફુલ ખેંચી કહાડી પાનરીએ પાતરી ચુંટી ભોયપર નાખવા લાગી, અને પછી એકદમ ઉઠી ઉભી થઇ.

"તમે અહીંજ બેસી રહો. હુ ખાણાની તૈયારી કરૂં છુ" તેણી ટેબલ તરફ જતા બોલી.

મોરીસે ટેબલપર પડેલુ પેપર ઉંચકી વાંચવા માડયું, પણ હજુતો વાચવા માટે તેટલાંજ યુકી પાછી આવી.

"મોરીસ, મને એકવાર ફરિથી કહો કે તમે મને ચાહોછ અને મેં તમને સુખી કર્યાછ, મને સાથે રાખવાથી તમે દલગીર થયા નથી. અને—અને—અને—તમે મને ચહોછ મોરીસ-મારા દાનાસેન તમે મને તમારા પાસમાં પાછી લો અને કેહોકે "હું તુને ચાહુંછ; મારી યુકી સાન."

તે ઘણો અજબ થયો. અને પોતાની નજદીક તેણીને ખેંચી પ્યારથી પમવારતાં બોલ્યો. "મારા જાન શું છે, વહાલી ? હું તુને સમજી શકતો નથી. તુને ચાહુંછ ? અલબતાં—હું તુને મારા ખરા જીગરથી ચાહુંછ. ચાલ હવે રડ ના, ડાર્લીંગ જા જઇને ખાણું તૈયાર કર"

તેણે તેણીને કીસ કરી પટાવીને મોકલી પણ ફરીથી એક વાર તેણી પાછી આવી તેની આગળ ગુંઠણુ મડયે પડી.

" મોરીસ, હવે પછી કાંઇ પણ બને તેની ફીકર નહી. હવે પછી હમારા દેવતાઓ કદાચ, તારી ઉપર રૂઠેબી. પણ યાદ રાખજે કે મારી જીંદગીના સાચ્ચા પ્યારથી હું તુને ચાહુંછ. તારે ખાતર તો મારો જીવ પણ આપવો પડતે હતે તો ઓ કેવા ખુશીથી હું તેમ કરતે. હવે પછી કદાચ કાંઇ આફતમાંથી બી પાસ થાય પણ હું તારી આગળ જલદીજ ચાલી આવશ. જયાં મારીથી આવી નહી શકાય તેમ હશે તો ત્યાં હું તુને કદી એકલો મોકલશ નહી. હું આવશ. હું તારીજ છેઉં. દેવતાઓ તુને એકલો જવા દેશે. નહીં તુંને મારીજ જરૂર છે. હું તુંને ચહુંછ. ઓ દાનાસેન, હું તારી સાથ આવવા માંગુછ, પણ હું એક જાપાનીસ છેઉ, અને હુ બધું સમજુંછ. "

મોરીસ તેણીને અજાયબીથી ટીકવા લાગ્યો તે એમ સમજ્યો કે તેનું લન્ડન જવાનુ સમજી તેણી દુઃખ થતી હશે અને તેથી તેણીને અસંખ્ય ચુંમીઓ લઇ તે સધ્યારો આપવા લાગ્યો.

" કાંઇ નહી, મારા લવ. તુંને શાનુ દુખ થાયછ તે જો કે હું જાણુતો નથી, પણ અલબત હું જયાં બી જાઉં ત્યાં તું બી સાથેજ જશે. મને તારી જરૂર છે.અને મારી મુક વગર મને કદી ચાલશે નહિં "

તેને મનાવી પાછી મોકલી તે પેપરો વાંચવા બેઠો, કે જ્યારે મુકી રડમસ ચ્હેરે ખાણું કહાડવા ગઇ.

" મારા દાનાસેનને પહેલ્લાં મારે હાથની એક કપ ચાહ લેવા ગમશે ? " તેણીએ ટેબલ આગળ જઇ પુછ્યું.

" ઓ યસ, કાંય નહી. ! મને ઘણુંજ ગમશે." તેણે તેણીની તરફ જોઇ હસી કહ્યું.

તેણીએ ચુંલા આગળ ગઇ વાંકી વળી બળતું વીજણ્યું. ત્યારબાદ ચાહનું પાણી તૈયાર કરી કીટલીમાં ચાહ બનાવી, અને પછી મોરીસ જોતી ઉભી. એક પળ અને પછી પોતાની બોડિ-માંથી પેલી શીશી કહાડી; તેમાંથી બે ત્રણ ટીપાં એક કપમાં નાંખી ચાહ તે કપ ભર્યું અને પછી સોફા નજદીક જઇ મોરીસને આપ્યું. ગરીબ ભોળો જવાન તેણે ભોળાઇથી તે લીધું અને હસી તેણીની તરફ જોઇ. "તારી સલામતી સ્વીટહાર્ટ," એમ બોલી પી ગયો. અને અફસોસ તે પીતાંની સાંથેજ તે પાસેની એક ખુંરશી પર પડયો. કપ તેનાં હાથમાંથી સરી પડયું. અને સઘળું ખલાસ. મુકીએ વાંકી વળી તેનો ચ્હેરો જોયો. તેનાં બન્ને હાથો પ્યારથી તેની છાતી ઉપર વાળ્યા. તેના ચ્હેરા પર પોતાનો હાથ ફેરવ્યો અને પછી તેના કપાળપર કીસ લીધી. ત્યારબાદ તેણી પોતાના કુટુંમ્બીઓની કબરો તરફ ગઇ. અને ગુડણ્યે પડી માંથું નમાવ્યું. પાછી ઉઠી બે મીણબ-તીઓ કાઢી બે ધુપદાન કાઢયાં, અને બે મોટા પ્યાલાં તૈયાર કીધાં. એ સઘળું તે મરણ પામેલા જવાનની સામે લાવી મુકયું. થોડે વારે તેણીએ તે મીન બ-તીઓ સળગાવી, ધુપદાનમાં કાંઇ સુગંધી ચીજો બાળી, એક પ્યાલામાં પાણી નાંખ્યુ, અને એકમાં થોડા ચોખા કહાડયા, એ સઘળું કરી તેણી બાગમાં ખુલતી એક બારી આગળ જઇ ઉભી, અને ઓરડામા બધે નજર ફેરવી જોવા લાગી, પછી ધીમેથી પોતાનાં મુવેલા આશક તરફ આવી, ગુડણે પડી જમીન તુલીક માંથુ નમાવ્યું અને બન્ને હાથો તેની તરફ લાંમ્બા કરી પુકારી કે " **સેયોનાસ, દાનાસેન, ઓ સેયોનાસ.** "

જમીન ઉપરથી હને ઉઠી તેણી વળી પાછી બારી આગળ જઇ ઉભી. તેણીને કાંઇ ચેન પડયુ નહી. કાકાનાં કહેવાથી આ ઉતાવળું પગલું ભરવા માટે તેણી હવે પસતાવા લાગી કેવો ભોળો,

કેવો માયાળુ આશક તે હતો! અને તેણીએ આ શું કીધું? કેવો તે પોતાને દેશ જવા હરખ ભેર થઇ રહ્યો હતો! તેણીની સાથે સુખચેનમાં જીંદગી ગુજારવા તે કેવો ઉમેદ અને આશા ભેર થયો હતો? તેણીની આંખમાંથી નવધાર આંસુઓ વરસવા લાગ્યાં. બહાર બાગમાં અંધારામાં ટીકતી ઘેરી પળ તેણી વિચારમાં હતી રહી ઘડીમાં તેણી પોતાનું એ કામ ઉતાવળું અને ઘાતકી સમજતી હતી તો વળી ઘડીમાં તે વાજબી ગણતી હતી તેણી વિચારતી કે પિતાના ખુનનું તેણીએ વેર લેવામાં કાંઇ ખોટું કીધું નહી હતું. પોતાના મરહુમ બાપ તરફની તેણીએ પોતાની ફરજ બજાવી હતી, તેમાં,–પણ મગર–એકાએક વિચાર તેણીને આવ્યો. કાંય નહી મોરીસ નિર્દોષ હોય! હા, તેને ખુન કીધું હતું તેણે પોતે તે કબુલ કીધું હતું–પણ કાંય નહી ને કઇ બીજા જેપાનીસનું હોય? અને તેણે પોતાનો બચાવ કરતાંજ તેણે અજાણપણામાં કીધું હોય તેણીનો કાકો પહેલથીજ તેણીના તરફ ખારીલો અને કુર હતો. અને તેથી કાં નહિં જુઠું બોલી તેણીને ઉશ્કેરી હોય? વગર વિચારે એ કામ કીધેનું જાણી તેણી ઘેલી દીવાની જેવી બની ગઇ.

"મોરીસ, મારા મોરીસ તેણી તેનાં શબ આગલ આવી ડુસકાંઇ પડતાં બોલી." મને માફ કરજે. મેં અભાગણીએ અજાણપણામાં આ શું કીધું? કુદરતીજ મને લાગેછ કે તમે મારા પિતાનું ખુન કીધું નથી. દાનાસેન હું તારા વગર જીવનાર નથી. ભલે હું એક જાપાનીસ છેઉં પણ હું મારું પેલું વચન તોડશ. હું તમને એકલા જવા દેનાર નથી. હું પણ તારી સાથેજ આવશ."

તેણી એકદમ ઉઠી ઉભી થઇ. પોતાની પાસેની પેલીજ શીશી કહાડી અને ચુલા આગળ રહેલી કીટલી મુકેલી હતી તેમાં થોડાંક ટીપાં તેમાંથી નાંખ્યા તેણી એટલી શુધ્ધ બુધ્ધ વિનાની થઇ ગઇ હતી કે કપમાં પહેલાં જુદી ચાહ કહાડવા પછીજ પેલાં ટીપાં નાંખવાનું પણ તેણીને ભાન રહ્યું નહી હતું. થોડેવારે તેણીએ એક કપમાં તે ચાહ રેહાડી અને હાથમાં કપ રાખી મોરીસ આગળ ગઇ પહેલાં એક ટુંક બંદગી કીધી, પોતાને ઉશ્કેરનાર મુછ કાકાને હજારો શ્રાપ દીધા, અને પછી પોતાનો નાજુક હાથ તેનાં મ્હો પર ફેરવતાં, "દાનાસેન, મારાં લોર્ડ, હું તમારી સાથેજ આવુંછ" એમ બોલી, પ્યારની એક કીસ કરી, પેલી ચાહ પી ગઇ. એકજ મીનીટ અને જ્યાં મોરીસ બેઠો હતો, ત્યાંજ તેનાં ખોળાપર મુડદું થઇ પડી.

ભલા વાંચક, હવે પેલા ડોસા તરફ તારી નજર ફેરવ ચુકાને માળી, જેવી રીતે તે બરાતો છુપાતો આવ્યો હતો તેવીજ રીતે બાગ વટાવી બહાર પડ્યો ત્યારે ઉશ્કેર પડ્યો અને ગુસ્સે થયલો હતો, પણ પાછો ગયો ત્યારે હરખાયલો અને મુછમાં હસતો ગયો.

"હવે તું ઠીક સપડાયોછ, બચ્ચા, જો કે હું કેવો તારો ઘાટ ઘડુંછ. જેને તુ ચાહેછ તેનેજ હાથે તારૂં ખુન કરાઉં અને તેમાં જો હું નહી ફાવ્યો તો પછી મારે હાથથી તું કમ બ્ખ્ત નો છે! તુ નિર્દોષ છે–હમારા વડાનું ખુન તારે હાથે નહી, પણ બીજાનેજ હાથે થયું હતું. તેં તો અજાણ પણામાં તારો બચાવ કરવા જતાં કોઇ બીજાને માર્યો હતો. એ સઘળું હું જાણુંછ પણ મારે તો તારીપર કાંઈબી બહાને વેર લેવનુ છે તેં એક જાપાનીઝ સ્ત્રીને ભમાંવી તારી બનાવી, તો હુંબી ખરો કે તુંને એનીથી જુદો પાડો, એને હમારાં કુટુંબમાં પાછી લાઉં, મેં એને જુઠી ભમાવી તારી તરફ મેં એને એવી ઉશ્કેરી જુઠું ભડકાવ્યુંછ કે તું બચવોજ હવે મુશ્કેલ છે. વાડ આજની રાત તારી છેલ્લીજ સમજજે," ઉપર મુજબ બબડતો તે કાશી ખાનાં તરફ ગયો.

તે કાફીખાનાં અંદર દાખલ થયો, અને ત્યાં બીજા ઘણા જાપાનીઝો જેઓ તરેહવાર ઢોંગ કરી રમુજ મેળવતા હતા તેઓ સાથે વાતચીતમાં રોકાયો ત્યારબાદ એક કપ કોફીનુ મંગાવી પીધુ અને મધરાતનાં બારની ટકોરી પડતાંજ સાહેબ સલામ કરી બહાર નીકળી થોડેક દુર યુકીની રાહ જોતો થોભ્યો. બારના સાડા બાર—પછી એક.—અને દોઢ બી થયો પણ યુકી આવી નહી. તે વધારેને વધારે ઉશ્કેરાવા લાગ્યો. આખરે વાટ જોઇ તે તેણીને ઘેર ગયો. સાંજ નાંજ જેવો દેખાવ તેનો થયો હતો. અને હમણા તો તેણે પોતાનાં હાથમાં એક તીણું ખંજર ધર્યું હતું. ધીમેથી ઓટલા ઉપર ચઢી તેણે ઓરડામાં જોયું. ત્યાંનો દેખાવ જોઇ તે ચોંકયો. તે એકદમ ઓરડાનાં ધસી ગયો. પોતના ધારવા કરતાં ઉલટુંજ બનેલું જોઇ ને રાતો પીળો થઇ ગયો. પોતે આશા શું રાખી હતી અને આય શું થઇ ગયું હતુ ?

"કમબખ્ત દુકતી" તે યુકીનાં મુડદાં તરફ જોઇ પુકાર્યો." તેં અંતે તારેંજ બોલ ફેરવ્યો કે ની? એક જાપાનીઝ થઇ તેં તારૂં વચન તોડયું કે ની? આખરે બી તું એનીજ થઇ કે ની?"

ત્યાં તે મોરીસ તરફ ફર્યો. અને જાણે તે જીવતો હોય તેને સમજાવવા માંગતો હોય તેમ મુકીઓ દેખાડતાં બોલ્યો. "ચંડાળ તુંજ આખરે જીત્યો. જીવતાં જીવત તો તેં અને ચોરી લીધી હતી, પણ મુંવા પછી બી તું એને સાથેજ લઇ ગયો. પણ યાદ રાખજે કે દેવતાઓ તુને શીક્ષા કરદેજ."

લાગટ અરધો એક કલાક સુધી તે બબાડયો અને પછી થાકી એક ખુરશી ઉપર બેઠો. તેની નજર ચુલા આગળ મુકેલી કીટલી તરફ ગઇ કે ઉઠી જઇ તેણે તેમાંથી એક કપ ચાહ બનાવી અને સાંજ બેસી પીવા લાગ્યો. થોડીક પીધી કે તેના દોળા ટસટસ થઇ આવ્યા, તેનો જીવ ફરવા લાગ્યો—તે ગમરાઇ ગયો—અને હજી તો ઉઠવા જાય તેટલાંજ લાંબો થઇ પડયો ખલાસ તે આવ્યો શા મતલબથી, અને અણુધાર્યું બની શું ગયું. ખુન કરવાના ઇરાદાથી તે ખંજર લઇ આવ્યો હતો પણ આખરે પોતાના પાપનો ભોગ કુદરતેજ તેને બનાવ્યો.

કેવો દયાળુ !

તે—"મને સાચ્ચું કહે કે આપણા વચ્ચે શું ફકત મારી ગરીબાઇનીજ નડતલ છે?"

તેણી—હા.

તે—(આશાવંત)—હું કબુલ કરૂંછ કે હું ગરીબ છેઉં અને કમનસીબે મારા બાવા બી તેમજ છે; પણ મારા એક બુઢા કાકા છે જેઓ પૈસાદારછે અને વળી કુંવારાછે સાથે વળી દુખી દરદી હોવાથી લાંબો વખત કહાડે તેમ નથી.

તેણી—(ખુશીથી) અરે તમે કેવા માયાળુ અને વિચારવંત છેઓ. તમે મને તેઓણુ સાથે ઇન્ટ્રોડયુસ કરશો.

ખરો વફાદાર !

મ્યુઝીયમનો નવો રખેવાળ—થોભો સાહેબ, અંદર દાખલ થવા આગમજ તમને તમારી છત્રી બહાર મુકી જવી પડશે.

મહરય—પણ મારી પાસે છત્રી નથી, તે તમે જુઓછ કેની?

રખેવાળ—ત્યારે તો સાહેબ પાછા જાઓ અને એક લઇ આવો. કારણ જ્યાં સુધી કોઇ પણ આસામી પોતાની છત્રી દરવાજાની બહાર મુકતો નથી, ત્યા સુધી તેને અંદર જવા દેવામાં આવતો નથી હમારે તો સાહેબ, હમારા વડાના હુકમ મુજબજ ચાલવું જોઇએ. સમજ્યા કેની !

શીરીન.

ગુલશન હરિફાઈ.

( )

મ્હેતા મુનશી મચી માનસ્ત્યને મુબઈ માગેરમા મગમ્ટે મળી મચીએ મહ્‌નુ મગનુ મનમા મનીદે માની મહેનાની મ્હેમત માલી મહેરાએ મચીના મગ્ન માથ મા મજણુન મુકી મારી મચીએ મુગે મોહડે મહેરાની મદ માગી, મહેરાનુ મન મનાવવા મારકેટમાથી મેવા મીઠાઈ મેળવી મેહગના મોહમા મુક્યું મારગમા મહેરાને મોહબત વગેરે મળેજાર માસીના માકા મળ્યો મગતાજ માકાનુ મેહ મલકાયુ. મહેરાએ મામાને મચીની મનવળી મુરાદ માટે મુઝગે મચી માકો મરણ તાન મગયા મામાએ મચીની મુગી મજણુન મરડી માર માર્યો મચી મુગો મુવો માકાના માતાની મહે માકાને નરગ મુજબ મળી મહાનદમીના માનેક મેનકાનમા માનતા માણસોનો મેળાવડો મળ્યો મહેલના મેડી ડીનના મેજુ સીની મીડી મજાદ મેગ નડના મહેરબાનોને મડપમા મળ્યા મહેરાને માકાની મનમાનની મોજ મળી મચી મારસ્ત્યો મહતમા મુવો.

મીસ પીરોજા હોરમસજી કેનટીનવાલા

(૨)

પુનાના પેગનનજી પટેલ,–પુરૂશોતમ પારેખ પીર સાહેબ પજાબી–પ્રો. પ્રતિનીધીઓએ પનામા પરતુ પારિસ પગે પેઢના પાગણના પડીન પ્રાણુ પરે પેતાના પતી પીયમનિ, પોતાના પિતા પ્રેમાનદ પાઠક પ્રમિદ્ધ પામ્યા. પરદે પરમી પ્રેમથી પ્રણમ પગી, પૃથ્વીનો પુર્ણ પ્રશ્ન પામતા પતાવ્યા પરતુ પોરબદર પાસે પોતાના પગીત પ્રાણનાર પામે પ્રેમ પૂર્ણ પગ્ય પરોના પ્રવાસીએ પનોતેમ પુરત પણ પતિને પૈસ પાખનાર પગાર પણ પતિને પોતાનો પેઢી પર પેગામ પેચાડી પુરતા પ્રેમ પામી પગ પૃથ્વી પ્રવાસે પધાર્યા–

મહંમદઅલી 'એમ' રીરાઝ.

(૩)

' વીલ્હરફીના વમગમા વીટરાપનો વાઘરી વીઠ્ઠન વાય પાપરી.'

' વગર વીચારે વીકાજીની વાડીમા વાગ વાગ વતાણા નથા" "વીકાજીએ વહાલી વીરાને વાયરથી વારેલી વથઈ" (વાચનારને નામર વાચનાર વરીઆવનો વેરો)

વનસદના વની વીકાજી વીરજીમઈ વાઝા, વરકાપર વાન વગી ' વગેતી–વનીતા' વાચે વગી વીઠ્ઠન વાન પાપરી વીલ્હરફીના વીચીન વમગમા વીતરાપનો વોગ વાં વાર વીકાજીની વાડીને વડો રા વાગા વીસ્તારપ વહાડીઆની વાડી વાયરી, વીકાજીની વાડીની વાસની વડ વધારી, વડોમાના વેગણના વેલા વઢાડી, વાન, વનાણા વાની વગની વાડ વનાવી વડોદરા વનીઓ.

વીકાજીએ વીચાર્યું " વીરને વગર વીચારે વાડીમા વાગ વનાણા વાનીયાજી વારને વીરમગામમા વમની વહાની વારાને વાયરથી વધાઈ વાળુ "

વાનર

વનસાદ વીસમી

વહાલી વીરા.

' વડોદરાનો વનની વઘરી વીરત વાર પાપરીએ વગર વીચારે વીકાજી વાઝાની વાડીને વીસ્તારપ વહાડીઆની વાડી વીચારી, વીકાજીની વાડીમા વેગણના વેલા વઢાડી વાળ વતાણા વા-

...યું. કલ્પાવતી શહેર પણ સમાજ ઉન્નતિના સિખર પર જઇ પહોંચ્યું. આ શહેરમાં ગાયન વાધસંગીત વિધાની ખૂબ ઉન્નતિ થઇ કે તે કળા સંબંધી ગ્રંથ પ્રકાશકો અને બુકસેલરોની થોડા સમયમાં સેંકડો દુકાનો ચાલુ થઇ ગઇ. વાચકશાનો એટલો ફેલાવો થઇ ગયો કે, ઘેરઘેર હારમોનીયમનો અવાજ સાંભળવાંમાં આવતો હતો, એવા વખતમાં આ વાતની બહુ જરૂર હતી કે હારમોનિયમની સાથે ગાવા યોગ્ય સુંદર અને નવા નવા ગાયનોની પણ રચના કરવામાં આવે જ્યારે જે ચીજ નો શોક લોકોનો બહુ વધેલો હોય ત્યારે તે ચીજ ના વેપારીને પોબારા હોય છે. જ્યારે અમારા ખ્યાલી રામ કલ્પાવતીમાં પહોંચ્યા ત્યારે તેઓને એમ લાગ્યું કે અહીં 'કાવ્ય એજન્સી' નું કામ સારૂં ચાલશે. ઝટપટ તેણે એક કાવ્ય એજન્સી ત્યાં ખોલી દિધી અને દનાદન રૂપિઆ કમાવા લાગ્યા.

'કાવ્ય એજન્સી' ના માલિક મીસ્તર ખ્યાલીરામે હારમોનીયમ પર ગાવા વગાડવા યોગ્ય અનેક ગાયનના પુસ્તકો પ્રકાશીત કર્યા અને ઘણા રૂપિઆ કમાવ્યા પણ તે મળતા રૂ. માંથી બહુ થોડોજ હીસ્સો તે કવિયોના અ પવમાં આવતો કે જેઓ બહુ મહેનત કરીને પધ રચના કર્યા કરતા હતા. તે મળતા થોડા રૂપીઆને માટે પણ (કે જે તેઓના ખરી મહેનતનાજ હતા) તે બિચારા 'કવિશ્વરો' તથા 'સાક્ષરો' ને પ્રકાશક સાહેબની બહુજ ખુશામદ કરવી પડતી હતી. તથાપીં લોક સમાજમાં અને સભાસ્થાનોમાં જે માન જે આદર અને જે પ્રતિષ્ટા તે કવીયોની થતી હતી તેનો સોમો હિસ્સો પણ પ્રકાશ સાહેબના નસિબમાં ન હોતો. આ વાત ખ્યાલી રામના દિલમાં બહુ ખટકતી હતી જો કે તે આ મહામંત્રનું હંમેશાં ધ્યાન રાખતો હતો કે દ્રવ્ય તેજ સર્વ શકિતમાન છે "—અને પ્રકાશના વેપારમાં તે કમાતો પણ ઘણું હતો તો પણ તેનું ચિત શાંત ન હતું રહેતું. સભાઓમાં જે માન સનમાન કવિઓને મળતું હતું તે જોઇને તેને છુપ પણ લલચાવા લાગ્યો તે પોતેતે રાત દિવસ તેનું અને પ્રતિષ્ટા કેમ મળે તેની ચિન્તા કરવા લાગ્યો પુસ્તક પ્રકાશનું કામ કરતે કરતે તેને આ વાતનું જ્ઞાન થયું હતું કે હારમોનિયમ પર ગાવા વગાડવા યોગ્ય કેવ ગાયનો સારા હોયછે. હવે તેણે વિચાર કર્યો કે, આવા જાતના ગાયનોની રચના કરવી તે મારે મનથી કંઇ કઠણ નથી હું હારમોનિયમ સારી રીતે વાગાડી શકું છું મને તાલ સુરનું પુરૂ જ્ઞાન છે. મેં પોતે હજારો કાવ્યના પુસ્તકો પ્રસિધ્ધ કર્યાછે. હું પુરી રીતે જાણુંછું કે સાંભળનારાઓને કેવા ગાયનો પસંદ આવેછે તો હું પોતે જો થોડી મહેનત કરૂં અને હારમોનિયમપર ગાવા યોગ્ય કર્ણ મધુર પધ રચના કરૂં તો મારૂ કામ બની જસે! બસ પછી તો હું સભાઓમાં એક નામાંકિત કવિ ગણાઇશ !! મને બમણું માન પ્રકાશક અને કવિના સંબંધથી મળવા લાગશે !!!"

પણ મનથી વિચાર કરવો એક વાત છે અને તે પ્રમાણે કામ કરવુ બીજી વાત છે. પહેલી વાત સહેલી છે: પણ બીજી વાત કઠણ છે તે સિવાય ખ્યાલીરામના સ્વભાવમાં કાવ્ય એજન્સીનું કામ કરતા કરતા એક મોટા દોસ પણ આવી ગયો હતો. જે કાવ્ય પ્રસિધ્ધ કરવાને તેના પાસે આવતા હતા, તેના મહેનત પ્રમાણે પુરી કિમત ન આપતાં, અને તેના કિમત ઓછી કરવાને માટે, તે હમેશાં કારદાસિયા ઉત્તમ કાવ્યોમાં પણ કાંઇકાંઇ દોષ કાઢતા કરતા હતા. કાવ્યતાં બાબતમા તેના તપાસ કરવાની શકિત એવી તિવ્ર થઇ ગઇ હતી કે, તેને કોઇ પણ કવિની પધ રચના સંપૂર્ણ રીતે સુંદર ન હોતી લાગતી. બિચારા સારાસાર નામાકિત કવિ તેની કડક આલોચનાથી કંપી જતા હતા! તેની આવી તિવ્ર આલોચના શકિતનું એ ફલ થયું કે, જ્યારે પોતે પધ રચના કરવા લાગ્યા ત્યારે પોતાની

...ર થઇ ગયું છે " આ ...લીરામ બહુ ખુશી થયો. ...ગમાંથી થોડી ચોપડીઓ ...થમાં આપીને કહ્યું, " લ્યો, ...શિત થયેલી છે. જુઓઆમાંથી ...સંદ પડે છે. " દેવીએ જવાબ દીધો ... આ પુસ્તકોની જરૂર નથી મને એક નવું કાવ્ય 'રાધા કૃષ્ણ વિલાસ' ની ...રૂર છે. તે હારમોનિયમપર ગાવા વગાડવા યોગ્ય છે. આવતી કૃષ્ણાષ્ટમીને દિવસે અમારા માયન મંદિરમાં જલસો થાસે તે વખતે આ નવા કાવ્યની જરૂર પડશે. તમારી પાસેતો ઘણાક વિગેરે આવેછે. જો મારી ઇચ્છા પ્રમાણેનું કોઇ કાવ્ય તમને મળી જાય તો મને આપજો. મને જુના કાવયોના કાવ્યની જરૂર નથી. કોઇ વર્તમાન કવિની નવીન, પ્રભાવશાળી અને પ્રેમ મય કવિતા મળી જાયતો કામ, બને કહો કેટલા દિવસમાં લાવી આપશો આ કાવ્યના બદલામાં તમને મોઢે માંગી કિંમત મળશે અને બનાવનાર કવિને પણ તેનો બદલો આપવામાં આવશે."

ખ્યાલીરામને તો પોતાને લોકોમાં કવિ તરીકે મશહુર ગણાવાનો બહુ શોક હતો, અને પોતાને પ્રેસિદ્ધ થવાની તરતમાંજ તક મળી. દરદીને જોઇતું હું તેને ફરમાવ્યું ! બહુ ખુશી થઇને કહ્યું, " હાલમાં હું પોતે પણ થોડી થોડી પદ્ય રચના કરવા લાગ્યોછું એ ચાર દિવસમાં તમારી ઇચ્છા અનુસાર એક સુંદર કાવ્ય જરૂર લાવી આપીશ હું ખાત્રી પુર્વક ધારૂંછું કે, તમારા જેવી રસિક સુંદરીને પસંદ પડેલું તે મારૂં કાવ્ય મારા વંશની વૃધ્ધી કરશે. હવે મને રૂપિયા કરતાં કીર્તીની વધારે લાલચ છે. તમારી કૃપાથી દ્રવ્યતો હું ઘણું કમાણો છું", " મધુર કન્ઠા દેવી બોલી, બહુસારૂં ચાર દિવસમાં તમારી કવિતા મને જરૂર દેજો. ઠીક હવે હું જાઉંછું એમ કહીને ખ્યાલીરામ સાહેબ પોતે કાવ્ય રચના કરવાની કલ્પનામાં મગ્ન થતાં પોતાને મકાને આવી પહોંચ્યા.

કાવ્ય એજન્સીની ઓફિસમાં જઇને પોતાના ખાનગી રૂમમાં કાગળ પેન્સિલ હાથમાં પકડીને ટેબલપર માથું નમાવીને, પ્રકાશક સાહેબ કાવ્ય રચનાને માટે માથુ ખજવાળતા બેઠા. મનમાં તો એમ હતું કે હાથમાં કાગળ અને પેન્સિલ લેતાંજ કવિતા તરત તૈયાર થઇ જાસે. એવી રીતે બે કલાક નીકળી ગયા હજી સુધી કાગળપર બે લીટી પણ નજરે નથી પડતી. હાં બે ચાર છેકછાક કરેલી લીટીઓ જરૂર દેખાયછે. કાવ્યનો હસ્ત લખીત પ્રતો જે તેઓના સંગ્રહમાં હતી તેમાં જોવા મળ્યું. તેમાંથી થોડા શબ્દ થોડા વાક્યો, કાંઇ વિચાર કાંઇ નોટસ હાથના કાગળમાં લખી લિધી; અને પાછો વિચાર કરવા લાગ્યો કે આ બધી વાતોને જોડીને એક મનોહર કાવ્ય કેવી રીતે તૈયાર કરી શકાય. બહુજ મગજ મારી કરી, પણ એકે પંક્તિ ઇચ્છા પ્રમાણે કાગળ પર લખી ન શકાઈ. હેરાન થઇ ગયો, થોડો દુ:ખી થઇ અને ચિન્તા કરવા લાગ્યો. એવા માનસિક દુ:ખમાં બિચારો ખ્યાલીરામ બેઠો હતો એટલામાં તેના ઓળખીતા કવિ સુરંગ ત્યાં આવી પહોંચ્યા!

(૩)

સુરંગ કવિ ઓરડામાં આવ્યાં કે ખ્યાલીરામે નાક ભમર ચડાવી, મસ્તકના ઇસારાથી તેઓને ખુરશી પર બેસવાનું કહ્યું અને બોલવા લાગ્યા "કહો કવિરાજ ! કયાંથી નિકળી આવ્યા ? આજ કોને ફસાવવાનો ફાયદો છે ? તમારૂં તે કાવ્ય જે હાલમાંજ અમે પ્રસિદ્ધ કર્યું છે. સાવરદી નિકળ્યું ! તેનો કોઇ ભાવે પૂછતું નથી. એક પણ ઓરડર આવતો નથી. બધાં પુસ્તકો કબાટમાં ભર્યા પડયા છે. અમારા રૂપિયા બરબાદ ગયા. તમારા જેવા કવિઓએ મારા જેવા ભોળાને ખુબ ફસાવ્યો પ્રાસ મેળવતાં તો આવડે નહી અને બની જાય કવિરાજ " ખ્યાલી રામનું આ પ્રસ્તાવના રૂપ ભાષણ સાંભળીને સુરંગ કવિતો ચિકિત થઇ ગયા. થોડી વાર પછી ધીરજ રાખીને હળ-

વેથી બોલ્યો "જુની વાતો જવાદયો. મે કદી પણ જાણી બુઝીને તમને ફસાવવાને યત્ન નથી કર્યો. અમારી નવી કવિતા જુઓ આ હારમો નિયમ પર બહુ સારી રીતે ગાઈ શકાય છે મેં રચનામા બહુ મહેનત કરી છે હું સમજુ છું મારા બધા કાવ્યોથી આ ઉતમ છે મારો અમુલ્ય સમય આની પછવાડે ગયો છે આ કાવ્યને લીધે મારૂ નુકશાન પણ ઘણુ થયુ છે જરા જુઓ તો ખરા મને આશા છે કે આપ આને જરૂર પસદ કરશો તમારા જેવા રસિક અને ગુણ ગ્રાહક પ્રકાશક આ કલ્પાવતીમા કોઇ પણ નથી. જો તમે આ કાવ્ય પ્રસિદ્ધ કરશો તો તે થોડા દિવસમાં ખપી જાશે તમને લાભ થાશે અને મને પણ થોડા રૂપિયા....." કવિની વાતમા વચ્ચે પ્રકાશ સાહેબ આતુરતાથી બોલી ઉઠ્યા – 'હા હા હુ જાણુ છુ તમને પણ થોડા રૂપીઆ મળશે ના, અમારા રૂપીઆ મફતનો માલ છે, બધાએ કવિ પોતાની અને બધાયે લેખક પોતાના લેખની આવી રીતેજ તારીફ કર્યા કરે છે ખરી વાતતો એ છે કે આ સમયે એક પણ કવી એવો નથી કે જે મધુર સુદર કવિતા બનાવી શકતો હોય મને સગીત વિદ્યા ઉપર સ્વભાવિક પ્રેમ છે, તેથી પ્રેમવશ થઇને માત્ર આ પ્રકારના કાવ્યોની ઉન્નતિ કરવાના હેતુથીજ, મે આ 'કાવ્ય એજન્સી' અહી ખોલી છે અને ગ્રથ પ્રકાશિત કરવાનું કામ કરી રહયો છુ મારી આવી પરોપકાર વૃતિનો તમારા જેવા કવિઓ બહુ દુરઉપયોગ કરવા લાગ્યા છે હવે મારી પાસે એટલુ દ્રવ્ય નથી કે તમારી સડેલી કચરા જેવી કવિતાઓ પ્રકાશિત કરવામા હુ મારી પુજી લુટાવી દઉ જો તમે લોકોને રૂપીઆ કમવા હોય તો કવિતા બનાવવાનુ કામ મેલી દઇને કોઇ વેપાર કરી ઇમાનદારીથી મહેનત કરીને પોતાનુ પેટ ભરો" આવી સખત ફીટકાર સાભળવા છતા પણ કવિ સુરગ ગળગળા થઇને કહયુ "સાહેબ, જો આ કાવ્ય તમને પસદ ન હોય તો આ આજથી કવિતા બનાવવાનું કામ છોડી દઇશ પણ આની એક રચના તો જુઓ અને હારમોનીયમ પર વગાડીને આની પરીક્ષા તો કરો, મને વિશ્વાસ છે કે તમને તે જરૂર પસદ પડશે" ।

કવિના દિનતા ભરેલા વચનોથી કે પછી એમ સમજીને કે હવે હદ થઇ ગઇ કોઇપણ કારણથી ખયાલીરામે બે પરવાઇથી કહયુ." 'ઠીક આપો જોઉ ક્યાં છે તમારૂ કાવ્ય ?' પાના આડા અવળા ફેરવીને તેણે કહયુ " કેમ કવિરાજ તમે વખતો વખત તમારી કવિતા લઇને મારી એજન્સીમાજ કેમ દોડતા આવો છો ? શુ આ કલ્પાવતીમા બીજી કોઇ એજન્સી નથી ? તેલોકોનો વેપાર તો મારી એજન્સી કરતા વધારે ચાલે છે, તેઓ તો અહીના જુના પ્રકાશક છે, અને હુ તો હાલમા નવોજ આવેલો છુ ' સરળ સ્વભાવના કવિ રાજે જવાબ દીધો "હા અહી પ્રકાશકો ઘણા છે પણ ગુણગ્રાહક કોઇ નથી

અમારા જેવા કવિઓની કદર તો આપણી એજન્સીમાજ થાય છે હુ મારી કવિતા ઘણા પ્રકાશકો પાસે લઇ ગયો હતો. પણ કોઇએ પ્રસિદ્ધ કરવનુ કબુલ કર્યુ નહી આ વાતતો તમો જાણતા હશો કે વિદ્યા અને લક્ષ્મીને મુળથીજ વેર છે ' અને તેથી આ વાતને કહી દેવાનુ ઉચિત માન્યુ પ્રકાશક સાહેબને જે વાત જાણવાની ઇચ્છા હતી તે પોતાની મેળેજ જાણવામા આવી ગઇ ત્યારે તિરસ્કાર યુક્ત મુખમુદ્રા કરીને તેણે કહ્યુ :-"વાહ ! જે કવિતાનો કોઇ સ્વીકાર નથી કરતુ–જે ખરેખર રદ્દી–કચરાની ટોપલીમાં ફેંકી દેવા યોગ્ય છે–તેને મારી 'એજન્સી' મા પ્રસિધ્ધ કરવાને લાવ્યા છો અને તારીફ એ કે તેને બદલે ઇનામ, રુપિયા પણ માગો છો ! મારી પરોપકાર વૃતિ અને સજ્જનતાનો બહુ સારો ઉપયોગ કરી જાણો છો,"

...હતા મ્હેતા પ્રકાશક સાહેબ તે ... લિમિન ... ના આગળ પાછળ ...ય કરતા હતા એ... માં. પરંતુ મનમાં ..., તેણે આ સઘળું દીઠું "રાધા–કૃષ્ણ–...મ્રાસ" બસ, મનમાં બહુજ ખુશી થયા, પણ ... ભાવ તેણે બહાર પ્રગટ થવા નહિ દીધો થોડી વાર પછી તેણે કહ્યું "કવિરાજ! તમે જાણો છો કે થોડા દિવસ થયાં હું પોતે મારી બનાવેલી કવિતાઓ પ્રકાશિત કરું છું આ વખતે પણ હું એક સુંદર કાવ્ય લખી રહ્યો છું. આજતો મને તમારી કવિતા વાંચવાની ફુરસદ નથી એક બે દિવસ રહીને આવજો; તે વખતે જોયું જશે" તેથી કવિએ બહુ નમ્રતાથી કહ્યું:–"જુઓ સાહેબ! આ કાવ્યમાં મારી તમામ જીવનની આશા ભરેલી છે! તેની કદર કરવી, તેને પ્રસિદ્ધ કરીને લોકોની સામે લાવવી, તે તમારા હાથમાં છે!" અમીર જેવી બેદરકારી દેખાડીને ખ્યાલી રામે કહ્યું:–"હા ખરું છે; પણ આ વખતે કાંઇ નિશ્ચય થઇ નથી શકતો. કાલે જોયું જાસે!"

બિચારો કવિ પોતાને ઘેર વળી ગયો. કાલ તો બહુ દુર છે! કાલ સુધી તો કોણ જાણે શું બનશે! આજ રુપિયાની ઘરમાં બહુ જરૂર છે. જો આજ ક્યાંએથી પણ થોડા રૂપીઆ મળી જાત તો મોટું કામ થઇ જાત દિલ ઉદાસ છે. એવી ઉદાસ અવસ્થામાં ખડકીની પાસે બેસીને તેણે વખત વિતિત કર્યો. ખ્યાલી રામની 'એજન્સી' માં જવાનો નિશ્ચિત સમય આવી લાગ્યો. ઝટપટ કપડાં પહેરીને ઉત્સાહથી બહાર નિકળ્યો એટલામાં તેની સ્ત્રીએ નમ્રતાથી પુછ્યું કે પાછા ક્યારે ઘેર આવશો કવિએ કહ્યું:–"જો પ્રકાશકે મારું કાવ્ય પસંદ કર્યું અને પારિતોષક દઇ દિધું તો તો હમણાંજ આવીશ" કવિની સ્ત્રી બહુ ચતુર હતી પતિના 'જો' અને 'તો' શબ્દના અર્થ તેના ધ્યાનમાં આવી ગયો તેણે રમેદ પુછ્યું:–"અને, જો તે સ્વાર્થી પ્રકાશક આપની કવિતાની કદર ન કરી તો?" કવિએ શુન્ય વૃતિથી પોતાની સ્ત્રી તરફ જોયુ અને પછી નિરાશાથી કહ્યું:–"તો–તે.–તો–, મારો કાંઇ નિશ્ચય નથી" અને તરત ઘરમાંથી બહાર નકળી પડયો!

સ્ત્રીએ જાણ્યું કે આજ કાંઇ રંગ સારો દીસમાં આવતો નથી આજ કવિજીનું મન બહુ ચંચળ નજરે પડે છે. કોણ જાણે શું અનર્થ થાશે! દસ–અગીઆર વર્ષનો એક તેને છોકરો હતો તે બુધ્ધિમાન અને ચાલાક હતો તે ઘરની પાસે મેદાનમાં રમતો હતો, તેને તેણે બુમ પાડી કહ્યું:–"વિક્રમ, અહીં આવ, કપડાં પહેરીને તારા પિતાની પછવાડે ચાલ્યો જા. તે જ્યાં જાય, ત્યાં તેની સાથે ચાલ્યો જજે જરા વાર પણ તેનો સાથ છોડજે માં. આજ તેઓની તબ્યત બગડેલી લાગેછે!" માતાના કહેવાનો મતલબ તે તરત સમજી ગયો તે કપડાં પહેરીને પિતાની પછવાડે દોડયો.

(૪)

કવિ સુરંગ પોતાને ઘેરથી નીકળીને, જલ્દી જલ્દી ચાલતો, 'કાવ્ય–એજન્સી' ની ઓફીસમાં પહોંચ્યો. બાલક વિક્રમ પણ દોડતો દોડતો તેની પછવાડે ચાલ્યો જતો. હતો જ્યારે કવિ પ્રકાશકના રૂમમાં પહોંચ્યા, અને 'આવો, બેસો' વિગેરે આવકારની વાતો થઇ ચુકી ત્યારે પ્રકાશક સાહેબનો ચેહરો જોઇને કવિરાજ નિરાશ થઇ ગયા. મીસ્તર ખ્યાલી રામે દિલગીરીથી કહ્યું:–"તમારી કવિતા મેં જોઇ; પૂરેપુરો મારો કિંમતી વખત રોકીને પણ તમારે ખાતર વાંચી. થોડા ગાયન હારમોનિયમપર વગાડીને અને ગાઇને પણ જોયાં; પરંતુ હમારી વેપારી દ્રષ્ટિથી તેને પ્રસિધ્ધ કરવાથી અમને કાંઇ પણ લાભ થાય એમ દેખાતું નથી. હું આને માટે બહુ દિલગીર છું, પણ શું કરું?

કોઇ ઉપાય નથી લાચારીથી તમારી કવિતા તમને પાછી આપવી પડે છે !" એટલું કહીને તેણે કવિની સામે તેઓની દરેક લિખિત કવિતાની પોટલી નાખી દીધી

કવિ નિરાશાના શોક સાગરમાં ડુબી ગયા ! તેના ચેહરાનો રંગ ફીકો થઇ ગયો ! જે કવિતાની બાબત તેને ખાત્રી હતી તે નાપસંદ થઇ ટેની બે કદર થઇ ! હાય ! તેને બહુ દુખ થયું હવે આ વાત તેના ધ્યાનમાં પુરી રીતે આવી ગઇ કે, વ્યાપાર વિષયક જ્ઞાન તથા દ્રવ્યના અભાવથી, સારા સારા લેખકોને પણ કેવી રીતે પારકાનો આશરો સેવતાં જવું પડે છે અને સ્વાર્થી નીચ બુધ્ધિના પ્રકાશકોને આધીન રહીને તેઓનો આપેલો ટુકડો કુતરા જેવી સ્થિતીમાં રહીને કેમ ખાવો પડે છે ! ક્રોધમાં આવીને કવિયે તે કવિતા લખેલા કાગળોના કટકે કટકા કરી નાંખ્યા અને ત્યાંજ ફેંકી દિધા. જેમ તે બહાર નિકળ્યો કે દરવાજા પર ઉભેલો તેનો વહાલો પુત્ર વિક્રમ નજરે પડ્યો ! પિતાનું ઉતરી ગયેલું મોઢું જોઇને તે "પીતાજી, પીતાજી" બોલતો તેની પાસે આવ્યો; પણ કવિએ તેને એક તરફ ધકેલીને પોતે તે ઓરડામાંથી બહાર નીકળી પડયા, છોકરાની આવી હાલત જોઇને ચાલાક પ્રકાશકે તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું "બચ્ચા, આ લે, તારા પિતાની કવિતાના કાગળ અહીં પડ્યા છે, તે ઘેર લઇ જા અને તારા પિતાને આપી દેજે." એમ કહીને પ્રકાશક સાહેબે તે કાગળના કટકા ઉપાડીને વિક્રમના કોટના ખીસામાં ભરી દિધા અને એક પૈસો તેના હાથમાં દઇને કહ્યું-"આલે, તુંને મીઠાઇને સારૂં-ઇનામ !" તે છોકરો તરત ઓરડાની બહાર નિકળ્યો-પણ થોડી વાર લાગી ગઇ હતી- કવિ કોણ જાણે કયાં ચાલ્યા ગયા !

આ વાત અમારા વાંચક મિત્રો ભુલી નહિ ગયા હોય કે, મધુર કંઠાદેવીના જલસા ને માટે મીસ્તર ખ્યાલીરામ પોતે "રાધા કૃષ્ણ વિલાસ" કાવ્ય બનાવવાનો યત્ન કર્યો હતો દૈવયોગથી તે વિષયની, સુરંગ કવિની, મનમોહક કવિતા તેને હાથ લાગી ગઇ ! આ કવિતાની નકલ તેણે જુદા કાગળ પર ઉતારી લિધી અને પછી, આગળ પાછળ થોડી કાપ-કુપ કરીને અદલ-બદલ કરી ને કવિતા તે પોતાને નામે પ્રસિધ્ધ કરવા ચાહતો હતો. તેને ખાત્રી હતી કે, આ કવિતા પ્રગટ થતાંજ મારૂં નામ 'કવિયો'માં પ્રસિધ્ધ થાશે. હવે તેના ભાગ્યનો ઉદય થવામાં વિલંબ માત્ર એટલોજ હતો કે, તે કવિતા પર મધુર કંઠાદેવીની પસંદગી પ્રાપ્ત કરવાની હતી !

નિમેલે વખતે તે પોતાની નવી કવિતા લઇને મધુર કંઠાદેવીના ગાયન-મંદિરમાં ગયો. દેવીયે, તેની વાયદા પ્રમાણે કામ કરવાની તારીફ કરી તે પ્રકાશકની લાવેલી કવિતા લઇને બારી આગળ જઇ ઉભી ખ્યાલીરામની તરફ તેની પીઠ હતી, તેથી તે જાણી ન શકયો કે, વાચતાં તેના ચહેરા પર કેવી જાતનો ફેર થાય છે. થોડીવાર પછી દેવીએ કહ્યું "સાહેબ, આ કવિતા બહુ મનોહર છે કૃપા કરીને આમાથી થોડાં ગાયન હારમોનિયમ પર વગાડી બતાવો. આમાં સંદેહ નથી, કે, આની રચના બહુજ અવર્ણનિય છે.

ખ્યાલીરામ હારમોનિયમ પર જઇ બેઠો તે કાવ્યના થોડા ગાયન હારમોનિયમપર બહુ ચાલાકીથી વગાડી દેખાડયા દેવી બહુ ખુશી થઇ અને ખ્યાલીરામની તારીફ કરવા લાગી પછી હસતા તેણે કહ્યું સાહેબ તમારી ભલાઇના હું ગેર ઉપયોગ કરવા નથી ચાહતી તમારી વગાડવાની કુશળતાથી હું બહું પ્રસન્ન થઇ છું. હજી એક વાર વધારે સાંભળવાની મારી ઇચ્છા થાય છે જો કાંઇ હરકત ન હોય તો એક બીજી કવિતા હારમોનિયમ પર વગાડો "

દેવીની તારીફથી ખુશ થઇને ખ્યાલીરામે કહ્યું,' હા, હા, લાવો, એક શું, તમે જેટલા

Some Reminiscences of England.

(A leaf from "My Seven Years in England.")

By T. J. DESAI, Bar-at-Law.

In May 1894 we were invited to Dinner by Mrs Ingall at Lidden House, Champion Grove, Denmark Hill, London, S. E. There I had the pleasure of meeting for the first time Miss Duff, an accomplished lady, who was a Member of the Royal Asiatic Society and a Sanskrit Scholar of no mean order Mrs. Ingall had presented my Sanskrit verses to her and she was so much pleased with them that she had expressed a desire to see me, and Mrs Ingall utilized this opportunity of inviting her as well to Dinner so that she could meet me at her house. Miss Lowe also was there. She was a cultured lady and a teacher in the High School for Young Ladies Miss Duff had translated from German into English the "*Elements of Metaphysics*" by Prof. Deausson of Germany, and Miss Lowe had contributed an article to the Indian Magazine, called, "*With Sadi in the Garden*" I cannot describe how elevating and pleasant it was to converse with such educated young ladies. There are no early marriages in England, and one cannot help thinking that accomplished ladies like these, of mature years and understanding, are sure to make good choice of their husbands and be really happy in their conjugal life × × × But to come to my story, I enjoyed the evening at the house of Mrs. Ingall immensely. There were two German gentlemen staying in the family at that time. Mr. Ingall was a gentleman of many accomplishments. In fact, he was a genius. He was a Poet, a Scientist, and a Member of the Royal Astronomical Society. He had an inventive mind. He knew Photography, Drawing, Painting, Music, &c., almost to perfection. He was very simple and amiable. He had an excellent Museum of different kinds of

birds, bees,&c., and he had a huge telescope, made by himself, put up in the garden. He kindly showed some of the Planets to us. It was quite a delight to see these marvels of Nature and to admire the Greatness of the Creator of the Universe. When I went home I received a kind invitation from them to go and see them again and I was destined to cultivate their acquaintance, and later on to pass many happy months with the same Ingall family.

The month of May was perhaps the best month in the year. The Hyde Park had become quite young again. From the Middle Temple I very often came on a 'bus to the Marble Arch, and, after taking a round in the Hyde Park, went home to West Kensington on foot

A Gujrati friend of mine sometimes accompanied me a part of the way talking on moral and religious subjects. One of these evenings a Phrenologist was examining heads in the Hyde Park. I also got my h ad examined by him. At another time on my way to the Kew Gardens I had my head examined by Mr. John Phipps, a Professor of Phrenology. On the third occasion a Lady Phrenologist examined my head. By comparing the delineations of my character and capabilities given by these and other well-known Phrenologists of London with one another and with what I thought of my character myself, I was actually making progress in the Science of Phrenology, without knowing in the least that I was one day going to become a Phrenologist myself

About this time I was invited by Sir Monier-Williams to attend some Ceremony at the Indian Institute at Oxford. Sir W. Hunter delivered a speech on India on that occasion before the Grandies of Oxford and elsewhere. Many Indian Curiosities had been collected there. It was like a Museum of Indian Articles. I made the acquaintance of the Professor of Chinese there. I visited Sir Monier-Williams at his private residence in the evening and had the pleasure of going over some notebooks that I had written while in London. I had also had some philosophical talk with him on *Reincarnation* and other matters. The next morning I called upon Prof. Max Muller, but was informed that he had gone to London. I then

paid a visit to the Professor of Chinese. He was a venerable old man and was all kindness to me. Although he was taking his lunch, he kindly called me in and offered and insisted on my taking some refreshments and dainties After talking for some time with him and his son and daughter, to whom I was introduced by him, I went to see the Ladies' Colleges. Oxford at this time looked quite young and gay with green foliage, bright sunshine and fine weather. After staying there for a day or two I returned to London where I again visited Sir Monier-Williams at the aristocratic house of his son who was a Doctor. Lady Monier-Williams was extremely kind to me. There was a certain majesty about her that commanded respect and veneration. I was introduced by the learned Professor to his son and his son's wife. After some pleasant conversation with them I went home thinking of the elevating influence of good society.

About this time I made an appointment with Mrs Besant and had my doubts on several knotty religious points solved by her. She introduced me to Mr. Mead, the Sub-Editor of the Lucifer, and to Mr. Bestram Keitley, the Secretary of the Indian Section of the Theosophical Society. I had a general invitation from the Right Honourable Prof. Max-Muller to go and visit him on any day at about 5 p. m. He had engaged a house for the season in Mayfair, the most fashionable part of London. I used to go to him now and then and he generally took his Tea with me. He and Mrs Max-Muller were extremely kind to me and they introduced me to several well-known ladies and gentlemen including Mr. and Mrs. Moncure D. Conway. We had a feast of philosophical conversations and Prof. Max Muller kindly went over my note-books and made many excellent suggestions. Many of the current proverbs, maxims, &c., were jotted down by me with a view to extract truths out of them. The words of great men, including those of celebrated poets and philosophers, were also inserted in my note books. The first three or four of them were subsequently sent to India to Rao Bahadur K. P. Trivedi for perusal and suggestions.

I had almost fallen into English ways by this time. The

West End of London presented quite a picturesque sight at this time of the year. The Hyde Park looked like a bed of flowers in many places. Fashionable people used to drive through it, and on fine days it was usual to see young and old people with pretty little children walking on the footpaths. Everything was fresh and lovely. The Serpentine with Swans floating on it presented a beautiful sight. These vernal beauties had the potency, no doubt, of turning old men into young. About this time the first son was born to H. R. H. the Duke of York, the present King-Emperor. I used to read Sanskrit with Miss Muller, B. A., at her mother's house in Portland Place, W. There I had an unexpected pleasure of being introduced to Colonel Olcott, the President of the Theosophical Society. He had a commanding figure and looked like a *Mahâtmâ*. I was also introduced to a Swedish lady whom I subsequently met several times at the Blavatsky Lodge, Miss Muller kindly presented several Indian Mangoes to me which I sent to Prof. Max Muller as an Indian curiosity and he liked them very much. I used to visit the Varleys now and then. Thus, after passing three or four months in the family of Mrs. Landor in West Kensington, I went to live in apartments near the Inns of Court in the month of June 1894.

"Where you nervous when you proposed to your *wife?*" asked the sentimental person.

"No," replied Mr. Meekton; "But if I could have foreseen the next ten years I should have been."

❀ ❀ ❀

Louise: "Her husband's disease is plain *laziness*."

Julia: "What does he take for *it?*"

Luise: "*Vacations.*"

❀ ❀ ❀

"I would die *for you my* darling!"

"How sweet of you! Is your life insured?"

❀ ❀ ❀

"I can't understand Jimmy and his wife falling out. She used to call him the light of her life."

"Yes, she did; but he went out too often!"

બે ઘડી ગમ્મત.

બરફ પાણી ઉતર્યું

ચીકાસદાર કાકા—કેમ છોકરાંઓ હું બી તમારી સાથે રમવા આવું કે!

ન્હાનો ભત્રીજો—નહીં કાકાજી. તમે ના આવતા. હમે તમને સાથે રમવા દઇશું નહી. મારાં મામાં કહેછ તેમ તમારું મોટાં ઢેલ જેવું પેટ અને છોલેલા બોરના જેવું બોડકું માથું જોઇ હમને તો બા ઘણું હસવું આવ્યા કરે છે.

(કાકાનું મોઢું જોવા જોગ)

ખરેજ પ્રમાણીક!

મુસાફર -(હોટેલવાળાને)- જેવ, આખી રાત મારાં બુટ અહીં બહાર રહી ગયાં હતાં, પણ કોઇએ તે ચોર્યાં નથી

હોટેલવાળો— આહ, સાહેબ, તમે જો આખી રાત તમારી પૈસાથી ભરેલી થેલી બી મુકી રાખી હતે તો તે બી કોઇ ચોરતે નહી. હમે પ્રમાણિક છંયે, સાહેબ, તેની તમારે ફીકર કરવી નહી.

મોટી નડતર!

લાડકી દીકરી— પપા આપ મ્હાનો તો હવે મોટોજ કહેવાય કે ની?

પપા— હા દીકરી.

દીકરી—અને હું પરણીને જવશ ત્યારે બી સાથેજ લઇ જવશ કેની?

પપા—બચીનજ, દીકરા. પણ જો હવડાંથી કાંઇ આગળ બોલતી નાં નહિ તો તારા બધા મોતીના પ્હાનો અને ચાનગીસો ફફ. વગસે

ચોકકસ સાબેતી!

"મમા, આપણી ગવરનેસ અંધારામાં બી બરાબર જોઇ સકેછ, હં,"

"તેં કેમ જાણ્યું, દીકરા!"

"તે જોવની ગઇ કાલે રાતે હોલમાં અંધારામાં એ કાકાજીને હળુસે કહેતી હતી કે એવણે આજે હજામત કરાવી નથી."

માનીતો કલર!

તે—ત્યારે શું, તું હનીમુન ગુજારવા સ્વીડન જવા માગેછ?

તેણી—હા અલબત્તાં તમે નકશામાં જોવની. સ્વીડનનો કલર કેવો સરસ ગુલાબી છે. અને મને ગુલાબી રંગજ ઘણો પસંદ પડે છે.

મોટી ગુંચવણ!

ન્હાનો જાલ—મમા, મમા, મારા કાનને કાંઇ મારા મોઢાં સાથે લાગે વળગે કે?

મમા—કાય વળી એ તે કેવો સવાલ?

ન્હાનો જાલ—તે જોવની તમે આયાને મ્હોડું ધોવા કહ્યું, તે એને તો સાથે મારા કાન બી ધોયા.

અકકલ કોઇના બાપની છે!

પૈસાવાલો બુઢો-(દોસ્ત) અરે ભાઇ, મારી આગલી હાલત કાંઇ હાલના જેવી નહી હતી. શરૂઆતથીજ હું કાંઇ મોટરમાં રાઇડ કરતો આવ્યો નથી. મારી જીંદગીનાં પહેલ્લા દીવસો દરમ્યાનતો મને પગે ચાલવું પડયું હતું.

દોસ્ત—તમે ભાગ્યશાળી કહેવાઓ ત્યારે તો મેં જયારે મારી જીંદગીની પહેલ્લી શરૂઆત કીધી ત્યારે મને તો પહેલ્લાં ઘસડવું પડયું હતું. ચાલવાનું શીખતાં મને ઘણો લાંબો વખત લાગ્યો હતો.

તાબેદારી તે એ !

શીક્ષક —કેમ સોલી, કાલે સ્કુલમાં કેમ નહી આવ્યો !

સોલી — સાહેબ, કાલે સહવારે હું સ્કુલ તરફ આવતો હતો તેટલા મેં રસ્તાપર એક સ્ટીમરોલરને જોયું.

શીક્ષક — પછી તેથી શું થયું. એવો જુઠો બચાવ કેમ કરેછ ?

સોલી — સાહેબ પછી એક સીપાઈએ આવી મને ખભાંમાથી પકડી કહ્યું કે "છોકરા આય સ્ટીમરોલરથી સભાળ" અને તેથી સાહેબ હું આખો દીવસ ત્યાંજ ઉભો રહયો. અને તેની સંભાળ લેમા કીધી. એમાં મારો શું વાંક સાહેબ !

શીગાર કેવી હશે!

'તમે એમ તો કદી કહી શકસોજ નહી, કે આય દુન્યામાં પ્રમાણીક પણા જેવી ચીજ નથી'

"કાંય વારૂં !"

"કારણ કે થોડા દીવસની વાત પર મારેથી મારો સીગારબોક્ષ કેથે સુંકાઇ ગયો હતો. તે કોઇને મળી આવ્યો. તેણે તેમાંથી એક સીગાર અને બાકીની પાછી મોકલી. કેવો પ્રમાણીક ! કે ફક્ત એકજ સીગાર કહાડી લઇ બાકીની પાછી મોકલી."

હું ખબરદાર !

સોલી-(ઘેરવાલો ભાડું ઉઘરાવવા આવ્યા તેને) ના, મારાં માય ઘેરમાં નથી. તેવણતો બહાર ગીયાંછ.

ઘેરવાલો-(જે બારણા પછવાડે ભરાયલા બાનુતનાં પગ જોઇ શકતો હતો). ઠીક. કાંઇ નહી બુચા, તારાં માય આવે ત્યારે કહેજે કે ઘરવાલા કહી ગીયાછ કે ફરીથી તમે બહાર જાવ ત્યારે તમારા પગને બી સાથે સાથે લઇ જજો.

હેતાળુ

ખરીદદાર-મને એક ઘણુંજ સરસ માતેલો મેંઢો જોઇયે છે.

ન્હાનો છોકરો-(દુકાનમાંથી) મમા, આય અહરય તમને ખરીદવા આયાછ. જલદી આવો

રોકડું પરખાવ્યું.

બાઈ–આયા, પેલો સહવારે આવેલા તે અહરય મારે માટે પુછતો હતો કે ?

આયા–નહી બાઈ- તે જેને મલવા માંગતો હતો તેના ઉંમર ચાલસ વરસની છે એમ તેણે કહ્યું, મે ના કહ્યું કે તે તમે નહી.

બાઇ. બરાબર છે. તેં એમ કહયું તેથી ખુશી થઇને હું તને આજે બપોર પછી અરધા દહાડાની રજા આપુંછ સમજી".

આયા–વારૂં બાઇ. તમારો ઉપકાર થયો બાઇ. પણ હું તમને કહેતાં ભુલી ગઇ કે મેં તેને એમહી કહયું હતું કે તમારી ઉંમર તો પચાસ વરસ છે.

બાઇ. હું એમકે, ત્યારે હું બી તુંને કહેતાં ભુલી ગઇ કે બપોરે જાય ત્યારે હવે બીજી જ આગ્એ નવી નોકરી શોધી લેજે.

ભવિશનો વિચાર !

"મમા, પપા શું ધંધો કરેછ ?"

"દીકરા, તેવણ જુદી જુદી જાતના ચાહેના નમુનાં વેચવાનો ધંધો કરે છે.

"ખરેખર ?"

"હા. દીકરા."

"મમા, તમે જાણોછ કે હું મોટો થઇને શું ધંધો કરવાનો છેઉં તે ?"

"નહી. તું શું કરવાનો છે દીકરા !"

"હું આઇસ ક્રીમનાં નમુનાં વેચવાનો ધંધો કરશ."

શીરીન.

સસ્તી માસિક ગ્રંથમાળા.



નીચલા લાભો મળશે.

૧ માસિકો તો ઘણાં નીકળે છે ને લાંબી ટુંકી વાર્તાઓ આવે છે પણ અધુરી વાર્તાઓનો ખ્યાલ વાંચકોને હોય છેજ.

૨ લંબાન થતાં પ્લોટ ભુલાઇ જાય છે ને કદી અધિપતિ વાર્તા અધુરે છોડે છે.

૩ અંકો અનિયમિત મળે છે ને કોઇવાર ખોહવાયલો અંક વાર્તાનું રહસ્ય ખુંચવી લે છે.

આ કારણે ઉપલો સહાસ કર્યો છે.

તમારે ફકત એક કાર્ડ લખી તમાર નામ નોંધાવવું પુસ્તક તઇયાર; થતાં પોસ્ટ ખરચ લીધા વિના મુળ કિંમતે તમોને વી. પી. થી રવાના થશે.

આ વાર્તાઓ બંગાળી, મરેઠી, હિન્દી ઉર્દુ વગેરેના ઉત્તમ પુસ્તકોમાંથી આવશે.

તમો નામ નોંધાવી તમારા મિત્રને જણાવશો.

સૌથી સહેલોને સસ્તો ઇલાજ.

લખો—

શેઠ નથુભાઇ ગલાલચંદ.

પોસ્ટ બેટ શંખોદ્વાર—જીલ્લો, ઓખામંડળ કાઠીઆવાડ.

ભાગલ્યા માળા.

નંબર એક.

ચુનંદી વાર્તાઓ.



રૂપીઆ એક.



થોડીજ પ્રતો બાકી છે.

ભાગલ્યા માળા.

નંબર બી.

દશ ચુટેલી વાર્તાઓ.



બાર આના.



ગુલશન ઓફીસ, નવસારી.

Jay/ દુખીઓનો દોસ્ત.

સીા આ કાંઈ લેભાગુ ઉપાયો સમજશો નહિ મોટા અનુભવ અને ઉત્તમ

વૈદક જ્ઞાનના આ રામબાણ ઉપાયોછે, એકવાર જરૂર અજમાવશો.

સફેદ કોઢ ને રગતપીત

આ હીનપરતી ભરેલી બીમારીમાં જે કમનસીબ મરદ વા ઓરત સપડાયા હોયે અને જેઓએ એ બીમારી લાઇલાજ સમજી પોતાની જીંદગી ધુળમ મલેલી સમજી હોય તેઓને હવે નવી ખુશી અને વી જીંદગીની આશા પેદા કરી આપનારી એક અદ્ભુત ચમતકારીક દવા મારી વરસોની ચાકવી નીખનારી મહેનત અને ચાનુ કોશીશ અને મોટા ખરચથી કુદરતી મુસકાઓ હાસીલ થાય છે જે એવા તો ચમતકારીક છે કે આની વીક બીમારીઓ કે જેને લાઇલાજ સમજી ગયા છે તેને માત્ર ત્રણ દીવસમાજ અસર કરી શકે છે અને પછીથી ૨૦ દીવસમાં તો આખો કોઢ ખયેજ નથી હોય તેવી રીતે શરીર ચોખ્ખુ થઇ જાય છે

એજ મુજબ રગતપીતની બીમારી પણ એટલીજ ટુંક મુદતમા સમુળગી જતી રહે છે પછી તે ગમે તેટલી પુરાણી અને ગમે તેટલી હદે હાથ નહીં પુગી ગઇ હોય—

વળી એ દવાની ખુબી એવી છે કે તે લગાવવામાં વા ખાવામા શરીરને રીતની અડચણ વા ડાઘ જેવુ નથી માત્ર એકથી ૨ ટીપ ખાવાની અને એકલાજ ટીપા રોજ ડાઘો ઉપર લગાવવાની છે તેમજ વળી કાંઇ પરેજી રહેવા જેવુ પણ નથી

એ દવાઓ એટલી બધી તો અસરકારક અને ખાત્રી પુરવક છે કે દવાઓની કીમતનો એક ભાગ પેશગી લઇ બાકીનો ભાગ બીમાર સારો થઇ રહી બાદ લેવાને માટે તૈયાર છીએ મહેરબાની કરી એવા બીમારોએ નીચલે સરનામે પોતાની બીમારીની પુરતી વિગત ઉપર કેટલા વખતની બીમારી છે, કોણ કોણના ઇલાજ કીધા છે. તે સરવ વિગત લખી જણાવવી કોઢના બીમારે ડાઘ કયા કયા છે અને કેટલા કેટલા મોહટા છે તે જરૂર લખવા તે ઉપરાંત નીચલી અકસીર દવાઓ દરદમાં ફાયદા થાય છે—માત્ર એકજ વખત મંગાવીને ખાત્રી કરશો તો માલુમ પડશે એ દવાઓ ખાલી બને તારીફ નથી પણ ખરેખરી ફાયદા કારક એકેક અકસીર દવાઓ છે અને એની કીમતની એકેક પાઇ પાઇ વસુલ કરી આપનારી છે –

રોગને ઇતિખાબ—આ એક અકસીર તેલ છે એ તેલ ની માલીસથી પેરાલેસીસ જેવીવીકટ બીમારી થોડાજ દીવસમાં નાબુદ થઇ જાય છે.

એજ તેલથી ગમે તેવુ ક્રોનીક રૂમેટીઝમ પણ જડમુળથી જતુ રહે છે કીમત શીશી૧)ના રૂ.૧૫.

સુરમો-નબ૦ ૧)—આ સુરમો ગમ તેવુ જુનુ અને સખત ઝાખનુ જતુ-રહુ થોડાજ દીવસમાં પીને ઇનગાને નવી રોશની અને નવી જીંદગી બક્ષે છે—કીમત ૧) તોલાની શીશીના ૧

સુરમો નમ્બર ૨) આ સુરમાથી રાત આંધળાપણુ માત્ર ૮) દીવસમાં દુર થઇ જાય છે, અને કદી પણ થતુ નથી—કીમત શીશીના રૂ. ૫

સુરમો નમ્બર ૩) આ સુરમો હરેક મોસમને હમેશનો ઉપયોગી છે એનાથી આંખની બીનાઇ છે-કીમત શીશાના રૂ ૨

સુરમો નમ્બર ૪-આ સુરમો પણ નમ્બર ૩) ના જેવોજ છે પણ એની કીમતમા ફેર છે કે જેથી હરકશ અને નાચક એનો ઉ…

Jayantilal and Co.

Art Jewellers

195, Shaik Memon Street, BOMBAY.

સોના ચાંદી અને ઝવેરાતનાં દાગીના ખરીદવાની વીશવાસુ દુકાન

અમારે ત્યાં હાલની સુધરેલી ફેસનના તમામ જાતના દાગીના મોટા જથામાં તૈયાર રાખવામાં આવેછે.



તેમજ ઓડરે આપવાથી મરજી વાપરે તૈયાર કરી આપવામાં આવે છે.

તથા એક આપવા લાયક ચાંદીની સોનેરી ચીજો તૈયાર મળે છે.

બહારગામનાં ઓડરો વાહીરે વી. પી. થી મોકલવામાં આવે છે.

જયંતીલાલ એન્ડ કું. ઝવેરીઓ.

ઠે. સેખ મેમન સ્ટ્રીટ નં. ૧૯૫

મુંબઈ